


# શીલ ધર્મની કથાઓ

# શીલધર્મની કથાઓ

ભાગ પહેલો

[ કથા ૧ થી ૨૬ ]


: લેખક :

શ્રી. મનસુખલાલ તારાચંદ મહેતા


: પ્રાક્કથન :

પ. પૂ. આ. શ્રી. વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ


: પ્રકાશક :

કલ્પદ્રુમ-સાહિત્ય-પ્રકાશન-મંદિર

૩૬, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ-૩.

પ્રકાશક : *

કલ્પદ્રુમ

સાહિત્ય-પ્રકાશન-મંદિર *

વતી *

સૌ. અરુણા જયસુખલાલ મહેતા *

બી. એ. *

૩૬, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ *

જયનિવાસ મુંબઈ નં.-૩ *

[©] *

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન *

મૂલ્ય રૂપિયા ત્રણ *

સં. ૨૦૨૩. ઈ. સ. ૧૯૬૭ *

પ્રથમ આવૃત્તિ : પ્રત : ૨૧૦૦ *

મુદ્રક : *

શ્રી જગદીશચંદ્ર અંબાલાલ પટેલ *

એન. એમ. પ્રિન્ટીંગ પ્રેસ *

ઠે. દરિયાપુર, ડબગરવાડ *

અમદાવાદ-૧ *

'सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः'

એ સૂત્રને પોતાનો જીવનમંત્ર બનાવ્યો

અને

જેમના ઉપદેશ-પ્રેરણા-પ્રોત્સાહનથી

શ્રી. શાન્તાબહેન ઝવેરચંદ મહેતા જૈન ક્લીનિક

લાલબાગ ધર્મશાળા અને ભોજનશાળાનો

જન્મ થયો તેમ જ

શ્રી. મોહનલાલજી જૈન લાયબ્રેરીનો

જીર્ણોદ્ધાર થયો

એવા યુગદિવાકર

આચાર્ય શ્રીમદ્ ૧૦૦૮ શ્રી શ્રી શ્રી

વિજયધર્મસૂરીશ્વરજી: મહારાજને

સાદર સમર્પણ કરીને

કૃતાર્થ થાઉં છું.

*

મનસુખલાલ તારાચંદ મહેતા

# અનુક્રમણિકા


| | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | ધન્ય મુનિરાજ ! | ૧ |
| ૨ | મનનું પાપ | ૯ |
| ૩ | પાપ અને પશ્ચાત્તાપ | ૧૭ |
| ૪ | તપ અને શીલ | ૨૫ |
| ૫ | મૃષાવાદ | ૩૮ |
| ૬ | રાગ–દ્વેષ | ૪૬ |
| ૭ | પ્રેમનું પરિબળ | ૫૫ |
| ૮ | યુદ્ધ અને શાંતિ | ૬૪ |
| ૯ | ભાઈ–બહેન | ૭૩ |
| ૧૦ | રાગ–વિરાગ | ૮૧ |
| ૧૧ | દૃષ્ટિપૂતં ન્યસેત્ પાદમ્ | ૯૧ |
| ૧૨ | વૈભવનાં વિષ | ૧૦૦ |
| ૧૩ | દૃષ્ટિરાગ | ૧૧૨ |
| ૧૪ | મૃગજળ | ૧૨૫ |
| ૧૫ | દુઃખજીવનની સર્વોત્તમ સંપત્તિ | ૧૩૩ |
| ૧૬ | પાપનો બાપ | ૧૪૧ |
| ૧૭ | સુનંદાનો કંથ | ૧૫૦ |
| ૧૮ | કંચન અને કામિની | ૧૬૮ |
| ૧૯ | અદ્દલ ઇન્સાફ | ૧૭૯ |
| ૨૦ | વેદના અને મુક્તિ | ૧૯૧ |
| ૨૧ | ભોગ અને ત્યાગ | ૨૦૧ |
| ૨૨ | સંસાર એક ઇંદ્રજાળ | ૨૧૧ |
| ૨૩ | સ્ત્રી અને પુરુષ | ૨૨૯ |
| ૨૪ | બંધન અને મુક્તિ | ૨૪૩ |
| ૨૫ | યોગ અને ભોગ | ૨૫૩ |
| ૨૬ | શીલ અને ધર્મ | ૨૬૭ |

श्रीऋषभदेवस्वामिने नमः।

સકલલબ્ધિનિધાનશ્રીગૌતમગણધરાય નમ:

# પ્રાક્કથન

## ૧. બોધિબીજની પ્રાપ્તિમાં જિનપ્રવચનની મહત્તા

અનંત ઉપકારી શ્રી. જિનેશ્વરદેવના શાસનમાં ભવ્ય જીવોને બોધિબીજની પ્રાપ્તિમાં સમ્યક્શ્રુત કિંવા જિન-પ્રવચનનું સ્થાન સર્વ શિરોમણીરૂપે આપવામાં આવેલ છે. કોઈ પણ કર્મભૂમિના ક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માની હાજરીમાં અથવા તીર્થંકર પરમાત્માના વિરહકાળમાં સેંકડો-હજારો-લાખો યાવત્ અસંખ્ય વર્ષો પર્યંત ભવ્યાત્માઓને આત્મ-કલ્યાણમાં અસાધારણ સાધન જો કોઈ પણ હોય તો આ જિનપ્રવચન છે. શ્રુતકેવલી ભગવાન જેમ સમગ્ર દ્વાદશાંગી-રૂપ જિનપ્રવચનના પ્રભાવે ભવસાગરનો પાર કરી શકે છે તે જ પ્રમાણે 'સામાયિક' જેટલા એક જિનપ્રવચનના પ્રભાવે પણ અનંત ભવ્યાત્માઓ ભવસાગરનો પાર પામ્યાના 'श्रूयन्ते चानन्ताः सामायिकमात्रपदसिद्धा.' વગેરે અનેક ઉલ્લેખો સુવિહિત મહાપુરુષોએ રચેલાં શાસ્ત્રોમાં આજે પણ મળી આવે છે.

## ૨. અંતરાત્મામાં અજવાળાં પાથરનાર જિનવચન

સૂર્ય-ચંદ્રનાં અજવાળાં ભલે વિશ્વમાં અનંતા કાળથી હોય પણ તે અજવાળાનો પ્રકાશ મર્યાદિત ક્ષેત્રમાં વર્તતા

કેવળ સ્થૂળ પદાર્થો ઉપર જ પડે છે. પરંતુ અંતરાત્મામાં એ પ્રકાશનો ઉપયોગ થઈ શકતો નથી. અનંતકાળથી આત્મમંદિરમાં વર્તતા ઘોર અજ્ઞાન–અંધકારનું નિવારણ કરવાની શક્તિ જો કોઈનામાં હોય તો મુખ્યત્વે આ જિન–પ્રવચનમાં છે. એ જિનપ્રવચનનું એક પણ વચનામૃત જે રીતે શ્રવણ કરવું જોઈએ તે રીતે શ્રવણ કરવામાં આવે તેમજ ત્યાર બાદ તેનું ચિંતન–મનન નિદિધ્યાસન થવા સાથે જીવનવ્યવહારમાં એ એક પણ જિનવચનનો વ્યવસ્થિત અમલ શરૂ થાય તો એ આત્માનાં કર્મબંધન દૂર થવામાં જરાય વિલંબ થતો નથી.

## ૩. જિનપ્રવચન અને તેને સુરક્ષિત રાખનાર સંઘ એ જ તીર્થ

અનંત ઉપકારી તીર્થંકરોએ કેવલજ્ઞાનની પ્રાપ્તિ બાદ અર્થરૂપે જે ધર્મદેશના આપી, એ ધર્મદેશનાને અનુસારે બીજબુદ્ધિના ધણી ગણધર ભગવંતોએ દ્વાદશાંગીની જે સંકલના કરી અને ત્યાર બાદ પટ્ટપરંપરામાં થયેલા સુવિહિત આચાર્ય આદિ ભગવંતોએ ભાષ્ય, નિર્યુક્તિ, ચૂર્ણિ, ટીકા તેમ જ વિવિધ શાસ્ત્રોની બાળજીવોના કલ્યાણ માટે જે જે રચનાઓ કરી તે બધું જિનપ્રવચન જ કહેવાય છે. તીર્થંકર ભગવંતના નિર્વાણ પછી પણ જૈન શાસનને સાચવી રાખનાર જો કોઈ હોય તો આ જિનપ્રવચન જ છે અને એ કારણે જ જિનપ્રવચનને, જિનપ્રવચનના સૂત્રરૂપે પ્રણેતા ગણધર ભગવંતોને અને જિનપ્રવચનને સુરક્ષિત રાખનાર શ્રમણ-

પ્રધાન ચતુર્વિધ સંઘને જૈન શાસનમાં તીર્થ તરીકે ગણવામાં આવેલ છે.

## ૪. જિન પ્રવચનમાં દ્રવ્યાનુયોગ વિગેરે ચાર અનુયોગો

આ જિનપ્રવચન દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણ–કરણાનુયોગ અને ધર્મકથાનુયોગ એમ મુખ્યત્વે ચાર વિભાગમાં વહેંચાયેલ છે, જેમાં આત્મા વગેરે ષડ્દ્રવ્યનું પ્રતિપાદન મુખ્ય છે. તેના સૂયગડાંગ, ઠાણાંગ, જીવાભિગમ, પન્નવણા વગેરે આગમ આદિ ગ્રન્થો એ દ્રવ્યાનુયોગ છે. જંબૂદ્વીપપન્નતિ, સૂર્યપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ, ક્ષેત્રસમાસ વગેરે શાસ્ત્રોમાં ક્ષેત્ર અને ગણિતની મુખ્યતા હોવાથી એ શાસ્ત્રો ગણિતાનુયોગ વિષયક છે. ચરણસિત્તરી તેમજ કરણસિત્તરી વગેરે સાધુના મૂલગુણ, ઉત્તરગુણોનું અને શ્રાવકના સમકિત મૂલ બાર વ્રતો તેમજ અગિયાર પડિમા વગેરે આચાર–ધર્મનું જેમાં મુખ્યત્વે પ્રતિપાદન છે, તેવા આચારાંગ, ઉપાસકદશાંગ, ઓઘનિર્યુક્તિ, પિંડનિર્યુક્તિ બૃહત્કલ્પ-સૂત્ર, શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર વગેરે સૂત્રગ્રન્થો એ ચરણ-કરણાનુયોગ છે અને એ ત્રણેય અનુયોગના એકીકરણ રૂપે મેઘકુમાર, અઈમુત્તાકુમાર, સ્કંદક પરિવ્રાજક, ધન્નાજી, શાલિભદ્રજી, ચંદનબાલા, મૃગાવતી, આનંદ, કામદેવ, સુલસા, રેવતી, જયંતી વગેરે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાની આદર્શ જીવનકથાઓનું જેમાં પ્રધાનપણે પ્રતિપાદન છે એવા જ્ઞાતાધર્મકથા, ઉપાસકદશાંગ, અનુત્તરૌપપાતિકસૂત્ર, ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર વગેરે આગમ આદિ ગ્રંથો ધર્મ–કથાનુયોગ વિષયક ગણાય છે.

## ૫. ચાર અનુયોગોનું મુખ્ય તાત્પર્ય

અથવા બીજી રીતે વિચારીએ તો દ્રવ્યાનુયોગ વડે ભવ્ય આત્માને જીવ-અજીવ વગેરે પદાર્થતત્ત્વનું જાણપણું થાય તે શ્રુતસામાયિક અર્થાત્ સમ્યગ્જ્ઞાન છે. ગણિતાનુ-યોગ વડે અનંતકાળથી ચૌદ રાજલોકમાં કયા કારણે આ ભવ્ય આત્માને પરિભ્રમણ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો ? તેથી જ હવે પછી કેવી રીતે મારું આ ભવભ્રમણ અટકે અને મારો આત્મા અક્ષય સુખનો ભોક્તા થવા સાથે અવિચલ સિદ્ધસ્થાન પ્રાપ્ત કરે એવી ઉત્તમ ભાવના પ્રગટ થવી એ સમ્યકત્વ-સામાયિક અથવા સમ્યગ્દર્શન છે, ચરણકરણાનુયોગ વડે સર્વવિરતિ અથવા દેશવિરતિની આરાધનામાં જોડાય એ સર્વવિરતિ. સામાયિક તેમજ દેશ-વિરતિ સામાયિક અર્થાત્ સમ્યક્ચારિત્ર છે, અને એ ત્રણેયનું એકીકરણ અથવા એ ત્રણેયના એકીકરણનો અભાવ જેઓના જીવનમાં વર્તતો હોય એવા ઉત્તમ, મધ્યમ અને અધમ આત્માઓના જીવનપ્રસંગો, તેનું નામ ધર્મકથાનુયોગ છે.

## ૬. ચાર અનુયોગોમાં અપેક્ષાએ ધર્મકથાનુ-યોગનું પ્રાધાન્ય

દ્રવ્યાનુયોગ વગેરે ચારેય અનુયોગો પોતપોતાના વિષયોની અપેક્ષાએ જોકે મુખ્ય છે. એમ છતાં વર્તમાન બાળપ્રજાને ધર્મસન્મુખ બનાવવા માટે ધર્મકથાનુયોગની ખાસ મુખ્યતા છે. એ બાબત આપણને સહુને સ્પષ્ટ સમજી

શકાય તેવી છે. દ્રવ્યાનુયોગ વિષયક અથવા અન્ય અનુયોગ વિષયક કોઈ પણ તાત્ત્વિક બાબતનું અને તેવું વિશદ અને વિસ્તૃત વિવેચન કરવામાં આવે પણ જ્યાં સુધી તેને લગતું દૃષ્ટાંત આપવામાં ન આવે ત્યાં સુધી એ તાત્ત્વિક બાબતો જેટલા પ્રમાણમાં આપણને સમજમાં આવવી જોઈએ તેટલા પ્રમાણમાં સ્પષ્ટરૂપે સમજમાં નથી આવતી. એ આપણી અનુભવસિદ્ધ બાબત છે અને એ કારણે જ જિનપ્રવચનમાં ગણધર ભગવંત આચાર્ય આદિ સુવિહિત ઋષિમુનિ ભગવંતોએ રચેલા ધર્મકથાનુયોગના ગ્રન્થો ગણનાતીત સંખ્યામાં આજે પણ વિદ્યમાન છે.

## ૭. આરાધક અને વિરાધક ધર્મકથાનુયોગ

ધર્મકથાનુયોગમાં મુખ્યત્વે બે વિભાગ છે. આરાધક મહાન્ આત્માઓની જીવનકથાઓ અને વિરાધક આત્માઓની જીવનકથાઓ. જે મહાન્ આત્માઓ ગમે તેવી અગ્નિ-પરીક્ષા કિંવા ઉપસર્ગપરીષહના પ્રસંગોમાં પણ પોતાની જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનાથી લેશ પણ ચલિત નથી થયા અને સંયમશ્રેણિમાં ઉત્તરોત્તર વર્ધમાન પરિણામ-વાળા બની તે જ ભવમાં મુક્તિગામી થયા અથવા અલ્પ-સંસારી બન્યા, એ આરાધક ધર્મકથાનુયોગ કહેવાય છે. અને માનવજીવન આર્યક્ષેત્ર પંચેન્દ્રિયની પૂર્ણતા વગેરે અનુકૂલ સામગ્રી મળવા છતાં રત્નત્રયીની આરાધનામાં જેઓ જોડાયા જ નહિ અને જોડાયા હોય તો નહિ જેવા પરીષહ આદિ કસોટીના પ્રસંગો પ્રાપ્ત થતાં આરાધનામાંથી ચલિત

થવા તેમજ પરિણામે દીર્ઘકાળ પર્યંત દુઃખમય સંસારનું પરિભ્રમણ ચાલુ રહ્યું હોય એવા આત્માઓની જીવનકથાઓ એ વિરાધક ધર્મકથાનુયોગ કહેવાય છે.

## ૮. જીવન–ઘડતરમાં ધર્મકથાનુયોગ એ દીવાદાંડી

અનંતકાળથી ચાલુ રહેલા વિરાધક ભાવમાંથી ભવ્ય જીવને આરાધક ભાવના પવિત્ર સ્થળે પહોંચવા માટે આ ઉભય પ્રકારનો ધર્મકથાનુયોગ દીવાદાંડીની ગરજ સારે છે. જીવનઘડતર કરવામાં ધર્મકથાનુયોગનો જે અમૂલ્ય ફાળો છે, તેટલો બીજા કોઈ અનુયોગનો ફાળો નથી, એમ કહેવું એ અતિશયોક્તિ નથી. સમરાદિત્યચરિત્ર વગેરે ધર્મકથાના ગ્રન્થોનું વાચન કિંવા શ્રવણ જ્યારે ચાલતું હોય ત્યારે ગમે તેવા આત્માને પ્રાયઃ એકવાર તો વૈરાગ્યભાવ અવશ્ય પ્રગટ થાય છે. માસખમણને પારણે ઘરના આંગણે પધારેલા પવિત્ર નિર્ગ્રન્થ અણગારના પાત્રમાં ઘણી ઘણી મુશ્કેલીથી તૈયાર કરેલી ખીરની આખી થાળી મુનિગુણની અનુમોદના સાથે વહોરાવનાર શાલિભદ્રજીના પૂર્વભવનો પ્રસંગ મોહ-માયાથી ભરેલા આત્માને સુપાત્ર દાનની ઉચ્ચ ભાવના એક-વાર તો અવશ્ય પ્રગટ કરે છે. એ જ પ્રમાણે મહાસતી સીતાજી, સુભદ્રા તેમજ કલાવતી અને સુદર્શન શેઠના પવિત્ર શીલની રક્ષાના પ્રસંગો, સ્કંદક પરિવ્રાજક અને ધન્ના કાકંદી વગેરે મહામુનિવરોના તપની પરાકાષ્ઠાના પ્રસંગો તેમજ એક અવસરના ઉગ્રપાપી દૃઢપ્રહારી અને ચિલાતીપુત્ર વગેરે ઉચ્ચ આત્માઓની વિશુદ્ધ-વિશુદ્ધતર ભાવનાના પ્રસંગો

જ્યારે જ્યારે શ્રવણ કરવાનો તેમજ વાંચવાનો પ્રસંગ આવે છે ત્યારે ત્યારે ચરમાવર્તમાં પ્રવિષ્ટ થયેલા આત્માઓનું હૈયું તે તે ભાવોથી ભીંજાયા સિવાય નથી રહેતું. સાચી રીતે કહેવાય તો આત્માના પ્રાથમિક ઉત્થાન માટે ધર્મકથાનુયોગ એ જ પ્રધાન સાધન છે.

## ૯. આ કથાગ્રન્થના સંકલનકાર

ધર્માનુરાગી શ્રીયુત મનસુખલાલ તારાચંદ મહેતાની કલમથી ગુજરાતી ભાષામાં તૈયાર થયેલ આ 'શીલધર્મની કથાઓ' એ નામનો ગ્રન્થ પણ આજની ઊગતી પ્રજાના જીવનઘડતરમાં અત્યંત ઉપયોગી થાય તેવો ધર્મકથાનુયોગનો સુંદર ગ્રન્થ છે. આ પુસ્તકમાં મુખ્યત્વે **જૈન** શાસનને અનુસરતી ભૂતકાળના પૂર્વાચાર્યોએ તે તે ગ્રન્થોમાં સંસ્કૃત–પ્રાકૃત ભાષામાં રચેલી ધર્મકથાઓનું અવતરણ છે. બે-ચાર કથાઓ બૌદ્ધદર્શન વગેરે ઈતર દર્શનની પણ છે. પરંતુ આ ધર્મકથાગ્રન્થના વાચકે તો તેમાંથી **જૈન** દર્શનને અનુકૂલ તાત્પર્ય ગ્રહણ કરવા માટે ધ્યાન દેવાનું છે. પૂર્વાચાર્યરચિત ગ્રન્થોમાં પણ ક્વચિત્ ક્વચિત્ ઈતર દર્શનનાં દૃષ્ટાંતો હોવાનું તે તે ગ્રન્થના અભ્યાસીઓથી અજાણ્યું નથી.

## ૧૦. શ્રીયુત મનસુખભાઈનું ધાર્મિક જીવન

ધર્માનુરાગી શ્રીયુત મનસુખભાઈ એક શ્રદ્ધાસંપન્ન મહાનુભાવ છે. **જૈન** દર્શનના મર્યાદિત પણ સુંદર અભ્યાસ સાથે તેમનું સાહિત્યવાચન ઘણું વિશાલ છે. સુવિહિત

વિદ્વાન સાધુ-મુનિરાજોના વ્યાખ્યાનશ્રવણ કરવા માટે તેઓ અનુકૂળ સ્થાને પ્રાયઃ નિરંતર હાજર હોય છે. દેવ-દર્શન-પૂજન-સામાયિક-બ્રહ્મચર્ય વગેરે વ્રતોનું નિયમિત પરિપાલન એ તેમનો નિરંતરનો ધાર્મિક, વ્યવસાય છે. મુંબઈ તેમજ અન્ય સ્થળોની ધાર્મિક, સામાજિક સંસ્થાઓમાં તેમનો કાયમી સક્રિય ફાળો જોવા મળે છે. આવા એક ધર્માનુરાગી મહાનુભાવની કલમથી ધર્મકથાનુયોગ વિષયક આ ગ્રન્થ તૈયાર થાય તે ધર્મપ્રેમી હરકોઈ વ્યક્તિ માટે ઘણો અનુમોદનાનો વિષય છે.

## ૧૧. પ્રાક્કથન લખનારનું વાચક વર્ગને ખાસ સૂચન

આ ગ્રન્થમાં વર્તતી બધી કથાઓ તપાસી જવા માટે શ્રીયુત મનસુખભાઈએ કરેલી વિનંતી પ્રમાણે મેં આ ગ્રન્થ સાદ્યંત વાંચેલ છે. પણ બીજી અનેક ધાર્મિક પ્રવૃત્તિઓના કારણે સ્થિરતાથી જે રીતે વાંચવો જોઈએ તે રીતે નથી વંચાયો. એમ છતાં કથાના સંકલનકાર મનસુખભાઈ જેમ છદ્મસ્થ છે તેમ હું પણ સાધુ છતાં છદ્મસ્થ છું. વળી કથાના પ્રસંગોમાં કોઈ કોઈ ગ્રન્થોમાં મતમતાંતરો પણ હોય છે. એકની એક ધર્મકથા અમુક ગ્રન્થમાં જે રીતે અપાયેલ હોય તે અપેક્ષાએ અન્ય ગ્રન્થમાં તે જ કથાનો અમુક પ્રસંગ બીજી રીતે પણ હોય છે. આવા સંજોગોમાં વાચકવર્ગને કોઈ પણ કથાના કોઈ પણ જીવનપ્રસંગ વિષયક સંશય અથવા ભ્રમ થાય તો આ ગ્રન્થના લેખકને સાદર જણાવવાનું યથાયોગ્ય સૂચન કરવા સાથે જૈન શાસનને

બાધ પહોંચે તેવી કોઈ સ્ખલના રહી ગઈ હોય તો 'મિચ્છા મિ દુક્કડં'નું આલંબન એ લેખક તથા સંશોધન માટે અત્રે રજું કરવું એ હું અવસરોચિત માનું છું.

પ્રાન્તે આ ધર્મકથાગ્રન્થ સહુ કોઈના આત્માને પોતાના ચારિત્રના ઘડતરમાં ખૂબ જ ઉપયોગી થાય અને આત્મકલ્યાણના પવિત્ર પંથે પ્રયાણ કરવા પ્રેરણા આપે એ જ શાસનદેવને પ્રાર્થના.

૧૦ મો રસ્તો, શ્રી ઋષભદેવજી જૈન મંદિર,
ચેમ્બુર, મુંબઈ-૭૧.
વિ. સં. ૨૦૨૩ના પોષ શુદિ ૭, મંગળવાર.

વિજયધર્મસૂરિ

# લેખકનું નિવેદન

જૈન ધાર્મિક શિક્ષણસંઘ, મુંબઈના મુખપત્ર 'જૈન શિક્ષણ સાહિત્ય પત્રિકા' માસિકની શરૂઆત આજથી લગભગ દશેક વર્ષ પહેલાં થઈ, અને સંસ્થાના મંત્રી શ્રી. પ્રાણજીવનદાસ ગાંધી તેમજ પત્રિકાના આદ્યતંત્રી પં. ધીરજલાલ શાહ અને તેના ઉત્સાહી વ્યવસ્થાપક શ્રી. ચીમનલાલ પાલીતાણાકરની ઇચ્છાનુસાર આ પત્રિકાના કથાવિભાગનું કામ મેં સ્વીકાર્યું. આ કારણે જૈન સાહિત્યના કથા-વિભાગના અનેક ગ્રંથો જોવાનું મળ્યું અને તેમાં રસ ઉત્પન્ન થયો. તેની ફલશ્રુતિ તરીકે ભાવનગરથી પ્રગટ થતા 'જૈન' પત્રના વિશેષાંકો, ભાવનગર, જૈન આત્માનંદસભા તરફથી પ્રગટ થતા આત્માનંદ પ્રકાશ માસિક, તેમજ 'જૈન શિક્ષણ સાહિત્ય પત્રિકા'માં જે કથાઓ મેં લખી છે, તેમાંથી ચૂંટીને ગ્રંથના આ પ્રથમ ભાગમાં છવ્વીસ કથાઓ ગ્રંથસ્થ કરી છે, અને શક્ય બનશે તો આના અનુસંધાનમાં બીજા ભાગો પણ બહાર પાડવાની ભાવના છે. અલબત્ત, માસિક પત્રોમાં પ્રસિદ્ધ થયેલી આ બધી કથાઓને સુધારી-મઠારી છે, તેમજ સુવાચ્ય કરવા અર્થે વિસ્તૃત પણ કરી છે.

જૈનધર્મના પ્રાણભૂત આગમ સાહિત્યના મુખ્યત્વે ચાર વિભાગો છે: (૧) દ્રવ્યાનુયોગ, (૨) ગણિતાનુયોગ, (૩) ચરણકરણાનુયોગ, (૪) ચરિતાનુયોગ. આ ચાર અનુયોગમાં જગતભરનું સમગ્ર તત્ત્વ સમાઈ જાય છે. આ બધામાં પ્રધાનતા ચરિતાનુયોગની છે અને તેથી તત્ત્વજ્ઞાન સાહિત્ય કરતાં અનેકગણું વધારે કથા સાહિત્ય જૈનશાસ્ત્રોમાં જોવામાં આવે છે. માત્ર જૈનધર્મના આગમોમાં જ નહિ; પણ વેદ, કુરાન, બાઈબલ અને ત્રિપિટકમાં પણ સુભાષિતો, સંવાદો અને ધર્મકથાઓની જ પ્રધાનતા જોવામાં આવે છે.

આ ગ્રંથમાંની છવ્વીસ કથાઓ પૈકી પાંચમી 'મૃષાવાદ' અને છઠ્ઠી તેમજ પંદરમી 'રાગદ્વેષ' અને 'દુઃખ-જીવનની સર્વોત્તમ સંપત્તિ'ની કથાઓ પૂ. પંડિત શ્રી. બેચરદાસ દોશીએ લખેલા 'ભગવાન મહાવીરના દશ ઉપાસકો' (ઉવાસગદસાસૂત્ર) અને 'ભગવાન મહાવીરની ધર્મકથાઓ' (જ્ઞાતાધર્મકથા)ના આધારે મેં લખી છે. ત્રીજી 'પાપ અને પશ્ચાત્તાપ'વાળી કથા મુનિ સકલ-ચંદજી રચિત 'શ્રી. દેવાનંદાની સજ્ઝાય' પરથી આલેખી છે.[1] આઠમી અને એકવીસમી કથા 'ઉત્તરાધ્યયનસૂત્ર'ની છે. ચોવીસમી કથા 'બંધન અને મુક્તિ' પરિશિષ્ટપર્વની છે. વીસમી કથા 'વેદના અને મુક્તિ' શ્રીમદ્ આનંદઘનજીના 'ભગવાન આદિનાથના પ્રથમ સ્તવન' બાબતમાં જે કિંવદન્તી પ્રચલિત છે તેના આધારે રચી છે. અગિયારમી કથા दृष्टिपूतं न्यसेत् पादम्નું આલેખન પૂ. આચાર્ય વિજયરામચંદ્રસૂરિજીએ વ્યાખ્યાનમાં આપેલા એક દૃષ્ટાંત પરથી કર્યું છે. સોળમી અને ઓગણીસમી કથા સ્વતંત્ર કથાઓ છે અને ભાગવત તેમજ અભયકુમારની બુદ્ધિ વિષે જે અનેક વાતો સંગ્રહાયેલી છે, તે આધારે તૈયાર કરી છે. ચોથી અને ત્રેવીસમી કથા બૌદ્ધધર્મનાં શાસ્ત્રોના આધારે તૈયાર કરી છે. દશમી અને બાવીસમી કથા નાથ-સંપ્રદાયમાં થઈ ગયેલા મહાન યોગીજનોના જીવનને લગતી છે. એ સિવાયની બીજી કથાઓ ઉપદેશપ્રાસાદ, પ્રબંધચિંતામણિ, ધન્ય-ચરિત્ર વગેરે ગ્રંથોના આધારે લખી છે.

જૈનધર્મના કથાસાહિત્ય સંબંધમાં મુનિ દર્શનવિજયજી (ત્રિપુટી)એ કડવી છતાં એક સાચી વાત કરતાં કહ્યું છે કે, 'જૈન કથા સાહિત્ય માત્રથી, પ્રાકૃત અને સંસ્કૃત સાહિત્યમાંથી રૂપાંતરિત થઈ વિવિધ દેશભાષાઓમાં બહુ જ અલ્પ પ્રમાણમાં પ્રકાશિત થયેલ હોવાથી હજી આમ જનતાનું આ તરફ લક્ષ્ય નથી ગયું. તેમાં પણ જે કથાસાહિત્ય બહાર પડે છે, તે જૂની પદ્ધતિનાં ભાષાંતર

1. જૈન સજ્ઝાયમાળા, પ્રકાશક : જૈન પ્રકાશન મંદિર—અમદાવાદ

રૂપે જ બહાર પડે છે. એટલે એમાં વર્તમાનયુગને બંધબેસતો ભાવ, કાળે કાળે બદલાતી લોકરુચિ પ્રમાણે ભાષાસૌષ્ઠવ કે લાલિત્ય જોઈએ એટલા પ્રમાણમાં નથી આવતું. જેથી ઘણા વાચકો આ ભાષાંતરોને હાથ પણ નથી અડકાડતા.'[૨]

આ ગ્રંથમાં જે બધી કથાઓ આપવામાં આવી છે તે પ્રાચીન યુગની છે અને આપણા પૂર્વાચાર્યોએ તે વખતના લોકમાનસ અને પરિવર્તન પામતી પરિસ્થિતિના આધારે બહુ દીર્ઘદૃષ્ટિથી રચેલી છે. આજે જગતમાં મહાન પરિવર્તન થઈ રહેલું છે અને વર્તમાન-યુગ તેથી જ ક્રાંતિ અને વિજ્ઞાનયુગ તરીકે ઓળખાય છે. એટલે મૂળની બધી કથાઓના આત્માને અવિચ્છિન્ન રાખી તેને આધુનિક રૂપ આપવાનો મેં નમ્ર પ્રયાસ કર્યો છે. પૂ. કાકાસાહેબ કાલેલકરે લખ્યું છે કે: 'જે જીર્ણ થાય છે તે મટી જાય છે. જે બદલાતુ નથી તે સડી જાય છે, જેની પ્રગતિ થતી નથી, તેની અધોગતિ થાય છે. પહાડના પથરા બદલાતા નથી માટે ધીમે ધીમે તેમનો ભૂકો થઈ જાય છે.'[૩] આ વાતને લક્ષમાં રાખી આ કથાઓના આત્માને અખંડ રાખી તેના દેહમાં પરિવર્તન લાવવા મેં પ્રયત્ન કર્યો છે. મૂળની શક્ય તેટલી સામગ્રી એમ ને એમ રાખી છે. પાયામાં ફેરફાર નથી કર્યો પણ તેની પરના બાંધકામમાં ફેરફારો કર્યા છે. કથાઓમાં પાત્રોનાં નામો, સ્વરૂપ, વાતાવરણ બની શક્યું ત્યાં સુધી તેનાં તે જ રાખવા પ્રયત્ન કર્યો છે.

અહીં પ્રગટ થતી બધી જ કથાઓની શૈલી ઉપદેશાત્મક છે. તનના રોગી માટે દર્દને દૂર કરવા માટે જેમ ઔષધની જરૂર પડે છે, તેમ મનના રોગી માટે આ કથાઓ ઔષધરૂપ બની શકે એ દૃષ્ટિએ આપણા પૂર્વાચાર્યોએ તેનું આલેખન કરેલું છે. ભિન્ન ભિન્ન પ્રકૃતિ ધરાવતાં કથાનાં પાત્રો પૈકી અહીં કોઈના પ્રત્યે ઘૃણા કે તિરસ્કાર દાખવવામાં આવ્યો નથી. ભાન ભૂલેલાં સ્ત્રી અને પુરુષ

૨. વીરધર્મની વાતો : ભાગ ૨ જો લે. શ્રી. જયભિખ્ખુ–પ્રસ્તાવનામાંથી.

૩. 'જીવન વ્યવસ્થા' લે કાકાસાહેબ કાલેલકર. પાન. ૬૫

જેઓએ ભયંકર પાપકૃત્યો કર્યાં છે, તેઓ પણ જાગ્રત બની પશ્ચાત્તાપના માર્ગે વિશુદ્ધ થયા છે તો કોઈ કોઈ શુદ્ધ કંચન જેવાં બની મુક્તિને પણ વર્યાં છે.

જગતના બધા જ લોકો પ્રગતિપંથના યાત્રિકો છે. માનવી આત્માને ભૂલી ઇન્દ્રિયોને વશ થાય છે. પરિણામે ભૂલો કરે છે અને પાપની જાળમાં ફસાય છે. પછી તો એક પાપમાંથી બચવા માટે બીજું અને બીજામાંથી બચવા માટે ત્રીજું એમ પાપની પરંપરા સર્જાય છે. એમાંથી ઊગરી જવાનો, બચવાનો માર્ગ માણસ જો સમજી શકે નહિ તો તેનું સમગ્ર માનવજીવન વ્યર્થ જાય છે. ભોગો અને ઐશ્વર્યના અર્થે જે માણસો પાપમાં પડે છે, તેઓ પાપના માર્ગે ભોગો અને ઐશ્વર્યને કદી પણ પ્રાપ્ત કરી શકતાં નથી. મૂળમાં તો ભોગો અને ઐશ્વર્યને પ્રાપ્ત કરવાની ઇચ્છા થવી એ જ મોટામાં મોટા રોગની નિશાની છે. આ બધું અંતે ઝાંઝવાના જળ જેવું પુરવાર થાય છે. ભોગો અને ઐશ્વર્ય સામે જ દેખાય, પણ માનવી તેને પકડવા જાય કે પારાની માફક તે સરી જાય છે. આપણા ઋષિ-મુનિઓએ તેથી સ્પષ્ટ ભાષામાં કહી દીધું કે–**त्यक्तेन भुंजीथाः**–અર્થાત્ ત્યાગ દ્વારા જ ભોગવ. જૈન ધર્મશાસ્ત્રોએ પણ આ જ વાતને ટેકો આપતાં કહ્યું છે કે, 'ચક્રવર્તીને જે સુખ નથી, અને જે સુખ ઇન્દ્રને પણ નથી તે સુખ અહીં લોકૈષણા રહિત સાધુને હોય છે.' ભોગના માર્ગે પડ્યા પછી એમાંથી બહાર નીકળવાનું મુશ્કેલ બને છે, અને તેથી માનવી એ માર્ગની કુરૂપતા સમજી લઈ તેનાથી દૂર જ રહે એ દૃષ્ટિ ધ્યાનમાં રાખી ભયની દીવાદાંડી તરીકે આપણા પૂર્વાચાર્યોએ બહુ દીર્ઘદૃષ્ટિપૂર્વક આવી બધી કથાઓ રચી છે.

દુઃખ ભોગવવા માટે નહીં પણ સદાકાળ (for ever) માટે દુઃખમાંથી મુક્ત બની જન્મ-મરણની જંજાળનો અંત લાવવા માનવજન્મ પ્રાપ્ત થયો છે. તો પછી, જગતમાં ચારે તરફ દુઃખ ને

દુઃખ જ કેમ જોવામાં આવે છે ? આ વાતનો વિચાર કરતાં લાગે છે કે, માણસને અન્ય કોઈ નહીં પણ તેનાં પોતાનાં જ દુષ્કૃત્યો દુઃખ આપે છે. આપણા દુશ્મનો બહાર નથી, પણ આપણી અંદર જ રહેલા છે. હિંસા, ચોરી, અસત્ય, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, ગર્વ, મદ, ભેદ, વેર, વિશ્વાસઘાત, વાસના, રાગ-દ્વેષ, મોહ, ધિક્કાર, ઘૃણા, તિરસ્કારવૃત્તિ, ઈર્ષ્યા, અસૂયા, આસક્તિ, કીર્તિ, લોકૈષણા, આવેશ, તૃષ્ણા—આ બધા જ આપણા ભીષણ દુશ્મનો છે. આ દુશ્મનો પર વિજય પ્રાપ્ત કરવા માનવે ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મ (બ્રહ્મચર્ય)ની મૈત્રી સાધવી જોઈએ. માનવજીવન એટલે સતત યુદ્ધ, પણ આ યુદ્ધ કોઈ અન્ય સાથે નહિ પણ પોતાની જાત સાથે જ લડી લેવાનું હોય છે. મહાત્મા ટોલસ્ટોયે તેના The christian Teaching ના પુસ્તકમાં આવા દોષો સામે અર્થાત્ પોતે જ પોતાની જાત સાથે લડી લેવાનો ઉપદેશ આપ્યો છે. ભગવાન મહાવીરે પણ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે: 'इमेण चेव जुज्झाहि किं ते जुज्झेण बज्झओ ! जुद्धारिहं खलु दुल्लभं'[4]—અર્થાત્ 'હે ભાઈ ! તારી જાત સાથે જ યુદ્ધ કર. બહાર યુદ્ધ કરવાથી શું ? એના જેવી યુદ્ધને યોગ્ય બીજી વસ્તુ મળવી દુર્લભ છે.' માનવી અંદર યુદ્ધ લડવાને બદલે બહાર લડવા જાય છે અને પરિણામે દુઃખ વહોરી લે છે. આ ગ્રંથની કથાઓનું મૂળ લક્ષ્ય આપણને આ જ વાત સમજાવવાનું છે. માણસ પોતે પોતાની જાતને જીતી લે તો એ જ સ્થિતિમાં તેની મુક્તિ છે. સ્વર્ગ અને નર્કનાં સુખ-દુઃખ તેમજ મુક્તિદ્વારા પ્રાપ્ત થતી ચિરકાળની શાંતિ પરોક્ષ રીતે તો મળતાં જ હશે, પણ આપણે તેનો પ્રત્યક્ષ રીતે અનુભવ આ જ જન્મે, આ પૃથ્વી પર પ્રાપ્ત કરીએ તો જ એમાં માનવજીવનની સાર્થકતા અને શોભા છે. એક વિદ્વાન પુરુષે સાચું જ કહ્યું છે કે: 'If

૪ શ્રી. આચારાંગસૂત્ર. ૫, ૧૨૩.

you want to be in heaven, heaven must be in you–અર્થાત્ જો તમારે સ્વર્ગમાં જવું હોય તો સ્વર્ગ તમારામાં હોવું જોઈએ.

કર્મના સિદ્ધાંતમાં જેને અવિચળ શ્રદ્ધા હોય તેને આ જગતમાં કશું જ ચમત્કાર જેવું લાગી શકતું નથી, કારણ કે જે કોઈ કાર્ય આ જગતમાં બનતું જોવામાં આવે છે તેની પાછળ તેને અનુરૂપ કારણ પણ પડેલું જ હોય છે. આ કારણ આપણે ન સમજી શકતા હોઈએ તેમ બને, પણ કારણ વિના કાર્ય બની શકતું નથી તે એક નક્કર હકીકત છે. જગતમાં આજે તો લગભગ બધા જ ધર્મો આત્માના નિત્યત્વમાં તેમજ જૂનાં વસ્ત્રો બદલીને જેમ નવાં વસ્ત્રો પહેરીએ છીએ તેમ આત્મા પણ એક શરીર છોડી બીજા શરીરમાં દાખલ થાય છે એમ માને છે. એટલે આ કથાઓમાં આવતી દેવ કે દેવીની વાતને તૂત, કલ્પના કે ચમત્કાર માની લેવાનું જરૂરી નથી. મૃત્યુ પામનાર વ્યક્તિના આત્માએ સ્વપ્નદ્વારા અગર અન્ય રીતે ક્યાં, કેવી રીતે અને કોણે તેનું ખૂન કર્યું હતું તે હકીકતની જાણ કરતાં કેટલાક દાખલાઓ આજે પણ સરકારી દફતરે છે, એટલું જ નહીં પણ એવા સ્વપ્નના આધારે સાચા ખૂનીઓને પકડી પણ શકાયા છે.[૫] આત્મા અમર્ત્ય અને અવિનાશી છે, તેનો નાશ કદાપિ કોઈ કાળે થતો નથી એ બાબતમાં જેને સંપૂર્ણ શ્રદ્ધા હોય તેને આવી બાબતમાં ચમત્કાર જેવું કશું જ લાગવું ન જોઈએ.

મારા એક સહૃદયી મિત્ર અને પરમ હિતેચ્છુ જેઓ એક કુશળ વિચારક, ચિંતક અને સમર્થ પત્રકાર છે, તેઓ 'જૈન' પત્રના વિશેષાંકમાં પ્રગટ થયેલી 'દૃષ્ટિરાગ' (આ ગ્રંથમાંની તેરમી

---

૫ જુઓ 'નવનીત' ગુજરાતી ડાયજેસ્ટ, ફેબ્રુઆરી, ૧૯૬૬ના અંકમાં 'જન્મ મરણની સમસ્યા'વાળો લેખ.

કથા )ની કથા વાંચી મને પૂછતા હતા કે, ' આ દેવ-દેવીઓની વાતો તમારે હજુ ક્યાં સુધી કર્યા કરવી છે?'

'દૃષ્ટિરાગ'ની કથામાં આવતા દેવની વાત જેને યથાર્થ ન લાગતી હોય તેના મનનું સમાધાન વિજ્ઞાનના નિયમ અનુસાર પણ થઈ શકે તેવું છે. પાણીમાં જ્યારે પથ્થર નાખીએ ત્યારે પાણી મોજાંનું સ્વરૂપ લઈને પથ્થરની સામે પ્રતિક્રિયા કરે છે. આ જ રીતે મનની આ પ્રતિક્રિયા જે રૂપ ધારણ કરે છે, તે રૂપમાં આપણે તે પદાર્થ જોઈ શકીએ છીએ. આ રીતે 'દૃષ્ટિરાગ'માંના ઉદયને તેની સ્વર્ગસ્થ પત્ની પ્રભાવતીને જોઈ હોય અને વાર્તાલાપ કર્યો હોય તો તેમાં કશું જ અશક્ય જેવું નથી. પ્રેમમાં જે અપાર અને અદ્ભુત શક્તિ રહેલી છે તેનું નિદર્શન ઉદયનના પાત્રદ્વારા આ કથામાંથી થઈ શકે છે. પરન્તુ, આ કથામાં પ્રભાવતીના જીવે દેવજન્મ ધારણ કરી ઉદયનને બોધ પમાડ્યો હતો કે નહિ, તે વસ્તુ મહત્ત્વની નથી. પ્રભાવતી પરના અથાગ પ્રેમના કારણે ઉદયનના ચિત્ત પર આવા સંસ્કારો પડ્યા અને તેથી તે પ્રભાવતી પ્રત્યેના તીવ્ર રાગ અને મોહમાંથી મુક્ત થઈ શક્યો તેમજ તેનો જીવ મોક્ષગામી થયો એ જ વસ્તુ મહત્ત્વની છે.

ધર્મના સિદ્ધાંતોની સમાલોચના બુદ્ધિની કસોટી વડે થઈ શકે, પરન્તુ એ સિદ્ધાંતો સમજાવવા માટે જ્યારે કથા-વાર્તા આદિનો આશ્રય લેવામાં આવ્યો હોય ત્યારે એ કથા-વાર્તા વગેરેની સમાલોચના જરા જુદી રીતે કરવી જરૂરી છે. ચકલી લાવી દાળનો દાણો અને ચકલો લાવ્યો ચોખાનો દાણો અને એ બેઉ દાણાની ખીચડી તૈયાર કર્યાની વાર્તા આપણે સાંભળી છે. આજે પણ આપણાં બાળકો સાંભળે છે, અને આ વાર્તા આપણા બાપદાદાઓએ પણ સાંભળી જ હશે. હંસ મોતીનો ચારો ચરે છે અને પાણી તેમજ દૂધ મેળવ્યું હોય તો પણ હંસ તેમાંથી દૂધ છૂટું પાડીને પી જાય છે; એવી

વાત પણ વાર્તાઓમાં આવે છે. પરન્તુ આ બધી બોધાત્મક કલ્પનાઓ છે અને તેનો અર્થ એટલો જ કે મનુષ્યે શ્રેષ્ઠ ગ્રહણ કરવું અને બીજું તજી દેવું. ધર્મકથાઓના મહત્ત્વ વિષે આપણા સુપ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી. જ્યોતીન્દ્ર દવેએ સાચું જ કહ્યું છે કે, 'ધર્મકથાના કથાધર્મથી વિદ્વાન ને સુજ્ઞજનથી માંડી આનંદ અને રસના શોખીન એવાં સામાન્ય સ્ત્રી–પુરુષ ને બાળકો; એ સર્વની રસવૃત્તિ સંતોષાય છે. એથી જરા ઊંચી કક્ષાના લોકો માટે ધર્મકથા એ કર્મકથા પણ બની શકે છે. એમાં નિરૂપાયેલાં આદર્શ પાત્રોનું ધર્માચરણ અને વ્યવહારમાં ધર્મનું પાલન કરવા માટે પ્રેરણા સમું બને છે, અને વિદગ્ધ માટે ધર્મકથા એ મર્મકથા પણ બની શકે છે. એમાંના કથા-ભાગને ધર્મનિરૂપણ ઉપરાંત એમાં રહેલા જીવનના ઊંડા રહસ્યને તથા મર્મને એઓ પકડી શકે છે. આમ ધર્મકથા સૌને માટે રસકથા, સામાન્ય શિક્ષિત ને સમજુજનોને માટે કર્મકથા અને સુજ્ઞ ને વિદગ્ધ-જનો માટે મર્મકથા પણ બની શકે છે. એટલે એક રીતે જોતાં, એમાં ભક્તિ, કર્મ ને જ્ઞાનનો સમન્વય સધાયો હોય છે.'[૬]

હવે આ કથાઓ વિષે સૌથી છેલ્લી વાત કહી દઉં. બહુ પ્રાચીન સમયમાં બનેલી હોય એવી પ્રતિમાને તેની પર લેપ કરવાથી તે આકર્ષક અને નવા જેવી લાગે, તો પણ કળાની દૃષ્ટિએ તેનો સાચો યશ એ પ્રતિમા તૈયાર કરનાર ભૂતકાળના કળાકારના ફાળે જ જાય છે, પરન્તુ લેપ કરનાર પ્રતિમાને લેપ કરી સુશોભિત અને આકર્ષક બનાવવાને બદલે વિકૃત બનાવી દે તો એવા અપરાધ માટે સાચો જવાબદાર પેલો કળાકાર નહિ પણ લેપ કરનાર વ્યક્તિ છે. આ રીતે, આ બધી કથાઓમાં જે કાંઈ ગુણાન્વિત તત્ત્વ જોવામાં આવે તેના યશના સાચા અધિકારીઓ આપણા મહાન પૂર્વાચાર્યો છે, અને એમાં જે કાંઈ ન્યૂનતા અગર દોષ જેવું લાગે તે બધાની જવાબદારી મારી પોતાની છે, અને તે માટે मिच्छा मि दुक्कडम् ।

---

૬ 'સમર્પણ' તા. ૭-૨-૬૦ ના અંકમાંથી સાભાર.

સ્વજન જેવા વડીલ શ્રી ફતેચંદ ઝવેરભાઈએ મારી લેખન-પ્રવૃત્તિમાં પહેલેથી જ રસ લીધો છે અને મને તેમની સતત દોરવણી મળતી જ રહી છે, એટલે એમનો આભાર વ્યક્ત કરવા મારી પાસે શબ્દો નથી. આ કથાસંગ્રહનું વિશેષ ધનભાગ્ય એટલા માટે છે કે તેને પ. પૂ. આચાર્ય શ્રી વિજયધર્મ સૂરીશ્વરજીનું પ્રાક્કથન પ્રાપ્ત થયેલ છે. તેઓની તબિયત અસ્વસ્થ હોવા છતાં મારી વિનંતિને મન આપીને પ્રાક્કથન લખી આપ્યું તે માટે હું તેમનો અંતઃકરણ-પૂર્વક આભાર માનું છું. પૂજ્ય પંડિત બેચરદાસ દોશી મારા નિકટના સંબંધી હોવા છતાં મારા માટે તો તેઓ ગુરુ સમાન છે. માત્ર મારા લેખન કાર્યમાં નહીં પણ મારા જીવન ઘડતરમાં તેઓનો સીધી અને આડકતરી રીતે મોટો હિસ્સો છે. તેમણે જ આ ગ્રંથની પ્રસ્તાવના શ્રી. નગીનદાસ પારેખ પાસે લખાવી આપવાની વ્યવસ્થા કરાવી આપી તે માટે તેમનો તેમજ શ્રી નગીનદાસ પારેખનો હું અત્યંત ઋણી છું શ્રી. ધીરજલાલ શાહ, શ્રી. પ્રાણજીવનદાસ ગાંધી ચીમનલાલ પાલીતાણાકરે આ કથાઓ લખવામાં મને પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યાં છે તેમજ પંડિત શ્રી અંબાલાલ પ્રેમચંદ શાહે આગ્રંથની પ્રેસકોપી તેમજ બધાં પ્રૂફો બહુ કાળજી-પૂર્વક સુધારી અને તપાસી આપ્યાં છે માટે હું તેઓ સૌનો અત્યંત આભારી છું આ પુસ્તક જે પ્રેસમાં છપાયું તેના માલિક મારા મિત્ર શ્રી અંબાલાલ પટેલ એકાએક સ્વર્ગવાસ પામતાં તેમના પુત્ર ભાઈ જગદીશે આ કામ સરસ રીતે તૈયાર કરી આપ્યું છે તે માટે, તેમજ મારા નાનાભાઈ શ્રી. ચંદુલાલ ગુલાબચંદ મહેતાએ આ પુસ્તકની શરૂઆતથી છેલ્લે સુધી તમામ વ્યવસ્થા કરી આપી મને જરા પણ તકલીફ નથી દીધી તે માટે તેઓનો હું આભારી છું. મારા ભત્રીજા ચિ. દિનકરરાયે આ પુસ્તકના કવર પેજ પર 'સ્ત્રી અને પુરુષ'ની કથામાં આવતા ગુરુ-શિષ્યનું જે ભાવવાહી ચિત્ર તૈયાર કરી આપ્યું છે તે માટે તેનો પણ હું આભારી છું.

**મનસુખલાલ તારાચંદ મહેતા**

સૌ. જશુમતી ત્રિભુવનદાસ (પંપુભાઈ) પારેખ



જેમના સ્મરણાર્થે આ ગ્રંથ પ્રકટ કરવામાં આવ્યો છે.

જન્મ : ઈ. સ. ૧૯૧૦ * * મૃત્યુ : ૪-૪-૧૯૬૬

# અ. સૌ. શ્રી. જશુમતીબહેનના જીવનની રૂપરેખા

*

જેમના પુણ્યસ્મરણાર્થે આ ગ્રંથ પ્રકટ કરવામાં આવે છે તે શ્રી. જશુમતીબહેનનો જન્મ ભાવનગરમાં શાહ ચુનીલાલ જુઠાભાઈને ત્યાં સં૦ ૧૯૬૬ માં થયો હતો. તેમનાં માતુશ્રીનું નામ રૂપાળીબહેન. જશુમતીબહેને ચાર ગુજરાતી ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો. બાલ્યવયમાં જ તેમનાં માતા–પિતાનો સ્વર્ગવાસ થયો. સં. ૧૯૮૦ ના માહ શુદિ સાતમના દિવસે તેમનાં લગ્ન ભાવનગરના સુપ્રસિદ્ધ કુટુંબ ટી. સી. બ્રધર્સવાળા શ્રી. ત્રિભુવનદાસ (શ્રી. પંપુભાઈ) દુર્લભદાસ પારેખ સાથે થયાં હતાં. તેમનાં સાસુ ગંગા-સ્વરૂપ અજવાળીબહેનમાં જશુમતીબહેનને પુનઃ માતા-પિતા પ્રાપ્ત થયાં અને જૂના યુગમાં જન્મ્યાં હોવા છતાં નવા યુગને અનુરૂપ અનુસરનારાં અજવાળીબહેને તેમના બંને પુત્રો ત્રિભુવનદાસ અને ચુનીલાલ વચ્ચે જેમ કશો ભેદ ન જાણ્યો તેમ પુત્રીઓ સૌ. સૌભાગ્યબહેન અને ટપુબહેન તેમજ પુત્રવધૂઓ શ્રી. ચંદનબહેન અને સદ્ગત સૌ. જશુમતીબહેન વચ્ચે કશો ભેદ ન જોયો. પુત્રીઓ અને પુત્ર-વધૂઓ તેમને મન એકસમાન છે.

જશુમતીબહેનને પ્રવિણચંદ્ર, વિનયચંદ્ર, રમેશચંદ્ર અને નવીનચંદ્ર એમ ચાર પુત્રો અને લલિતાબહેન તથા ઈન્દુબહેન એમ બે પુત્રીઓ છે. શ્રી. પ્રવિણચંદ્ર મુંબઈમાં પ્રવિણચંદ્ર એન્ડ કંપનીના નામે ધંધો કરે છે. શ્રી. વિનયચંદ્ર અને રમેશચંદ્ર ભાવનગરમાં તેમની પેઢીમાં જ કામ કરે છે, અને શ્રી. નવીનચંદ્ર મુંબઈમાં મેડીકલ કૉલેજમાં ડૉકટરી લાઈનનો અભ્યાસ કરે છે. શ્રી. પ્રવિણચંદ્ર અને વિનયચંદ્ર તેમજ બંને પુત્રીઓનાં લગ્ન થઈ ગયાં છે અને તે સૌને ત્યાં સંતાનો છે. આ રીતે સદ્ગત જશુમતીબહેન લીલીવાડી મૂકીને ગયાં છે એમ નિઃશંક કહી શકાય.

શ્રી. ત્રિભુવનદાસ પારેખના પિતાશ્રી સદ્ગત દુર્લભદાસ રૂગનાથ પારેખે આપબળે આગળ વધી ભાવનગરમાં સં૦ ૧૯૫૬ માં સ્વતંત્ર ધંધો શરૂ કર્યો. તેમના મોટા પુત્રનું નામ ચુનીલાલ અને નાનાનું નામ ત્રિભુવનદાસ. આ બંને ભાઈઓનાં નામ પરથી આ પેઢીનું નામ ટી. સી. બ્રધર્સ (ટી = ત્રિભુવનદાસ અને સી = ચુનીલાલ) રાખવામાં આવ્યું. શ્રી. દુર્લભદાસ પારેખ મહાધર્મિષ્ઠ અને નિષ્ઠાવાન હતા અને સાહિત્યમાં પણ રસ લેતા. જૈન આત્માનંદસભાની સ્થાપના વખતની પ્રથમ વ્યવસ્થાપક સમિતિના અગિયાર સભ્યો પૈકી તેઓ એક હતા. સં૦ ૧૯૬૮ માં તેઓ સ્વર્ગવાસ પામ્યા, જે વખતે ત્રિભુવનદાસની ઉંમર માત્ર છ વર્ષની હતી. તેમના વડીલ બંધુ સદ્ગત ચુનીલાલે લઘુ બંધુને પિતાની જરા પણ ઊણપ ન દેખાવા દીધી અને

શ્રી. ત્રિભુવનદાસે પણ વડીલ બંધુને પિતાના સ્થાને જ માનીને તેમના પ્રત્યેની આમન્યામાં કદી લોપ થવા ન દીધો. શ્રી. ચુનીલાલ પારેખ સં૦ ૨૦૦૯માં સ્વર્ગવાસ પામ્યા. સદ્ગત ચુનીલાલ પારેખના જ્યેષ્ઠ પુત્ર શ્રી. ચીમનલાલ તથા શ્રી. ત્રિભુવનદાસ સૌ સાથે જ સંયુક્તરીતે ધંધો કરે છે. આ કુટુંબના સભ્યો વચ્ચેનાં સ્નેહ અને સંપ તેમજ વિનય અને વિવેક અત્યંત અનુમોદનીય અને પ્રશંસનીય છે, તેમજ સૌ કોઈને તેનું અનુકરણ કરવા જેવું છે.

સદ્ગત દુર્લભદાસ પારેખનું આખુંયે કુટુંબ ધર્મ-પરાયણ અને ભક્તિભાવથી રંગાયેલું છે. દાદાસાહેબના દેરાસર નજીકમાં જ તેમનાં નિવાસસ્થાનો આવેલાં છે, એટલે કુટુંબના તમામ સભ્યો શ્રી. શ્રમણસંઘની વૈયાવચ્ચનો સુંદર લાભ લે છે.

જશુમતીબહેન સ્વભાવે શાંત, સરળ અને કર્તવ્યપરાયણ હતાં. તેઓ અત્યંત માયાળુ અને સેવાભાવી હતાં. અન્યનું દુઃખ તેઓ જોઈ ન શકતાં અને તેથી બીજાના દુઃખમાં ભાગ પડાવવા તેઓ હરહંમેશ ઉત્સુક રહેતાં. વિનય, વિવેક અને મિલનસાર પ્રકૃતિના કારણે તેમણે સૌનાં મન જીતી લઈ કુટુંબની ખ્યાતિ તેમજ પ્રતિષ્ઠામાં વધારો કર્યો હતો.

આઠ વર્ષ પહેલાં જશુમતીબહેન તથા તેમનાં જેઠાણી ચંદનબહેને વરસીતપ કર્યો હતો, અને તે વખતે ટી. સી. બ્રધર્સ કુટુંબના લગભગ બધા જ સભ્યો સાથે તેઓએ સમેતશિખરજી તેમજ અન્ય અનેક તીર્થોની જાત્રા કરવાનો અપૂર્વ લાભ લીધો હતો.

જશુમતીબહેનને છેલ્લા એક વર્ષથી ડાયાબીટીસ (મીઠી પેશાબ)નો વ્યાધિ થયો હતો અને તે કારણે હૃદયતંત્ર પણ બગડી ગયું હતું. આ દર્દની જાણ થતાં તેમને તુરત જ મુંબઈ લઈ જવામાં આવ્યાં હતાં. ત્યાંની યોગ્ય સારવારથી તબિયતમાં સારો સુધારો દેખાયો, પરંતુ ભાવનગર પાછા આવતાં તબિયતમાં અનુકૂળતા ન રહી. ડૉ. છગનલાલ ત્રિવેદી તથા કુટુંબીજનોની કુશળતાપૂર્વકની સારવાર અને અથાગ પ્રયત્નો છતાં તેમને આરામ ન થયો અને અંતે આ દર્દ જીવલેણ નીવડ્યું. ચૈત્ર શુદિ તેરસના દિવસે પોતાના નિવાસ-સ્થાને સકળ સંઘને સાકરનાં પાણી પાવાની ભાવના પૂર્ણ કરી અને સંઘનાં દર્શન કરવાનો એ રીતે માંદામાંદા પણ અપૂર્વ લાભ લીધો. તે પછીના દિવસે એટલે ચૈત્ર શુદિ ચૌદશ તા. ૪–૪–૬૬ ના દિવસે સંધ્યાકાળે એકાએક હૃદયનો હુમલો થતાં ઈશ્વરનું ધ્યાન ધરતાં શાંતિપૂર્વક દેહત્યાગ કર્યો. આવું સમાધિકરણ જીવનમાં જેણે ધર્મની સાચી એકનિષ્ઠ આરાધના કરી હોય એવા પુણ્યાત્માને જ પ્રાપ્ત થાય છે. એમને જીવન જીવતાં આવડ્યું અને તેથી મૃત્યુવેળા પણ તેઓ ધન્ય થઈ ગયાં.

જે જન્મે છે તેનું મૃત્યુ પણ અવશ્ય છે. શ્રી જશુમતી-બહેનના સ્થૂલદેહનો જોકે નાશ થયો, પણ તેમના જીવનની સુવાસ સૌના અંતરમાં વસીને ચિરકાળ સુધી પ્રેરણા અને પ્રોત્સાહન આપશે, કારણ કે એવા પુણ્યા-માઓની યશઃ–

કાયાને જરા તેમજ મૃત્યુનો ભય હોતો નથી. આપણા એક મહાન કવિએ સાચું જ કહ્યું છે કે—

‘જન્મ ને મૃત્યુ છે ઉભય સુંદર જગે,
હો ભલે ઉભયના પંથ ન્યારા!
પણ ખરે મૃત્યુ એ અધિક સુંદર દિસે,
જ્યાં ખીલે માત્ર શુભ સ્મરણ ક્યારા!’

૧૧, પારસી બજાર સ્ટ્રીટ
કોટ, મુંબઈ-૧

મનસુખલાલ તારાચંદ મહેતા

# ૧. ધન્ય મુનિરાજ !

કૌશાંબી નગરીમાં એ વખતે લગ્નની મોસમ ચાલતી હતી. ઘેર ઘેર લગ્ન હતાં અને આજે જેમ આમ્રફળની વિવિધ જાતોમાં કેશર કેરી સૌથી શ્રેષ્ઠ ગણાય છે, તેમ તે વખતે મિષ્ટાન્નની વિવિધ વાનીઓમાં સિંહકેશર લાડુ બહુ વખણાતા. ભોજનસમારંભમાં સાત વાનાંની સુખડી કરી હોય, પણ તેમાં જો સિંહકેશર લાડુ ન હોય તો તે ભોજન નીરસ ગણાતું.

એ વખતે મહાન તપસ્વી શ્રી. સુવ્રત મુનિ વિચરતા વિચરતા ત્યાં આવી પહોંચ્યા. તેમનામાં તપનું તેજ આગળ તરી આવતું હતું. છૂટા મોંએ તો ભાગ્યે જ ખાવાનું હોય. છઠ્ઠ, અઠ્ઠમના તપથી આગળ વધી હવે તો માસખમણના પારણે માસખમણ કરતા, અને એક મહાન તપસ્વી મુનિરાજ તરીકે તેમનું નામ ચારે તરફ પ્રખ્યાત થઈ ગયું હતું.

જૈન સાધુઓને શાસ્ત્રમાં વિવિધ ઉપમાઓ આપવામાં આવી છે. એક જ ઠેકાણેથી ગોચરી ન લેવાના કારણે તેમને ભમરા જેવા કહેવામાં આવે છે. કામભોગરૂપી કાદવમાંથી જ ઉત્પન્ન થયેલા હોવા છતાં, તેનાથી અલિપ્ત રહેતા હોવાથી તેમને કમલ જેવા પણ કહેવામાં આવે છે. હરણ જેમ પારધિથી ઉદ્વિગ્ન રહે છે, તેમ સંસારરૂપી પારધિના ભયથી જૈન સાધુઓ હમેશાં ઉદ્વિગ્ન રહે છે, એટલે તેમને મૃગની

જેવા પણ કહેવામાં આવે છે. સાપ જેમ એકદૃષ્ટિ હોય છે, તેમ ભિક્ષા માગવા જનાર સાધુની પણ સંયમ તરફ એક દૃષ્ટિ રહે છે, તેમજ સાપ જેમ દરની આજુબાજુની જમીનને અડકયા વિના અંદર પેસે છે, તેમ સાધુઓ પણ અન્નને સ્વાદ માટે મોંમાં મમળાવ્યા વિના ખાય છે, એટલે અપેક્ષા-એ સાપ જેવા પણ કહેવાય છે. જૈન સાધુ મનનશીલ હોવાથી મુનિ કહેવાય છે, ક્ષમાશીલ અને અક્રોધી હોવાથી ક્ષાન્ત કહેવાય છે, ઇન્દ્રિયોનું દમન કરતા હોવાથી દાન્ત કહેવાય છે અને એક સ્થાને સ્થિર ન રહેતાં વિચર્યા કરનારા હોવાથી ચરક પણ કહેવાય છે. પાપનો સર્વ પ્રકારે ત્યાગ કર્યો હોવાથી પરિવ્રાજક, બાહ્ય અને આભ્યંતર ગ્રંથિઓ વિનાના હોવાથી નિર્ગ્રંથ, સંસારને તરી સામે કિનારે જવા ઇચ્છતા હોવાથી તીરાર્થી અને હિંસાદિમાંથી નિવૃત્ત થયેલા હોવાથી વિરત પણ કહેવાય છે.

આવા સુવ્રત મુનિરાજ એક દિવસે માસખમણને પારણે ગોચરી અર્થે નીકળી પડયા. પારણું કર્યા પછી બીજા દિવસથી જ પાછી એક માસના ઉપવાસની તપશ્ચર્યા શરૂ થવાની હતી, એટલે મુનિરાજે વિચાર્યું કે આહારની કોઈ પૌષ્ટિક વસ્તુ ગોચરીમાં મળે તો ઠીક. છેલ્લા પારણા વખતે ચોસઠ દ્રવ્યયુક્ત કૌશાંબીના સુપ્રસિદ્ધ સિંહકેશર લાડુનો સ્વાદ કર્યો હતો, જેની સુગંધ અને સ્વાદ મુનિરાજની દાઢમાં રહી ગયા હતા.

બધી ઇન્દ્રિયોમાં સૌથી વધારે બલવાન અને અદમ્ય ઇન્દ્રિય તે જીભ છે. આ જીભ અનેક અનર્થોનું મૂળ છે.

શાસ્ત્રકારોએ જીભને રસોની લાલચુ, રોગ માત્રની જન્મભૂમિ અને બીજી તમામ ઇન્દ્રિયોને મારનારી અને તારનારી, યોગારૂઢને પણ બલાત્ ખેંચી નીચે ઢસડનારી અને સૌ કામનાને જન્માવનારી કહી છે. આ જીભ રસની લોભિયણ અને હુલ્લડ મચાવનારી મનાઈ છે.

જીભના સ્વાદને વશ થઈ તપસ્વી મુનિરાજ પણ સિંહકેશર લાડુની શોધમાં એક ઘેરથી બીજા ઘરે ફરે છે, પણ એ લાડુનો ક્યાંય જોગ ખાતો નથી. ભક્તજનો મુનિ-રાજને દૂધ, રાબ, મગ અને વિવિધ વસ્તુઓ વહોરાવવા મહેનત કરે છે, પણ મુનિરાજ તો 'ખપ નથી' એમ કહી ત્યાંથી પાછા ચાલી નીકળે છે. ગોચરીમાં પૂરતો અગર બિલકુલ આહાર ન મળે, તો તેનો શોક ન કરતાં તેને તપ સમાન ગણીને સહન કરી લેવું, એ શાસ્ત્રનું સૂત્ર મુનિરાજ ભૂલી ગયા.

જીવન અને સંસારમાં વિવેક અને વિચારપૂર્વક વર્તવું એ પણ તપનો એક શ્રેષ્ઠ પ્રકાર છે, અને તેથી જ કહેવાય છે કે—विचारपूर्विका वृत्तिर्जीवने तप उच्यते–અર્થાત્ જીવનમાં વિચારપૂર્વક વર્તવું એટલે તપ. જે તપના પરિણામે મન માઠું ચિંતન ન કરે, તેમજ ઇન્દ્રિયો અને યોગોની હાનિ ન થાય તે જ તપ કરવાયોગ્ય છે. તેથી જ કહ્યું છે કે—तदेव हि तपः कार्यं दुर्ध्यानं यत्र नो भवेत्–અર્થાત્ તે જ તપ કરવાયોગ્ય છે કે જ્યાં માઠું (આર્ત્ત અને રૌદ્ર) ધ્યાન ન થાય.

શ્રી. સુવ્રત મુનિ સિંહકેશર લાડુની ધૂનમાં વિવેક અને વિનય ચૂકી ગયા અને પછી તો શરમ છોડી દઈ ઘરે ઘરે જઈ સામેથી જ પૂછવા લાગ્યા કે 'સિંહકેશર લાડુનો જોગ છે કે નહીં?' ખરેખર! માણુસ જેનું ચિંતન કરે તેમાં જ તેનું ચિત્ત તદાકાર થઈ જાય છે. મુનિરાજનું મન પણ સિંહકેશર લાડુમય થઈ ગયું અને તે ભિક્ષાચર્યાના નિયમો ભૂલી ગયા. ધર્મ વૃત્તિને પોષવામાં નહિ પણ શોષવામાં છે એ વાત જ મુનિરાજ વીસરી ગયા. 'ચિત્તને નાના પ્રકારની વૃત્તિ અર્થાત્ સ્વરૂપો ધારણ કરતું અટકાવવું' એ યોગના સાદા અને સરળ નિયમનું મુનિરાજને વિસ્મરણ થઈ ગયું.

મુનિરાજની રસેન્દ્રિયે તેમનાં સાન અને ભાનને ભુલાવ્યાં. મધ્યાહ્ન કાળ થઈ ગયો, પણ મુનિરાજને ક્યાંયથી સિંહકેશર લાડુનો જોગ ન થયો, એટલે શહેરના બધા વિભાગો ફરી વળ્યા. પછી તો 'ધર્મલાભ'ને ભૂલી જઈ ઘરમાં જતાં જ 'સિંહકેશર લાભ' બોલી પ્રવેશ કરવા લાગ્યા. આ જોઈ લોકોને લાગ્યું કે મુનિરાજના મગજની કમાન છટકી ગઈ છે.

સૂર્ય અસ્ત થયો અને રાત્રિનાં અંધારાં પથરાવા માંડયાં, તેમ છતાં મુનિરાજની સિંહકેશર લાડુ માટેની કૂચ અવિરતપણે ચાલુ જ રહી. રાત્રિના નવનો સમય થયો. બાળકો, યુવાનો અને પ્રૌઢો તો શયનગૃહમાં જઈ નિદ્રામાં પોઢી ગયા હતા. કોઈ કોઈ ઘરમાં બિચારા વૃદ્ધજનો અર્ધ જાગૃત અવસ્થામાં પડી રહ્યા હતા. મુનિરાજ એ સમયે એક

ભક્તજનના ઘરમાં ગયા અને ભાગ્યયોગે એ ઘરનો મુખ્ય વડીલ એક સુશ્રાવક સૂવાની તૈયારી કરતો હતો, તેની પાસે જઈ 'સિંહકેશર લાડુનો જોગ થઈ શકે તેવું છે?' કહી ઊભા રહ્યા.

પ્રથમ તો શ્રાવક રાત્રિના આવા વખતે મુનિરાજને આવેલા જોઈ આભો બની ગયો; પણ બીજી જ પળે, એણે તપસ્વી મુનિરાજના માનસને ઓળખી લીધું. શ્રાવક તત્ત્વજ્ઞ, શાસ્ત્રોનો જાણકાર અને માનવસ્વભાવનો પૂરો અભ્યાસી હતો. એને લાગ્યું કે મુનિરાજ આચારપતિત નથી, પણ સંયોગવશાત્ પરિસ્થિતિને વશ ગઈ ગયા છે. સિંહકેશર લાડુની ઈચ્છા પાછળ સ્વાદની અપેક્ષા હોવા છતાં ભાવના તો ઉચ્ચ હતી. એક માસના ઉપવાસ બીજા દિવસથી શરૂ કરવાના હતા અને એ તપ દરમિયાન શક્તિ ટકી રહે એવી શુભ ભાવના પણ મુનિરાજના મનમાં ઘર કરી બેઠી હતી. ભાવના શુભ હોવા છતાં તેમાં વિવેક અને સાધુધર્મનો લોપ થઈ ગયો હતો. ઉન્માદ અને ઘેલછાને કારણે માનવી ઘણી વખત ન કરવાનું કરી બેસે છે, પણ એવા પ્રસંગે તેને સ્થિર કરવા માટે તેનો તિરસ્કાર કે ઘૃણા ન કરતાં તેની ઘેલછા કે ઉન્માદ દૂર થાય તેવી જાતના યોગ્ય પ્રયત્નો કરવા જોઈએ. આવેશમાં આવી જઈ કોઈ ન કરવા જેવું કૃત્ય કરી નાખે, તો તેને હમેશાં ક્ષમા આપવી જોઈએ; તેને તિરસ્કાર નહિ પણ પ્રેમ આપવો જોઈએ, કારણ કે જગતના ખરાબમાં ખરાબ માણસમાં પણ સારામાં સારા માણસનો કાંઈક અંશ રહેલો જ હોય છે. आत्मवत् सर्वभूतेषु–ની

પાછળ આ જ ભાવના રહેલી છે. માનવસમાજની એ ભારે કરુણતા છે કે યોગ્ય ચિકિત્સકો દ્વારા તનના રોગીઓની તે જ્યારે પૂરતી કાળજી લે છે, ત્યારે મનના રોગીઓને જેલની ચાર દીવાલો વચ્ચે ધકેલી દે છે. શરીર, મન અને આત્મા એ ત્રણેમાં જ્ઞાનદૃષ્ટિએ ભિન્નતા અને ભેદ સ્પષ્ટ હોવા છતાં, વ્યવહારદૃષ્ટિએ તો એ ત્રણે અભિન્ન છે, એકબીજા સાથે જોડાયેલાં છે એ ગહન સત્ય માનવી ભૂલી જાય છે.

શ્રાવક તો મુનિરાજને જોઈ તરત જ તમામ પરિસ્થિતિ સમજી ગયો, એટલે મુનિરાજને ભાવપૂર્વક વંદન કરી કહ્યું : ‘મુનિરાજ! સિંહકેશર લાડુ તો તાજા જ આવ્યા છે.’ પછી અંદર જઈ સિંહકેશર મોદકથી ભરેલો એક મોટો થાળ લઈ આવ્યો અને તે જોઈને મુનિરાજના અંગેઅંગમાં આનંદ છવાઈ રહ્યો. મુનિરાજે પાત્રાં નીચે મૂક્યાં એટલે શ્રાવકે તમામ પાત્રાં મોદકોથી ઠાંસોઠાંસ ભરી દીધાં.

મુનિરાજ જેવા પાછા ફરે છે કે તરત જ શ્રાવકે બે હાથ જોડી કહ્યું : ‘મુનિરાજ! આપ જેવા મહાત્માનાં પગલાંથી મારું ઝૂંપડું પાવન બન્યું છે. આપ જેવા મહાન તપસ્વીનાં પગલાં મારા ઘરમાં થાય તેને હું મારું અહોભાગ્ય માનું છું. જૈનધર્મ પાળવા છતાં મારું કમનસીબ એ છે કે હું ક્ષત્રિયજાતિનો નહિ પણ વણિક છું. આપ જાણો છો કે વણિકના લોભને થોભ હોય જ નહિ, એટલે આપની રજા હોય તો એક શંકા પૂછું!’

મુનિરાજ હવે અસ્થિરમાંથી સ્થિર થવા લાગ્યા હતા

એટલે શ્રાવકને જે શંકા હોય તે પૂછવા કહ્યું, એટલે શ્રાવકે કહ્યું:

'यस्य धृतिस्तस्य तपो यस्य तपस्तस्य सुगतिः सुलभा ।
येऽधृतिमन्तः पुरुषास्तपोऽपि खलु दुर्लभं तेषाम् ॥'

'આ શ્લોકનો અર્થ મને સમજાતો નથી, આપ તે ન સમજાવો ?'

મુનિરાજે કહ્યું : 'એનો અર્થ એમ થાય છે કે જેને ધૃતિ છે, તેને જ તપ સંભવી શકે છે અને જેનામાં તપ છે, તેને જ મોક્ષગતિ સુલભ છે. જેનામાં ધૃતિ નથી તેનામાં તપ દુર્લભ છે.'

શ્રાવકે વિનયપૂર્વક પૂછયું: 'પરંતુ મુનિરાજ ! ધૃતિનો અર્થ શું તે જ મને સમજાતું નથી !' મુનિરાજ વિચારમાં પડયા. પાત્રોમાં મોદકો પડયા પછી મુનિરાજનું ધ્યાન ત્યાં કોડિયાની સળગતી દિવેટના પ્રકાશ પર પડયું હતું. તેમને ભાન આવવા લાગ્યું કે રાત્રિનો સમય થઈ ગયો છે અને પોતે સવારથી જ ગોચરી અર્થે નીકળ્યા છે. ધૃતિનો અર્થ સમજાવતાં મુનિરાજે કહ્યું તો ખરું કે ધૃતિ એટલે સ્થિરતા, ધૈર્ય–ધીરજ; પણ તે જ વખતે તેમને પોતાની સાચી પરિસ્થિતિનું પણ જ્ઞાન થયું. મુનિરાજ વિચારવા લાગ્યા કે, 'અહાહા ! હું તપસ્વી મુનિ, પંચ મહાવ્રતનો અધિકારી, માસખમણના પારણા અર્થે સિંહકેશર લાડુ જેવી તુચ્છ વસ્તુમાં પાગલ બની મનની સ્થિરતા ગુમાવી બેઠો ! મને તપનો અધિકાર જ કયાં રહ્યો ? જ્યાં સ્થિરતા નથી, જ્યાં

ધીરજ નથી; જ્યાં ધૈર્ય નથી, ત્યાં વળી તપ સંભવે જ કેમ ?'

મુનિરાજની આંખોમાંથી પશ્ચાત્તાપનાં આંસુની ધારા અસ્ખલિતપણે વહેવા લાગી અને ગદ્ગદ્ કંઠે શ્રાવકને સંબોધી કહ્યું : 'તત્ત્વજ્ઞ શ્રાવક! તમે ભલે વણિકકુળમાં જન્મ લીધો, પણ આજે તો તમે મારા ગુરુનું કાર્ય કર્યું છે. વેશની દૃષ્ટિએ હું તમારો ગુરુ, પણ તત્ત્વદૃષ્ટિએ તો તમે જ મારા ગુરુ. પતનના ભયંકર માર્ગ પર હું ઘસડાઈ રહ્યો છું, એ ભાન તમે મને અતિડહાપણપૂર્વક કરાવ્યું છે.'

પછી તો મુનિરાજે એ જ શ્રાવકના ઓરડામાં નિર્દોષ ભૂમિ યાચી, આખી રાત ત્યાં જ કાઉસ્સગ્ગ ધ્યાનમાં ગાળી.

પ્રાતઃકાળે મુનિરાજે નગર બહાર જઈ શુદ્ધ ભૂમિ શોધી પાત્રામાંથી સિંહકેશર મોદક કાઢી તેનો ચૂરો કરવા માંડ્યો અને જે કર્મોનો અનેક જન્મોની આકરી તપશ્ચર્યાથી નાશ ન થઈ શકે તે કર્મોનો પશ્ચાત્તાપની પ્રચંડ અગ્નિ વડે નાશ કરી નાખ્યો.

એક બાજુ સિંહકેશર મોદકના ચૂરેચૂરા થઈ ગયા અને બીજી બાજુ મુનિરાજના ઘાતીકર્મોના પણ ચૂરેચૂરા થઈ ગયા અને ત્યાં જ તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

આવા મુનિરાજને કોટિ કોટિ વંદન!

આવા શ્રાવકને પણ ધન્યવાદ!

# ૨. મનનું પાપ

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરીના મહાન રાજવીની એકની એક પુત્રી લક્ષ્મણાનો લગ્નદિવસ હતો. બાલ્યવયમાં જ લક્ષ્મણાએ આગમો, સંહિતાઓ, તર્કશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. જ્યોતિષશાસ્ત્રમાં પણ તે નિપુણ હતી. એની જન્મકુંડળીમાં સપ્તમ સ્થાને મંગલ-શનિની યુતિ હતી અને લગ્નના રાહુ અને સૂર્યની તેના પર દૃષ્ટિ હતી, એટલે તેના લગ્નજીવન વિષે તેને ભારે વસવસો રહેતો. પરંતુ કર્મશાસ્ત્રોનો તેણે ઉત્તમ રીતે અભ્યાસ કર્યો હતો, તેથી તે જાણતી હતી કે કર્મના અવિચલ કાયદામાં જ્ઞાની, પરાક્રમી, તપસ્વી કે સંયમી સૌના માટે નિયમો તો એકસરખા છે. જે કર્મ બાંધ્યું હોય તે ઉદયમાં આવતાં અવશ્ય ભોગવવું જ પડે છે અને આ નિયમ મહાન શક્તિશાળી રાજવી તેમજ રસ્તાના રખડનાર ભિખારીને સમાન રીતે લાગુ પડે છે, તે વાત લક્ષ્મણા બરોબર સમજતી હતી.

યૌવનવયે એનાં લગ્ન એક ભારે તેજસ્વી રાજકુમાર સાથે નક્કી કરવામાં આવ્યાં. રાજકુમાર પોતાના રસાલા સાથે લગ્ન અર્થે ક્ષિતિપ્રતિષ્ઠિત નગરીમાં આવી પહોંચ્યો. નગરીના લોકો ઉત્સવઘેલા થઈ ગયા. રાજમહેલમાં પણ સર્વત્ર આનંદ આનંદ વર્તાઈ રહ્યો.

પરંતુ આનંદના વાતાવરણને શોકમાં ફેરવાઈ જતાં ક્યાં વાર લાગે છે? લક્ષ્મણાના લગ્નનો વિધિ પૂરો થયો અને ચોરીના ફેરાઓ ફરવાની ક્રિયા શરૂ થઈ. ત્રણ ફેરા પૂર્ણ થયા પછી, ચોથા ફેરા વખતે રાજકુમારને એક ઝેરી સર્પે દંશ દીધો અને તેનું પ્રાણપંખેરું ત્યાં ને ત્યાં જ ઊડી ગયું. જે લગ્નમંડપમાં લગ્નની ક્રિયા થઈ, તે જ લગ્નમંડપમાં લક્ષ્મણા વિધવા થઈ. પ્રણયજીવનની શરૂઆત થતાં પહેલાં જ પ્રણયપાત્રનો લોપ થયો, આથી વિશેષ દુઃખમય ઘટના બીજી શી હોઈ શકે ?

માતાપિતાએ અને સખીમંડળે લક્ષ્મણાને આ લગ્નની વાત ભૂલી જઈ બીજાં લગ્ન કરી લેવાની સલાહ આપી, એટલે ગળગળા સ્વરે લક્ષ્મણાએ જવાબ આપતાં કહ્યું : ‘સ્ત્રી એક જ પુરુષ સાથે છેડાછેડી બાંધી શકે છે અને બાંધ્યા પછી કોઈ પણ સંજોગોમાં એમાંથી મુક્ત થવાનું નારીજાતિના લોહીમાં જ નથી. લગ્ન એ કાંઈ કોઈ ધંધાનો કરાર નથી, એ તો દ્વૈતમાંથી અદ્વૈતપણું પ્રાપ્ત કરવાની પવિત્ર ક્રિયા છે. ગૃહસ્થાશ્રમનું સુખ અને દાંપત્યજીવનનો લહાવો મારા ભાગ્યમાં હોત, તો મારા પતિનું આમ અકાળે અવસાન કેમ થાત? જે સુખ માનવીના ભાગ્યમાં નિર્માણ થયેલું ન હોય, તે સુખની પાછળ ફાંફાં માર્યા કરવાં એમાં તો માનવજીવનનો હ્રાસ છે. કોઈ પુરુષ મારો સાથી થવાને બદલે હવે તપ-ત્યાગ-સંયમ મારાં સાથી બનશે. મારો જન્મ ભોગ અર્થે નહિ પણ ત્યાગ અર્થે થયો છે. મારી જન્મકુંડળી પણ આ જ વાત કહી જાય છે.’

પ્રણયના માર્ગે પ્રયાણ કરવાને બદલે ભરયૌવન અવસ્થામાં લક્ષ્મણા હવે વૈરાગ્યના પંથે પડી. માનવજીવનનો મુખ્ય હેતુ ભોગ નહિ પણ ત્યાગ છે, એ વસ્તુ તે સમજતી હતી. ત્યાગજીવન માટે તેણે તૈયારી શરૂ કરી દીધી અને પછી તો દીક્ષા ગ્રહણ કરી અહિંસા, સંયમ અને તપનો માર્ગ સ્વીકાર્યો.

દીક્ષા લીધા પછી જ્યાં જ્યાં લક્ષ્મણા જતી, ત્યાં ત્યાં મહાસતીજી તરીકે પૂજાતી હતી. તેના અપૂર્વ સૌંદર્યની સાથોસાથ સંયમ અને તપનું તેજ એવું તો દીપતું હતું કે બાળક, યુવાન કે વૃદ્ધ, સ્ત્રી કે પુરુષ જે કોઈ એને જુએ તેનું મસ્તક તેને નમી પડતું. વિકૃત કે વિલાસી વૃત્તિવાળી વ્યક્તિ પણ લક્ષ્મણાને જુએ કે પાણીથી જેમ અગ્નિ શાંત થઈ જાય, તેમ તેની વિકૃત અને વિલાસી વૃત્તિઓ શાંત થઈ જતી. લક્ષ્મણાની કીર્તિ ચારે બાજુ ફેલાઈ ગઈ હતી અને દૂર દૂર પ્રાંતના પ્રવાસીઓ પણ તેનાં દર્શનનો લાભ લેવા ચૂકતા નહીં.

વસંતઋતુમાં એક વખતે ઉપાશ્રયમાં આહારપાણી વાપરી લક્ષ્મણા સાધ્વી આરામ લઈ રહ્યાં હતાં. તે વખતે તેની દૃષ્ટિએ ચકલા–ચકલીનું એક જોડકું પડયું. બંને પક્ષીઓ એકબીજાની ચાંચ એકબીજાની ચાંચ સાથે જોડી ગેલ કરી રહ્યાં હતાં. મૈથુનની ક્રિયા કદી પણ ન સેવી હોવા છતાં માનવહૃદયમાં સામાન્ય રીતે રહેલા લગ્ન–પ્રણય–કામક્રીડાના સંસ્કારનાં બીજ તો લક્ષ્મણામાં પણ સુષુપ્ત અવસ્થામાં

પડેલાં હતાં. શરીરનો જન્મ જ વાસનાઓમાંથી થયો છે. માતા-પિતાનાં મન અને શરીર વિકારી ન હોત તો બાળકના શરીરનો સંભવ જ ન હોત. માતા-પિતાઓનાં શરીર પણ તેમના માતા-પિતાઓના વિકારોને લીધે જ ઉત્પન્ન થયાં છે. આમ વિકારોની પરંપરામાંથી જ જે શરીરરૂપી સાધનનો જન્મ થાય છે, તેને વાસનાનો વેગ પ્રદીપ્ત થાય તેવાં નિમિત્તો મળે તો વિષયવાસના જાગી ઊઠે છે. આમ બનવું સહજ અને સ્વાભાવિક હોવા છતાં, શરીર આત્માનું નિવાસ-સ્થાન છે, અને આત્માની અનંત શક્તિના કારણે શરીરને નિર્વિકાર બનાવવું શક્ય છે, એટલું જ નહિ પણ નિર્વિકાર સ્થિતિ પ્રાપ્ત કર્યા પછી તે સ્થિતિમાં દૃઢ રહી શકવું પણ અશક્ય નથી જ.

નિમિત્ત કારણોથી સાવચેત રહેવું અત્યંત જરૂરી છે, કારણ કે નિમિત્ત કારણો પણ ઉપાદાન (મૂળ)ના ઉત્તેજક છે. લક્ષ્મણા સાધ્વીને ચકલા-ચકલીની મૈથુનક્રિયા જોઈ વિષય-વાસના જાગી અને આસક્તિ ઉત્પન્ન થઈ. આસક્તિના કારણે જડતા આવે છે, અને જડતા માનવીને પતનના માર્ગે લઈ જાય છે.

લક્ષ્મણા સાધ્વી પછી વિચારવા લાગ્યાં : 'ક્ષુધાને શાંત કરવા માટે આહારપાણીના ઉપયોગમાં પાપ નથી, તેમજ કુદરતી રીતે શરીરમાં ઉત્પન્ન થતી હાજતો-લઘુશંકા, વડીશંકાનું નિવારણ કરવામાં પણ દોષ નથી, તો પછી આ વિષયભોગ એ પણ એક પ્રકારની હાજત નથી તો શું છે? સંયમપૂર્વક ચાલે, રહે, બેસે, સૂવે, ભોજન કરે અને બોલે

તો તેમાં જ્ઞાની પુરુષોએ દોષ ન કહ્યો, તો પછી સંયમ-પૂર્વક મૈથુન સેવવામાં દોષ નથી એમ કહેવામાં તેનું શું જતું હશે? જ્ઞાની ભગવંતો તો પ્રકૃતિએ જ અવેદી, એટલે વેદીઓના મનોભાવ અને તેમાં ઉત્પન્ન થતી વિષયવાસનાની ઈચ્છાના કારણે ભોગવવી પડતી વ્યથા અને વિડંબનાની તેઓને શી ખબર પડે!'

માનવમન એક કોયડા સમાન છે. એમાં સબળતા અને નિર્બળતા, સર્જક અને સંહારશક્તિ, મધુરતા અને કડવાશ, વાસના અને વિશુદ્ધતા–દ્વંદ્વની માફક જોડાયેલાં છે. માનવીના જીવનમાં કોઈક વાર એક એવી વિરલ પળ આવે છે, જયારે માનવી તેને સંભાળી લઈ જો સ્થિર રહી શકે તો અનેક ભવોના ફેરાઓ ટાળી તે મુક્તિને પ્રાપ્ત કરી લે. પરન્તુ એ વિરલ પળે જો માનવી ભૂલે, અસ્થિર બને, પામરતા દાખવે તો તેના પરિણામે અનેક ભવચક્રોમાં ભટકવાનો વખત આવે. માત્ર એક ક્ષણ માટે જ લક્ષ્મણા સાધ્વીજી ભૂલ્યાં, અને પળ માત્રની ભૂલ તેમનાં અનંત ભવભ્રમણનું નિમિત્ત બની.

કાળમુખી એ પળ સમાપ્ત થતાં તો લક્ષ્મણાજી ભાનમાં આવી ગયાં. પછી તેમને વિચાર આવ્યો: 'અરર! હું શું વિચારી ગઈ? આવો ભયંકર વિચાર મારામાં ઉત્પન્ન કઈ રીતે થયો? ભગવાન સર્વજ્ઞ હોવા છતાં એને સવેદીના દુઃખની શી ખબર પડે? એવી શંકા કરી મેં ભગવાનની માત્ર આશાતના નહિ પણ નિંદા અને મશ્કરી કરી! મૈથુન સેવવાના કારણે લાખો જીવોનો સંહાર થાય છે એટલે એકાન્તે તેનો નિષેધ જ હોવો જોઈએ એમ જાણવા છતાં મૈથુનની

બાબતમાં મેં કેવું ભયંકર વિચારી નાખ્યું? મારો સંયમ એળે ગયો. પાપને ઉત્તેજન મળે એવા વિચારો મેં કર્યા અને તીર્થંકરો અને કેવળી ભગવંતોની પણ હું નિંદક બની! અરેરે! આવા ભયંકર પાપનો નાશ કેમ કરીને થઈ શકશે?'

આ પાપનું પ્રાયશ્ચિત્ત લેવા લક્ષ્મણાજી ગુરુદેવ પાસે પહોંચી ગયાં. ગુરુદેવને વંદન કરી પૂછ્યું: 'ભગવંત! ચકલા-ચકલીની મૈથુનક્રિયા નજરે જોઈને કોઈના મનમાં એ ક્રિયા પ્રત્યે આદરભાવ ઉત્પન્ન થાય તો તેને શું પ્રાયશ્ચિત્ત લાગે?'

ગુરુદેવે કહ્યું: 'આવો અયોગ્ય વિચાર આવવાના માટે એક અઠ્ઠમ તપ યોગ્ય પ્રાયશ્ચિત્ત છે.' લક્ષ્મણા સાધ્વીએ ફરીથી પૂછ્યું: 'ભગવંત! ભગવાન અવેદી છે અને તેને સવેદીના મનોભાવ અને વ્યથાની ક્યાંથી સમજ હોય? એવો વિચાર પણ એ વ્યક્તિને મૈથુનની ક્રિયા નિહાળતી વખતે આવ્યો હોય, તો તેને કયા પ્રકારનું પ્રાયશ્ચિત્ત લાગે?'

ગુરુદેવે ગંભીર બની જવાબ આપ્યો: 'લક્ષ્મણાજી! આ તો મહાપાપનું કૃત્ય ગણાય, કારણ કે આમાં તો તીર્થંકર ભગવંતોનો તિરસ્કાર કર્યા જેવું થયું.'

આવા પાપના પ્રાયશ્ચિત્ત અર્થે ગુરુદેવે પચાસ વર્ષોની તપશ્ચર્યાના સમયમાં માત્ર બે વર્ષોના દિવસો થાય તેટલા દિવસો દરમ્યાન ખાવાની છૂટ રહે એવો વિધિ બતાવ્યો, અને સાથોસાથ 'निःशल्यो व्रती'ની વાત સમજાવતાં કહ્યું કે, મનમાં કોઈ પણ જાતનો દંભ રાખ્યા સિવાય જો આ વ્રત

પૂર્ણ કરવામાં આવે, તો જ તે યોગ્ય પ્રાયશ્ચિત્ત થયેલું માનવું.

પાપનું યોગ્ય પ્રાયશ્ચિત્ત લીધા છતાં લક્ષ્મણાજીએ પોતે જ આ પાપના વિચારો કર્યા હતા, એ સત્ય હકીકત ગુરુદેવથી ગોપવી હતી. આ રીતે લક્ષ્મણાજીએ સત્ય મહાવ્રતનો ભંગ કર્યો, એટલુંજ નહિ પણ દંભનો આચાર પણ સેવ્યો. ખરી હકીકત જાહેર કરવામાં આવે તો તેમનાં કીર્તિ–પ્રતિષ્ઠા–શોભામાં ઓટ આવે અને તેથી કરીને ધર્મ વગોવાય એવા પોતાના મનના અહમ્‌ને પોષવા સાચી હકીકત જે પ્રમાણે રજૂ કરવી જોઈતી હતી, તે પ્રમાણે કરી ન હતી.

લક્ષ્મણા મહાન તપસ્વી હતાં અને તેમને અનેક શિષ્યાઓ હતી. તેમણે પચાસ પચાસ વર્ષો સુધી અવિરતપણે વ્રત ચાલુ રાખ્યું. કાયા હાડપિંજર જેવી થઈ ગઈ. સૌન્દર્ય કરમાઈ ગયું અને તેમની વાસનાઓનો પણ સદંતર નાશ થઈ ગયો. આવું મહાન અને વિષમ તપ પણ તેમનાં પાપનો ક્ષય ન કરી શક્યું, કારણ કે એમાં હૃદયની શુદ્ધિનો અભાવ હતો. માયા, નિદાન અગર મિથ્યાત્વપૂર્વક કરાયેલાં વ્રતને વ્રત કહી શકાય જ નહીં. શલ્યરહિત હોય તે જ સાચા વ્રતનો અધિકારી છે.

સમગ્ર જીવનનું સરવૈયું માનવીના મૃત્યુકાળે, એ ઇચ્છે કે ન ઇચ્છે તો પણ, તેની સમક્ષ ખડું થાય છે. માનવી ગમે તેમ જીવે અને તેમ છતાં ભવ્ય મૃત્યુને ઇચ્છે, તો તેમ કોઈ કાળે બન્યું નથી અને કોઈ કાળે બનવાનું પણ નથી. માણસ જે રીતે જીવન જીવે તેને જ અનુરૂપ મૃત્યુ પ્રાપ્ત થાય છે. લક્ષ્મણા સાધ્વીના મૃત્યુકાળે તેને આર્ત્તધ્યાન થયું.

એ મહાન સાધ્વીના અંતિમ સમયે ગુરુદેવે ધર્મધ્યાન કરાવતાં કહ્યું : 'લક્ષ્મણાજી ! આત્માર્થી સાધકે સત્ય, પરિમિત, અસંદિગ્ધ (સંદેહ વિનાની, સ્પષ્ટ) પરિપૂર્ણ, સ્પષ્ટ અનુભૂત, વાચાલતા રહિત અને કોઈને પણ ઉદ્વેગ ન પમાડનારી વાણી બોલવી જોઈએ અને સત્યની આજ્ઞામાં રહેલ બુદ્ધિમાન વ્યક્તિ મરણને તરી જાય છે.'

લક્ષ્મણા સાધ્વીને આ ધર્મવાક્યો સાંભળતાં ચકલા-ચકલીની વાત અને તેનાં અંગે કરેલા પ્રાયશ્ચિત્તની વાત યાદ આવી. જીવનના અંતિમ કાળે, તે બાબત પરત્વે પોતે સેવેલા દંભ પરનો પડદો દૂર કરી, ખરી હકીકત અશ્રુપૂર્ણ આંખે ગુરુદેવને કહી સંભળાવી અને પાપના ભારથી હળવાં બની ગયાં. દંભસેવનના પાપના કારણે ઘણા ભવો કરી લક્ષ્મણા સાધ્વીનો જીવ સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે.

મનમાં એક જ ક્ષણ માટે પણ પાપના વિચારને પોષવાથી તેમજ દંભપૂર્વક એ પાપને ગુપ્ત રાખવાથી, જીવની કેવી ભયંકર ગતિ થાય છે, તે લક્ષ્મણા સાધ્વીની કથામાંથી સમજી શકાય છે.

ધર્મસૂત્રોમાં શાસ્ત્રકારોએ-मणेणं वायाए कायेणं-કહી વચન અને કાયાના દોષ કરતાં મનના દોષોને અગ્રસ્થાન આપ્યું છે, તેનું કારણ એ છે કે વચન અને કાયાથી ઉત્પન્ન થતા દોષનું બીજ તો મનમાં જ રહેલું હોય છે. તેથી જ તો કહેવાય છે કે-मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः-અર્થાત્ માનવીનું પોતાનું મન જ એનાં બંધન અને મુક્તિના કારણરૂપ છે.

# ૩. પાપ અને પશ્ચાત્તાપ

( ૧ )

ઘણાં વર્ષો પહેલાંની વાત છે.

એક ગામડામાં બે ભાઈઓ રહેતા હતા. સ્ત્રીવર્ગમાં દેરાણી–જેઠાણી સિવાય બીજું કોઈ ન હતું. બંનેની આર્થિક સ્થિતિ સામાન્ય, પણ મહેનત કરી સુખ અને શાંતિપૂર્વક પોતાનો નિર્વાહ તેઓ ચલાવતા.

મોટાભાઈની પત્નીનું નામ મમતા હતું અને નાનાભાઈની પત્નીનું નામ સમતા હતું. મમતા ગરીબ કુટુંબમાંથી આવેલી હતી, ત્યારે સમતાનાં માબાપ સુખી હતાં અને તેઓનું કુટુંબ પણ સંસ્કારી હતું.

સમતા સ્વભાવે સંસ્કારી તેમજ સહનશીલ હતી. અધિકારની દૃષ્ટિએ મમતા જેઠાણી હતી, એટલે ઘરમાં બધું ચલણ મમતાનું હતું. રસોઈ અને ઘરકામનો બધો બોજો સમતા ઉપર હતો, અને મમતાને ભાગે તો દેખરેખ રાખવાનું અને પટલાઈ કરવાનું કાર્ય હતું. કામકાજના અભાવે તેમજ આખો દિવસ બેસી રહેવાના કારણે મમતા આળસુ અને આરામશીલ બની ગઈ. ધીમે ધીમે ઘરનાં બધાં કામનો બોજો સમતા ઉપર આવ્યો અને તેણે તે કુશળતાપૂર્વક ઉપાડી લીધો.

સમતાની ઉપર તમામ કામનો બોજો હોવા છતાં, બહારથી મમતા પોતે જ કેમ જાણે તમામ કામ કરતી હોય,

તેવો દેખાવ કરતી અને આ કાર્યમાં તે ભારે પ્રવીણ હતી. બંને ભાઈઓને પણ તે ઊઠાં, અઢિયાં ભણાવતી, પણ ઘરનો વ્યવહાર અત્યંત શાંતિપૂર્વક ચાલતો, એટલે તેઓને ઘરકામમાં માથું મારવાની જરૂર ઊભી ન થતી.

સમતા, મમતાને પોતાની મોટી બહેન જેમ માનતી અને તેનાં આવા વિચિત્ર વર્તનને મોટું મન રાખી ગળી જતી. આ કારણે જ, ઘરનો વ્યવહાર વગર ક્લેશે સુખરૂપ ચાલતો. પતિનો તિરસ્કાર અને ધર્મના ત્યાગ સિવાય બધું જ સહન કરવાની શક્તિ કુદરતે સ્ત્રીમાં મૂકી છે, એટલે જ આ જગતમાં સ્ત્રી સહનશીલતા અને સહિષ્ણુતાનું જીવંત પ્રતીક કહેવાય છે.

સમતાને લગ્ન વખતે તેના પિયેર તરફથી હીરા-માણેકજડિત એક બહુ મૂલ્યવાન હાર આપવામાં આવ્યો હતો. મમતાને આવો હાર ન હતો, એટલે પોતાની જેઠાણીને ઓછું ન આવે, એ દૃષ્ટિએ સમતા આ હાર કદી પહેરતી નહિ. એક દિવસે સમતા જ્યારે બહાર ગઈ હતી, ત્યારે મમતાએ સમતાની પેટીમાંથી પેલો મૂલ્યવાન હાર ચોરી લીધો. પછી બહારગામ જઈ એ હારમાં થોડો ફેરફાર કરાવી, પોલિશ કરી, નવો હાર પોતાના પિયેરથી લઈ આવી છે, એવો દેખાવ કર્યો. મમતા તો તેની ડોકમાં એ હાર પહેરી જ રાખે.

સમતાને એક દિવસે શંકા થઈ કે જેઠાણી હાર પહેરે છે, એ તેનો પોતાનો તો ન હોય! પછી પોતાની પેટીમાં હારની તપાસ કરી તો હાર ન મળે. સમતાને ખાતરી થઈ કે મમતાએ જ પોતાનો હાર ચોરી લીધો હતો. પરંતુ

કુટુંબમાં ક્લેશ અને સંતાપ ન થાય એ માટે તેણે એ વાત પોતાના પેટમાં જ રાખી અને મનને સમજાવ્યું કે: 'માનવદેહ કદાચ હીરા-માણેકરૂપી સુંદર પથ્થરોની શોભાનું સાધન બની શકે, પણ સુંદર અને ચકચકતા પથ્થરો કાંઈ માનવદેહની શોભાનું કારણ બની શકે નહિ અને બનતાં હોય તો એવા માનવદેહની કીમત પથ્થરથી પણ ઊતરતી થઈ ગણાય.' સમતાએ વિચાર્યું કે સ્ત્રીનું સાચું આભૂષણ તો તેનું શીલ અને ચારિત્ર છે અને જેની પાસે તે હોય તેને વળી આવા હારની જરૂર જ શી?

સમતાના પતિએ તેને એક દિવસે પૂછ્યું: 'ભાભી તો તેનો હાર હમેશાં પહેરી રાખે છે, તો પછી તું તારો હાર શા માટે નથી પહેરતી? એ હાર પહેર્યો હોય ત્યારે તું કેવી સુંદર અને સોહામણી લાગે છે!'

પતિની વાત સાંભળી સમતા હસી અને બોલી: 'હાર વિનાની હું શું કદરૂપી લાગું છું? તમને ગમતી નથી? હારના કારણે જ શું હું તમને પ્રિય લાગું?'

સમતાના પતિએ કહ્યું: 'એમાં ગમવા ન ગમવાની વાત નથી, પણ અલંકારોથી દેહની શોભા વધે છે, અને તેથી જ બધી સ્ત્રીઓ અલંકારો – આભૂષણોનો ઉપયોગ કરે જ છે ને!'

સમતાએ જરા ગંભીર બની કહ્યું: 'અંદરથી જે અપૂર્ણ અને કંગાલ હોય તેને પતિના પ્રિયપાત્ર બનવા માટે બાહ્ય અલંકારોની જરૂર પડે, પણ અંદરની સમૃદ્ધિ વિના બહારની શોભા તો મૂર્ખ માણસને રીઝવી શકે,

ચતુરને નહિ. હું તમને ચતુર ન માનતી હોત તો મારા શરીરના અંગે અંગને અલંકારોથી ઢાંકી દેત. સ્ત્રીનું સાચું આભૂષણ અલંકાર નહિ પણ શીલ અને ચારિત્ર છે.'

સમતાની વાત સાંભળી તેના પતિએ કટાક્ષયુક્ત ભાષામાં કહ્યું: 'તો પછી જે સ્ત્રીઓ અલંકારો પહેરે છે, તે બધી સ્ત્રીઓના પતિરાજો મૂર્ખ છે એમ તારું કહેવું છે? અલંકારો શું માત્ર પતિને રીઝવવા માટે જ સ્ત્રી પહેરે છે?'

સમતાએ જવાબ આપતાં કહ્યું: 'કોઈપણ વસ્તુ એકાન્તે આમ જ છે એમ કહેવું તે યોગ્ય નથી; આમ છતાં જે પતિને પોતાની પત્ની માત્ર અલંકારો અને આભૂષણોના કારણે જ પ્રિય લાગતી હોય, તે પતિને મૂર્ખ ન કહેવાય તો શું ડહાપણનો ભંડાર કહેવાય? તમે પુરુષ છો એટલે સ્ત્રીના માનસની તમને ખબર ન પડે, પણ અલંકારો અને આભૂષણો પહેરવામાં અનેક કારણો રહેલાં છે. પ્રથમ તો અમે સ્ત્રીઓ એમ માનીએ છીએ કે અંદરનું કુરૂપ બહારના અલંકારો અને ટાપટીપ દ્વારા છુપાવી શકાય છે. બીજું કારણ પતિને પ્રિય થવાનું પણ હોય છે, કારણ કે પતિને રીઝવવા માટે અનેક વખત પોતાના દેહને શણગારવો પડે છે. ત્રીજું કારણ અલંકારો દ્વારા પતિને મૂર્ખ બનાવવાનું પણ હોય છે. સ્ત્રી એ વાત સારી રીતે સમજતી હોય છે કે જ્યાં સુધી પતિ પોતાની પાછળ ઘેલો ન બને ત્યાં સુધી તે પોતાનું ધાર્યું કામ કરાવી શકતી નથી.'

સમતાની વાતે તેના પતિને ચમકાવ્યો અને તેને વિચારતો કરી દીધો.

( ૨ )

થોડાં વર્ષો બાદ મમતા ભારે બિમાર પડી, અને સમતાએ દિવસ અને રાત ખડે પગે ઊભા રહી તેની સારવાર કરી. મમતાને જ્યારે લાગ્યું કે પોતે આ ગંભીર માંદગીમાંથી મુક્ત નહિ થાય, ત્યારે પોતાના પતિ, દિયર અને સમતાને પોતાની પાસે બોલાવ્યાં.

મમતાએ આંખોમાં આંસુ સાથે સૌને ખમાવતાં કહ્યું: 'હું તો હવે થોડા દિવસની મહેમાન છું, પણ જતાં જતાં મેં કરેલાં પાપકૃત્યોનો બોજો મારાથી સહન નથી થતો, એટલે તેની કબૂલાત કરી, એ બોજો હળવો કરું છું.'

મમતા આટલું બોલી ત્યાં તેને શ્વાસ ચડવા લાગ્યો, પણ તેની દરકાર ન કરતાં કહેવા લાગી: 'સમતા એક સામાન્ય સ્ત્રી નથી, પણ આપણા ઘરની સાક્ષાત્ લક્ષ્મી છે. મેં તેને દુઃખ આપવામાં કાંઈ બાકી રાખી નથી.' સમતાએ મમતાના હોઠો પર પોતાનો હાથ દાબી તેને બોલતી અટકાવીને કહ્યું: 'મોટી બહેન! તમે આ શું બોલી રહ્યાં છો?'

મમતાએ પ્રેમપૂર્વક સમતાનો હાથ દૂર કરી કહ્યું: 'સમતા! મારા જીવની સદ્ગતિ થાય એમ ઈચ્છતી હો તો આજ બધો એકરાર કરી લેવા દે.'

માનવી જગતના સર્વ પદાર્થોનો સંગ્રહ કરી શકે છે, પણ પાપના બોજાને સંગ્રહી રાખવો એ કાર્ય કઠિન છે. પાપનો ભાર જ માનવીને પાપનો એકરાર કરવાની ફરજ પાડે છે. પાપનો એકરાર અને તે માટેના પશ્ચાત્તાપ દ્વારા જ

માનવી પાપના ભારથી હળવો બની શકે છે. સમુદ્ર જેમ માનવીના ચૈતન્યરહિત દેહને સંગ્રહી રાખતો નથી, પણ પાણીના મોજાં દ્વારા કાંઠે ફેંકી દે છે, તેમ માનવમન પણ સમુદ્ર જેવું અગાધ છે, અને કોઈ પણ વ્યક્તિ પોતાના પાપને કાયમ માટે મનમાં છુપાવી રાખી શકતી નથી, પણ એકરાર કરી દે છે.

મમતાએ તે પછી સમતા પર જે જે વીતાડેલું તેનું સ્પષ્ટીકરણ કરતાં કહ્યું: 'આ હીરા-માણેકનો હાર જે હું પહેરું છું તે મારા પિયેરથી હું લાવી નથી, પણ સમતાની પેટી-માંથી મેં ચોરી લીધો છે. સમતા તો ભારે ઉદાર અને સહનશીલ છે, એટલે મારી ચોરીની વાત જાણવા છતાં તે બાબતની ફરિયાદ તેણે કોઈના મોંએ કરી નથી. પણ તેથી જ મારાં પાપકૃત્યોનો બોજો અનેકગણો વધી જાય છે. મારાં આ બધાં પાપકૃત્યોનું ફળ શું ભોગવવું પડશે, તેની મને કલ્પના નથી, પણ આ હાર મરતાં અગાઉ સમતાને સોંપી પાપના ભારથી હળવી બનું છું.'

બંને ભાઈઓ આ બધી હકીકત સાંભળી ભારે આશ્ચર્ય પામ્યા, કારણ કે ઘરમાં આવું બધું ચાલી રહ્યું હતું, તેનો તેમને સ્વપ્નેય ખ્યાલ ન હતો. થોડા દિવસો બાદ મમતા મૃત્યુ પામી અને તે પછી કેટલાંક વર્ષો પસાર થયાં અને સમતા પણ મૃત્યુ પામી.

( ૩ )

મમતા અને સમતાનાં મૃત્યુ બાદ, કેટલાંક વર્ષો પછી એક અદ્ભુત ઘટના બની.

વૈશાલીમાં એ વખતે ગણસત્તાક રાજ્યપદ્ધતિ હતી અને ત્યાંના રાજા ચેટકને ત્રિશલાદેવી નામે એક બહેન હતી. ત્રિશલાનાં લગ્ન વૈશાલીના જ્ઞાતૃવંશીય ક્ષત્રિય સિદ્ધાર્થ રાજા સાથે કરવામાં આવ્યાં હતાં. સમતાના જીવે આ ત્રિશલા તરીકે જન્મ લીધો હતો. ત્યારે પૂર્વ જન્મની તેની જેઠાણી મમતાએ આ વખતે દેવાનંદા તરીકે જન્મ લીધો હતો. દેવાનંદા પણ વૈશાલી નગરીના દક્ષિણ તરફના બ્રાહ્મણવાડામાં તેના પતિ ઋષભદત્ત બ્રાહ્મણ સાથે રહેતી હતી.

એક દિવસે દેવાનંદાએ રાત્રે કલ્યાણમય તથા મંગળકારી એવાં ચૌદ મહાન સ્વપ્ન જોયાં. આ સ્વપ્નોનું ફળ કહેતાં તેના પતિએ તેને કહ્યું : 'દેવાનંદા ! આ સ્વપ્નોથી સૂચિત થાય છે કે, તારી કૂખે સર્વ શાસ્ત્રોનો જાણકાર દૃઢ શરીરવાળો, સુલક્ષણો, તેજસ્વી, યશસ્વી અને સર્વગુણો યુક્ત એવો એક મહાન સુપુત્ર જન્મ લેશે.'

દેવાનંદા સ્વપ્નોનું આ ફળ સાંભળી ભારે હર્ષિત થઈ, પરંતુ સ્વપ્નો જોયા પછી ૮૨ દિવસો વીત્યા બાદ દેવાનંદાનો ગર્ભપુત્ર સિદ્ધાર્થ રાજાની રાણી ત્રિશલાના ગર્ભપુત્રરૂપે ફેરવાઈ ગયો. આથી દેવાનંદાના શોકનો પાર ન રહ્યો.

પછી તો દેવાનંદાને એનું જીવન ભારરૂપ બની ગયું. તેનો આનંદ, ઉલ્લાસ અને ઉત્સાહનો નાશ થઈ ગયો. ઋષભદત્ત તેને આશ્વાસન આપતો, પણ દેવાનંદાના મનનું સમાધાન થતું નહોતું.

એ વાતને ૪૨ વર્ષો વીત્યા બાદ ભગવાન મહાવીર બ્રાહ્મણકુંડ ગ્રામે પધાર્યા હતા. ગામના અનેક સ્ત્રી-પુરુષો

ભગવાનને વંદરા ગયા હતા અને તેમાં ઋષભદત્ત અને દેવાનંદા પણ હતાં.

દેવાનંદાની દૃષ્ટિ જેવી ભગવાન મહાવીર ઉપર પડી કે તેનાં લોચન આનંદાશ્રુથી ભીનાં થયાં, તેનું શરીર હર્ષથી પ્રફુલ્લ થયું, તેનો કંચુક વિસ્તીર્ણ થયો અને તેના રોમકૂપ ઊભા થયા. ભગવાન મહાવીરને અનિમિષ દૃષ્ટિથી તે જોઈ રહી હતી, તેવામાં દેવાનંદા બ્રાહ્મણીના સ્તનમાંથી દૂધની ધારા છૂટી.

સૌ લોકો આ દૃશ્ય જોઈ સ્તબ્ધ થઈ ગયા. ગૌતમસ્વામીએ પૂછ્યું: 'ભગવાન! આપને જોઈ આ બ્રાહ્મણીના સ્તનમાંથી દૂધની ધારા કેમ છૂટી?'

ભગવાને કહ્યું: 'ગૌતમ! આ દેવાનંદા મારી માતા છે, અને હું તેનો પુત્ર છું, તેથી તેને આવો અનુભવ થાય છે.'

ભગવાને ત્યાર પછી ત્રિશલા અને દેવાનંદાના પૂર્વ જન્મની વાત કહી સંભળાવી અને કર્મની ગહનગતિ સમજાવતાં કહ્યું: 'કર્મનાં ફળો વ્યક્તિને અવશ્ય ભોગવવાં જ પડે છે, માટે, કર્મનો બંધ ન થાય એ રીતે અલિપ્તભાવે જીવન જીવવું જોઈએ. કર્મબંધનના મૂળમાં મુખ્ય રાગ અને દ્વેષ છે, તેથી લોકોએ રાગ અને દ્વેષનું સ્વરૂપ સમજી તેનાથી દૂર રહેવું જોઈએ.'

પછી દેવાનંદા અને ઋષભદત્તે પણ ભગવાનનો ત્યાગ, સંયમ, તપનો માર્ગ સ્વીકાર્યો અને તેઓ બંને સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયા.

# ૪. તપ અને શીલ

શ્રાવસ્તી નગરીના બૌદ્ધવિહારમાં ચોમાસું રહેવા અર્થે આવેલા ભિક્ષુસંઘના મુખ્ય આચાર્ય દેવદત્ત સાથે બીજા અનેક ભિક્ષુકો તેમજ તેનો પટ્ટધર યુવાન શિષ્ય વસુગુપ્ત પણ હતો. વસુગુપ્ત તપસ્વી હતો અને તપદ્વારા તેણે કેટલીક સિદ્ધિઓ પણ પ્રાપ્ત કરી હતી.

વસુગુપ્ત એક દિવસ ઝાડની છાયા નીચે ધ્યાનમાં બેઠો હતો, તેવામાં ઝાડ પરથી એક પક્ષીની ચરક તેના કપડાં પર પડી અને તેના ક્રોધનો પાર ન રહ્યો. ક્રોધ અગ્નિનું બીજું સ્વરૂપ છે. અગ્નિ તો માત્ર દઝાડે છે, ત્યારે ક્રોધ માનવીના આત્માને દૂષિત કરે છે અને ભવભ્રમણ કરાવે છે. વસુગુપ્તે તપદ્વારા પ્રાપ્ત કરેલી સિદ્ધિના કારણે ઝાડ પર જેવું જોયું કે તરત પેલું પક્ષી તરફડતી અવસ્થામાં નીચે પડ્યું. 'જે આપણને પ્રતિકૂલ હોય, તે બીજા પ્રત્યે ન આચરવું'નો ઉપદેશક પોતે જ એ ઉપદેશ ભૂલી ગયો.

પક્ષીને એવી સ્થિતિમાં નીચે પડેલું જોઈ વસુગુપ્તને પોતાની સિદ્ધિનું અભિમાન થયું. જ્યાં સુધી સિદ્ધિ પ્રાપ્ત થતી નથી, ત્યાં સુધી સાધક સાધનાને દૃઢપણે વળગી રહે છે, પરંતુ જેવી સિદ્ધિ પ્રાપ્ત થઈ, તેવી જ તેને સિદ્ધિનાં સુખો ભોગવવાની લાલસા જાગે છે અને અભિમાન થાય છે. પછી તો સાધકની સાધના નષ્ટ થઈ જાય છે, એટલું જ નહિ, પરંતુ

તેની અવનતિ થાય છે–પતન થાય છે. તપ સિદ્ધિ અપાવે અને સિદ્ધિ અવિવેકીને વિનિપાતના ગર્તામાં ધકેલી દે છે.

શ્રાવસ્તીમાં એ વખતે સુજાતા નામની મહાવિદુષી અત્યંત શ્રદ્ધાવાન અને ચારિત્રશીલ શ્રાવિકા રહેતી હતી. ઘરમાં પોતે અને પોતાનો બિમાર પતિ એમ માત્ર બે જણા હતાં. આર્થિક સ્થિતિ સામાન્ય હતી પણ ચારિત્રરૂપી ધનની કશી કમીના ન હતી.

ભિક્ષુ વસુગુપ્ત એક દિવસે મધ્યાહ્ન કાળે ભિક્ષા લેવા જતાં સુજાતાના ઘર પાસે જઈ ચડયો. ઘરનું દ્વાર બંધ હતું, એટલે હાથ વડે બારણા પર ટકોરા માર્યા, પણ ત્યાં તો અંદરથી સત્તાવાહી અવાજે ઉત્તર મળ્યો: ‘દશેક મિનિટ, જે હોય તે શાંતિ રાખી ઊભા રહે, હું મારા પતિની શુશ્રૂષામાંથી પરવારીને દ્વાર ખોલું છું.’ થોડીવાર રાહ જોયા છતાં દ્વાર ન ખુલ્યું, એટલે જરા આવેશમાં આવી જઈ વસુગુપ્તે આગળિયો ખોલી ફળિયામાં પ્રવેશ કર્યો. ભિક્ષુકને પ્રવેશ કરતાં જોઈ સુજાતાએ તેને ત્યાં જ ઊભા રહેવાનું કહેતાં કહ્યું: ‘ભિક્ષુક! તમે ત્યાં જ ઊભા રહેજો, હું હમણાં જ બહાર આવું છું.’

સુજાતાનાં કપડાં તદ્દન સાદાં હતાં. તેના અંગે એક પણ આભૂષણ ન હતું. બહારનાં આભૂષણો મોટાભાગે આંતર-દારિદ્રય ઢાંકવા માટે પહેરવામાં આવે છે અને સુજાતા તો એક મહાજાજવલ્યમાન સ્ત્રી હતી, એટલે તેને એવા આભૂષણની જરૂર પડે તેમ પણ દેખાતું ન હતું. વસુગુપ્તે સુજાતાના વ્યક્તિત્વ અને પ્રતિભામાં એક પ્રકારનું વિલક્ષણ તેજ ઝળકી

રહેલું જોયું. ઉપગુપ્તને સમગ્ર સ્ત્રીજાતિ માટે એક પ્રકારના પૂર્વગ્રહ જેવું હતું. તે સ્ત્રીને દુઃખનો ભંડાર, અવિનયનું ઘર, સ્વર્ગપુરી માટે અર્ગલા સમાન, નરકે લઈ જવાના રસ્તા સમાન, અપયશની જડ, સાહસનું ઘર, ધર્મરૂપી બગીચાને નાશ કરવામાં દાતરડા સમાન, ગુણરૂપી કમલને નાશ કરવામાં હિમ સમાન, પાપરૂપી વૃક્ષની જડ અને માયારૂપી વેલડીને ધારણ કરનાર તરીકે માનતો હતો. તેમ છતાં ફળિયામાં ઊભા રહી જે દૃશ્ય તેણે જોયું તેથી તે સ્તબ્ધ થઈ ગયો. પ્રૌઢ ઉંમરની પેલી સ્ત્રી પલંગમાં સૂતેલા પોતાના પતિના શરીરને સ્વચ્છ કરી રહી હતી. એ પુરુષના શરીરે કોઢ હતો અને તેમાંથી લોહી અને પરૂ પરસેવાની જેમ વહી રહ્યાં હતાં. એને જોતાં જ ચીતરી ચડે તેવું હતું, તેમ છતાં પ્રતિમાના પૂજનમાં જેમ આહ્લાદ અને પ્રસન્નતા અનુભવાય, તેમ પતિના શરીરને સ્વચ્છ કરવામાં આ સ્ત્રી આનંદ અને પ્રસન્નતા અનુભવતી હોય એમ સ્પષ્ટ દેખાઈ આવતું હતું.

થોડીવારે પોતાના સ્વામીના દેહ પર ચાદર ઓઢાડી તે સ્ત્રી બહાર આવી અને વસુગુપ્ત તરફ જોઈ બોલી : 'ભિક્ષુક ! કપડાં પરથી બૌદ્ધધર્મના સાધુ લાગો છો, પણ 'ધમ્મપદ'ના પુષ્પવર્ગની છઠ્ઠી ગાથાનું સ્મરણ રહ્યું હોય તેમ તમારા આચાર પરથી લાગતું નથી. એ ગાથાનું વિસ્મરણ ન થયું હોય તો તેનો અર્થ મને કહી સંભળાવો.'

સુજાતાના શબ્દો સાંભળી વસુગુપ્તની ભ્રૂકુટિ સંકોચાણી અને કાંઈક આવેશમાં આવી જઈ તેણે કહ્યું : 'બાઈ!

તમારા આંગણે હું ભિક્ષા લેવા આવ્યો છું, 'ધમ્મપદ'ના પાઠોની પરીક્ષા આપવા નથી આવ્યો. આમ છતાં 'ભમરા ફૂલના વર્ણ અને ગંધને હાનિ કર્યા વિના તેમાંથી રસ લઈને ચાલ્યા જાય છે, તેમ ભિક્ષુકોએ ગામને લેશ પણ હાનિ કર્યા વિના ગામમાં રહેવું ઘટે.' એ તમારી પૂછેલી ગાથાનો અર્થ છે. પરન્તુ ભિક્ષા લેવા આવનાર ભિક્ષુકને ભિક્ષા આપવાને બદલે બહાર ઊભો રાખી તેની પરીક્ષા લેનાર તમે કોણ છો ?'

ભિક્ષુકની દયા ખાતી હોય એમ વ્યંગ્યમાં સુજાતા બોલી : 'હું ઝાડ ઉપરનું પક્ષી તો નથી જ, ભિક્ષુક ! તમે તો આચાર્ય દેવદત્તના શિષ્ય લાગો છો; આવતી કાલે આચાર્યને લઈ આ જ સમયે પધારવાનું હું તમને આમંત્રણ આપું છું. આચાર્ય દેવદત્તને કહેજો કે શ્રાવિકા સુજાતાએ તમને યાદ કર્યા છે અને મારી ઓળખ પણ આપને તેઓ જ આપશે.'

ભિક્ષુક તો સુજાતાની આવી વિચિત્ર અને સંદિગ્ધવાણી સાંભળી દિઙ્મૂઢ બની ગયો અને વધુ ચર્ચા કરવામાં સાર નથી, એમ માની ત્યાંથી પાછો ફરી ગુરુદેવ પાસે જઈ પહોંચ્યો. જીવનમાં કદાચ પ્રથમ વખત જ ભિક્ષુક અવસ્થામાં તેને તેનો પરાજય થયાનું લાગ્યું અને તે પણ એક સામાન્ય સ્ત્રીના હાથે. આથી તેનું ચિત્તતંત્ર અસ્વસ્થ થઈ ગયું. 'હું ઝાડ ઉપરનું પક્ષી તો નથી જ' એવા સુજાતાના શબ્દો તેને તેની સિદ્ધિના પડકારરૂપ લાગ્યા. તેને થયું કે આ સ્ત્રીએ પેલા ઝાડ પરના પક્ષીની વાત કઈ રીતે જાણી હશે ?

વસુગુપ્ત ગુરુદેવ પાસે પહોંચ્યો ત્યારે તેઓ શિષ્યોને નીચેનો શ્લોક સમજાવી રહ્યા હતા.

'तपस्विनां तपः सर्वं व्रतिनां यत् फलं व्रते।
दाने फलं च दातॄणां सर्वं तासु सुसन्ततम् ॥'

અર્થાત્ તપસ્વીઓનું સર્વ તપ, વ્રતીઓનાં વ્રતનું ફળ અને દાતાના દાનનું ફળ, એ સર્વ સતી સ્ત્રીમાં નિરંતર રહેલું છે.

ગુરુદેવનું આ વિવેચન સાંભળી કાંઈક કુતૂહલપૂર્વક વસુગુપ્તે પૂછ્યું: 'ભદંત! આવી કોઈ નારી આ નગરીમાં વર્તમાન કાળે હોવાની શકયતા ખરી કે આ બધું માત્ર એક પ્રકારની ફિલસૂફી જ છે?'

સમગ્ર સ્ત્રીજાતિને ઘૃણા અને તિરસ્કારની દૃષ્ટિએ જોનાર વસુગુપ્તના આવા પ્રશ્નથી આશ્ચર્ય ન પામતાં આચાર્યશ્રીએ કહ્યું: 'વસુગુપ્ત! શાસ્ત્રોની વાતો માત્ર કલ્પનાના આધારે કે ફિલસૂફીની દૃષ્ટિએ લખાયેલી નથી હોતી, પણ નક્કર હકીકતના આધારે જ શાસ્ત્રો લખાયેલાં છે અને તેમાં લખેલી બાબતોનો પ્રત્યક્ષ પુરાવો ન મળી શકે તો તેમાં શંકા માત્ર કરવાનો કશો અર્થ નથી. થોડાં વર્ષો પહેલાં અહીં સુજાતા નામની એક શ્રાવિકાના પરિચયમાં હું આવ્યો હતો અને તેનામાં આવી સતી સ્ત્રીનાં દર્શન મને થયાં હતાં. અત્યારે તે ક્યાં છે તેની તો મને માહિતી નથી.'

ગુરુદેવની વાત સાંભળી પ્રથમ તો વસુગુપ્ત ધ્રૂજી ઊઠ્યો, પણ પછી પોતાની જાત પર કાબૂ મેળવી તેણે કહ્યું:

'ભદંત ! સુજાતાને ત્યાં હું આજે જ ભિક્ષા અર્થે ગયો હતો અને આવતી કાલે મધ્યાહ્ન કાળે આપની સાથે મને પણ તેને ત્યાં ભિક્ષા લેવા જવા માટે આમંત્રણ આપ્યું છે.'

બીજે દિવસે યોગ્ય સમયે દેવદત્ત અને વસુગુપ્ત સુજાતાને ત્યાં જઈ પહોંચ્યા. સુજાતાએ તેમનો યોગ્ય સત્કાર કર્યો અને બેસવા માટે આસનો આપ્યાં. થોડીવાર પ્રાથમિક ચર્ચા કર્યા બાદ દેવદત્તે પોતાના પટ્ટધર શિષ્ય વસુગુપ્તની ઓળખાણ આપી અને તપદ્વારા તેણે મેળવેલી સિદ્ધિની વાત કરી, એટલે સુજાતાએ કહ્યું : 'વસુગુપ્તે સિદ્ધિઓ મેળવી હશે એ સાચું, પણ તપદ્વારા મેળવેલી સિદ્ધિથી ન અંજાતાં સાધકે ઉન્નતિ તરફ જ દૃષ્ટિ રાખી આગળ ધપ્યે જવું જોઈએ. સિદ્ધિ પ્રાપ્ત થયા પછી જો વિનિપાતની ગર્તામાં ધકેલાઈ ન જવું હોય તો સિદ્ધિનાં સુખો ભોગવવાની લાલસા અને અભિમાનથી દૂર રહેવું જોઈએ. ભગવાન મહાવીરના સમયમાં તેના એક વખતના શિષ્ય ગોશાલકે પણ અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી, પણ તે સિદ્ધિઓ જ તેના અનેક ભવ-ભ્રમણનું કારણ બની, તે તો આપ જાણતા જ હશો. થોડા દિવસો પહેલાં વસુગુપ્તે મેળવેલી સિદ્ધિ જ એક પક્ષીના મૃત્યુનું નિમિત્ત બની હતી, એ વાત કદાચ આપના ખ્યાલમાં નહીં હોય. તપ, ધ્યાન અને યોગદ્વારા સાધક પરકાયાપ્રવેશ કરવાની શક્તિ, આકાશગમન તેમજ અણિમા, મહિમા આદિ સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે છે, પણ આવી બધી સિદ્ધિઓને ગૌણ ગણી ક્રોધ, માન, માયા, લોભ, મમતા, ઈર્ષા, મૈથુન, નિંદા, વેરઝેર અને અને અહંત્વ આદિ દોષોને મનમાં આત્મબળ

વડે ઉત્પન્ન જ નથી થવા દેતો, તે જ સાચો યોગી છે, તે જ સાચો ભિક્ષુ છે અને તે જ સાચો મુનિ છે.'

સુજાતાની વાત સાંભળી દેવદત્તને ભારે આશ્ચર્ય થયું અને વસુગુપ્તને તો શરમનો પાર ન રહ્યો. વસુગુપ્તે પોતાના અપરાધનો એકરાર કરી પશ્ચાત્તાપ કર્યો અને તેનું અભિમાન નષ્ટ થયું. તેણે જોયું કે આ સામાન્ય દેખાતી નારીની સિદ્ધિઓ પાસે પોતાની સિદ્ધિ કોઈ વિસાતમાં નથી. સુજાતાની વાત સાંભળી વસુગુપ્તના મનમાંથી સમગ્ર સ્ત્રીજાતિ પ્રત્યેની ઘૃણા અને નફરતનો નાશ થયો અને તેને ખાતરી થઈ કે વાસ્તવમાં સ્ત્રીપણું તો માત્ર દેહનું છે, બાકી સ્ત્રી અને પુરુષ આત્મસ્વરૂપે એકસમાન છે. સ્ત્રી અને પુરુષ બંનેના આત્મા સમાન દરજ્જે મુક્તિના અધિકારી છે, એટલે બંનેના આત્માની શક્તિમાં ભેદ પણ ન જ હોઈ શકે. સુજાતા બંને ભિક્ષુકોને પોતાના બિમાર પતિની શય્યા પાસે લઈ ગઈ અને પતિને તેઓની ઓળખાણ આપી. દેવદત્તે સુજાતાના પતિને પૂછ્યું: 'તમે આવી અસહ્ય વેદના કઈ રીતે આટલી શાંતિપૂર્વક સહન કરી શકો છો?'

સુજાતાના પતિએ આછું સ્મિત કરી જવાબ આપતાં કહ્યું: 'સમભાવ અને સમતાપૂર્વક દેહના દર્દની પીડા કે અન્ય આપત્તિ સહવામાં તો કર્મની નિર્જરા થાય છે. પહાડ પર ચઢતાં આપણા માથા પર રહેલો બોજો જેમ જેમ ઓછો થતો જાય છે, તેમ તેમ ચઢાણમાં સુગમતા વધતી જાય છે. તેમ મુક્તિરૂપી પહાડનાં ચઢાણ ચઢતાં, જીવ માટે

બોજારૂપ એવાં કર્મોની નિર્જરામાં તો, આત્માની પ્રસન્નતા દિન-પ્રતિદિન ઘટવાને બદલે વધતી જતી હું અનુભવું છું. ભિક્ષુકો! હું તો મારી જાતને ધન્ય માની રહ્યો છું કે આવી મહામૂલી તક આ ભવે મને સાંપડી. અલબત્ત, મનની આવી પરિસ્થિતિના મૂળમાં સુજાતાની સંભાળભરી શુશ્રૂષા છે. મને તો લાગે છે કે જે ભાગ્યવંત પુરુષને આવી પત્ની સાંપડે, તેના પતિને માંદગીમાંથી સારા થવાની કદી ઈચ્છા જ ન થાય! સુજાતાએ મારા ઉપાધિયોગને સમાધિયોગમાં પલટી નાખ્યો છે.'

દર્દીની આવી વાત સાંભળી બંને ભિક્ષુકોનાં મસ્તક તેને નમી પડચાં અને તેમના ચિત્તમાં પ્રસન્નતા વ્યાપી ગઈ.

દર્દીના ઓરડામાંથી બહાર આવ્યા બાદ વસુગુપ્તે પૂછયું: 'ભદંત! જીવને શા માટે આટલી બધી વેદના અને વ્યથા સહન કરવી પડતી હશે?'

આચાર્યશ્રીએ જવાબ આપતાં કહ્યું: 'દરેક કાર્યની પાછળ તેને અનુરૂપ કારણ પડેલું જ હોય છે. મનુષ્યનું જીવન તેના પૂર્વજન્મોના આચરણનું પરિણામ છે. ઘણા કાળ પૂર્વે કરેલાં અશુભ કાર્યો શોક અને દુઃખ ઉત્પન્ન કરે છે, ભૂતકાળનાં શુભ કાર્યો આનંદ આપનાર બને છે. મનુષ્ય પોતે વાવેલું લણવા પાછો આવે છે. તથાગતે એટલે જ સ્પષ્ટ કહી દીધું કે, માણસનાં સર્વ દુઃખો અજ્ઞાનમાંથી જન્મે છે; તેથી મનુષ્યની ઉન્નતિ અને સુખનું પ્રથમ પગથિયું અજ્ઞાનને દૂર કરી જ્ઞાન મેળવવું તે જ છે.'

દેવદત્તે પછી સુજાતાની સામે જોઈ કહ્યું: આમ છતાં આ બાબતમાં તો સુજાતા જ આપણા મનનું સમાધાન કરી શકે.'

સુજાતાએ ગંભીરતાપૂર્વક કહ્યું: 'કર્મ અને પુનર્જન્મના સિદ્ધાંતો જૈન, બૌદ્ધ શાસ્ત્રોમાં લગભગ એકસરખા છે, એટલે મારી વાત તમને સમજાવવી સહેલી છે. આપે કહ્યું કે, મનુષ્ય પોતે વાવેલું લણવા પાછો આવે છે, એ વાત તદ્દન સાચી છે, જેવી રીતે માણસ અને તેના પડછાયા વચ્ચે સંબંધ છે અને માણસની પાછળ પાછળ તેનો પડછાયો જાય છે, તેમ અને તેવી જ રીતે સારા અને ખરાબ કૃત્યોનું ફળ તેની પાછળ પાછળ જાય છે. બળદની પાછળ ગાડીનું પૈડું જેમ ચાલે છે તેમજ સારાં ખરાબ કામનું ફળ પણ પાછળ જાય છે. તથાગતે સર્વ દુઃખો અજ્ઞાનમાંથી જન્મે છે તેમ કહ્યું અને ભગવાન મહાવીરે નાશ પામનારી વસ્તુઓના સંયોગને જ દુઃખરૂપ વૃક્ષનું મૂળ કહ્યું. આમ તાત્ત્વિક દૃષ્ટિએ બંને કથનનો અર્થ એકસરખો છે. રાગ, દ્વેષ અજ્ઞાનના કારણે ઉત્પન્ન થાય છે અને તે દુઃખ માત્રના જનક અને જનેતા છે. મારી અને મારા પતિની પૂર્વજીવનની કથનીમાંથી આપને આ વસ્તુ સરસ રીતે સમજાઈ જશે.'

તે પછી અત્યંત કરુણ અને દયાર્દ્રભાવે સુજાતાએ કહ્યું: 'અનેક વર્ષો પહેલાં મિથિલા નગરીમાં એક રાજા રાજ્ય કરતો હતો અને તે એકપત્નીવ્રત હતો. રાજાની રાણી સુશીલ અને સુંદર હતી. બંનેના અરસપરસ પ્રેમથી રાજા અને રાણીનાં ચિત્ત અને હૃદય એકરૂપ થઈ ગયાં હતાં.

લગ્નમાં હસ્તમેળાપ વખતે બોલાતા મંત્રો-आत्मने त आत्मानं संदधामि, प्राणैस्ते प्राणान् संदधामि ॥-અર્થાત્ તારી સાથે મારો આત્મા જોડું છું અને તારા પ્રાણ સાથે મારા પ્રાણને જોડું છું-એ મંત્રોને માત્ર મંત્રરૂપે ન રહેવા દેતાં તેઓએ જીવનમાં તેનો વિનિયોગ કરી બતાવ્યો હતો. રાજા રાણી બંનેને એક બીજા પ્રત્યે અપૂર્વ રાગ હતો. એક બીજા વચ્ચે એવી તો પ્રીતિ કે બેમાંથી કોઈ પણ એક પળનો વિયોગ સહન ન કરી શકે.

'ભાગ્યયોગે રાણીને અસાધ્ય રોગ લાગુ પડચો અને અનેક દાસ-દાસીઓ હોવા છતાં રાજા પોતે ચોવીસે કલાક રાણીની શુશ્રૂષા કર્યા કરે. રાણીને દર્દની જે વેદના થતી, તેનાથી અનેકગણી વેદના રાજાને રાણીનું દુઃખ ન જોઈ શકવાને કારણે થતી.' આમ બોલતાં સુજાતા કેમ જાણે એ દૃશ્ય પોતે પ્રત્યક્ષ જોઈ રહી હોય તેમ ગળગળી અને અસ્વસ્થ બની ગઈ. આંખો મીંચી તે એકાદ પળ માટે ચુપ થઈ ગઈ અને તેની ચક્ષુમાંથી મોતી જેવાં અશ્રુબિન્દુ ટપકી પડચાં. આ દૃશ્ય જોતાં બંને ભિક્ષુઓની પાંપણો પણ ભીની થઈ ગઈ.

થોડીવારે સ્વસ્થતા પ્રાપ્ત કરી સુજાતાએ કહ્યું : 'એક યોગીની સહાય વડે માત્ર રાજા અને રાણી સિવાય અન્ય કોઈ ન જાણે તેમ પરકાયાપ્રવેશની વિદ્યાદ્વારા રાજાના જીવાત્માએ પોતાની શાંતિ અર્થે રાણીના શરીરમાં પ્રવેશ કર્યો અને રાણીના જીવાત્માએ રાજાના શરીરમાં પ્રવેશ કર્યો. કાયામાં પલટો ન થયો પણ કાયામાં રહેલા આત્મારૂપી માલિકો પલટાઈ ગયા.

'ઉદયમાં આવેલાં કર્મને ભોગવવાના સમયે રાગ-દ્વેષનાં પરિણામ નવીન કર્મના બન્ધનું કારણ બને છે. રાણી (જેના દેહમાં રાજાનો આત્મા હતો) મૃત્યુ પામી તે જ ઘડીએ રાજાનો દેહ (જેમાં રાણીનો આત્મા હતો) પણ ચેતન રહિત બની ગયો. જળ અને મીનની માફક સતી અને પતિ વિખૂટાં નથી પડી શકતા. રાણી(જેના દેહમાં રાજાના આત્માનો વાસ હતો)ના મૃત્યુ બાદ તેના આત્માએ તમારી સમક્ષ ઊભેલી સુજાતાનો દેહ ધારણ કર્યો. રાજા (જેના દેહમાં રાણીનો આત્મા હતો)એ મૃત્યુ બાદ જે દેહ ધારણ કર્યો તે વર્તમાન કાળના મારા પતિ, જેમની સાથે તમોએ હમણાં જ વાતો કરી. કર્મને કોઈની શરમ પહોંચતી નથી. માનવી જે રીતે જીવ્યો હોય તેને જ અનુરૂપ તેને નવા જન્મમાં યોનિ, સાધનો અને સંજોગો પ્રાપ્ત થાય છે. પૂર્વજન્મમાં પત્નીની અપૂર્વ સારવાર કરી હતી એટલે આ જન્મે ચિકિત્સા થઈ. એક વખતે અહીં આ બિમાર માણસને તપાસવા અર્થે આવી અને પ્રથમ મિલન વખતે અન્યોન્યની દૃષ્ટિ એક થતાં બંનેને જાતિસ્મરણ જ્ઞાન થયું. પછી તો તરત જ અમે પતિ–પત્ની બની ગયાં. ધર્મશાસ્ત્રોએ તેથી જ સાચું કહ્યું છે કે—संजोगमूला जीवेण पत्ता दुक्खपरंपरा–અર્થાત્ સંયોગના કારણથી જ જીવે દુઃખની પરંપરા પ્રાપ્ત કરેલી છે. રાગને વશ થઈ પૂર્વ જન્મમાં જે કર્મ બાંધ્યું હોય તેનું ફળ આ જન્મે ઉદયમાં આવ્યું એટલે હવે નિરાસક્તભાવે તે ભોગવી જ લેવું રહ્યું.'

સુજાતાની વાત પૂરી થતાં વસુગુપ્તે તેને પૂછ્યું: 'સચ્ચરિત શ્રાવિકા ! આટલું મહાન સત્ય સમજતા હોવા છતાં તમને કારાગ્રહરૂપી આ સંસારમાં પડી રહેવાનું કેમ ગમે છે?'

સુજાતાએ શાંતિપૂર્વક જવાબ આપતાં કહ્યું: 'ભિક્ષુક! મારા પતિદેવે સમજાવ્યું એમ વેદનીયકર્મમાં કાંઈ આત્માના સ્વરૂપનો ઘાત કરવાની શક્તિ હોતી નથી પણ મોહનીયકર્મની લીલા જૂદી છે. માનવીની સરખામણી એક વિશાળ સામ્રાજ્ય સાથે કરવામાં આવે તો આઠ કર્મોરૂપી પ્રધાનોમાં મોહનીય-કર્મની સત્તા વડાપ્રધાન જેવી છે. ગતજન્મમાં પત્નીના દેહ પ્રત્યેના મોહ-રાગ-આકર્ષણના કારણે જીવાત્માની અદલાબદલી કરી અને જે કર્મનો બંધ પડ્યો તેના પરિણામે આ સ્થિતિ ઉત્પન્ન થઈ. હવે આમાંથી નાસી જવાને બદલે ઉદયમાં આવેલા કર્મને સત્કારી તેને ભોગવી લેવામાં જ માનવતા છે. તેથી જ તો કહેવાય છે કે, 'બંધકાળે ચેત પ્રાણી! ઉદયે સંતાપ શો!' આપણે આપણાં ભૂતકાળનાં કૃત્યો ભૂલી જઈએ, પણ ભૂતકાળનાં કૃત્યો કાંઈ આપણને થોડાં ભૂલી શકે? એટલે સમગ્ર જીવનમાંથી મને જે મહત્ત્વનો બોધપાઠ મળ્યો તે આ છે. 'જીવન જે કોઈ સ્વરૂપે આપણને મળે એ સ્વરૂપે એનો આનંદપૂર્વક સ્વીકાર કરી લેવો અને એને જ્યારે છોડીએ ત્યારે આપણા વ્યક્તિત્વની મહેકથી તે ભર્યું-ભર્યું હોવું જોઈએ.'

સુજાતાના જીવનનો અદ્ભુત ઇતિહાસ અને તેનું અપૂર્વ તત્ત્વજ્ઞાન જાણી બંને ભિક્ષુકોનાં મસ્તકો તેને નમી પડ્યાં અને દેવદત્તે તો મજાકપૂર્વક કહ્યું : 'સુજાતા! ભલે તમે બૌદ્ધસંઘની સ્થવિરી (ભિક્ષુણી) નથી, પણ ગૃહસ્થી સ્થવિરી તો જરૂર છો.'

સુજાતાએ ભાવપૂર્વક વંદન કરી ભિક્ષુકોને વિદાય આપી અને પછી તેઓ વિહાર તરફ જવા નીકળ્યા કે તરત જ સુજાતા પતિની શય્યા નજીક પહોંચી ગઈ.

# ૫. મૃષાવાદ

મૃષાવાદ એટલે જૂઠું બોલવું. તેનાં મુખ્ય ત્રણ લક્ષણો છે : અપ્રિય, અપથ્ય અને અતથ્ય. જે વચન સાંભળતાં જ કડવું લાગે તે અપ્રિય કહેવાય. દ્રૌપદીએ દુર્યોધનને ઉદ્દેશીને કહેલું કે, ' આંધળાના તો આંધળા જ હોય.' આ વાકયને 'અપ્રિય' કહેવાય અને મહાભારતના યુદ્ધમાં આ વાકયે ઓછો ભાગ ભજવ્યો નથી. જે વચનના પરિણામે લાભ ન થાય અને બીજાને પીડા થાય તેવા વચનને અપથ્ય કહી શકાય. કૈકયીએ રામને વનવાસ અને ભરતને રાજગાદીની વાત કરી તે વચનને 'અપથ્ય' કહી શકાય. આ જ વચનના પરિણામે દશરથ રાજાનો પ્રાણ ગયો, રામ-સીતાને વનવાસ જવું પડયું અને ભરતને પણ સંતાપનો પાર ન રહ્યો. અતથ્ય એટલે જેમાં તથ્ય નથી.

ડાહ્યા માણસો હમેશાં સત્યની હાનિ ન થાય અને પારકાને ઉદ્વેગ પણ ન થાય એ રીતે મધુરી વાણીથી સત્ય બોલે છે. સત્ય બોલવામાં જે વાણીનો પ્રયોગ થાય એ વાણીમાં કડવાશ, કઠોરતા, અનમ્રતા, અવિવેક કે શઠતા ન હોવાં ઘટે. જે વાણી બોલતાં કોઈ પણ પ્રાણીને સહેજે દુ:ખ થતું હોય-સીધી અગર તો આડકતરી રીતે કોઈ પણ જીવને આઘાત થતો હોય, તો તેવી કઠોર વાણી બોલનારો પુરુષ ભદ્રદર્શી થઈ શકતો નથી.

આત્માર્થી સાધકે સત્ય, પરિમિત, અસંદિગ્ધ, પરિપૂર્ણ, સ્પષ્ટ, અનુભૂત, વાચાલતારહિત અને કોઈને પણ ઉદ્વેગ ન પમાડનારી વાણી બોલવી જોઈએ. જેનાથી અવિશ્વાસ ઉત્પન્ન થાય, અથવા બીજાને જલદી ક્રોધ આવે એવી અહિતકર ભાષા વિવેકી પુરુષે કદી ન બોલવી જોઈએ. ધર્મશાસ્ત્રોએ તો કાણાને 'કાણો', હિજડાને 'હિજડો', રોગીને 'રોગી' અને ચોરને 'ચોર' કહેવાની પણ ના પાડી છે. 'દશવૈકાલિકસૂત્ર'માં કહ્યું છે 'મોટા કે વડીલનું દિલ દુખાય એવી કઠોર વાણી સાચી હોય તો પણ ન બોલવી, કારણ કે તેથી પાપબંધન થાય છે.'

ક્રોધના આવેશમાં સંભળાવેલી સાચી વાતો ક્રોધથી ખરડાઈને સત્યનું સાત્ત્વિક અને નિર્મળ સ્વરૂપ ગુમાવી દે છે. મહાશતક શ્રાવકની સત્ય છતાં અનિષ્ટ અને અપ્રિય વાણીના કારણે ભગવાન મહાવીરે, ગૌતમસ્વામીને તેની પાસે મોકલી આલોચના કરાવી હતી, તેની એક સુંદર કથા 'ઉપાસકદશાંગસૂત્ર'માં કહેવામાં આવી છે.

રાજગૃહમાં મહાશતક નામે ગૃહપતિ, રેવતી વગેરે તેર સુંદર સ્ત્રીઓ સાથે સુખપૂર્વક રહેતો હતો. રેવતીના માતા-પિતા બહુ ધનવાન હતા અને તેના પિયરથી તે આઠ કરોડ સોનૈયા લાવી હતી. મહાશતકની અન્ય બાર પત્નીઓ પણ એકેક કરોડ સોનૈયા તેમના પિયરથી લાવી હતી. મહાશતક પોતે પણ ભારે ઋદ્ધિસંપન્ન હતો. તેને દશ હજાર ગાયોનો એક એવા આઠ વ્રજો હતા.

એક સમયે શ્રમણુ ભગવાન મહાવીર ત્યાંના ગુણુશીલ ચૈત્યમાં આવીને ઊતર્યા. મહાશતકે ભગવાન મહાવીરનું પ્રવચન સાંભળી શ્રાવકધર્મ અંગીકાર કર્યો. ભોગ–તૃષ્ણાની મર્યાદા બાંધી અને રેવતી આદિ તેર સ્ત્રીઓ સિવાયની અન્ય તમામ સ્ત્રીઓ સાથે અબ્રહ્મચર્ય સેવનનો ત્યાગ કર્યો. મહાશતક આ રીતે શ્રાવકધર્મનું નિર્મળ રીતે પાલન કરવા લાગ્યો.

રેવતી તેના પિયરથી મોટી સંપત્તિ લઈ આવી હતી, પણુ બળદની પાછળ જેમ ગાડું આપોઆપ ચાલ્યું આવે છે તેમ સંપત્તિની પાછળ મોટા ભાગે દુર્ગુણોની પરંપરા પણુ ચાલી આવતી હોય છે. સુશીલ માણુસો તેથી જ સમૃદ્ધિને આશીર્વાદરૂપ નહિ, પણુ શાપરૂપ માને છે. રેવતી પણુ અત્યંત વિલાસી અને કામલોલુપ સ્ત્રી હતી. કામરૂપી અગ્નિનો તાપ એવો હોય છે કે તે પ્રજ્વલિત થતાં મેઘના સમૂહથી સિંચન કરવામાં આવે તો પણુ શાંત થતો નથી. કામાગ્નિથી પ્રજ્વલિત થયેલાને સમુદ્રમાં ડુબાડી રાખો તો પણુ તેનો સંતાપ દૂર થતો નથી. કામના બળાત્કારથી જેમનાં ચિત્ત ઉદ્વિગ્ન અને દુઃખપૂર્ણ બનેલાં રહે છે, તેવા કામી સ્ત્રી–પુરુષો પોતાના પ્રિયપાત્રની પ્રાપ્તિ માટે એવાં ભયંકર કામો કરવાનું પણુ સાહસ કરે છે કે જેની કલ્પના પણુ ન થઈ શકે.

રેવતીને પણુ વિચાર આવ્યો કે 'મારી બાર બાર શોકયોના કારણે મારી ઈચ્છા મુજબ મહાશતક સાથે ઉત્તમ એવાં માનુષી કામભોગોને સ્વેચ્છાપૂર્વક હું ભોગવી શકતી

નથી.’ મદન-કામના વેગથી ઉન્માદવાળી બનેલી સ્ત્રી પોતાના કુળ અને ઘરને ક્ષણ માત્રમાં કલંકિત બનાવી દે છે, કારણ કે, તેનામાં નિર્દયતા, મૂર્ખતા, અતિચપળતા, વંચકતા, કુશળતા અને કુટિલતાના દોષો આપોઆપ જ આવી જાય છે. રેવતીએ પણ અગ્નિ, શસ્ત્ર કે વિષપ્રયોગથી તેની બારે શોકયોને મારી નાખવાનો દૃઢ નિશ્ચય કર્યો.

યોગ્ય તક પ્રાપ્ત થતાં રેવતીએ છ શોકયોને શસ્ત્રથી અને છ શોકયોને વિષના પ્રયોગદ્વારા મારી નાખી. સ્ત્રીઓમાં લાખો ખરાબ કામો પ્રત્યક્ષમાં કરીને પણ નિઃશંક બની છુપાવવાની કળા રહેલી છે. જગતને ઠગવામાં સ્ત્રીઓ અતિશય ચતુર હોય છે અને તેનાં માયા-કપટનો તાગ કોઈ લઈ શકતું નથી. રેવતી પણ બારે શોકયોનો કાંટો પોતાના માર્ગમાંથી સિફતપૂર્વક દૂર કરી, તમામ સ્ત્રીઓનું ધન લઈ મહાશતક સાથે સુખપૂર્વક રહેવા લાગી.

એક તરફ મહાશતક શ્રમણોપાસક લીધેલાં શિક્ષાવ્રતો અને ગુણવ્રતોનું શુદ્ધ અને નિર્મળભાવે પાલન કરતો હતો, ત્યારે બીજી બાજુ રેવતી આખો દિવસ ભોગ-વિલાસ, મમતા -તૃષ્ણા, રસલોલુપતામાં મસ્ત રહેતી હતી.

આ રીતે મહાશતક શ્રમણોપાસકને વ્રત-નિયમોનું પાલન કરતાં ચૌદ વર્ષો વીત્યા પછી તેને ખાતરી થઈ ગઈ કે કામભોગ શલ્યરૂપ છે, કામભોગ વિષરૂપ છે અને કામભોગ ભયંકર ઝેરી સર્પ જેવા છે. તેણે અનુભવ્યું કે, માણસનું મન માખણ જેવું છે અને સ્ત્રીરૂપી અગ્નિનો

સંયોગ થતાં સત્યપુરુષ કે વ્રતધારીનું ચિત્ત પણ ચલાયમાન થઈ જાય છે. તેથી તેણે રેવતીના સંસર્ગથી દૂર થઈ જવાનો દૃઢ નિશ્ચય કર્યો અને તેના મોટા પુત્રને કુટુંબનો બધો ભાર સોંપી દીધો. મહાશતકે તે પછી બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું અને ભગવાન મહાવીરે બતાવેલા ધર્મમાર્ગને અનુસરતો તે પૌષધશાળામાં રહેવા લાગ્યો.

(૨)

આત્માભિમુખ બનેલા મહાશતકને રેવતીએ પાછા પંચેંદ્રિયની સૃષ્ટિમાં લાવવાનો દૃઢ નિશ્ચય કર્યો. તેણે વિચાર્યું કે પાષાણમાં કંડારેલી તથા કાષ્ઠ, ચિત્ર વગેરેમાં કોતરેલી સ્ત્રીઓની આકૃતિ પણ માણસના ચિત્તને વિચલિત કરી શકે તો જે પુરુષે મારી સાથે અનેક વાર કામભોગો ભોગવ્યા છે, તે પુરુષ મારા કામબાણમાંથી કઈ રીતે મુક્ત રહી શકવાનો છે? મહિના-મહિનાના ઉપવાસ-માસખમણ કરીને માત્ર પાણી જ ગ્રહણ કરનાર તપસ્વી પણ સ્ત્રીની સંગતિથી મોહિત થઈ જાય છે, તો વર્ષોનાં વર્ષો સુધી તેર તેર પત્નીઓના સાંનિધ્યમાં રહેલા આ મહાશતકને મોહિત કરવામાં તે શી મોટી ધાડ મારવાની છે?

એક રાતે મહાશતક પર વિજય મેળવવા સોળે શણગાર સજી રેવતી પૌષધશાળામાં જઈ પહોંચી અને શૃંગારભર્યા હાવભાવ કરી તેને કહેવા લાગી : 'હે મહાશતક! તું ધર્મ, પુણ્ય, સ્વર્ગ અને મોક્ષની કામના કરે છે, પણ આ બધાં સુખો કરતાં વિષયભોગનું સુખ વધુ ઉચ્ચતમ છે,

એટલે મૂર્ખાઈ અને સર્વ ઢોંગો છોડી દઈ મારી સાથે માનુષિક કામભોગોને ભોગવતો રહે.'

આમ છતાં મહાશતકમાં કામ ઉદ્દીપ્ત કરવાના પ્રયત્નોમાં રેવતીને સફળતા ન મળી. એક નિરંકુશ–સ્વચ્છંદમતિ સ્ત્રી પોતાના પતિ માટે એવું ભયંકર કામ કરી નાખે છે કે તેવું ભયંકર ક્રોધિત થયેલા સિંહ, વાઘ, સર્પ, અગ્નિ અને રાજા પણ કરી શકતા નથી. રેવતીનાં વચનોનો મહાશતકે જરા પણ આદર ન કર્યો અને પહેલાની માફક પોતે ધર્મધ્યાનમાં સ્થિર રહ્યો, એટલે અનાદર પામેલી રેવતી ધૂવાંફૂવાં થતી પાછી ચાલી ગઈ.

તે પછી મહાશતક શ્રાવક અગિયારે પ્રતિમાઓને આચરતો ઉગ્ર તપથી અત્યંત કૃશ અને નસોના ગૂંચળાંથી છવાયેલો દુર્બળ થઈ ગયો. છેલ્લે અંતિમ મારણાંતિક સંલેખના સ્વીકારી, આહારપાણીનો સર્વથા ત્યાગ કરી, જીવિત અને મરણમાં સમભાવ રાખતો રહેવા લાગ્યો.

આ રીતે રહેતાં રહેતાં તેના ચિત્તની વૃત્તિ વધારે શુદ્ધ થઈ અને મનના શુભ અધ્યવસાયોના કારણે તેને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું.

તે આવી રીતે રહેતો હોવા છતાં તેના પુરુષત્વને ઢંઢોળવા રેવતી ફરી એક વખત પૌષધશાળામાં જઈ પહોંચી. દાંત પડી ગયા હોય, કેશ ધોળા થયા હોય અને દૃષ્ટિ ક્રમે ક્રમે કુંઠિત થતી જતી હોય તેમજ દેહનો અંતિમ સમય નજીક આવ્યો હોય તોપણ, કામેચ્છા એવી સતી–સાધ્વી છે કે એ દેહને છોડતી નથી! રેવતીએ મહાશતક પાસે

જઈ તેણે ગ્રહણ કરેલા માર્ગથી પાછા ફરવા અને યથેચ્છ કામભોગો ભોગવવા આગ્રહ કર્યો, એટલે મહાશતકે કહ્યું : 'હે અધમ સ્ત્રી ! કામરૂપી વિષને હું હલાહલ વિષથી પણ વિશેષ મહાવિષ માનું છું, કારણ કે હલાહલ વિષ તો ઉપાય કરવાથી કદાચ નીકળી જાય, પણ કામરૂપી વિષ તો ઉપાય રહિત છે તેથી તેમાંથી મુક્ત બનવું અત્યંત કઠિન છે.' રેવતીએ છેલ્લો પાસો ફેંકતાં કહ્યું: 'પુરુષની જાત જ અવળચંડી અને કમનસીબ છે. સ્ત્રીની સંવેદના, અરમાન, વેદના, વ્યથા અને કામપીડા સમજવા માણસ કદી પ્રયત્ન જ કરતો નથી. તમને ખબર નહિ હોય પણ આજે તમારી પાસે હું નગ્ન સત્ય જાહેર કરવા આવી છું. તમને અખંડ રીતે પ્રાપ્ત કરવા મારી બાર બાર શોકયોની કોઈ ન જાણે તેમ મેં હત્યા કરી નાખી છે, એટલે તમને પુનઃ પ્રાપ્ત કર્યા સિવાય હું અહીંથી કદાપિ ખસવાની નથી.'

અગ્નિ એ સોનાની કસોટી છે, સોનું એ સ્ત્રીની કસોટી છે અને સ્ત્રી એ પુરુષની કસોટી છે. બાર બાર પત્નીઓનાં ક્રૂર હત્યાકાંડની કહાની રેવતીના સ્વમુખે સાંભળતાં મહાશતકને ભારે આઘાત લાગ્યો અને તે કંપી ઊઠયો. રેવતી પર તેને પ્રચંડ ક્રોધ થયો અને પોતાને થયેલા અવધિજ્ઞાનનો ઉપયોગ કરી તેણે કહ્યું : 'હે નાપાક સ્ત્રી ! તું આજથી સાત દિવસની અંદર અલસ રોગથી અત્યંત દુઃખ પામી દુર્ધ્યાનયુક્ત થઈ, અસમાધિવાળી બનીને મૃત્યુ પામીશ અને રત્નપ્રભા પૃથ્વીના લોલુયચ્ચુય નરકમાં ૮૪૦૦૦ વર્ષ સુધી નરકગતિનું દુઃખ ભોગવીશ.'

મહાશતકનું આવું કથન સાંભળી રેવતી સ્તબ્ધ થઈ ગઈ. તેને લાગ્યું કે મહાશતક તેના પર બહુ ગુસ્સે થયો છે અને તે જરૂર ખરાબ રીતે તેનો ઘાત કરશે. તે ભયભીત બનીને ત્યાંથી પાછી ચાલી ગઈ અને સાત દિવસની અંદર અલસ રોગથી પીડાતી તે મરણ પામી નરકગતિમાં ગઈ.

તે સમયે ભગવાન મહાવીર રાજગૃહના ગુણશીલચૈત્યમાં આવીને ઊતર્યા. ભગવાને રેવતી તથા પોતાના શિષ્ય શ્રમણોપાસક મહાશતક વચ્ચે થયેલો વિખવાદ ગૌતમને કહી સંભળાવી કહ્યું : ‘ અંતિમ સંલેખનાને સ્વીકારી શ્રમણો-પાસકે કોઈને સાચું હોય તોપણ અનિષ્ટ અને અપ્રિય વચનોથી કાંઈ કહેવું ન ઘટે, તેમજ ક્રોધ કરવો પણ ન ઘટે. હવે હે ગૌતમ! તું મહાશતકની પાસે જઈ મારી આ વાત તેને સમજાવ અને તેની પાસે અપરાધની કબૂલાત કરાવી પ્રાયશ્ચિત્ત વડે શુદ્ધ કર.’

ગૌતમસ્વામી મહાશતક પાસે ગયા અને તેને કહ્યું : ‘ હે દેવાનુપ્રિય ! ભગવાન મહાવીર એમ કહે છે અને પ્રરૂપે છે કે, અંતિમ સંલેખનાધારી શ્રાવક માટે રેવતીને ઉદ્દેશી તમે જેવું કહ્યું તેવું કહેવું કે બોલવું કલ્પતું નથી, કારણ કે, તમે તેને જે કહ્યું તે સત્ય હોવા છતાં અપ્રિય અને અનિષ્ટ છે, તો હવે તેનું પ્રાયશ્ચિત્ત કરો. મહાશતકે ગૌતમ-સ્વામીના કહેવા અનુસાર પ્રાયશ્ચિત્ત કર્યું અને પોતે શુદ્ધ થયો. તે પછી, સમાધિપૂર્વક તે મરણ પામી સૌધર્મકલ્પમાં અરુણાવતંસક વિમાનમાં ઉત્પન્ન થયો અને ત્યાંથી મહાવિદેહવાસ પામીને તે સિદ્ધ, બુદ્ધ અને મુકત થશે.

# ૬. રાગ-દ્વેષ

ચંપાનગરીમાં જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. તેનો પ્રધાન સુબુદ્ધિ મહાવિચક્ષણ હતો. સુબુદ્ધિનો જન્મ આદર્શ જૈન કુટુંબમાં થયો હતો અને જૈન દર્શન તેમજ તત્ત્વજ્ઞાનનો એને સરસ અભ્યાસ હતો. રાજાને સુબુદ્ધિની પ્રામાણિકતા અને સત્યનિષ્ઠા માટે અપૂર્વ માન હતું, પરંતુ કોઈ કોઈ વખતે તેની તાત્ત્વિક દૃષ્ટિમાં રાજાને જડતાનો ભાસ થતો. આ સંસાર અને તેના માનવો ભારે વિચિત્ર છે. સંસારમાં મહાજ્ઞાનીની ગણના પણ ઘણીવાર જડ અને મૂર્ખમાં થાય છે. આમ છતાં અજાયબી તો એ છે કે આવી કહેવાતી જડ અને મૂર્ખ વ્યકિતના મૃત્યુ બાદ લોકો તેની કીમત સમજતા થઈ જાય છે. કોઈ કોઈ પ્રસંગે સુબુદ્ધિના નિર્ણયો અને ફિલસૂફી રાજાને અકળાતા, પણ પાછળથી સુબુદ્ધિની દીર્ઘદૃષ્ટિ અને નિર્ણયો લેવામાં તેની તાત્ત્વિક શક્તિ વિષે તેને ખાતરી થઈ જતી.

એક પ્રસંગે જિતશત્રુ રાજાને ત્યાં ભોજનસમારંભ હતો. ભોજન નિમિત્તે જાતજાતનાં મિષ્ટાન્ન અને ભાતભાતના સુંદર, સ્વાદિષ્ટ અને સુગંધી પદાર્થો તૈયાર કરવામાં આવ્યા હતા. ભોજનવિધિ પૂર્ણ કર્યા બાદ, રાજા, તેનો પ્રધાન સુબુદ્ધિ અને રાજાની મંડળીના કેટલાક સભ્યો શહેરથી થોડે દૂર આવેલા ઉદ્યાનમાં આનંદ, પ્રમોદ અર્થે જઈ રહ્યા

હતા. રસ્તે ચાલતાં જિતશત્રુ રાજા અને તેની મંડળી તે દિવસના ભોજનપદાર્થોનાં વખાણ કર્યે જતા હતા. ભોજન-પદાર્થોના સ્વાદ સંબંધમાં સુબુદ્ધિ એક પણ શબ્દ ન બોલ્યો એટલે રાજાએ તેને પૂછ્યું : 'સુબુદ્ધિ! તમે તો ભોજન-પદાર્થોના સ્વાદ સંબંધે એક શબ્દ પણ બોલતા નથી, તો તમને તેમાં શું કશું ખામીભર્યું લાગ્યું?'

રાજાના પ્રશ્નનો ઉત્તર આપ્યા સિવાય ચાલે તેમ ન હતું એટલે સુબુદ્ધિએ કહ્યું : 'રાજન્! જીભને સ્વાદિષ્ટ લાગનારાં પરમાણુઓ પણ પરવર્તન પામતાં એવાં દુર્ગંધયુક્ત બની જાય છે કે તેની ગંધથી પણ આપણું માથું ફાટી જાય. દરેક વસ્તુ દ્રવ્ય-પર્યાય ઉભયરૂપ છે. કોઈ દ્રવ્ય પર્યાયો રહિત હોઈ શકતું નથી, તેમ કોઈ પર્યાયો દ્રવ્ય વિહોણા સંભવી શકતા નથી. પર્યાયનો અર્થ જ પરિણામ–ફેરફાર થાય છે અને વસ્તુ માત્ર પરિણમનશીલ છે, એટલે રાગ અગર દ્વેષદષ્ટિએ કોઈ પણ વસ્તુની પ્રશંસા અગર નિંદા કરવી એ બંને અનુચિત છે. દરેક વસ્તુ પરિવર્તન પામે છે અને આ જગતમાં કશું જ નિત્ય ટકી રહેતું નથી, એટલે તેના વિશે ખરું પૂછો તો આપણને આનંદ કે શોકની લાગણીનો અનુભવ ન થવો જોઈએ. રાગ–દ્વેષમાંથી આસક્તિ, મમત્વબુદ્ધિ, તિરસ્કાર, ઘૃણા ઉત્પન્ન થાય છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગન્ધ, ગાનતાન, સુખસ્પર્શ, વસ્તુ, જોવું ગમે તે, સ્વાદ, સુગંધનું માણસ ચિંતન કરે એટલે એને એ વસ્તુઓ પર આસક્તિ થાય. આસક્તિમાંથી તૃષ્ણા

ઉત્પન્ન થાય અને તૃષ્ણા શમે નહિ એટલે ક્રોધ ચડે. ક્રોધથી માણસ મૂઢ થઈ જાય, મૂઢતાને લીધે ભાન ભૂલે. ભાન ભૂલે એટલે શું કરવું-શું ન કરવું તેની એને ખબર ન રહે. આવો માણસ પછી ધર્મ, અધર્મનો વિવેક ન કરી શકે. આ સંસારમાં માનવજાતને દુઃખ, આઘાત અને વેદના સહન કરવાં પડે છે, તેનું કારણ તેના રાગ-દ્વેષ સિવાય અન્ય બીજું કાંઈ નથી.'

સુબુદ્ધિની આવી ફિલસૂફી રાજાને ન ગમી એટલે તેણે કાંઈક આવેશપૂર્વક કહ્યું : 'આપણી સાથે સંકળાયેલી વસ્તુઓ ક્ષણજીવી છે, તેમજ તે કાયમ માટે એક ને એક સ્વરૂપમાં ટકવાની નથી, એમ જાણવા છતાં કેટલીક વસ્તુઓ, પદાર્થો અને પરિસ્થિતિ આપણા ચિત્તને આનંદ ઉપજાવે છે ત્યારે કેટલીક વસ્તુઓ, પદાર્થો અને પરિસ્થિતિ આપણને કંટાળો આપે છે, એવો અનુભવ કેમ થાય છે?'

સુબુદ્ધિએ રાજાને નમ્રતાપૂર્વક જવાબ આપતાં કહ્યું : 'રાજન્! સામાન્ય રીતે જે વસ્તુ, પદાર્થ કે પરિસ્થિતિથી મનને અનુકૂળતાનો અનુભવ થાય તે સુખ અને જેનાથી પ્રતિકૂળતાનો અનુભવ થાય તે દુઃખ એવું આપણે માનીએ છીએ; પણ આ બંને પ્રકારના અનુભવો થવાનું મુખ્ય કારણ તો માનવીનું ચંચલ મન છે. વસ્તુ, પદાર્થ કે પરિસ્થિતિમાં સુખ-દુઃખ આપવાનો કોઈ ધર્મ નથી, પણ સુખ-દુઃખનો આધાર, ભોક્તા તેને કેવી રીતે ગ્રહણ કરે છે તેના ઉપર છે. ચકોર પક્ષીને ચંદ્રમાંથી શીતળતાનો અનુભવ થાય તેથી

તેને સુખરૂપ લાગે છે, જ્યારે ચક્રવાકને ચંદ્રદર્શનથી બળતરા થાય છે તેથી તેને દુઃખરૂપ લાગે છે. આમ સુખ-દુઃખનો આધાર અમુક વસ્તુ કે ચોક્કસ પદાર્થ પર નહિ પણ મન તેને કેવી રીતે ગ્રહણ કરે છે તેના પર રહે છે.’

સુબુદ્ધિની વાત સાંભળી રાજાએ જરા રોષપૂર્વક કહ્યું: ‘વસ્તુ, પદાર્થ કે પરિસ્થિતિમાં સુખ-દુઃખ આપવાનો કોઈ ધર્મ નથી, એ કથનને સત્ય કેમ કહી શકાય? જે સ્વાદિષ્ટ પદાર્થો આપણે ખાધા તેનાથી આપણને આનંદનો અનુભવ થયો, તો એ પદાર્થોમાં આનંદ આપવાનો ધર્મ નથી એમ કઈ રીતે માની શકાય? મને તો લાગે છે કે આ જગતના બધા જ તત્ત્વજ્ઞાનીઓ મોટામાં મોટા વેદિયા છે. તમારી સ્વાદેન્દ્રિય જડ બની ગઈ હોય અને તે કારણે તમને ભોજન-પદાર્થોના સ્વાદનો અનુભવ ન થઈ શક્યો હોય, એ વસ્તુ બનવાજોગ છે; પણ તમને એવો અનુભવ ન થયો એટલે સ્વાદિષ્ટ ભોજનના પદાર્થોમાં સુખ આપવાનો ધર્મ છે જ નહિ, એવી દલીલ કરવી એ તો નરી મૂર્ખતા જ છે.’

રાજાની આવી વાત સાંભળતાં સુબુદ્ધિના મનની લાગણીને થનારા આઘાત વિશે વિચાર કરતાં મંડળીના સભ્યો સ્તબ્ધ થઈ ગયા. સુબુદ્ધિ સ્થિતપ્રજ્ઞ હતો અને સંસારમાં બનતા બનાવો સમજવા માટે તેની પાસે અનોખી દૃષ્ટિ હતી.

જિતશત્રુ રાજાની કટાક્ષયુક્ત વાણી સાંભળી જરા પણ ન ઉશ્કેરાતાં, ગંભીર અને વિનમ્રભાવે સુબુદ્ધિએ કહ્યું: ‘રાજન્! કોઈ પણ વાતના એક અંશનો વિચાર કરી તે

વાતને સંપૂર્ણ માની લેવી તેમાં નથી ન્યાય કે નથી ડહાપણ. કેટલીક સારી દેખાતી વસ્તુઓ સંયોગવશાત્ બગડી જાય છે, અને કેટલીક ખરાબ દેખાતી વસ્તુઓ સંયોગવશાત્ સુધરી પણ જાય છે. આનું મુખ્ય કારણ પરમાણુઓના સ્વભાવ અને સંયોગની વિચિત્રતા છે. તેથી એકાન્તે કોઈ વસ્તુને સારી અગર ખરાબ કહેવી તેમાં એક પ્રકારના રાગ-દ્વેષને પોષણ મળે છે. જે જે વસ્તુ, પદાર્થ કે પરિસ્થિતિના કારણે સુખનો અનુભવ થાય તેમાં રાગ બંધાય છે, અને દુઃખનો અનુભવ થાય તેમાં દ્વેષની ભાવના જાગે છે. આવા સંસ્કારો દૃઢ બનતાં તેનું સ્વભાવમાં પરિણમન થાય છે અને આ સ્વભાવ મનુષ્ય પાસે રાગ યા દ્વેષમૂલક પ્રવૃત્તિ કરાવે છે.

વાસ્તવિક દૃષ્ટિએ તો આ જગતમાં કશુંયે દુઃખ-દાયક નથી તેમ કશું સુખદાયક પણ નથી. સુખ–દુઃખ આદિ દ્વંદ્વ એ તો માત્ર મનની કલ્પના છે. ભોજનપદાર્થોના સ્વાદની અસરથી હું મુક્ત રહ્યો છું એવું નથી, કારણ કે મારી સ્વાદેન્દ્રિય જડ નથી બની ગઈ, પણ એ પદાર્થો તેમજ તેના સ્વાદ પ્રત્યેના રાગ અગર દ્વેષની અસરથી હું મુક્ત રહી શકયો છું. તેથી જ મને લાગે છે કે ભોજનપદાર્થોની પ્રશંસા અગર નિંદા કરવાનો કોઈ અર્થ નથી.'

આમ ચર્ચા ચાલી રહી હતી તે વખતે રાજા અને તેની મંડળી ગંદા પાણીથી ભરેલી એક ખાઈ પાસેથી પસાર થઈ રહ્યા હતા. ખાઈના પાણીની અસહ્ય દુર્ગંધના કારણે સુબુદ્ધિ સિવાય અન્ય સૌએ રૂમાલ વડે પોતાનાં નાક દાબ્યાં.

ખાઈથી થોડે દૂર ગયા પછી રાજાએ વળી સુબુદ્ધિને પૂછ્યું : 'સુબુદ્ધિ! તમારી સ્વાદેન્દ્રિયમાં કદાચ દોષ નહિ હોય, પણ તમારી ઘ્રાણેન્દ્રિયમાં તો કશી ખામી હોવી જ જોઈએ. અમે સૌએ પેલી ખાઈના પાણીની દુર્ગંધ અનુભવી પણ તમને કશી અસર ન થઈ, તે પરથી લાગે છે કે રાગદ્વેષની ભાવનાથી મુક્ત રહેનાર માણસની ઈન્દ્રિયો કદાચ જડ બની જતી હશે.'

આછા સ્મિતપૂર્વક સુબુદ્ધિએ જવાબ આપતાં કહ્યું : 'રાજન્! રાગદ્વેષમાંથી સદંતર મુક્ત થઈ શકાતું નથી અને સદેહે આવી મુક્તિ શક્ય પણ નથી. તેમ છતાં, મર્યાદા બહારના રાગદ્વેષ ન થાય એ માટે માનવી સફળ રીતે જરૂર પ્રયત્ન કરી શકે છે. જેના રાગદ્વેષ અમુક મર્યાદામાં હોય તેની ઇન્દ્રિયો જડ બનવાને બદલે તાત્ત્વિક અને સાત્ત્વિક દૃષ્ટિએ ઊલટી વધુ સતેજ બને છે. યોગીજનોને પણ દિવ્ય સુગંધ આવે છે, તેથી જ કહેવાય છે કે ઘ્રાણેન્દ્રિય જીતવાનું કાર્ય સૌથી વધુ મુશ્કેલ છે. પ્રાણનો નિરોધ કરવો એ અઘરું કામ છે એટલે મારી ઘ્રાણેન્દ્રિય પર મેં સંપૂર્ણ કાબૂ મેળવ્યો છે એવો મારો દાવો નથી. આમ છતાં મારે એમ કહેવાનું છે કે, મન અને ઇન્દ્રિયોને ગમતા કે અણગમતા પદાર્થો પ્રાપ્ત થતાં તેમાં મનુષ્યે આસક્તિ કે દ્વેષભાવ ન કેળવતાં સમભાવે સહન કરવા જોઈએ. વસ્તુ કે પદાર્થના સાચા સ્વરૂપનો જેને ખ્યાલ હોય, તેને સુગંધ કે દુર્ગંધ કોઈ વિશેષ પ્રકારની અસર નથી ઉપજાવી શકતી. જેને વસ્તુના સ્વભાવનું જ્ઞાન ન હોય, તેને જ સુગંધ કે દુર્ગંધના

કારણે રાગદ્વેષ ઉત્પન્ન થાય છે. વસ્તુના સ્વભાવમાં પ્રિયપણું કે અપ્રિયપણું નથી અને તેથી જ કહેવાય છે કે—

'प्रियत्वं यत्र स्यात् तदितरमपि ग्राहकवशात्'

અર્થાત્ એક વસ્તુ પ્રિય લાગે કે અપ્રિય લાગે, તેનો આધાર ભોક્તા તેને કેવી રીતે ગ્રહણ કરે છે તેના ઉપર છે. મારા શયનગૃહમાં હું ચંપક પુષ્પ રાખું છું અને તે શયન-ગૃહને સુવાસિત રાખે છે, પણ ભ્રમર એ પુષ્પથી દૂર ભાગે છે. આમ સુખ-દુઃખ, રાગ-દ્વેષનો આધાર વસ્તુ કે પદાર્થ પર નહિ પણ મન તેને કેવી રીતે ગ્રહણ કરે છે તેની ઉપર રહે છે. જે પાણીની દુર્ગંધથી તમારાં સૌનાં માથાં દુઃખી આવ્યાં તે જ પાણી પર પ્રયોગ થતાં તે અમૃતમય પણ થઈ શકે છે. સરસમાં સરસ વસ્તુ સંયોગવશાત્ જેમ બગડી જાય છે, તેમ ખરાબમાં ખરાબ પરમાણુઓના સ્વભાવ અને સંયોગની વિચિત્રતાને કારણે સુધરી પણ જાય છે.'

સુબુદ્ધિની વાત સાંભળી રાજાએ કહ્યું: 'પેલી ખાઈના દુર્ગંધમય પાણીને અમૃતમય બનાવી શકો, તો પરિવર્તનના તમારા સિદ્ધાંતની વાત હું માની શકું, બાકી મોટી વાતોનો કશો અર્થ નથી.' રાજાની વાત સાંભળી સુબુદ્ધિએ પ્રત્યક્ષ પ્રયોગદ્વારા આ વાતની રાજાને ખાતરી કરાવી આપવાનો નિશ્ચય કર્યો.

તે પછી, સુબુદ્ધિએ કેટલાક કોરા ઘડાઓ મંગાવી તેમાં પેલી ખાઈનું ગંદુ પાણી બરાબર ગાળીને ભરાવી

મંગાવ્યું અને સાત દિવસ સુધી તે ઘડાઓમાં રાખ્યું. ત્યાર બાદ બીજા નવા ઘડાઓ મંગાવી પ્રથમની ક્રિયાનું પુનરાવર્તન કર્યું અને દરેક વખતે તેમાં તાજી રાખ નંખાવ્યા કરી, આમ સતત સાત અઠવાડિયાના પ્રયોગ પછી એ પાણીનો વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ સ્વચ્છ પાણી જેવો થયો. તે પછી પાણીને સ્વાદિષ્ટ બનાવવા અર્થે તેમાં સુગંધી વાળો, મોથ વગેરે ઉત્તમ પ્રકારનાં દ્રવ્યો નાખ્યાં. તે પછી, સુબુદ્ધિએ રાજા અને તેની મંડળીના સભ્યો માટે પોતાના નિવાસસ્થાને એક ભોજનસમારંભ ગોઠવ્યો. ભોજન વખતે પેલું સ્વાદિષ્ટ પાણી સૌને પીવા માટે આપ્યું. જીવનમાં કદી પણ ન પીધેલું એવું સ્વાદિષ્ટ પાણી પીતાં રાજા બોલી ઉઠ્યો: 'અરે, સુબુદ્ધિ! આટલું સ્વાદિષ્ટપાણી આપણા શહેરમાં કઈ જગ્યાએ મળી શકે છે?'

સુબુદ્ધિએ તરત જ ઉત્તર આપતાં કહ્યું: 'નામદાર! આ પાણી પેલી દુર્ગંધી ખાઈના પાણીનું જ રૂપાંતર છે. પ્રયોગ દ્વારા એ ખાઈનું પાણી આટલું ઉત્તમ બની ગયું. ધર્મશાસ્ત્રોમાં કહેલી વાતો વિજ્ઞાનશાસ્ત્રદ્વારા સિદ્ધ કરી શકાય છે. પણ તે માટે ભગીરથ પ્રયત્નોની જરૂર પડે છે.'

રાજાએ પ્રથમ તો સુબુદ્ધિની વાત ન માની, પણ પછી જ્યારે રાજાની અંગત દેખરેખ નીચે તેના વિશ્વાસુ માણસો પાસે આ પ્રયોગ કરી બતાવ્યો ત્યારે રાજાને ભારે અજાયબી થઈ. અગાઉ કરેલી સુબુદ્ધિની મશ્કરી માટે તેને પશ્ચાત્તાપ થયો, એટલે સુબુદ્ધિએ કહ્યું: 'રાજન્! વસ્તુમાત્ર પરિણમન-

શીલ છે એટલે રાગ અગર દ્વેષને પોષણ મળે એ રીતે કોઈ પણ વસ્તુ કે પદાર્થની પ્રશંસા કે નિંદા કરવી એ બંને અનુચિત છે. આ નિર્ભેળ સત્ય આપને સમજાવવા અર્થે તે દિવસ મેં ભોજનના પદાર્થોની પ્રશંસા ન કરી, તેમજ દુર્ગંધ મારતા પાણીને વખોડયું નહિ. વસ્તુના પર્યાયોનું યથાર્થ ભાન થતાં માણસની મમત્વબુદ્ધિનો નાશ થાય છે અને તેનામાં સમભાવ જાગે છે. આવો માનવી ગમે તેવા વિષમ પ્રસંગો અને પરિસ્થિતિ વચ્ચે પણ મગજની સમતુલા જાળવી શકે છે આ જગત અને સંસારમાં, રાગ અને દ્વેષ એ બંને જ વસ્તુ સકળ માનવજાત માટે બધા જ અનર્થોનું મૂળ છે. દ્વેષથી મુક્ત થવું એ ઓછું કઠિન છે, પણ રાગમાંથી મુક્તિ મેળવવી એ તો મહાભિનિષ્ક્રમણ જેવું અત્યંત કઠિન કાર્ય છે. નિર્મમ બનવું એ જ પરમ તત્ત્વ છે, કારણ કે તે સિવાય જ્ઞાન, ધ્યાન, વ્રત, સુખ, શીલ અને ઇન્દ્રિયનિરોધ પ્રાપ્ત થઈ શકતાં નથી. નિર્મોહીની દશા સામ્ય, સ્થિતપ્રજ્ઞ જેવી જ હોય છે.'

સુબુદ્ધિની શાંતિ, સ્થિરતા, ગંભીરતા અને મધ્યસ્થતા નિર્મમત્વને આભારી છે તે વાત જિતશત્રુ રાજાને બરાબર સમજાઈ ગઈ અને તેથી તેણે પણ જિનકથિત ગૃહસ્થ ધર્મનો સ્વીકાર કર્યો.

આ પ્રમાણે જિનકથિત ધર્મનું પાલન થોડાં વર્ષો સુધી કર્યા બાદ, જિતશત્રુ રાજાએ તેના પુત્ર અદીનકુમારને રાજ્યવહીવટ સોંપી, સુબુદ્ધિ સહિત પ્રવ્રજ્યા લીધી અને તપ-ત્યાગ-સંયમના માર્ગે સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયા.

# ૭. પ્રેમનું પરિબળ

ઘણાં વર્ષો અગાઉની આ વાત છે.

એ સમયે ચૈત્યવાસીઓ સાધુ-મુનિનાં કપડાં પહેરતા, દેરાસરમાં રહેતા, દ્રવ્ય રાખતા અને મુનિજીવનના વ્રતથી નિરપેક્ષ રહેતા. મુનિ સંપૂર્ણાનંદ પણ આવા એક સાધુ હતા અને વારાણસી નગરીના એક જૈન મંદિરમાં ચોમાસું રહ્યા હતા.

સંપૂર્ણાનંદ યુવાન અને ભારે તેજસ્વી હતા તેમજ જ્ઞાન અને બ્રહ્મચર્યના તેજથી દીપતા હતા. શહેરના અનેક સ્ત્રીપુરુષો તેમની પાસે આવતા. વારાણસીના રાજાના વયોવૃદ્ધ પ્રધાનમંત્રી સુબાહુ પણ આ મુનિને વાંદવા અવાર-નવાર આવતા.

વૃક્ષ પરનાં પાકાં ફળો પર પંખીઓની નજર અવશ્ય પડે છે, તેમ સંપૂર્ણાનંદ પર શહેરની એક રાજનર્તકીની નજર પડી. બપોરના સમયે ધર્માલાપ કરવાના બહાને તે સાધુ પાસે આવવા લાગી. પછી તો બંને વચ્ચેનો પરિચય વધ્યો. મંત્રી સુબાહુના કાને પણ આ વાત આવી.

એક દિવસ મધ્યાહ્નકાળે મંદિરના પાછળના ઓરડામાં નર્તકી, મુનિ સાથે ચર્ચા કરી રહી હતી. આસપાસ બીજું કોઈ ન હતું. આ વખતે ચર્ચામાંથી એક બીજા વચ્ચે ઠઠ્ઠા-

મશ્કરી શરૂ થયાં. બરોબર એ જ વખતે વયોવૃદ્ધ મંત્રી મુનિને વાંદવા અર્થે આવી ઊભા રહ્યા.

સ્ત્રીને અનેક સ્વરૂપો હોય છે અને આવશ્યકતાનુસાર પ્રસંગને અનુરૂપ સ્વરૂપ અભિવ્યક્ત કરવાની કળા પણ તેને હસ્તગત હોય છે. મંત્રીને એકાએક ત્યાં આવેલા જોઈ નર્તકીએ ભારે કુશળતાથી પોતાના મનોભાવ છુપાવી, બનાવટી ભાવો પ્રગટ કરીને અષ્ટાંગ યોગસાધનાના યમ-નિયમોની ચર્ચા શરૂ કરી દીધી. સંપૂર્ણાનંદમાં આ રીતે મનોભાવને છુપાવવાની કળા ન હતી, એટલે મંત્રીને જોઈને તે તો સ્તબ્ધ જ થઈ ગયો. સ્ત્રીના મોંના ભાવો જેમ કદી તેના અંતરના ભાવોની ચાડી ખાતા નથી તેમ પુરુષના મોંના, તેના મનના છૂપા ભાવોની ચાડી ખાધા વિના રહી શકતા નથી. તેથી જ પુરુષને રીઢા ગુનેગાર થતાં ઘણો લાંબો સમય લાગે છે. નર્તકી પછી તો ત્યાંથી તરત ચાલી ગઈ.

હૃદયમાં દુઃખ ભર્યું હોવા છતાં ઓઠ પર સ્મિત લાવવું એ જેટલું કઠિન છે, તેનાથી અધિક કઠિન કાર્ય જેને આપણે પૂજ્ય માનતા હોઈએ તેના દોષને નજરે જોયા છતાં, જાણે કાંઈ જોયું જ નથી એ રીતે વર્તવામાં છે. મંત્રી આ કાળમાં નિપુણ હતા. બધું જ સમજી ગયા હોવા છતાં, તે કાંઈ જ સમજ્યા નથી એવો સફળતાપૂર્વક દેખાવ કરી, મુનિને ભાવપૂર્વક ખમાસમણ દીધાં અને બે હાથ જોડી 'સ્વામી શાતા છે જી?' કહી પાછા જવાની રજા માગી.

મુનિરાજે શૂન્યમનસ્કથી માથું ધુણાવ્યું, પણ મંત્રી સામે જોવાની હિંમત ન ચાલી. પાપમાં પણ અદ્ભુત

શક્તિ રહેલી છે અને જે પ્રકારે અગ્નિ અગ્નિનું શમન કરી શકતો નથી, તે જ પ્રકારે પાપ પણ પાપનું શમન કરી શકતું નથી. મંત્રીની વંદનાની ક્રિયા જોઈ મુનિના મનમાં વિવેક જાગૃત થયો અને નર્તકી સાથેની બેહૂદી વાત અને વર્તન મંત્રીએ નજરોનજર જોયાં તે માટે શરમ, ભય અને ક્ષોભ અનુભવ્યાં. મંત્રી તો જોયેલું જાણે કશું જ જોયું નથી, અને સાંભળેલું જાણે કશું જ સાંભળ્યું નથી, એવો વર્તાવ રાખી નીકળ્યા, પણ મુનિને ભય લાગ્યો કે મંદિરમાંથી તેને કાઢી મૂકવામાં આવશે, અગર તો યતિવેશ ખેંચી લેવામાં આવશે.

મંત્રી ભોટ ન હતા પણ ભારે જ્ઞાની અને અનુભવી હતા. તે સમજતા હતા કે અન્ય પર ગુસ્સે થવું એ તો અન્યની ભૂલ માટે પોતાની જાત પર વેર લેવા બરોબર છે. કોઈ ખોટા માર્ગે જઈ રહ્યું હોય અને તેને સીધા રસ્તે લાવવો હોય તો તેની પર ક્રોધ કરીને અગર ઠપકો આપીને તેમ નથી કરી શકાતું. તે ખોટે રસ્તે જનાર સાથે પ્રેમ કેળવવો પડે છે અને પ્રેમ કરનારને અન્યના અન્યાય, અને અણઘડ ઉપાલંભને સહન કરવાની શક્તિ પણ કેળવવી પડે છે. 'અનિષ્ટનો પ્રતિકાર ન કરો પણ તેને સાચા માર્ગે લાવવામાં મદદ કરો' એ તેનો સિદ્ધાંત હતો.

આ વાત બન્યાને પાંચ-સાત દિવસો થયા, છતાં કોઈ ઊહાપોહ, નિંદા કે ઠપકાની વાત મુનિ પાસે આવી નહિ. માનવસ્વભાવ કેટલીક બાબતમાં એવો વિચિત્ર છે કે તે

ઝેર પચાવી જાય, પણ અન્યના દોષોને ગળી જવાનું તેના માટે શક્ય હોતું નથી. અન્યના દોષો જોવા, તેની નિંદા કરવી, અતિશયોક્તિ કરી નાના દોષોને મોટા સ્વરૂપમાં વર્ણવી બતાવવા, ન હોય તેવા દોષોનું અન્યમાં આરોપણ કરવું વગેરે બાબતમાં માનવજાતનો મોટો ભાગ ભારે કાબેલ અને હોંશિયાર હોય છે. પરંતુ આવી પદ્ધતિના કારણે દોષયુક્ત વ્યક્તિ કે દોષ જોનાર વ્યક્તિને કશો ફાયદો થતો નથી. જે મનુષ્ય કેવલ દોષ જુએ છે તે નીચ છે. જે ગુણ અને દોષ બંને જુએ છે તે મધ્યમ છે અને જે કેવલ ગુણ જુએ છે તે ઉત્તમ છે. કુટુમ્બ, સમાજ અને જીવનના વિવિધ ક્ષેત્રે જ્યાં જ્યાં દોષો અને સ્ખલનાઓના કિસ્સાઓ જોવામાં આવે, ત્યાં ત્યાં ધિક્કાર અને તિરસ્કારની દષ્ટિના બદલે દયા અને અનુકંપાની દષ્ટિ અપનાવવામાં આવે તો સંસારનાં મોટા ભાગનાં દુઃખોનો અંત આવી જાય. પરંતુ માનવસ્વભાવ એવો તો અવળચંડો છે કે સુખ પ્રાપ્ત કરવાની ઈચ્છા હોવા છતાં, મોટા ભાગના માનવી દુઃખ ઉત્પન્ન થાય એ રીતે જ જીવનવ્યવહારમાં વર્તે છે. ઝેરને પચાવવાની શક્તિ પ્રાપ્ત કર્યા વિના અમૃતરસનો સ્વાદ માણી શકાતો નથી, એ સરળ વાત અનેક યુગો પસાર થવા છતાં માનવજાત હજુ સમજી શકી નથી.

મુનિરાજના દોષિત વર્તન બાબતમાં મંત્રીએ જ્યારે કોઈને કશી વાત ન કરી, તેમજ કોઈ પ્રકારનું પગલું પણ ન લીધું, ત્યારે મુનિરાજના મનમાં પોતાના પાપ-કૃત્ય માટે પસ્તાવાનો પાર ન રહ્યો. પ્રકૃતિનો એક નિયમ

છે કે, કોઈ પણ માનવી દુષ્ટકર્મ કરે અગર પાપમય વિચાર કરે, તોપણ તેનું ફળ તેને વહેલે–મોડે મળ્યા વિના રહેતું નથી. પાપ પાછળ પશ્ચાત્તાપ આવે એવો કુદરતનો અવિચળ નિયમ છે. કોઈ લોકો આને કુદરતનો કાયદો કહે, કોઈ કર્મનો વિપાક કહે, કોઈ ઈશ્વરનો ન્યાય કહે અને કોઈ પ્રકૃતિનો નિયમ કહે પણ આ બધાંનો તાત્ત્વિક અર્થ એકસરખો છે. માણસ કદાચ સકળ જગતને છેતરવાની કળામાં પારંગત થઈ શકે, પણ તે પોતાના કર્મ-ફળમાંથી બચી શકવાની શક્તિ પ્રાપ્ત કરી શકતો નથી, પછી ભલેને એ વ્યક્તિ ચક્રવર્તી હોય કે તીર્થંકર હોય.

ચોમાસું પૂર્ણ થતાં ચૈત્યવાસી મુનિએ વિહાર કર્યો. મંત્રી દૂર સુધી તેને વળવવા ગયા. સુબાહુએ છૂટા પડતી વખતે નહિ સમજાતા એવા એક શ્લોકનો અર્થ સમજાવવા મુનિરાજને વિનંતિ કરી. તે શ્લોક આમ હતો:

‘ संसारोदधिनिस्तारपदवी न दवीयसी ।
अन्तरा दुस्तरा न स्युर्यदि रे मदिरेक्षणाः ॥ ’

મુનિ સંપૂર્ણાનંદે મંત્રીને શ્લોકનો અર્થ સમજાવતાં કહ્યું : ‘સંસારસમુદ્રમાં દુસ્તર એવી મદિરેક્ષણાઓ અર્થાત્ સ્ત્રીઓ ન હોય તો તેને તરવાનો માર્ગ કાંઈ દૂર નથી.’

આ શ્લોકનો અર્થ પૂછવા પાછળ મંત્રીનો આશય મુનિરાજથી છૂપો ન રહ્યો. કાણાને મોંએ કાણો કહ્યા સિવાય મંત્રી સુબાહુએ સાધુમાં ક્યાં કાણું હતું, તે આ શ્લોક દ્વારા આડકતરી રીતે સમજાવી દીધું હતું.

( ૨ )

આ વાત બની ગયા બાદ લગભગ દશેક વર્ષ પછી સુબાહુ મંત્રી એક વખત ગિરનારજીની યાત્રાએ ગયા. મધ્યાહ્નનો સમય હતો. મંત્રી ગિરનાર પરથી ડોળીમાં બેસી તળેટીમાં આવી રહ્યા હતા. માળીની પરબની જગ્યાએ મંત્રી વિસામો લેવા બેઠા હતા, એવામાં નીચેથી ઉપર જતા એક મુનિરાજ ત્યાં આવ્યા. મુનિરાજનું શરીર આમ તો હાડ-પિંજર જેવું હતું, પણ તેના મોં પર તપ અને ત્યાગનું દિવ્ય તેજ ચમકી રહ્યું હતું. મુનિરાજને જોતાં જ મંત્રીને થયું કે આ કોઈ પરિચિત સાધુ લાગે છે, પણ અગાઉ તેમને ક્યાં અને ક્યારે જોયેલા એ યાદ ન આવ્યું. મુનિરાજને વંદન કરી મંત્રીએ પૂછ્યું: 'ભગવંત! આપનાં દર્શન આ અગાઉ કર્યાં છે, પણ ક્યાં અને ક્યારે તેનું વિસ્મરણ થઈ ગયું છે. આપના ગુરુ અને આપનું નામ આપશો તો તરત ખ્યાલ આવી જશે.'

સુબાહુની વાત સાંભળી આછું સ્મિત કરી મુનિરાજે કહ્યું: 'મહાનુભાવ! લગભગ દશ વર્ષ પહેલાં યતિધર્મની દીક્ષામાં હું આપના શહેરમાં ચોમાસું રહેલો અને એક પ્રસંગે આપ મને વંદન કરવા આવેલા, ત્યારે મારી જાતને લાંછન લાગે તેવી ક્રિયામાં હું મગ્ન થઈ બેઠો હતો. મારું દુષ્કૃત આપે નજરોનજર જોયું, પણ તે સંબંધમાં યોગ્ય શિક્ષા કરવાને બદલે આપે મારા પ્રત્યે અપાર પ્રેમ અને અપૂર્વ ભક્તિ દાખવ્યાં. તેથી મારી શિથિલતાનો મને ભારે પશ્ચાત્તાપ

થયો અને યતિધર્મની દીક્ષા છોડી મેં પંચમહાવ્રતનો સાધુ-ધર્મ અંગીકાર કર્યો. તમારા પ્રેમ અને ભક્તિએ મને પતનના માર્ગે જતાં અટકાવ્યો, એટલે ભાવદૃષ્ટિએ તો તમે જ મારા ગુરુ છો.'

મંત્રીને દશ વર્ષ પહેલાંનો આ મુનિરાજ અંગેનો પ્રસંગ યાદ આવ્યો અને કહ્યું: 'દુનિયામાં માણસ એકવાર ગુનો કરવાથી કાંઈ હંમેશને માટે શાપિત બની જતો નથી. આ જગતમાં તો ચોરી કરતાં પકડાય એ ચોર અને ચાલાકીથી છૂટી જાય એ શાહ. જીવનમાં ભૂલો તો બધાની થાય છે, પણ માનવહૃદય પરિવર્તનશીલ છે. આજે જેને એક વાતથી તૃપ્તિ થાય છે, તેને કાલે એ જ વાતનો અણગમો જાગે છે. સમુદ્રનો ભરતી–ઓટનો નિયમ માનવહૃદયને પણ લાગુ પડે છે. જ્ઞાની અને વિવેકીને ભૂલનું ભાન થતાં તેમાંથી પાછો ફરી જાય છે, ત્યારે અજ્ઞાની પતનના માર્ગે આગળ ને આગળ વધતો જાય છે. પરંતુ જીવનમાં એક વાતની તો મને ખાતરી થઈ ગઈ છે કે, પંથભૂલેલા માનવને સાચા રસ્તે દોરવા માટે માત્ર ઉપદેશ કે ઠપકો ભાગ્યે જ મદદ-રૂપ થાય છે. આ માટે જરૂર છે વિશુદ્ધ પ્રેમ અને પવિત્ર સદ્ભાવની.'

મંત્રીએ પોતાની પાછલી જીવનકથની કહેતાં કહ્યું: 'યૌવન અવસ્થામાં ઉન્માદ અને ઉન્માર્ગના પંથે હું જઈ રહ્યો હતો. મારી પત્ની સિવાય ઘરની એકેએક વ્યક્તિ મારા પ્રત્યે ઘૃણા અને તિરસ્કાર સેવતી. મારી પત્ની મારા બધા દોષો શાન્તિપૂર્વક સહી લેતી. એક દિવસે તે એકાએક

ભયંકર માંદી પડી ગઈ. જીવનની અંતિમ પળે મને તેણે પાસે બોલાવી કહ્યું : 'સ્થૂલ દેહદૃષ્ટિએ આપણો વિયોગ થવાની પળ આવી ગઈ છે, પણ મૃત્યુ પામીશ એટલે સદાને માટે તમારાથી દૂર થઈશ એમ માનવાની ભૂલ ન કરતા. જે જન્મે છે, તે અવશ્ય મૃત્યુ પામે છે, પણ પ્રેમ તો અમર્ત્ય છે, તેનું કદાપિ મૃત્યુ થતું નથી.''

મુનિરાજે સુબાહુને પૂછ્યું : 'પ્રેમ અમર્ત્ય છે તો પછી પ્રેમને આંધળો શા માટે કહેવામાં આવે છે?'

સુબાહુએ કહ્યું : 'હું હવે એ જ વાત પર આવું છું. મારી પત્નીની વાત સાંભળી હું વિસ્મિત થયો અને મેં તેને પૂછ્યું : 'મારા જેવા દુષ્ટ અને અધમ પતિ પ્રત્યે તિરસ્કાર અને દ્વેષ થવાને બદલે તારામાં એવું કયું તત્ત્વ છે કે જે તને તારા મરણ પછી પણ મારો સંગાથ છોડાવી શકતું નથી!'

જીવનની અંતિમ પળે પણ મારી વાત સાંભળી તેને હસવું આવ્યું અને કહ્યું : ''જ્ઞાનીઓએ તેથી જ પ્રેમને અંધ કહ્યો છે. પ્રેમ એક એવું અદ્‌ભુત તત્ત્વ છે કે જેમાં પ્રેમપાત્રના દોષ કદી જોઈ શકાતા જ નથી. પ્રેમનો અર્થ જ સમર્પણ. પ્રેમ જો નિરપેક્ષ અને શ્રદ્ધેય હોય તો દોષવાળા માણસ પર પણ પ્રેમ થાય છે. મને આવા પ્રેમની અનુભૂતિ થઈ છે અને મરતાં મરતાં એ તત્ત્વનો વારસો મારી સ્મૃતિરૂપે તમને સોંપતી જાઉં છું.'' આ વાત પૂરી થઈ કે આછા સ્મિતપૂર્વક તેણે પોતાનો ક્ષણભંગુર દેહ છોડ્યો.'

વાત કરતાં કરતાં ગળગળા થઈ મંત્રીએ કહ્યું : 'મુનિરાજ! મૃત્યુ કરતાંયે પ્રેમમાં વધુ શક્તિ અને બળ

રહ્યાં છે, એ વસ્તુનું ભાન મને મારી પત્નીના મરણ બાદ થયું. ઘણાં વર્ષો પહેલાં તે મૃત્યુ પામી છતાં આજ પણ તેના આત્માનું મારા આત્મા સાથે ઐક્ય હું અનુભવી રહ્યો છું. પ્રેમનો શું આ જેવોતેવો પ્રભાવ છે?'

'હવે તો મને ખાતરી થઈ ગઈ છે કે, આ જગતમાં વધુમાં વધુ મહત્ત્વની કોઈ વસ્તુ કુદરત તરફથી માનવજાતને બક્ષિસ મળી હોય તો તે પ્રેમ છે. સંસારનો કોઈ પણ માનવ સંપૂર્ણતઃ પાપી નથી કે સંત પણ નથી. આ જગત અને અનંતતા વચ્ચેની, દુઃખ અને સુખ વચ્ચેની, ગુણ અને દોષ વચ્ચેની સીમારેખા પણ એક પ્રકારની પુણ્ય અને પાપની નાટિકા જેવી છે. જગતનો કયો માનવી પોતાના હૃદય પર હાથ મૂકી કહી શકશે કે તે મન, વચન અને કાયાથી સંપૂર્ણતઃ નિષ્પાપી છે? માનવમાત્ર ગુણો અને દોષોનો ભંડાર છે એટલે દોષિત માનવી ધિક્કાર કે તિરસ્કારને પાત્ર નહિ પણ પ્રેમ, સહાનુભૂતિ અને મદદનો અધિકારી છે. પાપ પ્રત્યે ભલે ઘૃણા કે તિરસ્કાર આવે, પણ પાપી પ્રત્યે તો પ્રેમ, લાગણી, દયા અને અનુકંપા જ શોભે.'

વૃક્ષ જેમ વર્ષાનાં બિંદુ પચાવે, તેમ મુનિરાજ પણ મંત્રીની વાણી પચાવી રહ્યા હતા. આખરે મુનિરાજે સુબાહુ મંત્રીને કહ્યું: 'મારા ગુરુદેવ એક વખત મને 'પ્રત્યેક પાપમાં પણ પુણ્યનાં બીજ હોઈ શકે છે' એ પાઠ સમજાવતા હતા, પણ તે દિવસે હું એ પાઠ સમજી શકેલો નહિ. આજે આ વાત મને બરોબર સમજાઈ ગઈ અને તે માટે આપને જેટલા ધન્યવાદ આપું તેટલા ઓછા છે.'

તે પછી, મંત્રી ડોળીમાં બેસી નીચે ઊતરવા લાગ્યા અને મુનિરાજ ગિરનારનો પહાડ ચઢવા લાગ્યા.

# ૮. યુદ્ધ અને શાંતિ

મિથિલાનરેશ નમિરાજે સુદર્શનપુરના રાજવી ચંદ્ર-યશાની સામે યુદ્ધ જાહેર કર્યું. આ વાત જ્યારે વયોવૃદ્ધ સાધ્વી શ્રી. સુવ્રતાએ જાણી ત્યારે તેને ભારે આઘાત લાગ્યો. યુદ્ધનું નિમિત્ત તો ક્ષુલ્લક હતું. મિથિલા રાજ્યના હસ્તિદળનો એક સુંદર સફેદ સોહામણો હાથી, તોફાને ચડી સુદર્શનપુર રાજ્યની હદમાં નાસી ગયો અને સુદર્શનપુરના સૈનિકોએ તેને પકડી રાજ્યની ગજશાળામાં રાખી લીધો. નમિરાજે પોતાનો હાથી પાછો મોકલી આપવા ચંદ્રયશાને જણાવ્યું, પણ તેણે તેમ કરવા ના પાડી, પરિણામે બંને રાજ્યો વચ્ચે યુદ્ધના ગણેશ મંડાયા. મોટાભાગે યુદ્ધનાં કારણ નજીવાં હોય છે, પણ તેનાં પરિણામ ખતરનાક આવે છે.

સામાન્ય રીતે ત્યાગધર્મ સ્વીકાર્યા પછી સાધુ અને સાધ્વીઓ માધ્યસ્થ્યભાવ રાખી આવી બાબતોથી દૂર રહે છે, પણ આ યુદ્ધમાં સામેલ થયેલા બંને પક્ષો પ્રત્યે પોતાની ખાસ ફરજ રહેલી છે, એમ સુવ્રતા સાધ્વી માનતાં હતાં. તેથી જ યુદ્ધની શરૂઆત થતાં પહેલાં બંને રાજ્યોના રાજવીઓને પોતાની પાસે બોલાવીને કહ્યું: 'મહાનુભાવો! अहं અને मम અર્થાત્ કોઈ પણ વસ્તુ પર મારાપણાનું આરોપણ કરવાથી જીવ બંધાય છે. नाहं, न मम અર્થાત્

'મારું કાંઈ નથી' એ જાતના નિર્મમત્વ ભાવથી જીવ મુક્ત-દશાનો અનુભવ કરે છે. આમ છતાં તમો બંનેને મેં ઉપદેશ આપવા અર્થે અત્રે બોલાવ્યા નથી, પરંતુ તમારા બંને વચ્ચેના યુદ્ધની શરૂઆત થતાં પહેલાં કેટલીક મહત્ત્વની હકીકત મારે તમને કહેવાની છે, જે ન કહું તો આ યુદ્ધ નિમિત્તે થનાર હિંસામાં હું પણ જવાબદાર બની જાઉં.

આ રીતે ચર્ચાની પૂર્વભૂમિકા સમજાવ્યા બાદ સાધ્વીજીએ ગંભીર વદને વાત શરૂ કરતાં કહ્યું: 'કેટલાંક વર્ષો પૂર્વે સુદર્શનપુરમાં મણિરથ નામે રાજા રાજ્ય કરતો હતો. તેના નાના ભાઈ યુગબાહુને મદનરેખા નામે સ્વરૂપવાન પત્ની હતી. અતિરૂપ ઘણીવાર સ્ત્રીઓ માટે આશીર્વાદરૂપ બનવાને બદલે શાપરૂપ બની જાય છે. મદનરેખાના રૂપ પર મણિરથ રાજા મોહી પડ્યો અને તેને પ્રાપ્ત કરી ભ્રષ્ટ કરવા પોતાના નાના ભાઈ યુગબાહુની હત્યા કરી.'

'યુગબાહુને સમાધિમરણ પ્રાપ્ત થાય એ અર્થે મદનરેખાએ એ પ્રસંગે અપૂર્વ શાંતિ રાખી પોતાના પતિને ધર્મારાધના કરાવતાં કહ્યું: 'હે નાથ! તમે સમસ્ત જીવોને એકસમાન જાણો અને મમત્વને છોડી નિમર્મત્વનું ચિંતન કરો. મનનાં તમામ શલ્યોને દૂર કરો, આત્મા જ આત્માનો મિત્ર છે, આત્મા જ આત્માનો શત્રુ છે, અન્ય કોઈ નથી એ ભાવને મનમાં ધારણ કરો. આ સંસારરૂપી સમુદ્રમાં ભ્રમણ કરતાં કરતાં મનુષ્યોને જેટલા સંબંધો થાય છે તે બધા જ આપદા-દુ:ખોનાં ઘર છે. કારણ કે અંતમાં તો આ બધા સંબંધો નીરસ બની જાય છે એટલે આવા બધા સંબંધો માત્ર ભ્રમ છે.'

'મહાનુભાવો!' સાધ્વીજીએ કહ્યું: 'આ રીતે યુગબાહુ શુભ ભાવના ભાવતો મૃત્યુ પામ્યો. એ વખતે મદનરેખાના ગર્ભમાં બાળક હતું, એટલે પોતાના શીલની રક્ષા અર્થે ત્રણ વર્ષના બાળકને ત્યાં જ રહેવા દઈ તે જંગલના માર્ગે નાસી ગઈ.'

'જંગલના માર્ગે પસાર થતાં મદનરેખાને વચમાં જ પ્રસૂતિ થઈ અને તેણે એક સુંદર બાળકને જન્મ આપ્યો. પ્રસૂતિ પછી બાળકને ઝાડની છાયા નીચે રાખી મદનરેખા સરોવરમાં કપડાં સ્વચ્છ કરવા ગઈ. તેવામાં ત્યાં પાણી પીતા એક હસ્તિએ પોતાની સૂંઢ વડે મદનરેખાને ઉપાડી આકાશમાં ફેંકી અને ભવિતવ્યતાના યોગે એક વિદ્યાધર જે ત્યાંથી પસાર થતો હતો તેણે તેને ઝીલી લીધી. એ વિદ્યાધર ચાર જ્ઞાનના સ્વામી એવા એક ભવ્ય મુનિરાજને વાંદવા જતો હતો. તે મદનરેખાને પણ પોતાની સાથે લઈ ગયો. મુનિરાજ પાસે પહોંચ્યા પછી, તેમની દૃષ્ટિ જેવી મદનરેખા પર પડી કે તરત જ તેના જીવનનો સવિસ્તર ઈતિહાસ તેના જાણવામાં આવી ગયો.

'મદનરેખાએ વંદનક્રિયા કરી પોતાનાં બંને બાળકોની માહિતી પૂછી, એટલે મુનિરાજે કહ્યું: 'જે રાત્રે તેં મહેલનો ત્યાગ કર્યો, તે જ રાત્રે મણિરથ રાજાને સર્પદંશ થયો અને મરણ પામી તેનો જીવ તેના પાપનું ફળ ભોગવવા ચોથી નારકીમાં ગયો. પ્રભાતમાં મણિરથ અને યુગબાહુના દેહનો અગ્નિસંસ્કાર કર્યા બાદ તારા ત્રણ વર્ષના

બાળકને રાજતિલક કરવામાં આવ્યું અને તેના વતી પ્રધાન-મંડળ અત્યારે રાજ્યનો કારભાર ચલાવે છે. બીજો પુત્ર જે ઝાડની છાયા નીચે હતો, તેને શિકાર કરવા ગયેલા એક મહાન રાજવીએ ઊંચકી લઈ તેની રાણીને કશું સંતાન ન હતું, તેથી પોતાને પુત્ર જન્મ્યો છે એવી વાત ફેલાવી અને રાણી ખરેખર તે બાળકની માતા બની ગઈ છે.''

'તે પછી મદનરેખાએ અકાળે અવસાન પામેલા પોતાના પતિની શી ગતિ થઈ હશે, તે વિષે પૂછ્યું. મુનિરાજ તેનો જવાબ આપવા જતા હતા, તેવામાં એક મહાતેજસ્વી દેવ ત્યાં આવ્યો અને મદનરેખાને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક નમસ્કાર કરી, પછી મુનિરાજને વંદના કરીને બેઠો. દેવનો આવો વિચિત્ર વંદનવ્યવહાર જોઈ મદનરેખા તો સ્તબ્ધ બની ગઈ અને તેની સાથેના વિદ્યાધરે તો દેવના નમસ્કારની આવી વિચિત્ર વિધિ જોઈ પૂછ્યું: 'હે દેવ! તમે સમગ્ર સાધુગુણોથી સહિત અને સર્વથા દોષોથી રહિત એવા મુનિરાજને મૂકી આ સ્ત્રીને કેમ પ્રથમ વંદન કર્યું?

'દેવ જવાબ આપે તે પહેલાં જ મુનિરાજે આ વાતનો ખુલાસો કરતાં કહ્યું: 'સાધુ અથવા ગૃહસ્થો જેણે કોઈએ જેને શુદ્ધધર્મમાં સ્થાપન કર્યો હોય, તે જ ધર્મ પમાડવાથી તેનો ધર્મગુરુ બને છે. એટલે દેવે આ સ્ત્રીને પ્રથમ નમસ્કાર કર્યો તેમાં કશું અયોગ્ય નથી, કારણ કે આ દેવનો જીવ પૂર્વભવમાં યુગબાહુ નામે તેનો પતિ હતો અને મૃત્યુ વખતે આ જ સતી સ્ત્રીએ તેના પતિને અપૂર્વ ધર્મારાધના કરાવી હતી

તેથી જ તે બ્રહ્મદેવલોકમાં દશ સાગરોપમના આયુષ્યવાળો ઇન્દ્રનો સામાનિક દેવ થયો છે.

'મુનિરાજની વાણી સાંભળી મદનરેખા કંપી ઊઠી અને ત્યાં જ મૂર્ચ્છા પામી. યોગ્ય ઉપચાર પછી મૂર્ચ્છામાંથી જાગૃત થતાં તે વિચારવા લાગી, અહો ! આ સંસારના સંબંધો કેવા ક્ષણિક અને અર્થહીન છે ! એક ક્ષણ માત્રનો પણ મારો વિયોગ જે પુરુષને અસહ્ય અને ત્રાસરૂપ બની જતો, તે પુરુષ અને મારી વચ્ચે હવે કશો જ સંબંધ ન રહ્યો.'

મુનિરાજ મદનરેખાની મનઃસ્થિતિ સમજી ગયા એટલે તેને આશ્વાસન આપતાં કહ્યું : 'મદનરેખા ! આ સંસારમાં પ્રાણીની માતા મરીને પુત્રી થઈ જાય છે અને બહેન મરીને પત્ની બની જાય છે, અને પાછી તે સ્ત્રી મરીને તેની પુત્રીપણે ઉત્પન્ન થાય છે આ પ્રમાણે પર્યાયો અને સંબંધોનું પરિવર્તન થતું જ રહે છે. આ જીવ સંસારમાં અનેક રૂપોને ધારણ કરે છે અને અનેક રૂપોને છોડે છે. જેવી રીતે નૃત્યના રંગમંચ ઉપર નૃત્ય કરનાર ભિન્ન ભિન્ન સ્વાંગ ધારણ કરે છે, તેવી જ રીતે આ જીવ નિરંતર ભિન્ન ભિન્ન શરીરને ધારણ કરતો રહે છે. આ જગતમાં જે જે જડ અને ચેતન પદાર્થો સાથે આ પ્રાણીને સંબંધો બંધાયા છે, તે બધા બધે ઠેકાણે પોતપોતાના સ્વરૂપે ભિન્ન ભિન્ન છે, આત્મા તો સર્વથી ન્યારો-જૂદો છે. જ્ઞાની માણસ આ જગતમાં પુત્ર, પિતા, પત્ની, માતા વગેરે અન્ય આત્માઓથી પોતાની પોતાની જાતને જૂદી નિહાળે છે, તેઓમાં એકપણાની-અભિન્નપણાની ભાવના કદાપિ નથી કરતો.'

પછી તો સમગ્ર પરિસ્થિતિ પર વિચારતાં મદનરેખાને પણ ખાતરી થઈ ગઈ કે, આત્માથી ભિન્ન એવા તમામ પદાર્થો માત્ર સંયોગજન્ય હોઈ ક્ષણિક, અનિત્ય અને નાશવંત છે, અને તેથી પરિણામે દુઃખરૂપ જ થઈ પડે છે. જ્યાં અને જેના વિષે સુખની કલ્પના કરી હોય, ત્યાંથી જ દુઃખ, વ્યાધિ અને આપત્તિ ઊભાં થતાં જોવામાં આવે છે. પછી તો મદનરેખા સંસારની અસારતા સમજી ગઈ અને તેણે ત્યાગધર્મ સ્વીકારી દીક્ષા લઈ લીધી.' સાધ્વીજી વાત કરતાં ગળગળા થઈ ગયાં અને ચંદ્રયશા તેમજ નમિરાજનું હૃદય પણ દ્રવી ઊઠ્યું. સાધ્વીજીએ અંતે વાતનો સ્ફોટ કરતાં દયાર્દ્ર સ્વરે કહ્યું: 'આ હકીકતની કરુણતા તો એમાં છે કે, આ સાધ્વીજી અને તેના સંસારી જીવનના બંને પુત્રો અન્ય કોઈ નહિ, પણ અહીં બેઠેલાં આપણે ત્રણે જણાં છીએ.' નમિરાજ તરફ દૃષ્ટિ કરી સાધ્વીજીએ કહ્યું: 'તું બાળક હતો, ત્યારે તને જંગલમાંથી તારા કહેવાતા પિતા પદ્મરથ રાજાએ તને ઊંચકી લીધો હતો, એટલે એક જ માતાની કૂખે અને એક જ પિતાથી ઉત્પન્ન થયેલા તમે બંને ભાઈઓ વચ્ચેનું યુદ્ધ જોઈને મારા અંતરમાં થતી વેદનાનો ખ્યાલ કરવાનું તમારા પર છોડું છું.'

સાધ્વીજીની વાત પૂરી થતાં બંને ભાઈઓને ધરતીકંપ જેવો આંચકો લાગ્યો અને નમિરાજ ઊભા થઈ મોટા ભાઈના પગમાં પડવા લાગ્યા, પણ તેને તેમ કરતાં અટકાવી ચંદ્રયશાએ તેને બાથમાં લઈ લીધો અને બંનેની આંખોમાંથી હર્ષની અશ્રુધારા વહેવા લાગી. આ દૃશ્ય જોતાં સાધ્વીજીનું

હૃદય પુલકિત બની ગયું અને યુદ્ધનાં વાદળ વિખરાઈ ગયાં. સંસારનું વિચિત્ર સ્વરૂપ સમજાતાં ચંદ્રયશાને તીવ્ર વૈરાગ્ય જાગ્યો અને નમિરાજને રાજ્ય સોંપી તેણે દીક્ષા લીધી.

નમિરાજ હવે મહાન રાજવી ગઈ ગયા. તેના રાજ્યનો વિસ્તાર જેમ વધ્યો, તેમ તેના વૈભવ અને વિલાસ પણ વધ્યા. એક હજાર આઠ રાણીઓના તેઓ સ્વામી થયા. આમ છતાં જ્યાં ભોગોનાં સાધનો અને સામગ્રી વધુ હોય ત્યાં રોગોનું પ્રમાણ પણ વધુ હોય છે.

નમિરાજના શરીરમાં એક દિવસ દુસ્સહ દાહજ્વર ઉત્પન્ન થયો. રાહુ જેમ ચંદ્રને પીડે તેમ આ વ્યાધિ નમિરાજને પીડવા લાગ્યો. ચંદનના લેપથી રાજાને કાંઈક શાંતિ મળી, એટલે બધી રાણીઓ જાતે ચંદન ઘસવા લાગી. રાણીઓના હાથમાં કંકણોના કારણે અવાજ થતો હતો, અને નમિરાજને તે અસહ્ય લાગ્યો. રાણીઓએ સૌભાગ્યના ચિહ્નરૂપ એકેક કંકણ રાખી બાકીના તમામ કાઢી નાખ્યાં, એટલે અવાજ બંધ થયો.

નમિરાજે જ્યારે જાણ્યું કે માત્ર એક કંકણ હોવાથી અવાજ બંધ થયો, ત્યારે તેને વિચાર આવ્યો કે દુઃખનું મૂળ સંગમાં છે. संजोगमूला जीवेण, पत्ता दुक्खपरंपरा— અર્થાત્ નાશ પામનારી વસ્તુઓનો સંયોગ જ દુઃખરૂપ વૃક્ષનું મૂળ છે એ વાત સમજાતાં તેને ખાતરી થઈ કે આત્મા પોતે એકલો જ સ્વર્ગમાં જાય છે, પોતે એકલો નરકમાં જાય છે, પોતે જ કર્મોને બાંધે છે અને પોતે જ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષમાં જાય છે.

હવે નમિરાજનો વ્યાધિ શાંત થઈ ગયો. બીજા દિવસે સવારે તેઓ ત્યાગ–તપ–સંયમનો માર્ગ સ્વીકારી મહેલમાંથી ચાલી નીકળ્યા. ઉત્પન્ન થયેલો ઉપાધિયોગ સમાધિયોગનું નિમિત્ત બની ગયો.

નમિરાજ શહેરના રાજમાર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા અને મિથિલા નગરીના હજારો નાગરિકો આંખમાં અશ્રુધારા સાથે આ અદ્ભુત દૃશ્ય જોઈ રહ્યા હતા. એ વખતે, ઇન્દ્રે એક બ્રાહ્મણના વેષમાં ત્યાં આવી નમિરાજની કસોટી કરતાં પૂછ્યું : 'રાજન્! જે રાજાઓ તમને નમતા નથી તેમના પર પ્રથમ જીત મેળવો અને પછી ત્યાગધર્મ અપનાવો તો જ તે શોભી શકે; બાકી આપ બાહ્ય દુશ્મનો પર વિજય મેળવ્યા સિવાય આંતરિક દુશ્મનોનો કઈ રીતે પરાજય કરી શકશો ?'

બ્રાહ્મણની વાત સાંભળી નમિરાજ મુક્તકંઠે હસી પડયા અને કહ્યું: 'બાહ્ય યુદ્ધના વિજયનો આનંદ પોકળ અને ક્ષણિક હોય છે, કારણ કે એવા મેળવેલા વિજયો પણ અંતે તો પરિતાપ ઉપજાવે છે, એમ મેં જાતે અનુભવ્યું છે. જ્ઞાનીઓએ તેથી જ સ્પષ્ટરીતે કહી દીધું છે કે, 'હે ભાઈ! તારી જાત સાથે જ યુદ્ધ કર. બહાર યુદ્ધ કરવાથી શું ? યુદ્ધને યોગ્ય એના જેવી બીજી વસ્તુ મળવી દુર્લભ છે.'

લોકો ઇન્દ્ર અને નમિરાજ વચ્ચેનો વાર્તાલાપ એકચિત્તે સાંભળી રહ્યા હતા. નમિરાજનો આવો ઉત્તર સાંભળી બ્રાહ્મણે

પોતાનું નકલી રૂપ છોડી ઇન્દ્રરૂપ ધારણ કરી નમિરાજની સ્તુતિ કરી અને એ દૃશ્ય લોકો અનિમેષ દૃષ્ટિએ નિહાળી રહ્યા.

તમામ સંસારી જીવો જેઓ એક કે બીજા પ્રકારે કર્મથી સંયુક્ત છે, તેઓના માટે સંસાર એક પ્રકારનું યુદ્ધ છે. આ યુદ્ધમાં જે મહામાનવ સાવધાનીપૂર્વક લડી લે છે, તે એવા સાચા યુદ્ધને અંતે વિજય મેળવી અખંડ શાંતિ-મુક્તિ પ્રાપ્ત કરી લે છે. આવા યુદ્ધો શત્રુઓ સાથે લડવાનાં હોતાં નથી, એ તો માનવે પોતે પોતાની જાત સાથે જ લડી લેવાનાં હોય છે. તેથી જ શાસ્ત્રોએ સ્પષ્ટ રીતે કહી દીધું કે : अप्पाणमेवमप्पाणं जइत्ता सुहमेहए–અર્થાત્ જાતે જ પોતાની જાત ઉપર વિજય મેળવનાર મનુષ્ય સુખ પામે છે.

નમિરાજે પણ ત્યાગ–તપ–સંયમને પંથે પડી શાશ્વત શાંતિ–મુક્તિ મેળવી લીધી.

## ૯. ભાઇ-બ્હેન

પ્રતિષ્ઠાનપુર નગરમાં મકરધ્વજ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને સંતાનમાં પરમસુખ નામે પુત્ર અને રૂપવતી નામની એક પુત્રી હતી. પરમસુખનાં લગ્ન જુદા જુદા રાજ્યોની બત્રીશ રાજકન્યાઓ સાથે કર્યાં હતાં અને રાજા તેમજ પ્રજા વચ્ચે સુમેળ હતો.

પરમસુખે એક વખત પોતાની નગરીમાં ઈન્દ્રમહોત્સવ જોયો લોકો ઉત્સાહપૂર્વક શ્રુતકેવલીની દેશના સાંભળવા જતા હતા, અને સૌની સાથે પરમસુખ પણ જોડાયો અને દેશના સાંભળવા ગયો.

શ્રુતકેવલીનો વૈરાગ્યયુક્ત અદ્ભુત ઉપદેશ સાંભળી પરમસુખને સંસારના સાચા સ્વરૂપની ઝાંખી થઈ, અને ભૌતિક સુખો પરથી તેનું મન ઊઠી ગયું. રૂપ, યૌવન, સત્તા, અધિકાર, પત્નીઓ, રાજપાટ અને તમામ વસ્તુઓ તેને ક્ષણભંગુર અને નાશવંત ભાસવા લાગી. તે વિચારવા લાગ્યો કે આ બધી વસ્તુઓને છોડી એક દિવસ અવશ્ય જવાનું છે, અગર પુણ્યનું પલ્લું પલટે તો જીવન દરમિયાન પણ આ બધી વસ્તુઓ જતી રહે એવી છે.

પરમસુખનું ભૌતિક પરમ સુખ હવે વિલીન થઈ ગયું એટલું જ નહિ પણ શ્રુતકેવલીના ઉપદેશ અનુસાર સંસારનાં

આ બધાં કહેવાતાં સુખો જતાં રહે, અગર છોડીને ચાલી જાય તે પહેલાં ત્યાગ અને સંયમના માર્ગે જવાનો તેણે દૃઢ નિશ્ચય કર્યો. માતા, પિતા, ભગિની અને પત્નીઓએ તેને સમજાવવા બહુ પ્રયત્નો કર્યા, પણ તેના વૈરાગ્યનો રંગ પાકો હતો, તેથી પોતાના નિશ્ચયમાં તે દૃઢ રહ્યો અને ગુરુદેવ પાસે જઈ દીક્ષા અંગીકાર કરી.

સંયમ અને તપના કારણે પરમસુખ મુનિના દેહની કાંતિ વધી ગઈ. વિહાર કરતાં કરતાં એક વખત તેઓ ત્રંબાવતી નગરીમાં આવી પહોંચ્યા. એક દિવસ મધ્યાહ્ન કાળે વૈશાખ માસના પ્રચંડ તાપમાં તેઓ એક શ્રેષ્ઠીની હવેલી નીચેથી ગોચરી અર્થે પસાર થતા હતા, ત્યારે ઉપરથી યુવાન શેઠાણીનું ધ્યાન મુનિરાજ પર પડયું. શેઠાણી યુવાન હતાં અને પતિરાજ ધન-ઉપાર્જન અર્થે પરદેશમાં વિચરતા હતા. મુનિરાજનું સુદૃઢ શરીર અને અપૂર્વ કાંતિ જોઈ તેના મનમાં કામનો ભયંકર આવેગ ઉત્પન્ન થયો અને પોતાની દાસીને મોકલી મુનિરાજને વહોરવા અર્થે ઉપર બોલાવ્યા. પરસેવાથી રેબઝેબ થયેલા કપડે મુનિરાજે 'ધર્મલાભ' કહી જેવો પ્રવેશ કર્યો કે શેઠાણી બોલી ઊઠયાં : 'માત્ર ધર્મના લાભથી મને સંતોષ નહિ થાય, મુનિરાજ! મને તો તમારા કંચનવર્ણા દેહના લાભની પણ જરૂર છે.'

વાસનાભૂખી સ્ત્રીનું માનસ સમજતાં મુનિરાજ તરત ચેતી ગયા અને ગોચરી લીધા સિવાય તરત ત્યાંથી પાછા ફર્યા. શેઠાણીએ લાજ-મર્યાદા છોડી મુનિરાજનો રસ્તો રોકી

લીધો અને જતાં અટકાવ્યા. માનવીના દેહમાં રોમે રોમે રોગો ભર્યા છે, પણ તમામ રોગોમાં કામરોગ સૌથી વધુ ભયંકર છે. સ્ત્રી કે પુરુષ પર જ્યારે કામરોગના દર્દનો હુમલો થાય છે ત્યારે તેની માનવતાનો લોપ થઈ જાય છે.

મુનિરાજે તેને ઉપદેશ આપ્યો, પણ જેની રગે રગે કામનું ઝેર વ્યાપી ગયું છે, તેને મુનિરાજના ઉપદેશરૂપી ઔષધની અસર ક્યાંથી થાય? છંછેડાયેલી નાગણ તેના શિકારમાં જ્યારે નિષ્ફળ જાય છે ત્યારે ડસ્યા વિના રહેતી નથી, તેમ સ્ત્રી પણ જ્યારે પોતાના શિકારમાં નિષ્ફળ જાય છે ત્યારે ભાન ભૂલી જાય છે. આવી પરિસ્થિતિ વખતે સ્ત્રીને ગમે તેવું ભયંકર કે હિચકારું કૃત્ય કરવામાં જરા પણ આંચકો લાગતો નથી. મુનિરાજ જેવા બહાર નીકળ્યા કે આ દુષ્ટાએ પોતાનાં પગનું ઝાંઝર મુનિરાજના પાતરાની ઝોળીમાં નાખી દીધું અને પછી બૂમો મારી કે આ ઠગે મારું શિયળ લૂંટવા પ્રયત્ન કર્યો છે માટે તેને પકડો.

શેઠાણીની બૂમાબૂમથી લોકો ભેગા થઈ ગયા. કુદરતે નારીજાતિને એવો ચહેરો આપ્યો છે કે જે તેના હૃદયની કદી ચાડી જ ન ખાય! મુનિરાજની ઝોળીમાં શેઠાણીના પગનું ઝાંઝર જોઈ લોકોને લાગ્યું કે મુનિના વેશમાં આ કોઈ ઠગ લાગે છે, અગર તો મુનિરાજ પોતાના ધર્મમાંથી ચ્યુત થયા છે.

ભાગ્યવશાત્ શેઠાણીની હવેલી સામે જ રાજાનો ભવ્ય મહાલય આવેલો હતો. મુનિરાજ અને શેઠાણી વચ્ચે થતી

વાતચીત રાજા, રાણી જોઈ રહ્યાં હતાં, અને શેઠાણીના હાવભાવ પરથી ખરી હકીકત શી બની છે, તે પણ તેઓ બંને સમજી ચૂક્યા હતા.

લોકો મુનિરાજને પકડી રાજાની પાસે લઈ ગયા, રાજાએ મુનિરાજને સાચી હકીકત જણાવવા કહ્યું, પણ મુનિરાજે મૌન ધારણ કરી કશો જવાબ ન આપ્યો, એટલે લોકોની શંકા વધી. પછી લોકોને બહાર કાઢી રાજાએ મુનિરાજને કહ્યું : 'શેઠાણી અને આપની વચ્ચે જે જે બીના બની છે, તે બધી મેં નજરોનજર નિહાળી છે. આમ છતાં લોકોની સમક્ષ આપે સાચી બાબતનો ખુલાસો શા માટે ન કર્યો ?'

મુનિરાજે સ્વસ્થચિત્તે જવાબ આપતાં કહ્યું : રાજન્ ! આપણો અપરાધ અગર અનાદર કરનાર વ્યક્તિ આપણા કર્મોની પ્રેરણાથી જ આપણો અપરાધ કે અનાદર કરતો હોય છે, એટલે એ માટે તત્ત્વદૃષ્ટિએ તો આપણાં કર્મ જ અપરાધી છે. બીજાના દોષ જોવાનો અગર બીજાને અપરાધી પુરવાર કરવાનો કશો અર્થ નથી. રાજપાટ અને રાણીઓનો ત્યાગ કરી મેં સંયમધર્મ સ્વીકાર્યો, તેમ છતાં તપના માર્ગે શરીરને કૃશ કરવામાં હું નિષ્ફળ ગયો છું અને તેથી જ આ નશ્વર શરીર પેલી શેઠાણીના મનને વિકૃત કરવામાં નિમિત્તરૂપ બન્યું. દોષ એ નારીનો નથી પણ મારો છે. મારા નિમિત્તે કોઈ સ્ત્રીની બદનામી થાય, એ કરતાં મારી પોતાની જ બદનામી થાય એ હું પસંદ કરું છું. તેથી જ આ બાબતનો ખુલાસો ન કરતાં મેં મૌન ધારણ કર્યું હતું.

મુનિરાજની વાત સાંભળી રાજા આશ્ચર્યમુગ્ધ બન્યો અને તે મુનિરાજનો પરમભક્ત બની ગયો. લોકોને જ્યારે સાચી વાતની ખબર પડી ત્યારે તેઓ મુનિરાજને નમી પડ્યા અને ત્યારથી આ મુનિરાજ 'ઝાંઝરિયા મુનિરાજ' તરીકે પ્રસિદ્ધ થયા.

પરમસુખ મુનિરાજે પછી તો ઘોર તપ શરૂ કર્યું. તેમને પોતાના સુંદર શરીર અને રૂપ ઉપર તિરસ્કાર આવ્યો. જે રૂપ જોઈને અન્યના મનમાં વિકૃત ભાવ ઉત્પન્ન થાય, વાસના જાગે અગર ભોગની વૃત્તિ ઊપજે, એ રૂપનાં મૂલ્ય શાં? એમ વિચારી અઠ્ઠમના તપે અઠ્ઠમ આદરી તેમણે પોતાની કાયા નરી હાડપિંજર જેવી બનાવી દીધી. તપના કારણે તેઓ એટલા બધા ક્ષીણ અને કૃશ થઈ ગયા કે ચાલે ત્યારે માટલાનું ગાડું ચાલતાં જેમ ખડખડાટ થાય તેમ તેમનાં હાડકાં ખડખડે. આવા મુનિરાજ વિહાર કરતાં કરતાં કંચનપુર નગરમાં જઈ પહોંચ્યા.

કંચનપુર નગરના રાજાના મહાલય પાસે એક ઉદ્યાન હતું. મુનિરાજ જ્યારે ત્યાં કાઉસગ્ગ ધ્યાને ઊભા રહ્યા હતા ત્યારે મહેલની અટારી પર રાજા અને રાણી બેઠાં બેઠાં વિનોદ કરી રહ્યાં હતાં.

રાજાની રાણી રૂપવતી જે સંસાર સંબંધની દૃષ્ટિએ મુનિરાજની બહેન થતી હતી તેની દૃષ્ટિ જેવી મુનિરાજ પર પડી કે તરત જ પોતાના બંધુને તેણે ઓળખી લીધો. રૂપવતીના મનમાં ભૂતકાળનાં ભવ્ય સ્મરણો તાજાં થયાં.

તે વિચારવા લાગી : ‘ અહો ! એક જ માતાના ઉદરમાં અમને પોષણ મળ્યું, તેમ છતાં ભાઈએ તપ, સંયમ અને ધ્યાનના માર્ગે દેહને કૃશ કરી આત્માને પુષ્ટ કર્યો, અને હું અભાગિણી આત્માને પુષ્ટ કરવાને બદલે ભોગ, વૈભવના નાટકમાં નાચી રહી છું !’ આમ વિચારતાં તેના કોમળ હૃદયને એવો તો સખત આંચકો લાગ્યો કે તે ત્યાં જ નિશ્ચેતન થઈ ઢળી પડી.

રાજાને થયું કે રૂપવતીએ તો ઘણા સાધુઓનાં દર્શન કર્યાં છે અને વૈયાવચ્ચ પણ કરી છે, તેમ છતાં આ મુનિરાજને જોતાં જ તે શા કારણે બેભાન બની ગઈ ? તેના મનમાં શંકાનો કીડો ઉત્પન્ન થયો અને લાગ્યું કે આ સાધુ રૂપવતીનો પૂર્વકાળનો પ્રેમી હોવો જોઈએ, અને તેની સાથે ભોગવેલા કામભોગોના સ્મરણના કારણે તેની આ પરિસ્થિતિ થવા પામી છે. ભોગવિલાસમાં ડૂબેલા અને કામાતુર માણસોને આ સિવાય બીજો વિચાર પણ શું આવે ?

મહાન્ રાગના પરિણામે જ મહાન્ દ્વેષ થતો જોવામાં આવે છે. રાજાના પત્ની પ્રત્યેના રાગનું પણ દ્વેષમાં રૂપાંતર થયું અને રાણીને યોગ્ય સારવાર માટે મહેલમાં મોકલવાની વ્યવસ્થા કરી, રાજાએ પોતાના સેવકોને બોલાવી ધ્યાનસ્થ રહેલા મુનિને હણી તેમને ત્યાં ને ત્યાં જ ખાડો ખોદી તેમાં દાટી દેવા આજ્ઞા કરી. સેવકોએ રાજાની આજ્ઞાનું પાલન કર્યું. મુનિરાજનાં કર્મોનો અંત આવી રહ્યો હતો, એટલે હથોડાના માર સાથે મુનિરાજનાં બાકી રહેલાં કર્મો પણ

બળીને ભસ્મ થઈ ગયાં અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મુક્તિના પંથે વિચર્યા.

બીજા દિવસે રાણી ભાનમાં આવી ત્યારે સૌથી પ્રથમ તેણે મુનિરાજને વાંદવા જવાની ઈચ્છા બતાવી અને રાજાને પોતાના ભાઈની ઓળખાણ આપી. રાણીની વાત સાંભળી રાજાને એવો તો ભયંકર આઘાત લાગ્યો કે ઘડી સુધી તો તે કાંઈ બોલી જ ન શક્યો. અંતે અજ્ઞાનને વશ થઈ પોતાથી થયેલા પાપની બધી વાત કરી, ત્યારે પોતાના સહોદર પ્રત્યે-ની પ્રેમભક્તિના કારણે જીવવું તેના માટે અશક્ય થઈ પડયું અને તેણે ત્યાં ને ત્યાં જ પોતાના પ્રાણનો ત્યાગ કર્યો.

પુરુષજાતિનો મોટો ભાગ સ્ત્રીઓને ભોગ્ય વસ્તુ માની તેની પર પ્રેમ કરે છે, પરંતુ આ કહેવાતા પ્રેમના સંદર્ભમાં મુખ્યત્વે તો દેહાકર્ષણ અને ભોગવાસના જ છૂપા-ચેલાં હોય છે. વસ્તુ કે વ્યક્તિ જેને આપણે આપણી પોતાની જ બનાવવાની હોય, તેને આપણે જીવનના પ્રકાશ વડે જ પ્રાપ્ત કરવી જોઈએ, અને તો જ તે ચિરસ્થાયી સુખ કે સંતોષ આપી શકે. પ્રેમ એ સ્થૂલ વસ્તુ નથી. એ કાંઈ આપવા લેવાની ચીજ નથી. એની દિવ્યતા, એ જ અધિકાર ! વિશુદ્ધ પ્રેમમાં શંકાને સ્થાન હોઈ શકતું નથી અને મોહમાં તો ડગલે ને પગલે શંકાનો કીડો પજવતો જ રહેવાનો. સંસારના માનવોની એક અજબ વિચિત્રતા તો એ છે કે દરેક માનવી પોતાની પત્ની સીતા જેવી હોય એમ ઈચ્છે છે, તેમ છતાં, રામ બનવાના પ્રયત્નો કરવાનું તેમને ગમ તું

નથી. રામ બન્યા વિના સીતાને પ્રાપ્ત કરી શકાતી નથી અને સંજોગવશાત્ કદાચ પ્રાપ્ત થઈ જાય તો, રૂપવતીની માફક શંકાશીલ માણસોના ભાગ્યમાં એવી પત્ની લાંબો વખત રહી શકતી નથી.

રૂપવતીના અકાળ મૃત્યુના કારણે પોતે કેવો મહાન અપરાધ કર્યો છે, તેનું રાજાને ભાન થયું અને વૈરાગ્યના પંથે જઈ તેણે ચારિત્ર ગ્રહણ કર્યું: પશ્ચાત્તાપમાં ગમે તેવાં મહાન પાપોને પણ બાળી ભસ્મ કરી નાખવાની અગાધ શક્તિ રહેલી છે, અને કથા કહે છે કે આ રાજવી પણ તપ અને ધ્યાનદ્વારા પોતાનાં તમામ પાપોનો ક્ષય કરી એ જ ભવમાં મુક્તિ પામ્યો.

## ૧૦. રાગ–વિરાગ

ઉજ્જૈનના મહાન રાજવી ભર્તૃહરિ એક દિવસે જ્યારે તેની રાણી ભાનુમતી સાથે ફરીને પાછા આવી રહ્યા હતા, ત્યારે ક્ષિપ્રા નદીના કાંઠે તેઓએ એક અદ્ભુત દૃશ્ય જોયું. નદીના કાંઠા પર હજારો માણસોનું એક ટોળું એકઠું થયું હતું અને ત્યાં ગોઠવેલી ચિતા પર એક યુવાન સ્ત્રી પોતાના મૃતપતિનું મસ્તક ખોળામાં રાખી શાંત અને સ્વસ્થચિત્તે સતી થવાની તૈયારી સાથે બેઠી હતી. લોકો તેને વંદના કરી તેના નામનો જયજયકાર બોલી રહ્યા હતા.

ભર્તૃહરિ અને ભાનુમતીને સાચી હકીકત સમજતાં વાર ન લાગી, કારણ કે એ જમાનામાં કોઈ કોઈ સ્ત્રીઓ પતિનું મરણ થતાં પતિના શબ સાથે ચિતામાં જીવતી સળગી જતી અને સતી થતી. પેલી સ્ત્રીના ત્યાગ અને સમર્પણ ભાવનાં વખાણ કરતાં ભર્તૃહરિએ કહ્યું: 'દેવી! પતિના મરણ પાછળ સર્વસ્વનો ત્યાગ કરવો એ સ્ત્રી માટે સહેલું છે, પરન્તુ પોતાના જીવંત દેહને હસતાં હસતાં અગ્નિમાં પતિના મૃતદેહની સાથે હોમી દેવો, એ તો ગૌતમબુદ્ધના મહાભિનિષ્ક્રમણ કરતાં પણ અનેકગણું મુશ્કેલ કાર્ય છે. ખરેખર! પ્રેમની અદ્ભુત કળા તો કુદરતે સ્ત્રીને જ અર્પણ કરી છે અને એ પ્રેમને પ્રતાપે જ, પ્રેમીની ચિતા કોમળ

ફૂલસેજ સમી, ભભૂકી ઊઠેલ અગ્નિની શિખા ચંદન સમી, અને નિર્દય મૃત્યુ પણ મોહક કામદેવ સમું લાગે છે!'

ભાનુમતીએ કહ્યું: 'નાથ! વિશુદ્ધ પ્રેમની પાસે અશક્ય અને મુશ્કેલ દેખાતી વસ્તુઓ પણ સહજ અને શક્ય બની જાય છે. પતિ-પત્ની વચ્ચે નિર્મળ અને વિશુદ્ધ પ્રેમ હોય ત્યારે એ બંનેના હૃદયના ધબકારાની ગતિ પણ એક-સરખી બની જતી હોય છે. ત્યાં ભિન્નતા હોય છે માત્ર દેહ પૂરતી, આત્માની તો એકતા જ હોય છે. એટલે જ, જે સાચી સતી હોય તેણે કાંઈ આમ ધામધૂમપૂર્વક વાજતે-ગાજતે પતિની નનામી પાછળ ચિતાના અગ્નિ સુધી જવું પડતું નથી; એના માટે તો વિરહનો અગ્નિ જ પૂરતો છે. પ્રિયતમનું હૃદય બંધ થયાની ખબર સતી સ્ત્રીને જેવી પડે કે આપોઆપ તેનું હૃદય બંધ જ થઈ જાય છે. સ્ત્રીના માટે વિરહના અગ્નિ જેવો અન્ય કોઈ પ્રચંડ અગ્નિ હોતો નથી. નાથ! તમે ઘણી સતી સ્ત્રીઓને જોઈ હશે, પણ સાચી સતી સ્ત્રીના અનુભવથી તમે આજ સુધી વંચિત રહ્યા લાગો છો."

ભર્તૃહરિએ કહ્યું: 'વિશુદ્ધ પ્રેમની પાસે કોઈ પણ વસ્તુ અશક્ય કે મુશ્કેલ ન હોય તો પતિ-પત્નીનાં પાત્રો પૈકી એકનું મૃત્યુ થતાં બીજું પાત્ર તેને સજીવન ન કરી શકે?'

ભાનુમતી ભર્તૃહરિની વાત એકચિત્તે સાંભળી રહી હતી. ભર્તૃહરિના શૃંગાર રસ અને રસિક વૃત્તિનો તેને અચ્છો ખ્યાલ હતો, એટલે જવાબ આપતાં કહ્યું: 'નાથ! સ્ત્રી અને પુરુષની પ્રકૃતિમાં એક પ્રકારનો મૂળ ભેદ કાયમ માટે રહેતો

આવ્યો છે. સ્ત્રી સર્વસ્વના ત્યાગમાં માને છે, એટલે પતિની પાછળ એ શરીર સુદ્ધાં અર્પણ કરી શકે છે. આત્મસમર્પણ એ સ્ત્રીનો સામાન્ય ગુણ છે. સ્ત્રી પોતાના અને પતિના આત્મા વચ્ચે અદ્વૈતભાવ સાધી શકે છે અને તેથી પતિના પ્રાણમાં જ પોતાનો પ્રાણ જૂએ છે. પતિની પાછળ કાંઈપણ વિચાર્યા સિવાય ચાલી નીકળવું એ વસ્તુ સ્ત્રીના માટે સહજ છે, પણ પુરુષની વાત જુદી છે. પુરુષ મોટેભાગે ભોગપ્રધાન હોય છે એટલે આત્મા-આત્મા વચ્ચે નહિ, પણ દેહ-દેહ વચ્ચે અદ્વૈત સાધવું એ તેના માટે સ્વાભાવિક છે. પુરુષનું ધ્યાન તેથી જ મરણ પામેલી પત્નીને સજીવન કરવા પ્રત્યે જાય છે. ભલા થઈને મારા મૃત્યુ બાદ મને સજીવન કરવાની ભૂલ કરતા નહિ, કારણ કે પ્રેમની ખાતર દુઃખ વેઠવામાં જ સાચા ત્યાગનું ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે. કુદરત તરફથી માણુસ જાતને આનંદ કરતાં વધુ મોટી ભેટ તો શોકની મળી છે, કારણ કે શોક દ્વારા જ માનવીનું જીવન શુદ્ધ, સુંદર અને પવિત્ર બને છે.'

સતી સ્ત્રી આપોઆપ જ પતિના મૃત્યુ પાછળ વગર ચિતાએ પ્રાણ ત્યાગ કરે છે એ વાત ભર્તૃહરિને ભાનુમતીના અહંકાર જેવી લાગી અને કોઈ યોગ્ય પ્રસંગે તેણે આ બાબતની તેની કસોટી કરવા નિશ્ચય કર્યો.

થોડા દિવસો બાદ ભર્તૃહરિ પોતાના અંગરક્ષકો સાથે શિકાર અર્થે જંગલમાં ગયા, અને પૂર્વ યોજના અનુસાર ત્રણ દિવસ બાદ મહારાજનો મુખ્ય અંગરક્ષક વીલા મોંએ ભાનુમતી પાસે પાછો ફર્યો. તેણે રડતાં રડતાં શિકારમાં ભર્તૃ-

હરિને વાઘણે મારી નાખ્યાના સમાચાર આપ્યા. જે ક્ષણે ભાનુમતીએ આ સમાચાર સાંભળ્યા, તે જ પળે તેનું પ્રાણ-પંખેરું ઊડી ગયું. ભર્તૃહરિએ કોઈ કાળચોઘડિયે આ યોજના વિચારી અને તેનું પરિણામ પણ ભયંકર આવ્યું. રાજમહેલના એક વિભાગમાં પત્નીના સતીત્વની કસોટી કરવાના હેતુથી, ભર્તૃહરિ છાનીરીતે પોતાના અંગરક્ષકના પાછા ફરવાની રાહ જોઈ રહ્યા હતા, પરન્તુ અંગરક્ષકે પાછા આવી જ્યારે ભાનુમતીના મૃત્યુ થયાના સમાચાર તેને આપ્યા ત્યારે તેના દિલને અત્યંત કારમી ચોટ લાગી.

ભર્તૃહરિ તરત જ ભાનુમતીના મૃતદેહ પાસે દોડી ગયા અને ત્યાં જે દશ્ય જોયું તેથી તેણે મન પરનો કાબૂ ગુમાવ્યો. ભાનુમતી પાસે બેસી તે કહેવા લાગ્યો : 'હે પ્રિય સખિ ! સ્નેહરૂપી સાગરમાં આપણે બન્ને સાથે તરતાં હતાં અને તું તો રમત રમતમાં પેલે પાર પહોંચી ગઈ, હવે તારા વિના હું કેમ જીવી શકું ? પ્રેમીના મૃત્યુની ખબર સાંભળીને તેં તો દેહ છોડી દીધો, તને તો જીવન જીવતાં આવડયું અને મૃત્યુને પણ શોભાવ્યું, પણ હવે આ રીતના તારા મૃત્યુ પછી જો હું જીવતો રહું તો સમસ્ત પુરુષજાતિ માટે એ કલંક રૂપ ગણાશે.'

રાજ્યના અમલદારો અને રાજકુટુંબના માણસો ઘડી-વારમાં આ શું થઈ ગયું, તે પ્રથમ તો સમજી જ ન શકયા; પણ જ્યારે બધી વાતની તેઓને માહિતી મળી, ત્યારે નહીં જેવી વાતમાંથી કેવો કરુણાજનક બનાવ બની ગયો, તેનું સૌને ભાન થયું.

આમ વિચારતાં ભર્તૃહરિનું ચિત્ત ભ્રમિત થઈ ગયું, તેણે ભાનુમતીના મૃતદેહને પોતાના ખોળામાં લઈ લીધો, અને તે ગાઢ નિદ્રામાં પડી હોય એમ માની તેને જાગૃત કરવા પ્રયત્નો શરૂ કર્યા. રાજાને સમજાવવા માટેના બધા પ્રયત્નો નિષ્ફળ નીવડયા અને મૃતદેહની અંતિમ વિધિ કરવાનું અશક્ય બન્યું. ભર્તૃહરિએ લગભગ પાગલ અવસ્થામાં ત્યાં એકઠાં થયેલાં સૌને સંબોધીને કહ્યું : ' તમો સૌ તો પાગલ બની ગયા છો, એટલે ભાનુમતીને મરી ગયેલી માનો છો પણ હું કાંઈ પાગલ નથી બન્યો; મને એકલો મૂકી તે કદી મરી જ ન શકે, તેને તો મૂર્છા આવી ગઈ છે, અને થોડા વખતમાં પાછી ભાનમાં આવી જશે. '

સદ્‌ભાગ્યે તે વખતે ત્યાં સમર્થ યોગીશ્વર મત્સ્યેન્દ્રનાથના પટ્ટશિષ્ય મહાયોગી ગોરક્ષનાથ આવી પહોંચ્યા. રાજાને ભાનુમતીના સતીત્વની કસોટી કરવાની સૂઝેલી દુર્બુદ્ધિ તેમજ તેના પરિણામે થયેલા ભાનુમતીના મૃત્યુની અને ભર્તૃહરિની ચિત્તભ્રમ સ્થિતિનો ખ્યાલ આવતાં ગોરક્ષનાથને વાર ન લાગી. ગોરક્ષનાથને જોઈ ભર્તૃહરિએ તેને વંદન કર્યું અને ભાનુમતીના મૃતદેહને પંપાળતાં દ્રવિત હૃદયે કહ્યું :

' જિંદગી હતી દોરી ગુંથાઈ બે તાંતણે;<br>
તૂટતાં તાંતણો એક બીજો કેમ ટકી શકે ? '

ભર્તૃહરિના મનની વિષમ અને દુઃખદ પરિસ્થિતિનો ખ્યાલ ગોરક્ષનાથને આવી ગયો. ઈષ્ટના વિયોગના કારણે ઉત્પન્ન થતો દુઃખ કે નિર્વેદ એ સાચો વૈરાગ્ય નથી, પણ

માત્ર આર્તધ્યાનનો એક પ્રકાર છે, એ હકીકત ગોરક્ષનાથ સારીરીતે સમજતા હતા. ભર્તૃહરિને ધીમે ધીમે સમજાવા લાગ્યું કે ભાનુમતી મૂર્છામાંથી ફરી જાગૃત થઈ શકે તેમ નથી, એટલે ગોરક્ષનાથને વિનંતિ કરતાં કહ્યું : 'ગુરુદેવ ! ભાનુમતીને સજીવન કરો અગર મને તેના મૃતદેહ સાથે બાળીને ભસ્મ કરી નાખો. મારી ભૂલ અને પાપના કારણે જ એ મૃત્યુ પામી છે, અને એ સજીવન ન થાય તો મારા માટે આ જગતમાં એક પળ માટે પણ જીવતા રહેવું એ મહાન અપરાધ છે.'

ગોરક્ષનાથે ભર્તૃહરિમાં એક મહાન યોગીનાં દર્શન કરી લીધાં. પ્રેમનું તત્ત્વ તો માનવી-માત્રમાં રહેલું છે, પણ પ્રેમ ત્યારે જ શુદ્ધ બને છે જ્યારે તે વિશ્વવ્યાપક બને છે. ગોરક્ષનાથે ભર્તૃહરિમાં પ્રેમનું અદ્ભુત તત્ત્વ જોયું, પણ એ પ્રેમ સંકુચિત કોટિનો હતો. એનું રૂપાંતર જો વ્યાપક પ્રેમમાં થાય તો ભર્તૃહરિમાં જગતને એક મહાન યોગી પ્રાપ્ત થવાની શકયતા ગોરક્ષનાથે જોઈ લીધી. તેને લાગ્યું કે આ સમય માટે હજુ થોડાં વર્ષો માટે રાહ જોવી પડે, અને તેથી જ આ કટોકટીની પરિસ્થિતિને કેમ સંભાળી લેવી તેનો તેમણે નિર્ણય કરી લીધો.

ગોરક્ષનાથે પોતાના એક શિષ્યને બોલાવી તેને ભાનુમતીના જીવનનો સવિસ્તર ખ્યાલ આપી, યોગની પરકાયા-પ્રવેશ વિદ્યાદ્વારા તેના જીવને ભાનુમતીના મૃતદેહમાં દાખલ કરી દીધો. ભર્તૃહરિ અને અન્ય લોકોની દૃષ્ટિએ મૃત્યુ

પામેલી ભાનુમતી સજીવન થઈ. જો કે વાસ્તવિક રીતે તો ભાનુમતીના દેહમાં માત્ર પેલા શિષ્યનો જીવ દાખલ થઈ ગયો હતો. દેહપર્યાયો અસલ સ્વરૂપે રહ્યા પણ આત્મ-દ્રવ્યમાં પરિવર્તન થઈ ગયું. ભાનુમતીના પાત્ર તરીકે પેલા શિષ્યે શું શું પાઠ ભજવવાનો હતો, તેનો તમામ ખ્યાલ પણ ગોરક્ષનાથે આપી દીધો. ભર્તૃહરિ તો ગોરક્ષનાથને સાક્ષાત્ ઈશ્વર માનવા લાગ્યા અને થોડા દિવસો બાદ ગોરક્ષનાથ પોતાના શિષ્યસમુદાય સાથે હિમાલય તરફ ચાલ્યા ગયા.

ભાનુમતીના સજીવન થયા બાદ ભર્તૃહરિનો તેના પરનો મોહ પ્રથમ કરતાં અનેકગણો વધી ગયો. ભાનુમતી મહાન સતી હતી, તેની ભર્તૃહરિને ખાતરી થઈ ગઈ હતી, એટલે ભાનુમતી તેના મનમાં માત્ર પત્ની ન હતી, પણ સાક્ષાત્ દેવી હતી.

એક વખતે એક મહાન યોગીએ ભર્તૃહરિને અમરફળ આપ્યું. ભાનુમતી વિના પોતે જીવી શકે તેમ નથી એ વાતનો તેને અનુભવ થઈ ગયો હતો, એટલે તે અમરફળ તેણે ભાનુમતીના ચરણે ધર્યું. એ વખતે ભાનુમતી તો રાજમહેલના એક અશ્વપાલ સાથે પ્રેમમાં પડી ચૂકી હતી. પોતાના પ્રેમી અશ્વપાલ વિના જીવનનો કાંઈ અર્થ નથી, એમ માની પેલું અમરફળ તેણે અશ્વપાલને આપી દીધું. અશ્વપાલ વળી એક નર્તકીનો ભારે અનુરાગી હતો, એટલે રાણી તરફથી મળેલું અમરફળ તેણે તેની પ્રિય નર્તકીને આપ્યું. નર્તકી એક વખત રાજસભામાં નૃત્ય કરવા ગઈ

અને ભર્તૃહરિને જોઈ તેના પર મોહી પડી. ભર્તૃહરિનો પ્રેમ પ્રાપ્ત કરવા તેણે પેલું અમરફળ રાજાના ચરણે ધર્યું:

ભાનુમતીના ચરણે ધરાયેલું અમરફળ પાછું નર્તકીને હાથે પોતાના ચરણે ધરાતું જોઈ ભર્તૃહરિ દિઙ્મૂઢ બની ગયો. પછી તો તપાસ કરતાં સાચી હકીકત બહાર આવી અને ભાનુમતી પ્રત્યેનો તેનો મોહનો પડદો તૂટી જતાં તે બોલી ઊઠયો:–

'यां चिन्तयामि सततं मयि सा विरक्ता
साऽप्यन्यमिच्छति जनं स जनोऽन्यसक्तः।
अस्मत्कृते च परितुष्यात काचिदन्या
धिक् तां च तं च मदनं च इमां च मां च ॥'

ભર્તૃહરિ મનોમન વિચારવા લાગ્યો: અહો! આ સંસારની ભવાઈ તો જુઓ! જે ભાનુમતીનું હું નિરંતર ચિંતન કરું છું, તેનો મારા તરફ ભાવ હોવાને બદલે અશ્વપાલને ઈચ્છે છે. આ અશ્વપાલ વળી ભાનુમતીને બદલે પેલી નર્તકી પ્રત્યે આસક્તિ ધરાવે છે. પેલી નર્તકી અશ્વપાલને બદલે વળી મને ઈચ્છે છે. આ ભાનુમતી, અશ્વપાલ, નર્તકી, કામદેવ અને મને–સૌને ધિક્કાર હો.'

ભર્તૃહરિનો ભાનુમતી પ્રત્યેનો મહાન રાગ–મહાન ક્રોધમાં પલટાઈ ગયો. कामात् कुतश्चित् प्रतिहतात् क्रोधोऽभिजायते-કામ પ્રતિહત થાય, તેને હરકત થાય એટલે તેમાંથી સ્વાભાવિક રીતે જ ક્રોધ ઉત્પન્ન થાય છે. પુરુષ ગમે તેવો

સહનશીલ અને સમજુ હોય તો પણ પોતાના અર્ધ અંગ સમાન પત્નીના સ્વેચ્છાપૂર્વકના શીલભંગ જેવા બેવફાઈના પ્રસંગે તે મગજની સમતુલા ગુમાવી દે છે, અને ન કરવા જેવું કૃત્ય કરી નાખે છે. ગૌતમ જેવા ઋષિમુનિ પણ અહલ્યા જેવી સાધ્વી સ્ત્રીની નિર્દોષ ભૂલને માફ ન કરી શક્યા, તો ભર્તૃહરિ જેવા શૃંગારરસિક રાજવીની તો વાત જ શી?

ભર્તૃહરિએ ભાનુમતીના શરીરના રાઈ રાઈ જેવા ટુકડા કરી નાખવાના ઈરાદે પોતાની સમક્ષ બોલાવી અને બરોબર તે જ વખતે ગોરક્ષનાથ ત્યાં આવી પહોંચ્યા.

ગોરક્ષનાથને બધી પરિસ્થિતિ સમજી જતાં વાર ન લાગી. તેમણે ક્રોધિત ભર્તૃહરિને શાંત કરવા તેની પીઠે હાથ મૂકી કહ્યું : 'રાજન્! રાગ અને દ્વેષ વ્યકિતના ગુણો અને દોષો પ્રત્યે હોય, શરીર પર નહીં. માનવ માત્ર પશુઓનું સંસ્કૃત સ્વરૂપ છે, અને તેના અજ્ઞાન મનઃપ્રદેશમાં પશુઓની માફક વાસનાઓ, કામનાઓ અને ઈચ્છાઓ અવ્યક્ત સ્વરૂપે રહેલી જ હોય છે. અનુકૂળ અને યોગ્ય નિમિત્ત તેમજ સાનુકૂલ સંયોગ મળતાં દબાઈ રહેલી-છુપાયેલી વાસનાઓ પ્રકટ થાય છે, એટલે જ આ સંસાર એક નાટક જેવો કહેવાય છે.'

મહાસતી ભાનુમતી અને દોષિત ભાનુમતી દેહદષ્ટિએ એક હોવા છતાં તેના ભિન્ન ભિન્ન આત્મપ્રદેશને વળગેલાં ભિન્ન ભિન્ન કર્મોનો ઉલ્લેખ કરી તેની પાછળ રહેલા ગૂઢ રહસ્યનો સ્ફોટ કરી ગોરક્ષનાથે કહ્યું : 'સંગ એ મોહનું નિમિત્ત છે. તેથી જ મોહના ત્યાગનો અર્થી મોહના નિમિત્ત-

ભૂત એવા ધન, સ્વજન, સ્ત્રી અને ભોગોનો ત્યાગ કરે છે. આત્માના સૌન્દર્યને બદલે માનવી જ્યારે દેહના સૌન્દર્ય પાછળ પાગલ બને છે, ત્યારે મહામાનવ થવા માટે માનવે આવા અનુભવોમાંથી પસાર થવું પડે છે. આ બાબતમાં તો તને બોધ પમાડવા અર્થે મારે આ પ્રયોગ કરવો પડ્યો છે.'

ભર્તૃહરિ એકચિત્તે ગુરુદેવની વાણી સાંભળી રહ્યા હતા. તેને હવે સ્ત્રી અને પુરુષ વચ્ચે ભેદ ન રહ્યો. તેને સમજાઈ ગયું કે સ્ત્રી-પુરુષ એ તો માત્ર કલ્પનાના આકારો છે, બાકી વાસ્તવિક દૃષ્ટિએ તો એ બધા વાસના-કામના-ઇચ્છાઓનાં ભિન્ન ભિન્ન સ્વરૂપ ધારણ કરતાં રાગદ્વેષ-યુક્ત એક પ્રકારનાં ખોખાં છે. તેમ વળી રાગ શું? દ્વેષ શું? મોહ શું?

મોહનું તાંડવ, યૌવનની ચપળતા, સૌંદર્યની ક્ષણ-ભંગુરતા અને સંસારની અસારતાનું ભર્તૃહરિને પ્રત્યક્ષ દર્શન થઈ ગયું અને તેણે ભેખ ધારણ કરવાનો સંકલ્પ કરી લીધો.

થોડા દિવસો બાદ અલખ નિરંજનના પોકાર સાથે ભર્તૃહરિ પણ ગોરક્ષનાથ સામે યોગના માર્ગે—સાચી શાંતિ પ્રાપ્ત કરવા ચાલી નીકળ્યા અને જગતના એક મહાન યોગી થઈ ગયા.

## ૧૧. दृष्टिपूतं न्यसेत् पादम्

ઉત્તર પ્રદેશના એક નાનકડા સ્ટેટના રાજવીની આ કથા છે.

એ સ્ટેટના રાજવીનું નામ મંગલસિંહ હતું. મંગલસિંહ યુવાન, અભિમાની, ઉચ્છૃંખલ અને ભારે વિલાસી હતો. પિતાનું અવસાન બાલ્યાવસ્થામાં થયું હતું અને એકનો એક પુત્ર હોવાથી બહુ લાડમાં તેનો ઉછેર થયો હતો. ઉમરલાયક થતાં રાજ્યનો વહીવટ તેના હાથમાં આવ્યો, પણ રાજવહીવટમાં ધ્યાન આપવાને બદલે શિકાર અને વિલાસમાં તેને વધુ આનંદ આવતો. તેના પડખે કેટલાક રખડુ, નાલાયક અને હલકા પ્રકારના મિત્રો મંગલસિંહની ખુશામત કરે અને નવા નવા પ્રકારના રંગરાગ કરાવે. રાજ્યની આવક સારી હતી, એટલે આવા બધા તાગડધિન્ના નભતા, પણ પ્રજામાં રાજવી પ્રત્યે આદર ન હતો.

રાજમહેલમાં રસોડાને લગતી તમામ વસ્તુઓ રાજ્યના નિયુક્ત મોદી મંગીલાલ પૂરી પાડતા. મંગીલાલનાં લગ્ન એક ઊંચા કુળની સચ્ચરિત કન્યા સુશીલા સાથે થયાં હતાં. તેનામાં નામ પ્રમાણે જ ગુણો હતા. પ્રકૃતિથી તે અતિસુંદર અને સરળ સ્વભાવની હતી. જેવા ગુણો હતા, તેવું જ અદ્ભુત તેનું રૂપ હતું; પરંતુ સ્ત્રીઓની બાબતમાં અતિ-

રૂપ ઘણીવાર સુખનું કારણ બનવાને બદલે દુ:ખનું નિમંત્રક બની જાય છે.

મંગલસિંહના દુરાચારી મિત્રોએ તેની પાસે મંગીલાલની પત્નીનાં રૂપ અને સૌંદર્યનાં ખૂબ વખાણ કર્યાં અને તેના જેવી સ્ત્રી તો રાજાના અંતઃપુરમાં જ શોભે, એ વાત તેના મગજમાં ઠસાવી દીધી. મંગીલાલને અવારનવાર રાજમહેલમાં આવવા જવાનું થતું, એટલે એક વખતે તક સાધી મંગલસિંહે તેને કહ્યું: 'અમારા રસોડામાં બનતી તમામ વાનગીઓની વસ્તુ તમારે ત્યાંથી આવે છે, અને તેનો સ્વાદ તો હું હમેશાં લઉં છું, પણ તમારે ત્યાં થતી વસ્તુઓનો સ્વાદ ચાખવાની મારી ઇચ્છા થઈ છે, માટે આવતી કાલે હું તમારે ત્યાં ભોજન લેવા આવીશ.'

મંગીલાલ તો રાજાની આવી વાત સાંભળી બહુ રાજી થયો, કારણ કે રાજાને તો તે ઇશ્વરના અવતારનો અંશ માનતો. રાજાના પગલાં પોતાના જેવા સામાન્ય પ્રજાજનને ત્યાં થાય, એમાં તેને તેના પુણ્યનો ઉદય થયો હોય એમ લાગ્યું. ઘેર જઈ મંગીલાલે બહુ હર્ષપૂર્વક તેની પત્નીને રાજાના જમવા આવવાની વાત કરી. સુશીલા પ્રથમ તો આ વાત સાંભળી હેબતાઈ ગઈ, કારણ કે રાજાના દુષ્ટ અને કામી સ્વભાવની વાત સૌ જાણતા હતા. જ્ઞાની અને ત્યાગી મહાપુરુષોના પગલાંથી ઘર જેમ પાવન થાય છે, તેમ દુરાચારી અને વિષયલંપટ માનવીનાં પગલાંથી ઘર અપવિત્ર થાય છે, તે વાત સુશીલા સારી રીતે સમજતી હતી. પોતાના

પતિના ભોળપણથી તેને આશ્ચર્ય થયું, પણ 'પડશે તેવા દેવાશે' એ નીતિનો ખ્યાલ રાખી ભોજનસામગ્રીમાં શું શું કરવું એનો નિર્ણય બન્ને જણાએ સાથે બેસી કરી લીધો.

બીજા દિવસે સુંદર આભૂષણો અને મહામૂલ્યવાળાં વસ્ત્રો ધારણ કરી મંગલસિંહ ભોજનના સમયે રથમાં બેસી મંગીલાલને ઘેરે આવી પહોંચ્યો. પતિ–પત્ની બંનેએ રાજાનું યોગ્ય સન્માન કર્યું. મંગલસિંહ અને મંગીલાલ જમવા બેઠા. બહુ જ મર્યાદા અને લજ્જાપૂર્વક સુશીલાએ ભોજનના વિવિધ પદાર્થો પીરસ્યા.

જે સ્ત્રીને સમજતાં પુરુષને વર્ષોનાં વર્ષો લાગે છે, તે સ્ત્રી પુરુષને માત્ર તેની આંખો જોઈને એક પળમાં તેના વિષે બધું સમજી જાય છે. સ્ત્રીજાતિને કુદરત તરફથી આ અજબ બક્ષિસ મળેલી છે. મંગલસિંહની પોતાના પ્રત્યેની કામુક વૃત્તિ અને વિષયલંપટતાને સુશીલા તરત જ પામી ગઈ.

કામરૂપી અગ્નિની જ્વાળાથી ગ્રસાયેલો માણસ જાણવા છતાં કાંઈ જાણતો નથી અને દેખાવા છતાં પણ કાંઈ દેખતો નથી આવો માણસ ભાન વિનાનો બની જાય છે. સુશીલાનું રૂપ જોયા પછી રાજાના મનની સ્થિતિ પણ આવી જ બની ગઈ અને કોઈ પણ માર્ગે સુશીલાને પોતાની બનાવી લેવા દૃઢ નિશ્ચય કર્યો. બીજે જ દિવસે કેટલાક ઉચ્ચ પ્રકારના અનાજની ખરીદી અર્થે મંગીલાલને બહાર ગામ રવાના કર્યો અને મધ્યરાત્રિએ રાજા તેના ઘેર જઈ પહોંચ્યો. રાજાના તરકટ ને મેલી મુરાદ વિશે સુશીલા પ્રથમથી જ સમજી

ચૂકી હતી, પણ પાણીમાં રહી મગરથી બીવાનો કશો અર્થ નહિ, એમ સમજી સુશીલાએ રાજાની બુદ્ધિ ઠેકાણે લાવવા એક યોજના તૈયાર કરી રાખી હતી. આ યોજનામાં સફળતા ન મળે તો શીલનું રક્ષણ કરવા આપઘાત કરી પ્રાણ ત્યજી દેવાની પણ તેણે તૈયારી કરી રાખી હતી.

રાજાએ ઘરના દ્વારની સાંકળ ખખડાવી ત્યારે સુશીલા જાગૃત અવસ્થામાં જ પથારીમાં પડી રહી હતી. તેણે ઊભા થઈ તરત જ દ્વાર ઉઘાડયું અને રાજાને મધ્યરાત્રિએ પોતાના ઘરઆંગણે જોઈ ભારે અંચબો પામી હોય તેવો દેખાવ કર્યો. સુશીલા સાથે વાતની શરૂઆત કેમ કરવી એ મંગલસિંહને પ્રથમ ન સૂઝયું, પણ પછી અધીરાઈપૂર્વક કહ્યું: 'તારી જેવું નારીરત્ન તો રાજાના અંતઃપુરમાં શોભે, આ સ્થાન કાંઈ તારા માટે યોગ્ય ગણાય?'

રાજાને જવાબ આપવાને બદલે સુશીલાએ તરત દાસીને બોલાવી અને ગ્રીષ્મઋતુના દિવસો હતા એટલે રાજા માટે કેટલાંક પીણાંઓ તૈયાર કરી લાવવાનું કહ્યું. સુશીલાને આમ વાત કરતાં જોઈ મંગલસિંહને લાગ્યું કે, આ સ્ત્રી વગર આનાકાનીએ પોતાનો પ્રસ્તાવ કબૂલ કરી લેશે. कामी स्वतां पश्यति અર્થાત્ કામનાથી ઘેરાયેલો માણસ, જેની એને કામના છે એવી સ્ત્રીમાં પોતાના મનના ભાવોની જ છબી જૂએ છે અને તેથી જ કામી પુરુષોની ગણતરી પાગલ માનવીમાં થાય છે.

થોડીવારમાં દાસી જૂદા જૂદા રંગની બિલોરી કાચની પાંચ પ્યાલીઓમાં પીણાં લઈને આવી અને ટેબલ પર મૂકી

ગઈ. સુશીલાએ લહેકાપૂર્વક કહ્યું: 'રાજન્! સૌથી પ્રથમ તો આ પીણાના સ્વાદની મોજ માણો.'

રાજાને લાગ્યું કે જૂદી જૂદી પ્યાલીમાં જૂદા જૂદા પ્રકારનું પીણું હશે, પણ પાંચેય પ્યાલીઓમાં એક જ જાતનું શરબત હતું. શરબતની પ્યાલીઓના રંગ જૂદા જૂદા હોવા છતાં સ્વાદ તો બધામાં એકસરખો હતો. રાજાની ઈચ્છા કોઈ પણ પ્રકારે સુશીલાની દાસીને ઘરમાંથી દૂર કરવાની હતી એટલે શરબત પી લીધા પછી યુક્તિપૂર્વક સુશીલાને કહ્યું: 'તમારી દાસી વેતા વિનાની અને મૂર્ખ લાગે છે. એક જ પ્રકારનું શરબત હોવા છતાં પાંચ પ્યાલીઓ બગાડવાનું પ્રયોજન શું? આવી મૂર્ખ દાસીને અત્યારે ને અત્યારે જ ઘરમાંથી બહાર હાંકી કાઢો.'

સુશીલાએ લાગ જોઈને બરોબર સોગઠી મારતાં કહ્યું: 'રાજન્! આપ આ સાદી વસ્તુ સમજતા હોત તો રાજ્ય મહેલની અનેક રાણીઓને છોડી મધ્યરાત્રિએ દુષ્ટ મનઃકામનાની સિદ્ધિ અર્થે અહીં ન આવ્યા હોત! નાના મોંએ મોટી વાત કરું તો માફ કરજો, પણ વેતા વિનાના અને મૂર્ખ તો મને આપ પોતે જ લાગો છો. દુર્ગંધ, વિષ્ટાદિથી ભરેલા અને સર્વત્ર અશુચિમય એવા શરીરમાં રાગી-વિષયી મૂઢજન જ રમણ કરવા ઈચ્છે. દુર્ગંધયુક્ત તથા મળ-મૂત્ર જેમાં ભરેલાં છે તેવા શરીરને કોઈ ડાહ્યો માણસ તો રતિ કરવા યોગ્ય ન જ માને, માત્ર મૂર્ખને જ તેમાં પ્રીતિ કરવાનું મન થાય છે. જેમ ભયંકર કોઢથી પીડાતો માણસ શરીરને

ખંજોળવાથી તથા તપાવવાથી સુખ માને છે, તેવી રીતે તીવ્ર કામરૂપી રોગથી દુઃખી થયેલો માણસ મૈથુનક્રિયામાં સુખ માને છે. પરન્તુ આમાં તો દૃષ્ટિ અને બુદ્ધિનો માત્ર વિપર્યાસ છે, કારણ કે ખંજોળવાથી જેમ ચટપટી વધે છે અને જલન ઉત્પન્ન થાય છે, તે જ રીતે સ્ત્રી સાથેના કામભોગ સેવનથી કામતૃપ્તિ નથી થતી, પણ કામસેવનેચ્છા ઉત્તરોત્તર વધતી જાય છે.'

સુશીલાની વાત સાંભળી રાજાએ ધૂર્તતાપૂર્વક હસીને કહ્યું: 'સુંદરી ! જે લોકોના ભાગ્યમાં ભોગનું સુખ હોતું નથી, એવા લોકોએ પોતાના મનના સાંત્વન અર્થે ભોગની બાબતમાં આવી બધી કલ્પનાઓ ઊભી કરી છે. તારા આવા બધા વિચારોનું કારણ કાંઈક અંશે મંગીલાલના મંદપણાનું છે. રાજમહેલના અંતઃપુરનું રતન કાગડાની ડોકે વળગાડી દીધા જેવું તારી બાબતમાં બન્યું છે, અને પછી તો 'જેવું અન્ન તેવું મન' તેમ જેવો પતિ તેવી પત્ની. જેઓએ ભોગનું સુખ ખરેખર માણ્યું છે, તેઓની દૃષ્ટિએ તો સ્ત્રીના સ્તન સુવર્ણના કુંભ સમાન છે, સ્ત્રીનું મુખ ચંદ્ર જેવું છે અને તેની જાંઘો હાથીની સૂંઢ જેવી મનોહર છે.'

સુશીલાએ કહ્યું: 'રાજન્! આ બધી ઉપમાઓ મૂર્ખ માનવીની કલ્પનાઓ છે. તમારા ગામની ગટરો અને મારા શરીરનું પૃથક્કરણ કરશો તો જણાશે કે એ બંને વચ્ચે કશો તફાવત નથી. સ્નાયુ, ચરબી, નસો અને ચામડીને મારા શરીરથી અલગ અલગ કરી તેનું ચિત્ર જોશો તો તમને મારું

સ્વરૂપ પિશાચિણી જેવું લાગશે અને તે જોતાં તમને ભય ઉપજશે. ભાગા ભાગવવાની ઈચ્છા થવી એ જ રાગા ઉત્પન્ન થયાની નિશાની છે. હું તા તમારી સામે હાથમાં ઝેર રાખીને ઊભી છું, મને ચૂંથવી જ હાય તા તમે મારી જાતને નહીં પણ માત્ર મારા મડદાંને જ ચૂંથી શકશા પરન્તુ પછી તમારું પાપ તમને જંપીને બેસવા નહિ દે. પહાડના ઊંચામાં ઊંચા શિખર નીચે ઊંડામાં ઊંડી ખાઈ રહેલી હાય છે, તેમ તમારી જેવા રાજવીનું પતન થાય છે ત્યારે તેમાંથી ભયંકર પરિસ્થિતિ સર્જાય છે, એ વાત ન ભૂલશા.'

શીલની અખંડતા અને સતીત્વના પ્રભાવમાં સૂર્યની ગરમી અને ચંદ્રની શીતળતા કરતાં પણ અનેકગણી વધુ શક્તિ રહેલી હાય છે. આવી શક્તિના કારણે જ રાવણ જેવા રાજવીને સીતા જેવી સતીની સામે ઊભા રહેતાં પરસેવા વળી જતા, અને સીતામાં પ્રેયસીને બદલે માતાના સ્વરૂપનાં દર્શન થતાં. સુશીલાના સતીત્વના પ્રભાવ રાજા ઉપર પડ્યા સિવાય ન રહ્યો. રાજાના મનની પલટાયેલી પરિસ્થિતિ સમજી સુશીલાએ દૃઢતાપૂર્વક કહ્યું: 'માનવી અને પશુ વચ્ચે તફાવત તા એ છે કે પશુઓમાં વિચાર કરવાની શક્તિ નથી, જ્યારે માનવીને આવી શક્તિ પ્રાપ્ત થયેલી છે. પશુ અને જનાવરા ગમે તેમ વર્તે તા પણ તેના દોષ ક્ષમ્ય છે, કારણકે તેઓ બિચારા શું કરે છે, તેનું તેઓને ભાન હાતું નથી. પરંતુ માનવી તા વિચારશીલ અને ચિંતનશીલ છે અને તેથી જ ધર્મશાસ્ત્રોમાં આજ્ઞા છે કે—दृष्टिपूतं न्यसेत् पादम्—અર્થાત્ દષ્ટિથી પવિત્ર હાય એવું

જ ડગલું માનવી ભરી શકે. મધ્યરાત્રિના આવા સમયે, એક યુવાન સ્ત્રી જેનો પતિ હાજર નથી, તેના શયનગૃહમાં વિષય-લંપટ થઈને આવવું એ શું એક રાજવીને છાજે છે! જીવન જીવતાં આવડે તો માનવજન્મ એ સૌથી શ્રેષ્ઠ જન્મ છે અને ઉચ્ચ કોટિના દેવો પણ આવા મહામાનવને વંદન કરે છે. પરંતુ પહાડના ઊંચા શિખર અને તેની નીચેની ઊંડી ખાઈનો નિયમ અહીં પણ લાગુ પડે છે, કારણકે માનવીને જીવન જીવતાં ન આવડે તો એ જ માનવ અધમમાં અધમ યોનિના જીવ કરતાં પણ હલકો બને છે. તમારું સ્થાન ક્યાં છે, એ વિચારવાનું તો તમારી પર જ છોડું છું.'

સુશીલાની વાત સાંભળી રાજાનો કામાગ્નિ શાંત થઈ ગયો. તે ગળગળો થઈ સુશીલાની સામે બે હાથ જોડી બોલ્યો : 'માતા! તમારું કહેવું સંપૂર્ણ સાચું છે. મારું ચિત્ત રાત-દિવસ ભમ્યા કરે છે, મને ક્યાંય જંપ નથી, નહિ તો આવું અવિચારી પગલું ભરવાનું મને મન જ ન થયું હોત. મારાં પાપો મને સતત બાળ્યા કરે છે, પરંતુ તેમાંથી મને મુક્ત કરવાનો કોઈએ પ્રયત્ન કર્યો નથી. મારી રાણીઓ સિવાય જગતની તમામ સ્ત્રીઓને હું આજથી માતા અને બહેન તરીકે માનીશ, પરંતુ મારી તમને એક જ વિનંતિ છે કે મારા આ અપરાધની તમે કોઈને વાત કરશો નહીં.'

સુશીલાએ સ્મિતપૂર્વક રાજાને કહ્યું : પિતા ગમે તેવો દુષ્ટ હોય પણ કોઈ પુત્રી પોતાના પિતાના અપરાધની વાત કદી પણ જાહેર ન કરે. આ વાતની તમે ખાતરી રાખજો.'.

મંગલસિંહ સુશીલાને વંદન કરી ત્યાંથી જ્યારે બહાર નીકળ્યો, ત્યારે તેનું મેલું માનસ પવિત્ર માનસમાં પલટાઈ ગયું હતું, જે સુશીલાના સતીત્વને આભારી હતું. આવી પવિત્ર સ્ત્રીઓની પ્રશંસા કરતાં એક મહાન આચાર્ય ભગવંતે સાચું જ કહ્યું છે કે:–

'सतीत्वेन महत्त्वेन वृत्तेन विनयेन च।
विवेकेन स्त्रियः काश्चिद् भूषयन्ति धरातलम्॥'

અર્થાત્ સ્ત્રીઓ એવી પણ છે કે જે પોતાના પતિવ્રતપણાથી, મહત્ત્વથી (સદાચરણોથી), વિનયથી અને વિવેકથી આ પૃથ્વીતલને ભૂષિત (શોભાયુક્ત) કરે છે.

# ૧૨. વૈભવનાં વિષ

ઘણાં વર્ષો પહેલાંની વાત છે–

એક નગરમાં પૂર્ણભદ્ર નામનો શેઠ રહેતો હતો. તેને શ્રીમતી નામે પત્ની હતી અને ચાર પુત્રો હતા. પુત્રોને ત્યાં પણ પરિવાર હતો. પતિ–પત્ની બંનેએ વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કર્યો હતો, તેમ છતાં વ્યાવહારિક તમામ કાર્યોમાં શ્રીમતીનું ચલણ મુખ્ય હતું. પુત્રો અને પુત્રવધૂઓ તેની આજ્ઞાનુસાર વર્તતાં. વૃદ્ધાવસ્થામાં પણ પૂર્ણભદ્ર અને શ્રીમતી એક બીજાના પડછાયાની માફક રહેતાં. પતિ-પત્ની એક બીજાના અર્ધા અંગ જેવા છે તેનું સરસ નિદર્શન તેમની જીવનપદ્ધતિમાંથી થતું.

શેઠના નાના પુત્રની પત્ની તનમન એક શ્રીમંત શેઠની લાડકી પુત્રી હતી અને મોટા ઘેર સુખવૈભવમાં ઊછરી હતી, એટલે જરા વધુ પડતી શોખીન હતી. તનમનની અભિરુચિ, એના શોખ, એની વૃત્તિ, એના વિચારો અને જીવનદૃષ્ટિ ઘણીવાર શ્રીમતીને અકળાવતાં, તેની આછકલી રહેણીકરણી પ્રત્યે શ્રીમતીને ભારે સૂગ હતી તેથી ઘણીવાર ધમકાવતી. આવી તકરારો અને બોલાચાલી વખતે પૂર્ણભદ્ર શ્રીમતીને શાંતિ રાખવા સમજાવતાં કહેતા, 'આપણો અપરાધ કરનાર વ્યક્તિ આપણા કર્મોની પ્રેરણાથી જ આપણો અપરાધ કરે છે અને આ દૃષ્ટિએ આપણાં કર્મો જ સાચા અપરાધી છે, તો તે માટે અન્ય પર શા માટે ક્રોધ કરવો?' આવી દલીલ સામે

શ્રીમતી છેડાઈ પડતી અને કહેતી : 'ઘરની હવા એ પ્રશ્ન ગૃહિણીનો છે, પુરુષોએ તેમાં માથું મારવું ન જોઈએ.' શેઠ આવા પ્રસંગે કટાક્ષપૂર્ણ વાણીમાં શ્રીમતીને એક જ વાક્ય કહેતા : 'સન્મતિ ! માનવે પોતાનો ભૂતકાળ ભૂલી જવો ન જોઈએ અને તમે પોતે પણ શ્રીમતીમાંથી જ સન્મતિ બન્યાં છો એ સદાકાળે યાદ રહેવું જોઈએ.' શેઠની આવી વાત સંભળી શ્રીમતી બરફની જેમ ઠંડી પડી જઈ ચુપ થઈ જતી. જીવનના પૂર્વાર્ધમાં થયેલા અનુભવોના કારણે તે સમજતી હતી કે ધનવાન લોકોના ઘરમાં જોવામાં આવતાં વિનય-વિવેક, મધુરવાણી અને શિસ્તપાલનમાં માત્ર કૃત્રિમતા સિવાય અન્ય કોઈ તત્ત્વ નથી હોતું અને એવા વાતાવરણમાં મોટી થયેલી તનમનને તેમાંથી મુક્ત કરાવવાનો તેનો ઈરાદો હતો. આમ છતાં, શેઠના પેલા વાક્ય સામે એ કદી દલીલ કે ફરિયાદ ન કરતી.

તનમનને થયું કે શેઠના પેલા વાક્ય પાછળ કોઈ ગૂઢ રહસ્ય છુપાયેલું હોવું જોઈએ, તેથી તેણે એ રહસ્ય શોધી કાઢવા નિશ્ચય કર્યો. સાસુ અને સસરા પર્વના એક દિવસે ઉપાશ્રયમાં પૌષધ કરવા ગયા, ત્યારે તનમને પેલા જાદુઈ વાક્યનો ભેદ શોધવા પોતાની ચાવી લાગુ કરી શેઠનું કબાટ ખોલ્યું અને તેમાં પડેલી શેઠની જૂની નોંધપોથીઓ તેણે વાંચી. કોઈ પણ અન્ય વ્યક્તિના ખાનગી પત્રો કે નોંધપોથીઓ માલિકની રજા સિવાય વાંચવા એ મહાગુનાહિત કાર્ય છે અને તેમાંથી અનર્થ જાગે છે, એ ખ્યાલ તનમનને ના રહ્યો. તમામ નોંધપોથીઓ તો તે ન વાંચી શકી, પણ જે વાંચી,

તેમાંથી સાસુ અને સસરાની પૂર્વાવસ્થાનો ઈતિહાસ તેના ખ્યાલમાં આવી ગયો.

સાસુજીનું નામ શ્રીમતીમાંથી સન્મતિ કઈ રીતે થયું, તેનો સંપૂર્ણ ભેદ તેણે જાણી લીધો અને આ બધું જાણીને તે સ્તબ્ધ થઈ ગઈ. દેવ જેવા સાસરા પ્રત્યે તેનું મસ્તક નમી પડ્યું, તો શ્રીમતીના જીવન પ્રત્યે તેને કેવળ ઘૃણા અને તિરસ્કાર થયો. એ નોંધપોથીઓનો નીચેનો ભાગ તેના સ્મરણપટ પર અંકિત થઈ ગયો, અને છેવટે એ જ વસ્તુ શેઠાણીના જીવનના કરુણ અંતનું કારણરૂપ બની.

લગ્ન પછી પહેલા આણે પૂર્ણભદ્ર જ્યારે શ્રીમતીને તેડવા તેના સાસરે ગયો, ત્યારે શ્વસુરગૃહે બનેલી બીનાની નોંધમાં પૂર્ણભદ્રે લખ્યું હતું: 'આ ઘરમાં તો મથુરાના ચોબાઓની માફક જમાઈરાજોની એક મોટી પલટણ છે. ધનવાન માણસોને કૂતરા અને ઘોડા પાળવાનો શોખ હોય છે, પણ અહીં તો જમાઇરાજોને પણ પાળવામાં આવે છે એમ જોવામાં આવ્યું. જમાઇરાજોની આ પાંજરાપોળમાં મારી પણ ભરતી કરવાની આ લોકો ઈચ્છા રાખે છે, તે જાણતાં દિલને અત્યંત આઘાત થયો. પ્રકૃતિ અને સ્વભાવના કારણે હું વૈભવને ધિક્કારનારો છું અને સંપત્તિને શાપ માનું છું. એક મ્યાનમાં જેમ બે તલવારો સાથે રહી શકે નહિ તેમ એક વ્યક્તિમાં, કુટુંબમાં કે ઘરમાં પણ શ્રી અને ધી સાથે રહી શકે એમ હું માનતો નથી. અહીં શ્રીનો પાર નથી પણ ધીનું નામ નથી. આવા ધનવાનોને ત્યાં રહેતા જમાઈરાજો એની પત્નીના પતિદેવ બનવાને બદલે

એક પ્રકારનાં રમકડાં–ચેતન વિનાનાં પણ આનંદ કરાવે–તેવાં બની જાય છે.

તે પછીના બીજા દિવસની નોંધમાં લખ્યું હતું કે : ‘ગઈ રાતે સસરાજીની પડખેના રૂમમાં જ હું સૂતો હતો. મોડી રાતે સસરાજી સૂવા આવ્યા, ત્યારે તેના મોંમાંથી આવતી દારૂની વાસ માટે ઠપકો આપતાં સાસુજી સજળનયને કહી રહ્યાં હતાં કે, આજે તમારી સગલી (ઉપપત્ની) ને ત્યાં ન ગયા હોત તો ન ચાલત? ‘દારૂના નશામાં સસરાજીએ કહ્યું : ‘તારા જેવી ચૂડેલ અને રસહીન પત્ની સાથે પનારા પડ્યા એટલે જ સગલીને ત્યાં જવું પડે છે ને!’ હું તો આ વાર્તાલાપ સાંભળી આભો બની ગયો. સસરાજીએ આ નવા બંધાયેલ બંગલાને ‘દેવ–ભુવન’ નામ આપ્યું છે, પણ વાસ્તવિકતાની દૃષ્ટિએ હું તો આ દેવભુવનમાં ખંડેરનાં દર્શન કરી રહ્યો છું.’

તે પછી આગળ જતી ડાયરીની નોંધમાં લખ્યું હતું કે : ‘સાસુજીના કાનમાં દશેક હજારની કીમતનાં બૂટિયાંની જોડ શોભી રહી છે, એની આંગળીએ પહેરેલી વીંટીનો હીરો અદ્‌ભુત છે અને ગળામાં પહેરેલી મહામૂલ્યવાન નીલમ–મુક્તાની માળા જોઈ એના ભાગ્યની પ્રથમ દૃષ્ટિએ તો સૌ કોઈને ઈર્ષ્યા આવે. આભૂષણો તો સૌ કોઈ જોઈ શકે છે, પણ આભૂષણોની ભીતરમાં હૃદયમાં પ્રજ્વલતો અગ્નિ પણ જોઈ શકાતો હોય તો ઈર્ષ્યા આવવાને બદલે દયા આવે. કુદરતની મહેર છે કે માનવી અન્ય માનવીનો જીવાત્મા નજરે જોઈ શકતો નથી; નહિ તો કદાચ માનવજાતની મોટા

ભાગની વ્યક્તિઓ કોઈ ને કોઈ પશુજાતને મળતી આવતી જોવામાં આવત.'

તે પછીની નોંધપોથી કહેતી હતી : ' આજે સસરાજીએ તેમની પેઢીમાં જ મને જોડાઈ જવાની વાત કરતાં કહ્યું કે "આ જમાનો અર્થયુગનો છે અને આદર્શવાદીઓ ભીખ માગે છે. જેની પાસે પૈસા ન હોય તે બધા પૈસાને ધિક્કારે પણ પૂર્વ જન્મમાં પુણ્ય કર્યાં હોય તેને જ પૈસા પ્રાપ્ત થાય છે એમ ધર્મશાસ્ત્રોએ પણ કહ્યું છે. વૈભવને વિષ અને શ્રીમંતાઇને શાપ માનનારા કંઈક વિદ્વાન અને પંડિત-જનો મારી પેઢી પર અને ઘરઆંગણે તેની સંસ્થાઓમાં મને પ્રમુખ અને અતિથિવિશેષ બનાવવા કાકલૂદીભરી વિનંતી કરતા ચાલ્યા આવે છે. આવા બધા લોકો દંભી છે, એના ભાગ્યમાં પૈસા હોતા નથી પણ તેની પાછળ દોડવાની ઠગબાજીમાંથી મુક્ત થઈ શકતા નથી. સુખ, આનંદ, ધર્મ અને પુણ્ય–આ બધાં તો પૈસાની આસપાસ વીંટળાયેલાં પડેલાં જ છે, એટલે જ જેની પાસે ધન છે તેનામાં સર્વગુણોનો વાસ છે એમ મોટા મોટા મહાત્મા પુરુષો પણ કહે છે." તેમની આવી બેહૂદી વાત સાંભળતાં મને ભારે ગુસ્સો આવ્યો એટલે આવેશમાં આવી જઈ કહી દીધું : ' ધનવાન લોકો ગમે તે ક્ષેત્ર પકડે અને ગમે તેમ વર્તે તે બાબતમાં ખાસ વાંધો નથી, પણ ધર્મ, પાપ, પુણ્ય વગેરે વાતોથી તેઓ દૂર જ રહે તેમાં તેઓનું પોતાનું અને જગતનું કલ્યાણ છે. એક તો ધનવાન લોકોના મોંએ આવી વાતો શોભતી નથી અને બીજું જયારે તેઓ આવી વાતો કરે છે ત્યારે એવા તો ભૂંડા

લાગે છે કે જેનું વર્ણન શબ્દો દ્વારા થઈ શકે નહીં. હું અહીં તમારી પેઢીમાં જોડાવા અગર તમારી સાથે રહેવા નથી આવ્યો, મારી પત્નીને મારી સાથે લઈ જવા આવ્યો છું. એના જવાબમાં જે શબ્દો તેણે કહ્યા તે આ નોંધપોથીમાં લખવાથી સુરુચિનો ભંગ થાય તેવું છે, પણ હવે અહીંથી તાત્કાલિક ચાલી જવું જોઇએ, નહિતર આ લોકો મને આપઘાતના માર્ગે દોરશે અગર ગાંડાની હોસ્પીટલમાં ધકેલી દેશે.'

સાસરે આવવા માટે શ્રીમતી સાથે થયેલી વાતચીત સંબંધમાં એ નોંધપોથીમાં લખ્યું હતું કે : 'શ્રીમતીને પોતાના વ્યકિતત્વ અને સંસ્કારનું ભારે અહમ્ છે. મારી સાથે આવવાનું કહ્યું ત્યારે જવાબ આપ્યો : "હું આત્મરક્ષણ અને વ્યકિતત્વના વિકાસમાં માનું છું. મહાભારતમાં કહ્યું છે કે, પોતાના સ્વજનોને હણવાં પડે તો હણીને પણ આત્મરક્ષણ કરવું. વ્યકિતત્વનો લોપ ન થવા દેવો જોઇએ પણ તેના વિકાસ માટે તેને–પોતાના પતિને પણ તજવો પડે તો તજી દેવો." અર્ધદગ્ધનું અહમ્ ભારે ભયંકર હોય છે. નારીપરિચયનો આવો વિચિત્ર અનુભવ જીવનમાં પ્રથમ વખત થયો. ધનવાનની પુત્રી ગરીબ માણસના માટે પત્ની તરીકે એક મહારસાયણરૂપ છે, જેનો સ્વાદ મધુર અને મિષ્ટ દેખાવા છતાં તેને જીરવવાની પ્રક્રિયા તો યોગસાધનાથી પણ વિશેષ કપરી હોય છે. પણ આ વાત મને બહુ મોડે મોડે સમજાણી. શ્રીમતીના આવા માનસ માટે આ ઘરનું વાતાવરણ અને તેની વિચિત્ર હવા જવાબદાર છે. અપરાધી માનવ પ્રત્યે પ્રેમપૂર્વક એવો વર્તાવ રાખવો જોઇએ કે જેથી

ધીમે ધીમે તેને તેના અપરાધનું ભાન થતું જાય અને તેમ થઈ શકે તો એક દિવસ એવો પણ ચોક્કસ આવે કે જ્યારે અપરાધી માણસ પોતાના અપરાધ માટે પ્રશ્ચાત્તાપ કરતો થઈ થઈ જાય. ગુનાની આ જ ઉત્તમમાં ઉત્તમ શિક્ષા છે. શ્રીમતી પ્રત્યે મારે આ જ નીતિ અખત્યાર કરવી છે. જો કે તે માટે મારે અત્યંત ધીરજ, ભારે સહનશકિત, અપૂર્વ શ્રદ્ધા અને તેના પ્રત્યે અપાર પ્રેમ રાખવો પડશે. આ પણ મારા માટે તપરૂપ છે અને તપ વિના કોઈ સિદ્ધિ પ્રાપ્ત થઈ શકતી પણ નથી.'

તે પછીની નોંધપોથીઓમાં પૂર્ણભદ્રના આફ્રિકાના પ્રવાસનું અને ત્યાં પ્રાપ્ત કરેલા ધનનું વર્ણન હતું. ત્રણેક વર્ષ પછી જન્મભૂમિમાં પાછા ફર્યા બાદ શ્રીમતીના પિતાની કફોડી થયેલી પરિસ્થિતિ અને તેણે નોંધાવેલી નાદારી તેમજ શ્રીમતીના પતિગૃહે થયેલ આગમન વિષે નોંધ હતી. શ્રીમતીના પશ્ચાત્તાપ અને ઉદારદિલે પત્નીને આપેલ ક્ષમા વિષેની નોંધમાં પૂર્ણભદ્રે લખ્યું હતું કે: 'પિતૃગૃહેથી વગર બોલાવે શ્રીમતી આજે આવી અને તેણે મારાં ચરણો પકડી પોતાના ભૂતકાળના વર્તનનો પશ્ચાત્તાપ કરી માફી માગી ત્યારે મારું હૃદય દ્રવી ઊઠયું અને ગળગળા અવાજે મેં કહ્યું: 'શ્રીમતી! માફી તો મારે તારી માગવાની છે. તારા સંસ્કાર, તારો ઉછેર અને જે માતા–પિતાને ત્યાં તેં જન્મ લીધો તે ઘરની હવા, વાતાવરણ, પરિસ્થિતિ અને રીતભાતનો કશોયે ખ્યાલ કર્યા વિના તારા પતિ તરીકેની જવાબદારી મેં સ્વીકારી લીધી અને પછી, તમારા પિયરના કુટુંબની પ્રણાલિકા મુજબ

ઘરજમાઈ તરીકે રહેવાને બદલે તારા વ્યક્તિત્વનો લોપ કરાવી, તને મારા અનુરૂપ પત્ની બનવાની મેં જે ફરજ પાડી, તેના માટે માફી તો મારે જ તારી માગવાની છે!'

પછી તો શ્રીમતીએ પોતાના કોમળ હાથો વડે મને બોલતો અટકાવી રડતાં રડતાં કહ્યું : 'નાથ! ભૂતકાળમાં થઈ ગયેલી મારી ભૂલોને યાદ કરીને હવે મને વધુ શરમિંદી ન કરો.' શ્રીમતીના આ શબ્દોના સંદર્ભમાં તેનામાં રહેલી અદ્ભુત સન્મતિનું મને દર્શન થયું, અને ભૂતકાળનાં દુઃખદ સ્મરણોનું કાયમ માટે વિસર્જન કરવા શ્રીમતીનું નામ આજથી મેં સન્મતિમાં ફેરવી નાખ્યું છે. પ્રાણ સાથે જ પ્રકૃતિ જાય એ વાત એકાંત સત્ય નથી. જગતમાં જેમ બધું જ પરિવર્તન-રૂપ છે તેમ માનવીની પ્રકૃતિનું પણ પરિવર્તન થઈ શકે છે. એમ ન હોત તો, દૃઢપ્રહારી જેવા ભયંકર હત્યારાનો મોક્ષ એ જ જન્મે ન થઈ શક્યો હોત. કળાકારો પથ્થરમાંથી અદ્ભુત–આહ્‌લાદક મૂર્તિ બનાવી શકે છે, તો જેમાં ચેતન આત્મા રહેલો છે તેને પણ પ્રેમની કળાદ્વારા મહામાનવ કેમ ન બનાવી શકાય? શ્રીમતી અને હું બંને અન્યોન્યના અર્ધ અંગ જેવાં બની જીવન જીવવા પ્રયત્ન કરીશું.'

વાંદરાના પેટમાં ખીર અને સ્ત્રીના પેટમાં કોઈ વાત ટકી શકતી નથી. એક દિવસે તનમન તેની બહેન અને બનેવી સાથે નૃત્યસમારંભ જોવા જવા તૈયાર થઈ. તેણે કાનમાં આકર્ષક લટકણિયાં અને હાથે સુશોભિત મણિકંકણ પહેર્યાં હતાં. કમળસમા અંબોડામાં સુગંધી ફૂલોની વેણી લટકી રહી હતી, અને ફેશનેબલ કટવાળી ચોળીમાંથી ઉદરની નીચેનો

ભાગ અને છાતીનો ઉપલો ભાગ ખુલ્લો દેખાતો હતો. તેણે પહેરેલી રેશમી સાડીમાંથી હીનાના અત્તરની સુવાસ ચારે બાજુ ફેલાઈ રહી હતી; પણ આવો બધો ભપકો અને શણગાર જોઈ શ્રીમતીનો મિજાજ ગયો અને રોષપૂર્વક તનમનને કહ્યું: 'તમે તે નૃત્ય જોવા જાઓ છો કે નૃત્ય કરવા? શરીરના રૂપનાં જાહેરમાં આવાં પ્રદર્શન કરવાનાં ન હોય! માબાપે આવુ જ બધું શિખવાડયું છે કે કાંઈ સારું શીખવ્યું છે! આવા બધા આછકલાવેડા આ ઉંમરે ખતરનાક નીવડે છે તેનું કાંઈ ભાન છે?'

પોતાના માબાપ વિશેની ટીકા સાંભળી તનમને મગજની સમતુલા ગુમાવી અને ગુસ્સાપૂર્વક કહ્યું: 'બાઈજી! નૃત્યાંગનાને ત્યાં તો તમારા પિતાને જવાનો શોખ હતો, મારા પિતાને નહીં; અને તમારા માતા-પિતાના સંસ્કારોના કારણે જ મારા સસરા જ્યારે પ્રથમ તમને તેડવા આવ્યા, ત્યારે તેમનું અપમાન કરી તેને ભૂંડા હાલે તમે કાઢયા હતા. જુઓ! હું કહી દઉં છું, હવે મને વધુ બોલાવવામાં તમે સાર નહીં કાઢો.

તનમનના શબ્દો સાંભળી શ્રીમતી પર વીજળી પડી હોય તેવી અસર થઈ અને તે બેશુદ્ધ થઈ નીચે ઢળી પડી. તેના મગજની નસ તૂટી ગઈ અને ઉત્તમ ચિકિત્સકોની સારવાર છતાં તેના સારા થવાની શકયતા ન રહી. જીવનની અંતિમ પળે શ્રીમતીએ તનમનને પોતાની પાસે બોલાવી કહ્યું: 'તનમન! મારે એકેય પુત્રી નથી એટલે મારી પુત્રવધૂઓ જ મારા મનથી મારી પુત્રીઓ જેવી છે. યુવાન

પુત્રીઓ અને સાસરે આવતી નવવધૂઓની બાબતમાં, માતા અને સાસુના મનમાં ભારે ઉચાટ રહે છે, પણ તેનો સંબંધ માતા અને સાસુએ જીવનના પૂર્વાર્ધમાં મેળવેલા અનુભવો સાથે હોય છે. માનવમન મહાસાગર જેવું ઊંડું છે અને સમુદ્રનાં તરંગોની માફક તેના મનમાં આઘાત-પ્રત્યાઘાતરૂપી લાગણીઓની રમત ચાલી જ રહેલી હોય છે. આપણા વડીલો આપણને આમ શા માટે કહે ? એ દૃષ્ટિએ વિચારવાને બદલે આમ કહેવા પાછળ શું કારણ હશે ? એ રીતે વિચારે તો આ જગતમાં માનવીનાં મોટાભાગનાં દુઃખોનો અંત આવી જાય.

જ્યારે હું તારી ઉંમરની હતી ત્યારે મારા જીવનમાં એક એવો કરુણ બનાવ બની ગયો કે જેના પ્રત્યાઘાતોની અસરમાંથી હું આજ દિવસ સુધી મુક્ત થઈ શકી નથી. તારા સાસરા આફ્રિકા હતા ત્યારે મારી મોટી બહેન અને તેના પતિ સાથે હું પણ તારી જેમ શૃંગાર સજી એક નાટક જોવા ગઈ હતી. મોડી રાતે પાછા આવ્યા એટલે હું પણ બેનના રૂમમાં જ સૂઈ રહી. રાત્રિના છેલ્લા પહોરે મારા પલંગ પર આવી કોઈએ મારા દેહ સાથે અડપલું કરતાં હું જાગી ગઈ, અને જોઉં છું તો એ મારા વડીલ બંધુ જેવા મારા બનેવી જ હતા. હું આ દૃશ્ય જોઈ છળી પડી. એના કાંઈક અસ્પષ્ટ શબ્દો મને યાદ છે તે આમ હતાઃ 'શ્રીમતી ! તારી એકલતા જોઈ મારું હૃદય દ્રવી જાય છે, યૌવનાવસ્થા તો કુદરતે માનવને ભોગવવા આપી છે—વેડફી દેવા નહિ.' મારી પડખેના પલંગમાં જ મારી બહેન નિદ્રાવસ્થામાં હતી, એ જાગી જાય અને આ દૃશ્ય જૂએ તો મારે અને તેણે બંનેએ

અફીણ ઘોળીને પી જવાનો વખત આવે. મેં સમયસૂચકતા વાપરી તેને બાથરૂમમાં જવા અને હું પાછળથી આવું છું એમ કહ્યું અને એ રીતે તેના બાથરૂમમાં ગયા પછી હું ત્યાંથી છટકી ગઈ.

પુરુષ ભ્રમર જેવા છે. કયા વખતે અને કઈ રીતે તેનામાં શયતાન જાગ્રત થાય છે તેનું કશું ઠેકાણું નહિ, એટલે સ્ત્રીજાતે તો ભારે સંભાળ અને સાવચેતીપૂર્વક રહેવું જરૂરી છે. સ્ત્રીનું ચારિત્ર્ય તો કાચના વાસણ જેવું છે, તેમાં તડ પડ્યા પછી તે કદી સાંધી શકાતું નથી.

વાત કરતાં કરતાં શ્રીમતી થાકી ગઈ એટલે થોડો વખત શાંતિ રાખી તેણે કહ્યું : 'તનમન! બહારની અજ્ઞાત વસ્તુઓ આપણા મનને સૂચન કરી ઉત્તેજિત કરે છે અને એ સૂચન સામે મન પ્રતિક્રિયા કરે છે. પાણીમાં પથ્થર નાખીએ છીએ ત્યારે પાણી મોજાંનું સ્વરૂપ લઈને પથ્થરની સામે પ્રતિક્રિયા કરે છે, તે રીતે તને નૃત્યસમારંભમાં જતી જોઈને તે રાતે નાટક જોઈને પાછા આવતાં જે અનુભવ થયો તેની મને સ્મૃતિ થઈ અને એ સ્મૃતિએ મારા મનને ઉત્તેજિત કર્યું. તેના પ્રત્યાઘાતરૂપે મેં તને કડવા શબ્દો કહી દીધા. પણ એ શબ્દોના સંદર્ભમાં ઘૃણા કે તિરસ્કારને બદલે માત્ર સ્નેહ, પ્રીતિ અને રાગના તત્ત્વ સિવાય અન્ય કશું ન હતું. ભાષા ભૂલભરેલી હતી, આશય શુદ્ધ હતો. પુરુષમાં રહેલી પશુવૃત્તિના શિકારનું જે રીતે ભૂતકાળમાં હું પાત્ર બની હતી, તે રીતે મારી પુત્રી સમાન પુત્રવધૂ કોઈ

પુરુષની પશુવૃત્તિના શિકારનું પાત્ર ન બને એ સિવાય કોઈ અન્ય હેતુ મારા કડવા શબ્દો પાછળ ન હતો.

બહુ ધનવાન કુટુંબમાં મારો ઉછેર થયો અને વિવેક બુદ્ધિ, માન, મર્યાદા, સત્ય, શીલ, ધર્મ—આ બધું જ જેમાં ડૂબી જાય એવો તળિયા વગરનો—તે પૈસો છે; આ વસ્તુ જીવનમાં મેં પ્રત્યક્ષરીતે જોઈ અને અનુભવી છે. તેથી જ, જ્યારે જ્યારે ધનવાન લોકોને જોઉં છું ત્યારે હું તેઓના પ્રત્યે નફરત, ઘૃણા અને શંકા અનુભવું છું. માણસની ભૂલ તો માત્ર જરા જેટલી—એકાદ ક્ષણ માટેની જ હોય, પણ એકાદ ક્ષણની એ નબળાઈનાં એવાં કરુણ પરિણામ આવે છે કે જે આપણને કદી પણ શાંતિપૂર્વક નથી બેસવા દેતાં. મૃતમાનવીનું પ્રેત જેમ પજવ્યા કરે તેમ વર્ષોનાં વર્ષો વીતી જાય પણ થઈ ગયેલી ભૂલના આઘાત—પ્રત્યાઘાતમાંથી માણસ જીવનભર મુક્ત બની શકતો નથી.

શ્રીમતીની વાત સાંભળી તનમન સ્તબ્ધ થઈ ગઈ. કેવી મહાન સ્ત્રીનો તેનાથી અજાણતાં અપરાધ થઈ ગયો તેનું ભાન થતાં તેના ચક્ષુમાંથી અશ્રુની ધારા વહેવા લાગી. પાપ અને ભૂલમાંથી બચાવવા તેની સાસુએ તેના માટે સમગ્ર જીવનનું બલિદાન આપી દીધું, એ વાત સમજતાં તનમનને વાર ન લાગી. તેના પશ્ચાત્તાપનો પર રહ્યો નહીં. શ્રીમતી તો મૃત્યુ પામી પણ મરતાં મરતાં તનમનને નવી જીવન-દૃષ્ટિ આપતી ગઈ.

# ૧૩. દૃષ્ટિરાગ

વીતભય એ સિંધુ–સૌવીર દેશનું મુખ્ય નગર હતું. ત્યાં ઉદયન નામે રાજા રાજ્ય કરતો હતો. તેનાં લગ્ન વૈશાલીના રાજવી ચેટકની પુત્રી પ્રભાવતી સાથે થયાં હતાં. ઉદયનના તાબામાં સિંધુ–સૌવીર વગેરે તેર દેશો, ત્રણસો નગરો, દશ મુકુટબદ્ધ રાજાઓ તેમજ બીજા અનેક ખંડિયા રાજાઓ હતા.

એક વખત વીતભયનગરમાં કેટલાક મુસાફરો આવ્યા. સમુદ્રમાં તોફાન થવાથી તેઓનું વહાણ ખરાબે ચઢી ગયું હતું. તે વખતે એક દેવે તેની શક્તિ વડે એ વહાણને ખરાબામાંથી સલામતરીતે બહાર કાઢયું અને મુસાફરોને એક બંધ કરેલી પેટીમાં ચંદનકાષ્ઠની બનાવેલી ભવ્ય અને આહ્લાદક તીર્થંકર ભગવંતની પ્રતિમા આપી. દેવે કહેલું કે જે સતી સ્ત્રીના હાથે એ પેટી ખૂલે તેને જ મૂર્તિ અર્પણ કરી દેજો. ઘણી સ્ત્રીઓએ પેટી ઉઘાડવા પ્રયત્નો કર્યા પણ પણ અંતે ઉદયનની રાણી પ્રભાવતીના હાથે એ પેટી ખૂલી. પછી તો તેણે રાજમહેલમાં એક ચૈત્યગૃહ બંધાવી સુંદર મણિમય સિંહાસન પર એ પ્રતિમાની સ્થાપના કરી. ઉદયન તથા પ્રભાવતી બંને તેની પાસે ધ્યાન ધરતાં અને અપૂર્વ ભક્તિ કરતાં.

એક દિવસે ચૈત્યગૃહમાં પ્રભાવતી અભિનયગ્રહ નૃત્ય કરતાં કરતાં મધુર આવાજે સંગીતના સૂરદ્વારા મૂર્તિ સામે

એકધ્યાન થઈ ગઈ હતી અને ઉદયન પણ વીણા વગાડતો વગાડતો પ્રતિમા સાથે એકાકાર થઈ ગયો હતો. એવામાં એકાએક ઉદયનના હાથમાંથી વીણા વગાડવાની કાંબી સરી પડી અને તેનાથી થયેલા અવાજના કારણે ભક્તિમાં ભંગ પડયો પ્રભાવતીએ ઉદયન સામે જોયું અને તે સ્તબ્ધ થઈ ગઈ. ઉદયનને મૂર્છા આવી ગઈ હતી. પછી ઉદયનને શયન-ગૃહમાં લઈ જઈ તેના મુખ પર ઠંડુ પાણી છાંટયું અને મૂર્છામાંથી જાગૃત થતાં પ્રભાવતીએ તેમને પૂછ્યું : 'નાથ! એકાએક આપને આ શું થઈ ગયું ?'

કાંઈ પણ જવાબ આપવાને બદલે ઉદયને તેનું શિર રાણીના વક્ષઃસ્થલ પર મૂકી દીધું અને તેનાં ચક્ષુઓમાંથી દડદડ આંસુઓ વહેવા લાગ્યાં. પ્રભાવતીને લાગ્યું કે રાજાએ કોઈ ભયંકર બિહામણું દૃશ્ય જોયું હોવું જોઈએ, નહિતર તેના મનને આટલો બધો આઘાત કદાપિ ન થાય.

થોડી વારે શાંત બની ઉદયને કહ્યું : 'દેવી ! નૃત્ય કરતી વખતે તારા પર દૃષ્ટિ પડતાં મને માત્ર તારું મસ્તક વિનાનું ધડ જ દેખાયું અને એ દૃશ્ય જોતાં મેં મારી શુદ્ધિ ગુમાવી. તે પછી શું થયું તેની મને કાંઈ ખબર જ ન પડી. તારા સાંનિધ્ય વિના મારી જાતની કલ્પના કરતાં જ હું ધ્રૂજી ઊઠું છું. આકૃતિ વિના જેમ પડછાયો ન હોય, તેમ તારા વિના મારી હસ્તીનો હું વિચાર જ કરી શકતો નથી.'

રાજાની વાત સાંભળી બાહ્યરીતે તો પ્રભાવતી ખડખડ હસી, પણ તેના આંતર મનમાં તે પામી ગઈ કે તેનું મૃત્યુ

બહુ નજીક છે. તેની પાછળ રાજાની મુગ્ધતા અને પરવશતાનો પણ તેને ખ્યાલ આવી ગયો. તેણે વિચાર્યું કે જ્ઞાની પુરુષોએ **सर्वं परवशं दुःखम्**–એમ કહ્યું છે તે સાચું જ છે. ઉદયન અને હું બાલ્યાવસ્થામાં એક બીજાને જાણતાં પણ ન હતાં. કર્માનુસાર અમારો સંયોગ થયો અને આ સંયોગો જ દુઃખની પરંપરાનું કારણ બનતું જોવાય છે. અશુભ કર્મનો ઉદય આત્માના ગુણને આવરણરૂપ છે, પણ અહીં તો અમારા બંનેનું શુભ મિલન પણ આવરણનું કામ કરતું માલૂમ પડે છે. આવી પરિસ્થિતિમાં મારું મૃત્યુ થતાં ઉદયનની શી હાલત થશે એ વિચારથી તે કંપી ઊઠી.

પ્રભાવતીએ પછી તો દૃઢ નિશ્ચય કર્યો કે ઉદયનને આવા રાગમાંથી કોઈ પણ યુક્તિથી મુક્ત કરાવવો, કારણકે લોખંડમાં જેમ અગ્નિ રહેલો હોય ત્યાં સુધી એના પર હથોડાના ઘા પડતા રહે છે, તેમ માણસમાં જ્યાં સુધી રાગ–મોહ રહેલા હોય ત્યાં સુધી તેના પર દુઃખ અને આપત્તિઓ આવવાની જ. બહુ વિચારતાં તેને લાગ્યું કે, જો તે ત્યાગ–તપ–સંયમનો માર્ગ સ્વીકારી દીક્ષા લઈ લે તો ધીમે ધીમે ઉદયન તેના પ્રત્યેના રાગમાંથી મુક્ત થશે. કામરાગ, સ્નેહરાગ, અને અન્ય રાગોમાંથી મુક્તિ મેળવવી શકય છે, પણ દૃષ્ટિ-રાગ સૌથી વધુ ભયંકર છે અને તેથી જ તેમાંથી મુક્તિ મેળવવી અતિકઠિન છે. ઉદયનનો તેના પરનો દૃષ્ટિરાગ તે દિવસના બનાવમાંથી તેણે જાણી લીધો.

ઉદયનને પ્રભાવતી પર અપૂર્વ પ્રેમ હતો પણ નિર્મળ અને નિર્ભેળ પ્રેમ કરતાં કેટલાક અંશે તેમાં રાગનું તત્ત્વ

પણ હતું. ઉદયન સાથેની ચર્ચામાંથી તેણે જાણી લીધું કે, તે તેની જાતને માત્ર પોતાના પ્રતિબિંબ જેમ માને છે અને તેથી જ તો ધડ વગરના મસ્તક જોવાના ભ્રમ માત્રથી મૂર્છા આવી ગઈ. ઉદયનને દેહાકર્ષણમાંથી મુક્ત કરાવવા પ્રભાવતીએ તેને સંસારની અસારતા, દેહની અનિત્યતા અને જીવનની ક્ષણભંગુરતા વિશે સમજાવી દીક્ષા લેવા માટે રજા માગી. ભોગો આપણે સમજણપૂર્વક ન છોડીએ તો ભોગો આપણને એક દિવસ અવશ્ય છોડી જવાના છે, એ વાત તો ઉદયન પણ સમજતો હતો. તેથી ઉદયને પ્રભાવતીને દીક્ષા લેવા માટે રજા તો આપી પણ શરત કરી કે, 'તું મરીને દેવલોકમાં જાય ત્યારે ત્યાંથી મારી પાસે આવી મને સદ્બોધ આપવો.' પ્રભાવતીએ આમ કરવાનું રાજાને વચન આપ્યું અને તેણે દીક્ષા લીધી પરન્તુ દીક્ષા લીધા બાદ તરત જ પ્રભાવતી મૃત્યુ પામી અને તે દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થઈ.

ભોગો અવશ્ય છોડી દેવા જોઈએ, એવું સમજવા માત્રથી કાંઈ ભોગોમાંથી કોઈ મુક્ત બની શકતું નથી, કારણકે જીવને આવી બધી ટેવોનો વારસો તો અનાદિકાળથી મળેલો હોય છે. આહાર, નિદ્રા, ભય, મૈથુન–આ બધી સંજ્ઞાઓ જીવ સાથે જન્મથી જ જોડાયેલી હોય છે. તે માટે કોઈને કાંઈ શીખવવું પડતું નથી. પણ આ બધામાંથી મુકત થવા માટે તો ભગીરથ પ્રયત્નો અને પ્રબળ પુરુષાર્થ કરવા પડે છે.

( ૨ )

પ્રભાવતીની દીક્ષા અને એકાએક સ્વર્ગગમન બાદ ઉદયનની માનસિક પરિસ્થિતિ કથળવા માંડી. ગૃહિણીશૂન્ય

ઘર અને જળવિહોણી નદી બંને સરખાં છે, પછી એ ઘર રાયનું હોય કે રંકનું. ઉદયનના જીવનમાંથી આનંદ અને ઉલ્લાસનો લોપ થઈ ગયો. સ્વર્ગસ્થ પત્ની સાથેના ભૂતકાળનાં સ્મરણો અને સંસ્કારો યાદ આવતાં તે વિચારશૂન્ય બની જતો. તેના વર્તન અને વાતચીત પરથી તેના મનને લકવો થઈ ગયો હોય તેવું દેખાતું હતું. ચિત્તમાં જે વેગ નિર્માણ કરીએ તેનાથી ચિત્ત ભરાઈ જાય છે. શોકગ્રસ્ત માનવી શોકનાં નિમિત્ત કારણોનો જેમ જેમ વધુ વિચાર કરે, તેમ તેમ તેનું મન વધારે ને વધારે વ્યાકુળ થતું જાય છે. માણસ જેનું ચિંતન કરે, તેમાં જ તેનું ચિત્ત તદાકાર થઈ જાય તેવો ચિત્તનો સ્વભાવ છે. રાત્રે ઊંઘમાં સ્વપ્નાવસ્થામાં તેનું મન અને દેહ તેની મૃતપત્ની સાથે એકાકાર થઈ જતાં. માનવ ઉચ્ચ જ્ઞાનતંત્રના પ્રતાપે આત્મનિગ્રહ દાખવી પોતાના શોકને દબાવી તો શકે છે, પણ શોકની પ્રતિક્રિયાઓના ઉપદ્રવોમાંથી છૂટી જવું એ શક્ય નથી. બાહ્યદષ્ટિએ શુદ્ધ બ્રહ્મચારી ઉદયન ઊંઘમાં સ્વપ્નદ્વારા તેની મૃતપત્નીના સહવાસમાં વિલાસ ભોગવતો. દરેક પ્રકારનો ઉપભોગ, પૂર્વના ઉપભોગથી બંધાયેલી ચિત્તવૃત્તિદ્વારા માનવમનને જે એક પ્રકારની ગતિ મળે છે તેના ઉપર આધાર રાખે છે; અને તેથી જ ધર્મશાસ્ત્રોએ વાસનાને અનાદિ કહી છે. સ્વપ્નમાંથી જાગ્રત થઈ જ્યારે ઉદયનને વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ આવતો, ત્યારે તે એક નાના બાળકની જેમ રડી પડતો. આ દુઃખના નિવારણ અર્થે તેણે મદ્યપાન શરૂ કર્યું. માણસ દુઃખનું સ્વરૂપ અને તેનાં કારણો

સમજવાને બદલે તેનાથી દૂર નાસવાનો પ્રયત્ન કરે છે, પણ તે માર્ગ યથાર્થ નથી. દુઃખ ભસતા કૂતરા જેવું છે. ભસતા કૂતરાને તમે પડકારો તો તે તમારાથી દૂર ચાલ્યું જશે, પણ તેનાથી બીશો તો તે તમારી પાછળ દોડશે. દુઃખને ભૂલવા માટેના પ્રયત્નો મિથ્યા છે, દુઃખને સમજી લઈ તેને દૂર કરવાના પ્રયત્નોમાં જ માનવતા છે.

મદ્યપાનનો નશો રહે ત્યાં સુધી તેના દુઃખને તે ભૂલી જતો, પણ નશો ઊતરી જતાં એ જ પરિસ્થિતિ વધુ બિહામણા સ્વરૂપે તેની સામે આવી ઊભી રહેતી. દિન-પ્રતિદિન તેની શારીરિક અને માનસિક પરિસ્થિતિ કથળવા માંડી, અને રાજમંત્રીઓ તેમજ કુટુંબીજનોને ઉદયનના જીવન માટે ચિંતા થવા લાગી.

રાજગૃહીના રાજવૈદ્ય જીવક એ વખતે સમગ્ર ભારતના સૌથી મહાન્ ચિકિત્સક હતા. રોગનું નિદાન અને નિવારણ કરવામાં તેનાથી કોઈ વધુ કુશળ અને નિષ્ણાત વૈદ્યરાજ એ વખતે ન હતો. તેની સારવારથી અનેક મૃતપ્રાયઃ દર્દીઓ નવું જીવન પ્રાપ્ત કરતા. લોકવાયકા તો એવી હતી કે જીવક પાસે સંજીવની વિદ્યા હતી. રાજગૃહીના રાજવી શ્રેણિકની પત્ની ચેલણા અને ઉદયનની સ્વર્ગસ્થ પત્ની પ્રભાવતી બંને બહેનો હતી. તેથી, ઉદયનની ગંભીર બિમારીની ખબર પડતાં ચેલણાએ જીવકને તેની સારવાર અર્થે વીતભયનગર મોકલ્યો હતો.

જીવકને ઉદયનની માંદગી વિચિત્ર લાગી. અને કોઈ ખાસ રોગ હોય તેવું ન લાગ્યું અને તેમ છતાં તેનાં દેહ અને મન પ્રતિદિન ક્ષીણ થતાં જતાં હતાં. જીવક જેવો પ્રખર ચિકિત્સક હતો, તેવો જ મહાન્ માનસશાસ્ત્રી પણ હતો. ઉદયનના જીવન વિશે, તેના લગ્નજીવનની બાબતમાં તેમજ પ્રભાવતી પ્રત્યેના તેના અપૂર્વ રાગ સંબંધમાં બધું જાણ્યા પછી જીવકને લાગ્યું કે, સાચા દંપતી પૈકી એમાંથી કોઈ એકનું મૃત્યુ થતાં, મૃત્યુ પામનાર પાત્ર તો પુનર્જન્મ પ્રાપ્ત કરી લે છે, પણ જે પાછળ રહે છે તે તો જીવંત રહેવા છતાં મૃતપ્રાયઃ બની જાય છે. પ્રંચડ અગ્નિમાં બાળવાની જે શક્તિ રહેલી છે, તે કરતાં અનેક ગણીશક્તિ વિરહની આગમાં રહેલી હોય છે, એ જીવકે પ્રત્યક્ષ જોઈ લીધું.

ઉદયનને બચાવવા માટે પુનર્લગ્ન સિવાય અન્ય કોઈ માર્ગ જીવકે ન જોયો તેથી તેને ફરી લગ્ન કરી લેવાની સલાહ આપતાં કહ્યું : 'રાજન્! દેહ અને આત્મા જેમ ભિન્ન ભિન્ન છે, તેમ એ બંનેના ધર્મો પણ ભિન્ન ભિન્ન છે. સંસારમાં જેણે સુખપૂર્વક જીવવું હોય, તેણે બંનેના ધર્મોનું પાલન કરવું જોઈએ. સંયોગ અને વિયોગની રમત એનું જ નામ સંસાર. કમળ જળમાં રહ્યા છતાં જળથી અલિપ્ત રહી શકે છે તે સાચું, પણ કમળ એકેંદ્રિય છે, ત્યારે મનુષ્યને પાંચ ઈંદ્રિયો ઉપરાંત બળવાન મન પણ મળેલું હોય છે. રાજાના ભાગ્યમાં ભોગ અને યોગીના ભાગ્યમાં ત્યાગ. આમ છતાં યોગી થવા થાટે સર્જાયેલો જીવ જો રાજાની માફક ભોગો ભોગવવા જાય તો અંતે હાંસીને પાત્ર થાય છે.

ઉદયને જીવકને કહ્યું : 'વૈદ્યરાજ ! દેહ અને આત્માના ધર્મો ભિન્ન ભિન્ન છે, એ સાચું છે પણ મુખ્યતા આત્માના ધર્મની છે, કારણ કે એ નિત્ય છે. દેહના ધર્મ ગૌણ છે, કારણકે અંતે તો એક દિવસ દેહનો નાશ થવાનો જ છે. આમ છતાં મારા દર્દના નિવારણ અર્થે માત્ર આપે નહિ, પણ અનેક ચિકિત્સકોએ પુનર્લગ્નનો માર્ગ સૂચવ્યો છે. આનો તાત્ત્વિક અર્થ એમ થાય કે કામવાસનાની તૃપ્તિનો અભાવ મારા દર્દનું કારણ છે અને પુનર્લગ્ન માર્ગે તેનું નિવારણ થઈ શકે છે. પરંતુ આપ તેમજ અન્ય ચિકિત્સકો જેઓએ આ માર્ગ સૂચવ્યો છે, તેમને કામ અને પ્રેમ વચ્ચેના ભેદની સમજણ હોય એમ મને લાગતું નથી. કામની તૃપ્તિ અગર કામાગ્નિમાંથી મુક્તિ કામભોગદ્વારા અગર કામદમન-દ્વારા કદાપિ થઈ શકતી નથી, માત્ર પ્રેમ દ્વારા જ માનવી કામવાસનાથી મુક્ત બની શકે છે. પ્રેમ અને કામ ઉભય એકીસાથે રહી શકતાં નથી. જેટલા અંશે માનવીમાં કામ-વાસના વિલીન થયેલી હોય છે તેટલા જ અંશે તેનો પ્રેમ વિકસિત થયેલો હોય છે. પ્રેમ જ્યારે પૂર્ણ બને છે ત્યારે તેના કારણે કામશૂન્યતા આપોઆપ આવીને ઊભી રહે છે. જીવનમાં માણસ જે અનુભવે છે, તે અનુભવો સૂક્ષ્મ અવસ્થાને પામતાં સંસ્કારનું રૂપ ધારણ કરે છે અને આ સંસ્કારો પુનઃ જાગૃત થાય તેને 'સ્મૃતિ' કહેવામાં આવે છે. એટલે મારી વર્તમાન પરિસ્થિતિ—એ બીજું કાંઈ નથી પણ પત્નીનો વિયોગ અને તેની સાથે કરેલા અનુભવોની સ્મૃતિ– એ બંને વચ્ચેના સતત ચાલી રહેલા સંઘર્ષણનું માત્ર પરિણામ છે.

પરવસ્તુ સાથેના સંયોગમાં કલ્પેલું સુખ અને એ સુખની સ્મૃતિ મારા દુઃખ અને દર્દનું કારણ છે. એટલે, સાચા ચિકિત્સકે તો મને પ્રશ્ન કરવો જોઈએ કે ઝાંઝવાના જળ જેવા લગ્નસુખની પાછળ એક વખત પણ દોડવાનું તમને કેમ સૂઝ્યું? 'જ્યોતિષશાસ્ત્ર તો હું જાણતો નથી, પણ અમારા રાજજ્યોતિષીએ મારા લગ્ન વખતે મારી જન્મકુંડલી જોઈ કહ્યું હતું કે જેનો સપ્તમેશ કુંડલીમાં વ્યય સ્થાને હોય અને વૈભવ-વિલાસનો ગ્રહ શુક્ર દુઃસ્થાનમાં પડ્યો હોય એવા જાતકે લગ્નની ધાંધલથી દૂર રહેવું જોઈએ. મારી જન્મકુંડલી એવા જ પ્રકારની હશે અને તેથી જ લગ્ન, ભોગ અને વૈભવ-વિલાસથી મને દૂર રહેવા સૂચન કર્યું હતું. પણ મને ખેદ અને આશ્ચર્ય તો એટલા માટે થાય છે કે, તમે બધા મને ભૂતકાળમાં કરેલાં લગ્ન માટે ઠપકો આપવાને બદલે પુનર્લગ્ન કરવાની સલાહ આપી રહ્યા છો. મેં લગ્ન કર્યાં અને ભાગ્યમાં જે હતું તે ભોગવવા પ્રયત્નો કર્યા. હવે જ્યારે એનું પરિણામ ભોગવવાનો સમય આવ્યો ત્યારે એમાંથી મને મુક્ત કરાવવા તમે સૌ દોડાદોડી કરવા લાગ્યા છો. કર્મ બાંધતી વખતે ખેદ થવો જોઈએ, કર્મ ભોગવતી વખતે તો પ્રસન્નતા અનુભવાવી જોઈએ. હું એવી પ્રસન્નતા નથી અનુભવી શકતો એનું જ મને દુઃખ છે અને એ જ મારું દર્દ છે.'

ઉદયને પછી ગદ્ગદિત કંઠે કહ્યું: 'એટલે આપની પાસે હું તો કોઈ એવું અદ્ભુત ઔષધ માગી રહ્યો છું કે જેના સેવનથી મારા પૂર્વનાં સ્મરણો અને જૂના સંસ્કારોનું

વિસ્મરણ થઈ જાય. આમ ન થાય ત્યાં સુધી મારી વેદનાનો અંત દેખાતો નથી.'

(૩)

જીવકે રાજાના કુટુંબીઓ અને મંત્રીઓને કહ્યું કે, ઉદયન માનસિક આઘાતના કારણે એક પ્રકારની મૂર્છાવસ્થામાં છે અને આયુર્વેદશાસ્ત્રમાં તેનો કોઈ ઉપાય નથી. પત્નીના વિરહની વેદનાનું નિવારણ કોઈ સુયોગ્ય પાત્ર શોધી તેને અપનાવી લેવામાં રહેલું છે, પણ જે માણસે પોતે એક વખત લગ્ન કરેલાં હોય તેમાં પણ તે ભૂલ જોતો હોય તો તેને બીજી વાર લગ્ન કરવાનું કેમ કરી સમજાવી શકાય? પ્રભાવતીના મૃત્યુ બાદ પણ તેના સૂક્ષ્મદેહ સાથે ઉદયનનો સંપર્ક ચાલુ રહેલો છે એમ કહી શકાય, અને તે જોતાં કદાચ પ્રભાવતીના આત્માદ્વારા તેની મૂર્છા ઊતરે એ વાતને નકારી ન શકાય. પણ આ દર્દમાં કોઈ દવા કારગત થાય એમ લાગતું નથી.

જીવક પછી તો રાજગૃહી ચાલી ગયો. તેના ગયા બાદ ઉદયનની સ્થિતિ દિવસે દિવસે વધુ અને વધુ બગડતી ચાલી. પ્રભાવતીનો જીવ જે દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયો હતો, તેણે જ્ઞાનની મદદ વડે ઉદયનની મનોવેદના જાણી લીધી અને દીક્ષા લેતી વખતે ઉદયનને આપેલું વચન તેને યાદ આવ્યું, અને તે વચનનું પાલન કરવાનું તેણે નક્કી કર્યું.

એક મધ્યરાત્રિએ અસલ પ્રભાવતીનું સ્વરૂપ ધારણ કરી તે ઉદયનની શય્યા પાસે પહોંચી ગઈ અને તેને જાગૃત કર્યો. ઉદયનને પ્રથમ તો ભ્રમ થયો કે આ પણ હંમેશ

જેવું સ્વપ્નનું એક દશ્ય છે, પણ પછી તેણે આંખો પટપટાવી અને હાથ પર ચૂંટી ખણી એટલે ખાતરી થઈ કે દેવલોકમાંથી ખરેખર પ્રભાવતી આવી પહોંચી છે.

બંને હાથ જોડી પ્રભાવતીએ ઉદયનને કહ્યું : ' નાથ! સંસાર અવસ્થામાં આપને વચન આપ્યા મુજબ આજે હું હું તમને ઉપદેશ આપવા આવી છું. આસક્તિ અને અનાસક્તિના સાચા સ્વરૂપને જે સમજે છે, તેનું એકલાપણું આત્માનંદમાં પરિણમે છે અને તેના રાગ, ભય, ક્રોધ શમી જાય છે. કોઈ અમુક પદાર્થ કે વ્યક્તિમાં વાસનાને ઘનીભૂત કરવામાં આવે ત્યારે માનવ સમગ્રને ક્ષતિ પહોંચાડી અમુક અંશને મોટો કરવા પ્રયત્ન કરે છે. પરિણામે અંશ પ્રત્યેની આસક્તિના કારણે સમગ્રની વિરુદ્ધ દ્રોહ થાય છે અને તે કારણે માનવમનમાં સંઘર્ષ અને તુમુલ યુદ્ધ જાગે છે. દેવો અને માનવો વચ્ચે ભોગની રીતમાં આ જ મુખ્ય તફાવત છે. અંશ પાછળ ઘેલા થવાની ભૂલ દેવો કરે, માનવ નહિ. માનવી માટે તો અંશનો ત્યાગ સમગ્રને માટે, ક્ષણિકનો ત્યાગ નિત્ય માટે, અહંકારનો ત્યાગ પ્રેમ માટે અને સુખનો ત્યાગ આનંદને માટે હોય. ત્યાગમાં આનંદ છે અને ભોગમાં તો આનંદનો ત્યાગ છે.

તમારી જન્મકુંડલીમાં સપ્તમેશ વ્યય સ્થાનમાં અને શુક્ર દુઃસ્થાનમાં છે, એટલે તમારા માટે ભૌતિક સુખોની શકયતા ન રહી–પણ જે ભૌતિક સુખોથી વંચિત રહી શકે તેને જ આધ્યાત્મિક સુખની પ્રાપ્તિ થાય છે, એ મહત્ત્વની

વાત તમે કેમ ભૂલી ગયા? તમારા જેવા મહાન્ પતિથી દૂર થઈ તપ–ત્યાગ–સંયમનો માર્ગ મેં દુઃખ અર્થે નહિ પણ સુખની પ્રાપ્તિ અર્થે ગ્રહણ કર્યો હતો, સાચો આનંદ આત્માનો આનંદ ભોગમાં નથી, ત્યાગમાં છે. તેથી જ ભગવાન નેમનાથ લગ્નમંડપના દ્વારેથી પાછા ફરી ગયા. આઘાત પામેલી રાજિમતી પણ આ સત્ય વાત સમજતાં તરત જ ભગવાન નેમનાથની પાછળ ત્યાગના પંથે ચાલી નીકળી. લોકો ભોગનો અર્થ સમજતા નથી, એટલે ભોગો પાછળ દોડી હેરાન–પરેશાન થાય છે. ભોગની તૃપ્તિ, ભોગનો સાચો આનંદ અને ભોગની ભવ્યતા તો ત્યાગમાં સમાયેલી છે. આ વસ્તુ તમને સમજાઈ જાય તો પૂર્વના સ્મરણો, પૂર્વના ભોગો, પૂર્વના સંસ્કારો અને તમારી ભૂતકાળની પત્ની એવી હું–બધાનું જ આપોઆપ વિસ્મરણ થઈ જાય.

'બધા તીર્થંકરોના જીવન કરતાં ભગવાન નેમનાથના જીવન પ્રત્યે તમને વધુ પક્ષપાત છે, અને તેથી તમે એ પ્રતિમાની નિત્ય સેવા–પૂજા કરો છો. જેની સેવા–પૂજા કરીએ, જેની ભક્તિ કરીએ, જેને ચરણે આપણે આપણું સર્વસ્વ અર્પણ કરીએ અને તેમ છતાં તેને હૃદયમાં ધારણ ન કરી શકીએ તો એવી સેવા–પૂજા પણ એક પ્રકારનો તમાશો નથી તો બીજું શું છે?

'આટલાં આટલાં વર્ષો નેમનાથ ભગવાનની પૂજા તેમની પ્રતિમાદ્વારા કરવા છતાં તેઓના અનંત ગુણો પૈકી માત્ર એકાદ ગુણનો અનંતમો ભાગ પણ તમને સ્પર્શી ગયેલ

હોત તો આજે તમે ભગવાન મહાવીરના શ્રમણસંઘ સાથે વિચરતા હોત. ભગવાન નેમનાથ કાદવરૂપી ભોગોથી દૂર જ રહ્યા. તમે તેના પરમભક્ત છો તેથી કાદવમાં પડયા છતાં તેમાંથી મુક્ત થયા. આમ છતાં જેલના કેદીને બહારની દુનિયાની હવા જેમ ગમતી નથી, તેમ તમને પણ મુક્તાવસ્થા ગમતી નથી.'

ઝેરી સર્પના દંશથી વ્યાધિગ્રસ્ત થનાર માનવીને સર્પનું ઝેર ઉતારવા માટે ગારુડીના મંત્રો જે કાર્ય કરે છે, તેવું જ કાર્ય દેવના શબ્દોએ ઉદયનને મૂર્ચ્છામાંથી જાગૃત કરવામાં કર્યું અને શારીરિક તેમજ માનસિક બંને રીતે ઉદયનનું સ્વાસ્થ્ય સુધરી ગયું.

તે પછી, પોતાનું રાજ્ય ભાણેજ કેશીને સોંપી ઉદયને ભગવાન મહાવીર પાસે દીક્ષા લીધી અને છેલ્લા રાજર્ષિ તરીકે તેમનું નામ આજે પણ ઇતિહાસમાં અમર બનેલું છે.

## ૧૪. મૃગજળ

વિક્રમ સવંતના અગિયારમા સૈકામાં બનેલી આ એક ઐતિહાસિક ઘટના છે, જેનો ઉલ્લેખ આચાર્ય શ્રી. મેરુતુંગ-સૂરિએ 'પ્રબંધચિંતામણિ'માં કર્યો છે.

માલવામાં સિંહભટ રાજાનો પાલિત પુત્ર મુંજ રાજ્ય કરતો હતો, તેનો વૃદ્ધ મંત્રી રુદ્રાદિત્ય ભારે દીર્ઘ દૃષ્ટિવાળો અને ઘણો ચતુર હતો. તે વખતે તૈલંગ દેશમાં તૈલપ નામનો રાજા રાજ્ય કરતો હતો, અને મુંજે તેને છ વખત હરાવ્યો હતો. સાતમી વખત મુંજે તૈલંગ પર ચઢાઈ કરવાનો ઈરાદો જાહેર કર્યો પણ વૃદ્ધ મંત્રીએ તેને તેમ ન કરવા સલાહ આપી. રુદ્રાદિત્યે જોયું કે મુંજની જન્મપત્રિકા પ્રમાણે એ વખતે તે ભારે કપરા સમયમાંથી પસાર થઈ રહ્યો હતો, અને તેના પર ભારે આફત ઝઝૂમી રહી હતી. પરંતુ ભાવિ કદી મિથ્યા થતું નથી. મુંજે પોતાના મંત્રીની સલાહને અવગણી તૈલંગ દેશ પર ચઢાઈ કરી. એ યુદ્ધમાં કપટ કરી તૈલપે મુંજને જીવતો પકડી લીધો. મુંજ રાજકેદી બન્યો અને તૈલપે પણ તેની સાથે એવો જ વર્તાવ રાખ્યો.

મુંજની તમામ વ્યવસ્થાનો ભાર તૈલપે પોતાની પ્રૌઢ ઉંમરની બહેન મૃણાલિનીને સોંપ્યો. મૃણાલિની તૈલપના કાકા દેવલની પુત્રી હતી. શ્રીપુરના ચંદ્ર રાજા સાથે તેનાં

લગ્ન થયાં હતાં, પણ લગ્ન પછી મૃણાલિની તરત વિધવા થઈ હતી અને તે પછી તે તેના ભાઈ સાથે જ રહેતી હતી.

મૃણાલિની તેના નામના અર્થ પ્રમાણે ખરેખર કમલના તંતુ જેવી કોમળ હતી. તેનો દેખાવ જેવો ભવ્ય અને આનંદી હતો, તેવી જ સુંદર તેની પ્રકૃતિ હતી. પ્રૌઢ અવસ્થા થવા છતાં તેની સુંદરતા અને મોહકતા અજબ પ્રકારનાં હતાં. તે ઊંચી, સુડોળ, સોહામણી અને જાજ્વલ્યમાન નારી હતી. તેની આંખોમાં અજબ પ્રકારનું તેજ હતું. બાલ્યાવસ્થામાં વિધવા થયા છતાં તેણે પોતાના તન અને મન પર ભારે કાબૂ રાખી અજબ પ્રકારનું વ્યક્તિત્વ પ્રાપ્ત કર્યું હતું. મૃણાલિની સ્ત્રી હોવા છતાં તેના દેહ અને પ્રકૃતિમાં સ્ત્રીતત્ત્વ કરતાં પુરુષતત્ત્વનું વિશેષ દર્શન થતું, અને તેથી ગમે તેવો ચતુર, કાબેલ અને સશક્ત માનવી પણ તેને જેવો જોતો તેવો નમી પડતો.

મૃણાલિનીએ મુંજ વિષે ઘણી વાતો સાંભળી હતી. ભારતના તમામ રાજવીઓમાં મુંજ એ વખતે વિદ્યા અને વિદ્વાનોનો મુખ્ય આધારરૂપ હતો. તેની ગણના વિદ્યાવ્યાસંગીમાં થતી. ઉંમરમાં મૃણાલ કરતાં તે નાનો હતો. તે જેવો દેખાવડો, ઊંચો અને સશક્ત હતો, તેવો જ મસ્ત અને મોજિલો હતો. માનવજીવન આનંદ–પ્રમોદ, ભોગવિલાસ તથા એશઆરામ માટે છે એમ મુંજ માનતો હતો અને यावज्जीवेत् सुखं जीवेत्, ऋणं कृत्वा घृतं पिबेत्–અર્થાત્ જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી સુખપૂર્વક જીવો અને તમારી

પોતાની સ્થિતિ ના હોય તો દેવું કરીને પણ ઘી પીઓ મોજમજા ઉડાવો એ તેનો જીવનમંત્ર હતો.

મુંજના માથાના વાળ વાંકડિયા અને ભારે આકર્ષક હતા. મુંજ વિદ્યાનો જેવો રસિયો હતો, તેવો જ પ્રણય-શાસ્ત્રમાં પણ પ્રવીણ હતો. કોઈ પણ બાળા, યુવતી કે પ્રૌઢ તેને જુએ, એટલે પ્રથમ દૃષ્ટિએ જ તેના પર મુગ્ધ બન્યા સિવાય રહી શકે જ નહિ. તૈલપે મુંજ જેવા રાજકેદીની સારસંભાળ મૃણાલિની જેવી સંસ્કાર મૂર્તિના હાથમાં સોંપી હતી.

મૃણાલિનીએ શરૂઆતમાં થોડા દિવસો સુધી તો ભોજન–પદાર્થોનો થાળ દાસી મારફત મુંજને મોકલાવ્યો, પણ તેણે જોયું કે ભોજનના પદાર્થોનો મોટો ભાગ મુંજ છાંડતો અને તે ભૂખ્યો રહેતો. પછી એક દિવસે પહોળી કિનારની શ્વેત સાડી પહેરી તે પર બદામી રંગની ભારે કીમતી કાશ્મીરી સાલ નાખી મૃણાલિની પોતે ભોજનનો થાળ લઈ મુંજ પાસે ગઈ અને તેની સામે થાળ મૂકી વિવેકપૂર્વક પૂછ્યું: 'આપને ભોજનના પદાર્થો અનુકૂળ ન આવતા હોય, તો આપ કહો તે વસ્તુઓ ભોજન અર્થે બનાવીએ!'

મૃણાલિનીનું મુંજ સાથે એ સૌથી પ્રથમ મિલન હતું, તેમ છતાં મુંજે તેની સામે ઊંચી આંખો કરીને જોયું પણ નહીં. આવા અજબ પુરુષને જોઈ તેણે કાળજામાં એક વિચિત્ર પ્રકારની વિહ્વળતા અને સળવળાટ અનુભવ્યો. મુંજે તેની સામે દૃષ્ટિ કર્યા વિના જ નીચે બેસવાની આજ્ઞા

કરી અને આકસ્મિક રીતે મૃણાલિનીથી એ આજ્ઞાનું પાલન પણ થઈ ગયું.

મૃણાલિની નીચે બેસી એટલે મુંજે તેની સામે સ્થિર દૃષ્ટિ કરી કહ્યું : 'મૃણાલ! માળવાનો રાજવી તો જ્યારે એનું પ્રણયપાત્ર પોતાના હાથે તેને ખવરાવે ત્યારે જ ખાય છે, તે સિવાય નહિ. ભોજનનો સ્વાદ અને રસ માત્ર ભોજનના પદાર્થોમાં નથી હોતો, પણ જે હાથ તેને ખવરાવે તેના સૌંદર્ય અને સુકુમારતામાં રહેલાં હોય છે. મને ભૂખ્યો રાખવો કે તૃપ્ત કરવો એનો આધાર અહીં તો તમારા પર છે, પણ આપણા બંનેના જન્મસમયે ચંદ્ર સિંહરાશિનો છે અને તમારો શુક્ર ગ્રહ કદાચ નબળો હશે તો મારો શુક્ર ગ્રહ ભારે સબળ છે, એટલે તમે મને ભૂખ્યો રાખવા માગતાં હશો તો પણ રાખી શકશો નહિ તેની મને ખાતરી છે.'

મુંજની સંદિગ્ધ વાણી સાંભળી મૃણાલિનીની જીવનભર બળજબરી અને હઠથી નિગ્રહમાં રાખેલી કામુકવૃત્તિ આશ્ચર્યચકિત કે સ્તબ્ધ કરી દે એવા પ્રબળ વેગથી જાગી ઊઠી. માનવજીવનની આ જ વિચિત્રતા છે અમુક પરિસ્થિતિ, વાતાવરણ અને સંજોગો વચ્ચે માણસને એમ લાગે કે તેનો કામાગ્નિ શાંત થઈ ગયો છે, પણ આ બધું પાછું પ્રતિકૂળ થતાં તન, મન, સંયમ, વિવેક અને શાંતિના બધાં જ બંધનો છિન્નભિન્ન થઈ જાય છે અને ત્યાગવૃત્તિને બદલે ભોગવૃત્તિ સહસ્રમુખી બનીને ખડી થાય છે. ભોગોનો નિતાંત ત્યાગ સહેલો નથી. સાધનાદ્વારા એની પર કાબૂ મેળવાય છે ખરો, પણ જીવનભર આવો કાબૂ સતત નિભાવવો એ તો

પૂર્વ જન્મના કોઈ યોગભ્રષ્ટ આત્માને માટે શકય બને છે, દરેકને માટે નહિ.

મુંજની વાતોથી મૃણાલ તેનું ભાન ખોઈ બેઠી. તેની નસેનસમાં વહેતા લોહીની ઉષ્ણતામાં વધારો થતો તેણે અનુભવ્યો અને મુંજના તેજસ્વી ચક્ષુઓમાં પૃથ્વીવલ્લભને બદલે પ્રથમ રમણીવલ્લભનું અને પછી પોતાના પ્રાણ-વલ્લભનું નિરવદ્ય સ્વરૂપ નીરખી રહી. મૃણાલે તેના મનઃપ્રદેશના ઊંડાણમાં કદી ન અનુભવેલી એવી વાસના ઉત્પન્ન થયેલી જોઈ. અગ્નિથી દૂર રહેલો ઘીનો ગાડવો ઓગળતો નથી, પણ જેવો તેને અગ્નિ સામે મૂકવામાં આવે છે કે તરત તે ઓગળવા લાગે છે. મૃણાલના આંતર પ્રદેશમાં કામાગ્નિ પ્રજળાવે એવો સુયોગ્ય પુરુષ તેને મળ્યો ન હતો, પણ પૃથ્વીવલ્લભે તેની પર પ્રાણવલ્લભ જેવો જાદુ કર્યો.

પછી તો પોતાના સ્વહસ્તે મુંજના મોંમાં જેવો કોળિયો મૂકયો કે તરત જ મુંજે પોતાના બે અધરોષ્ઠ વચ્ચે મૃણાલનાં આંગળાઓને સ્નેહપૂર્વક દાબી દીધાં. આ અનભિજ્ઞ નારી, જે પોતાના હૃદયની સકળ કામનાઓનું વિસર્જન થયું છે એવા ભ્રમમાં હતી, તેણે મુંજના માત્ર એક જ સ્પર્શે પોતાની વિસર્જન થયેલી કામવાસનાને સજીવન કરેલી જોઈ. પછી તો મુંજની રખેવાળી બનવાને બદલે તે મુંજની અભિસારિકા બની ગઈ. પ્રૌઢ અવસ્થાનો યુવાન અવસ્થામાં પલટો થયો.

ઇંદ્રિયોના ધર્મો અને ચિત્તના પૂર્વ સંસ્કારોનો કદી સંપૂર્ણ રીતે નાશ થતો જ નથી. કેવા સંજોગો વચ્ચે અને

કયા પ્રસંગે વખતે આ ભૂતાવળ પાછી જાગે છે તે કહેવું ભારે કઠિન છે. ધર્મશાસ્ત્રોએ તેથી જ સ્પષ્ટરીતે કહી દીધું કે, દેવો સહિત સમગ્ર લોકનાં દુઃખનું મૂળ કામભોગોની કામના છે. જે મૃણાલે સંયમ અને સંભાળપૂર્વક પોતાના ચારિત્રનું રક્ષણ કર્યું હતું, તે મુંજના માત્ર અલ્પકાળના સાંનિધ્યમાં પરવશ થઈ ગઈ અને પછી તો બંને પતનના માર્ગે ચડી ગયા. કામરૂપી અગ્નિનો તાપ એવો હોય છે કે તે પ્રજ્વલિત થતાં મેઘના સમૂહથી સિંચન કરવામાં આવે તો પણ શાંત થતો નથી. જેલના કેદી ઉપરાંત મુંજ હવે મૃણાલના તન, મન અને હૃદયનો પણ કેદી બની ગયો.

કવિઓની ભાષામાં કહીએ તો મુંજ અને મૃણાલ વચ્ચેની આ પ્રણયલીલા અને તાત્ત્વિક અર્થમાં કહીએ તો એ ભાનભૂલ્યા જીવોની આ ગંદી રમત થોડો વખત તે અવિરતપણે ચાલુ રહી. શરૂ શરૂમાં આવા નીતિ, ધર્મ અને સમાજવિરુદ્ધના સંબંધો ખૂબ રોમાંચક લાગે છે, પણ પછી મુલાકાતો યોજવામાં થતી તકલીફ, ખોટું બોલવાની જરૂરત, તેમજ પાપ ખુલ્લું થઈ જવાનો ભય વગેરે ભારે ત્રાસજનક બની જાય છે. કામવાસના કદી તૃપ્ત થતી નથી, એ તો જેને આહુતિ મળ્યા કરે તેવા અગ્નિની માફક એકસરખી વધતી જ જાય છે. ધર્મશાસ્ત્રોએ તેથી જ કામને અનલ કહ્યો છે અને તેને 'અલમ્' અર્થાત્ બસ, પૂરું— એમ કદી લાગતું જ નથી.

મૃણાલ મુંજ પાછળ પડી હતી તેનો પ્રેમ પ્રાપ્ત કરવા, પણ તેને મળ્યો માત્ર ભોગ. મુંજે પોતાના ગુપ્તચરોની મદદથી જેલમાંથી નાસી છૂટવા માટે એક ભોંયરાની

વ્યવસ્થા કરાવી અને મૃણાલને પણ સાથે લઈ જઈ તેની પટરાણી બનાવવાની લાલચ આપી. મૃણાલને આવું પગલું લેવામાં પોતાના સ્વમાનનો ભંગ થતો લાગ્યો. તેણે એ પણ અનુભવ્યું કે અગ્નિમાં ઘી નાખવાથી એ જેમ વધારે ને વધારે પ્રબળ બને છે, તેમ કામવાસનાની તૃપ્તિ પાછળ પડવાથી એ પરિતૃપ્ત બનવાને બદલે વધતી ને વધતી જ જાય છે. ઈંદ્રિયલોલુપ માણસ કેટલો પરવશ, લાચાર, અસ્થિર, અશાંત અને અંધ બની જાય છે, તે વાત તેને પોતાના અને મુંજના થયેલા પતનમાંથી સમજાઈ ગઈ. તૈલંગ, તૈલપ અને પોતાના મૃતપતિ પ્રત્યે તેણે ઘોર અવિશ્વાસ કર્યો છે, એ વાત સમજાતાં મુંજ પર તેને ભારે ક્રોધ ઉત્પન્ન થયો. શાસ્ત્રકારોએ સાચું જ કહ્યું છે કે–कामात् क्रोधोऽभिजायते–અર્થાત્ કામમાંથી ક્રોધ ઉત્પન્ન થાય છે. પાપના માર્ગે તે બહુ આગળ વધી ગઈ હતી અને મુંજના સહવાસમાં તે કદાચ પાપમાર્ગથી પછી ન ફરી શકી હોત, પણ મુંજે ભાગી જવાની યોજના કરી, એટલે તેણે તેના પર વેર લેવાના ઈરાદાથી, ભાગી જવાનાં કાવત્રાની વાત જાહેર કરી દીધી. આ બધું. જાણીને તૈલપના ક્રોધની કોઈ સીમા ન રહી.

ગુસ્સે થયેલા તૈલપે મુંજનો વધ કરાવ્યો, પણ કરાવતાં પહેલાં તૈલંગના રાજમાર્ગો પર દોરડાથી બાંધેલા મુંજની પાસે કેટલાક દિવસો સુધી ઘેર ઘેર ભિક્ષા માગવાની ફરજ પાડી. ભિક્ષા અર્થે રાજમાર્ગ પર ફરતી વખતે મુંજ બોલતો:

'इत्थीपसंग मत को करो, तिय विलास दुःख पुंज ।
घर घर जिणे नचावीओ, जिम मक्कड तिम मुंज ॥'

અર્થાત્ હે ' ભાઈઓ! સ્ત્રીનો પ્રસંગ કોઈ કરશો નહિ. સ્ત્રીનો વિલાસ દુઃખના સમૂહરૂપ છે, અને તે વિશ્વાસને લઈ માંકડાની માફક મુંજને ઘેરે ઘેર નાચવું પડે છે.' જીવનના અંતિમ સમયે સત્ય જ્ઞાનનું ભાન થતાં મુંજ વળી બોલી ઊઠ્યો :

' जा मति पच्छइ सम्पजइ, सा मति पहिली होइ ।
मुंज भणइ मृणालवइ, विघन न वेडइ कोई ॥ '

અર્થાત્ ' જે બુદ્ધિ પાછળથી ઊપજે છે, તે પહેલાં ઊપજે, તો હે મૃણાલિની! કોઈ દુઃખ ન વેઠે.'

પરંતુ આ બધું રાંડ્યા પછીનું ડહાપણ હતું. જે સ્ત્રીઓના સ્વભાવમાં જ કંઈક, વચનમાં કંઈક અને શરીરથી કંઈક બીજી જ ચેષ્ટા થતી હોય, તો તેમનો પ્રેમ ક્યાં સુધી સ્થિર રહી શકે તે તો સમજી શકાય તેવી વાત છે. આમ છતાં પુરુષ જ્યારે સ્ત્રીના મોહમાં અંધ બની પાગલ થાય છે ત્યારે આ વાત તે ભૂલી જાય છે.

' પ્રબંધચિંતામણિ 'માં શ્રી. મેરુતુંગસૂરિએ મુંજના અંતિમ સમયના શોકનું વર્ણન કરતાં તેના પોતાના જ શબ્દોમાં ટાંકી કહ્યું છે કે : ' સ્ત્રીના ચિત્તમાં સો, મનમાં સાઠ ને હૃદયમાં બત્રીસ પુરુષો હોય છે. એવી એક સ્ત્રી ( મૃણાલિની )નો અમે વિશ્વાસ કર્યો, તે માટે અમે ખરેખર મૂર્ખ છીએ!'

ધર્મશાસ્ત્રોએ એક વાત બહુ સ્પષ્ટતાપૂર્વક કહી છે. ' કામભોગ આદિના નિમિત્ત માત્રથી કર્મબંધ થતો નથી, પણ તેમાં મોહ આવે છે તેથી કર્મબંધ થાય છે.' કામભોગમાં જે પરિગ્રહ-મૂર્છા કરે છે, તે તેમાં મોહ-રાગદ્વેષ કરવાથી વિકાર પામે છે અને જે સમપરિણામવાળો છે તે વીતરાગ છે.

# ૧૫. દુઃખ–જીવનની સર્વોત્તમ સંપત્તિ

દુઃખ, દુઃખનું સ્વરૂપ તેમજ દુઃખના હેતુ વિષે વિવેકપૂર્વક વિચાર કરવામાં આવે તો સુખ–દુઃખની બાબતમાં આપણી કલ્પનાઓ, માન્યતાઓ અને સમજણુ કેવાં ક્ષુલ્લક અને ભૂલભરેલાં હોય છે, તેની આપણુને ખાતરી થયા સિવાય ન રહે. માણુસ જો દુઃખનું પ્રયોજન તપાસે, તેનું સાચું સ્વરૂપ સમજવા પ્રયત્ન કરે, અને કાર્ય–કારણુની કડીઓમાં ઊંડો ઊતરે તો તેને લાગશે કે દુઃખ એ ભૂતકાળની મલિનતાનું વિશોધન છે અને ભવિષ્યકાળની આત્મોન્નતિનો અરુણોદય છે. આ દૃષ્ટિએ દુઃખ એ જીવનની સર્વોત્તમ સંપત્તિ છે.

દુઃખમાંથી ઉત્પન્ન થતી વેદનાનું પૃથક્કરણુ કરતાં શ્રી. ખલિલ જિબ્રાને કહ્યું છે કે: 'તમારા જ્ઞાન ઉપર બાઝી ગયેલું જડત્વનું પડ દૂર કરવા માટે, તમને જે એક વસ્તુ કુદરત તરફથી આપવામાં આવે છે, એ તમારી વેદના.'

સુખ–દુઃખનાં સ્વરૂપનું વિવરણુ કરતાં એક વિદ્વાન લેખકે કહ્યું છે કે: 'આરામ કે સુખની બીજી ગમે તે કીમત હોય, પણુ તેઓ મનુષ્યજીવનમાં એકરાગ સ્થાપનારી વસ્તુઓ નથી જ. ખરું જોતાં આખી સંસ્કૃતિને એકરાગ કરનાર વસ્તુ જોઈતી હોય, તો તો સમાનપણે સુખ ભોગવવા કરતાં સમાનપણે દુઃખ ભોગવવું એ આપણા હેતુને વધુ સિદ્ધ કરનાર નીવડે, કારણુ કે સુખ તો મનુષ્યસ્વભાવમાં જે કાંઈ

નિર્બળ અને અસ્થિર અંશો છે, તેને ઉત્તેજનાર વસ્તુ છે; જ્યારે દુઃખ, તેના જે કોઈ સબળ અને અચળ અંશો છે, તેમને ઉત્તેજે છે.'

દુઃખના હેતુ સંબંધમાં મહર્ષિ અરવિંદે કહ્યું છે કેઃ 'તમારી ઉપર દુઃખના ઘા પડે છે, એનું કારણ એ નથી કે તમારામાં કાંઈક ખરાબ તત્ત્વ છે, પણ દુઃખના ઘા દરેકે દરેક માણસ પર પડે છે, કારણ કે તેઓ એવી વસ્તુઓની પાછળ પડે છે કે જે વસ્તુ નિત્ય રહેતી નથી, અને તેથી માણસો તેને ગુમાવી દે છે, અગર તે વસ્તુ મેળવ્યા પછી તેમને નિરાશા ઉત્પન્ન થાય છે, અગર તેઓને સંતોષ આપી શકતી નથી.'

સુખ વિશેની આપણી કલ્પના કેવી બાલીશ છે અને સાચું સુખ શેમાં રહેલું છે, તેના વિષે 'જ્ઞાતાધર્મકથાસૂત્ર'માં અમાત્ય તેયલીની એક સરસ કથા આપેલી છે.

તેયલીપુર નગરમાં કનકરથ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને પદ્માવતી નામની એક શાણી, પવિત્ર અને ચતુર પત્ની હતી, અને સામ, દામ, ભેદ અને દંડ એ ચારે પ્રકારની રાજનીતિમાં કુશળ એવો તેયલીપુત્ર નામનો મહામાત્ય હતો.

કનકરથ રાજા પર કામવાસના અને રાજ્યલાલસાનું એટલું બધું પ્રાબલ્ય હતું કે તે ભવિષ્યમાં પોતાનો પુત્ર પોતાના રાજ્યનો અધિકારી ન થાય, એ હેતુથી પદ્માવતીને થતા પુત્રોનાં અંગપ્રત્યંગોને ખંડિત કરાવી નાખતો હતો.

એક પછી એક એમ ચારે પુત્રોનાં અંગપ્રત્યંગોને તેણે ખંડિત કરાવી નાખ્યાં.

પદ્માવતીએ પછી તો મહામાત્ય તેયલીને પોતાના વિશ્વાસમાં લીધો, અને હવે થનાર પુત્રને આ પરિસ્થિતિમાંથી બચાવી લેવા એક યોજના કરી. યોગ્ય વખતે પદ્માવતીને પુત્રપ્રસવ થયો અને તે જ વખતે અમાત્યની પત્ની પોટ્ટિલાને એક મૃતપુત્રીનો જન્મ થયો. અગાઉ કરી રાખેલી ગોઠવણ અનુસાર પોટ્ટિલાની મૃતપુત્રીને પદ્માવતીની પાસે મુકાવી અને પદ્માવતીના પુત્રને પોટ્ટિલાની પુત્રીની જગ્યાએ ગોઠવી દીધો. રાજાના પુત્રને તેયલીના પુત્ર તરીકે જાહેર કરવામાં આવ્યો અને અમાત્યની પુત્રીને રાજાની પુત્રી તરીકે જાહેર કરવામાં આવી. મૃતપુત્રીનો જન્મ થતાં રાજાને એક રીતે સંતોષ થયો.

રાજપુત્ર અમાત્યને ત્યાં મોટો થવા લાગ્યો. તેનું નામ કનકધ્વજ રાખવામાં આવ્યું. અમાત્ય તેયલીને પોતાની પત્ની પોટ્ટિલા પર બહુ પ્રેમ હતો. યુવાન અવસ્થામાં દેહ પરત્વેના રાગને લોકો પ્રેમ માને છે, પરન્તુ વસંતઋતુની માફક યૌવન અવસ્થા જેવી પૂરી થાય છે અને પાનખર ઋતુની માફક વૃદ્ધાવસ્થાની જેવી શરૂઆત થાય છે કે પ્રેમની ભરતીમાં ઓટ આવવી શરૂ થાય છે. અમાત્યનો પોટ્ટિલા પ્રત્યેનો કાલ્પનિક પ્રેમ ઓસરવા લાગ્યો. લોકો જેને પ્રેમ માને છે, તે વાસ્તવિક રીતે તો માત્ર મોહનું ભ્રામક સ્વરૂપ જ હોય છે. મોહનીયકર્મનું પ્રાબલ્ય તો આત્મા પર સિત્તેર કોડાકોડી સાગરોપમ વરસો સુધી ટકી શકે છે, પણ મોહની માત્રામાં

તો દરિયાનાં પાણી માફક અવારનવાર ભરતી–ઓટ આવ્યા જ કરે છે. અમાત્યને અતિપ્રિય લાગતી પોટ્ટિલાની યૌવન અવસ્થા પૂર્ણ થઈ, એટલે અમાત્યના તેના પ્રત્યેના પ્રેમમાં પણ ભરતીને ઠેકાણે ઓટ આવી. સ્ત્રી બધાં જ દુઃખો સહન કરી શકે છે, પણ પોતાના પતિદેવની ઘૃણા કે અપ્રીતિને તે કોઈ રીતે સહન કરી શકતી નથી. પોટ્ટિલાને હવે સંસારનાં ભૌતિક સુખો અને ભોગો પ્રત્યે અણગમો થયો અને પછી તો અમાત્યની રજા લઈ તેણે સંયમમાર્ગ સ્વીકારી દીક્ષા લીધી. અમાત્ય બુદ્ધિશાળી હતો, એટલે દીક્ષા લેતી વખતે પોટ્ટિલા પાસેથી વચન લીધું કે પોટ્ટિલા જો અમાત્ય પહેલાં મૃત્યુ પામે તો તેના જીવે તે જે સ્થાનમાં હોય ત્યાંથી અમાત્યને ઉપદેશ આપવા અર્થે આવવું. પોટ્ટિલા અમાત્ય પહેલાં કાળધર્મ પામી દેવલોકમાં ગઈ.

આ તરફ કનકરથ રાજા અવસાન પામ્યો, એટલે તેની માતા તેમજ અમાત્ય તેયલીએ તેના પુત્ર કનકધ્વજનો સાચો જીવનઇતિહાસ જાહેર કર્યો, અને તમામ રાજ્યાધિકાર કનકધ્વજને સોંપવામાં આવ્યો. કનકધ્વજ અમાત્ય તેયલીનું બહુમાન રાખતો, અને રાજકારભાર તેની સલાહ અને સૂચના અનુસાર ચલાવતો. રાજ્યમાં અમાત્યનું સ્થાન રાજપિતા જેવું હતું.

દેવલોકમાં ગયા પછી, પોટ્ટિલાને અમાત્ય તેયલીને આપેલું વચન યાદ આવ્યું. તેણે અનેક પ્રકારે અમાત્યને ધર્મબોધ પમાડવા પ્રયત્નો કર્યા, પણ કીર્તિ, સત્તા અને

વૈભવમાં અનુરક્ત થયેલાને આ બોધની અસર ક્યાંથી થાય ? કીર્તિ, સત્તા, અને વૈભવ–આ ત્રણમાંથી કોઇ એક બાબત પણ માણસના પતન માટે પૂરતી છે, તો અમાત્ય તો આ ત્રણેથી ઘેરાઈ ગયો હતો, એટલે પોટ્ટિલાનો બોધ તેને કશી અસર કરી શક્યો નહીં. અમાત્ય તેયલીને બોધ પમાડવાના પોટ્ટિલાના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા, એટલે પોતાની દૈવી શક્તિનો એ રીતે ઉપયોગ કર્યો કે જેના પરિણામે તેયલીપુત્રને તમામ સ્થળે પોતાનું સ્વમાન ભંગ થતું હોય એવું લાગે. ઘરનાં માણસો અને નોકરથી જ આ પ્રયોગની શરૂઆત થઈ. કોઇ તેના હુકમનું પાલન ન કરે અગર કોઇ તેનો સત્કાર પણ ન કરે. ગુસ્સે થઇ તેયલીપુત્ર દરબારમાં ગયો તો રસ્તામાં તેને કોઇ ઓળખતું જ ન હોય તે રીતે સૌએ તેની સાથે વર્તાવ કર્યો. તેયલીપુત્રને જોઇ કનકધ્વજ હંમેશાં ઊભો થઇ વંદન કરતો હતો, તેને બદલે દરબારમાં કનકધ્વજે તેના પર દૃષ્ટિ પણ ન કરી. આ બધી પરિસ્થિતિ જોઇને ભારે આઘાત લાગ્યો અને ઘેર જઈ જીવનનો અંત લાવવા કાલકૂટ વિષ ખાધું, પણ તેની અસર ન થઈ. પછી તો ક્રોધના આવેશમાં ગળે તરવાર ચલાવી, ગળેફાંસો ખાધો, ઘાસની ગંજી સળગાવી તેમાં કૂદી પડ્યો, પણ મરવા માટેના તેના તમામ પ્રયત્નો નિષ્ફળ ગયા.

અલબત્ત, આ બધું જ એક જાતની ઈન્દ્રજાળ જેવું હતું, પણ અંતે પોટ્ટિલા ત્યાં દેવસ્વરૂપે આવી અને તેણે અમાત્યને સંસારનું સાચું સ્વરૂપ સમજાવ્યું. તેયલીપુત્રને પોતાના આગલા જન્મનું સ્મરણ થયું, અને પોતે ઉચ્ચ

ભૂમિકા પરથી નીચે પડી ગયો છે, તેનું તેને ભાન થયું. અંતે તેયલીપુત્રે સંયમમાર્ગ અંગીકાર કરી દીક્ષા લીધી.

આ કથામાંથી સાર તો એ લેવાનો છે કે માનવી પર આવી પડતાં દુઃખો એકાંતે તેનાં દુષ્કૃત્યોનું જ ફળ છે, એમ માનું લેવું તે ખરું નથી. દુઃખ, આપત્તિ, શોક, નિરાશા—આ બધામાંથી માનવી ધારે તો મહાન ઉપદેશ ગ્રહણ કરી શકે, એટલું જ નહીં, પણ માનવીના ચારિત્રના ઘડતર અર્થે માનવી માટે આ બધી પરિસ્થિતિમાંથી પસાર થવું એ જરૂરી પણ છે. જીવનમાંથી જેણે જેણે કાંઈ પ્રાપ્ત કરવું છે, તેણે જીવનનાં દુઃખો સહન કરવાની શક્તિ અને મનોબળ કેળવવાં જ જોઈએ. જીવનનું રહસ્ય આ વસ્તુમાં જ રહેલું છે. જગતના મહાન પુરુષોનાં જીવનચરિત્રમાંથી એક દીવા જેવી સ્પષ્ટ વસ્તુ આપણને જાણવા મળે છે, તે એ કે બહુ દુઃખ પામ્યા સિવાય કોઈ પણ મોટી વસ્તુ કદી પ્રાપ્ત કરી શકાતી નથી.

નિર્લજ્જ બેશરમ, ખટપટી અને ઉદ્ધત માણસોનો જીવનવ્યવહાર જુઓ તો તમને માલમ પડશે કે તેની જીવનયાત્રા સરળ છે, જ્યારે વિનયી, શુદ્ધતાનો અભિલાષી, સત્યનો આગ્રહી તેમજ શાંત, નિષ્પાપી અને નિષ્કલંક એવા માનવીના જીવનમાંથી આપણને સમજાશે કે તેની જીવનયાત્રા કઠણ છે. જે વાત માનવીની બાબતમાં સત્ય છે, તે પ્રાણીઓની બાબતમાં પણ સત્ય છે. ઊંટ અને વરુનાં જીવનની તુલના કરો. ઊંટ બિચારું શાંત છે તેથી તેને ભારે બોજ ઉપાડવો પડે છે. જ્યારે વરુ વગર મહેનતે લહેરી જીવન વ્યતીત કરે છે. જે મનુષ્યો જંગલી અવસ્થામાં છે, હીન પ્રકૃતિના છે, તેઓ

ભૌતિક સુખોની પાછળ ગાંડા બને. પણ જે માનવીને પોતાનો વિકાસ સાધવો છે અને પોતામાં રહેલા ઉચ્ચ તત્ત્વોને વિકસિત કરવાં છે, તેના માટે તો દુઃખ એ આશીર્વાદ સમાન છે. બાઈબલમાં પણ કહ્યું છે કે, ઈશ્વર જેને ચાહતો હોય તેની તો એ પહેલી કસોટી કરે છે.

માનવીએ નિરંતર સ્મરણમાં રાખવું જોઈએ કે દુઃખ એ જીવનમાં અકસ્માત્ આવી પડતી વસ્તુ નથી, પણ દુઃખ એ જ જીવનનું કેન્દ્ર છે. દુઃખ અને વેદનામાંથી જ પ્રત્યેક મહાન્ કાર્ય જન્મે છે. મહાભારતના એક પ્રસંગમાં કુન્તા માતાએ શ્રીકૃષ્ણને કહેલું : 'અમારી ઉપર આવી વિપત્તિઓ સદા હોજો જેથી અમે તમારું સ્મરણ સદા કરી શકીએ.' મહાન્ કવિ ગેટેએ એક સ્થળે કહ્યું છે કે, 'સુખ એ પ્રભુએ અજ્ઞાનીઓને આપેલી બક્ષિસ છે, જ્યારે દુઃખ એ જ્ઞાનીઓનો વારસો છે.'' ભૌતિક અને પૌદ્‌ગલિક સુખોનું પૃથક્કરણ કરવામાં આવે તો મોટા ભાગનાં માની લીધેલાં સુખો પેલા કૂતરાના હાડકા ચાટવાની વાત સાથે સરખાવી શકાય તેવાં છે. કૂતરાને હાડકાં ચાટવાથી લોહીનો સ્વાદ આવે છે. એ લોહી પેલું હાડકું મોંમાં વાગવાથી પોતાનું જ હોય છે તેની તેને ખબર પડતી નથી, એટલે એ બિચારો એના પોતાના જ લોહીનો સ્વાદ માણે છે. ભર્તૃહરિ જેવા મહાન યોગીએ સાચું જ કહ્યું છે કે : भोगा न भुक्ता वयमेव भुक्ताः ।–ભોગોને આપણે ભોગવીએ છીએ એ તો આપણો ભ્રમ છે, અગર જગતને દેખાડવાનો આપણો દંભ છે, બાકી વાસ્તવિક દૃષ્ટિએ તો ભોગો જ આપણને ભોગવે છે.

સમ્યગ્જ્ઞાની સંસારના સ્વરૂપને સાચી રીતે સમજી શકે છે, તેથી તેની પ્રકૃતિ અને સંસાર પ્રત્યેની તેની દૃષ્ટિ એવાં તો કેળવાઈ જાય છે કે કોઈ પણ આઘાત કે નુકસાનને એ બહુ સહેલાઈથી સહન કરી લે છે. જે આનંદ અને પ્રસન્નતાપૂર્વક શ્રીરામ પ્રાતઃકાળે રાજ્યાભિષેકની તૈયારી કરી રહ્યા હતા, તેથી પણ અધિક આનંદ અને પ્રસન્નતાપૂર્વક તેઓ વહેલી પ્રભાતે, હજુ તો લોકો પથારીમાં નિદ્રા લઈ રહ્યા હતા, તે વખતે વનવાસના વિકટ પંથે નીકળી પડચા હતા.

મોહના મૃત્યુ વિના સમભાવની પ્રાપ્તિ થતી નથી. અને સમભાવ વિના સમ્યગ્જ્ઞાનની શકચતા નથી. મોહનું મૃત્યુ હૃદયને આઘાત અને પરિતાપ થયા સિવાય થઈ શકતું નથી. દુઃખ, કલેશ, આપત્તિ, આફત, વ્યાધિ, શોક, નિરાશા– આ બધાંય એક દૃષ્ટિએ આઘાત અને પરિતાપના કારણરૂપે છે, અને તેથી મોહના નાશ માટે જરૂરનાં પણ છે. આ રીતે વિચારતાં સુખ–દુઃખ વિષેની આપણી કલ્પનાઓ કેવી ભૂલભરેલી છે, તેમજ આપણી દૃષ્ટિ કેટલી દોષયુક્ત છે, તેનો આપણને ખ્યાલ આવવો જોઈએ.

## ૧૬. પાપનો બાપ

ધારાનગરીનો રાજા વિદ્વાનોનો પૂજક હતો. તેના રાજ્યમાં પંડિતો અને જ્ઞાનીજનોનું અનોખું સ્થાન હતું. રાજપુરોહિતના પુત્ર દેવદત્તને ધર્મશાસ્ત્રોના અભ્યાસ અર્થે કાશી મોકલવામાં આવ્યો હતો. તે બાર વર્ષ ત્યાં રહી હિંદુધર્મ, બૌદ્ધધર્મ, વેદાંત અને અન્ય દર્શનોનો અભ્યાસ કરી પાછો આવ્યો હતો.

રાજસભામાં દેવદત્તનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું અને પંડિતો તેમજ વિદ્વાનો તેનું શાસ્ત્રીય જ્ઞાન જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. રાજાનો મુખ્ય મંત્રી ભારે ચતુર અને વિચક્ષણ હતો. તે સમજતો હતો કે માત્ર ભણતર કે ઉપાધિ મેળવવાથી સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત નથી થઈ શકતું; ભણતર સાથે ગણતર ન હોય તો એવું જ્ઞાન મોટા ભાગે ભારરૂપ જ થઈ પડે છે. દેવદત્તને રાજ્યના મુખ્ય પુરોહિતનું સ્થાન આપવાનું હતું. તે સંબંધમાં પંડિતો અને અન્ય વિદ્વાનોની પરીક્ષા પૂર્ણ થતાં મંત્રીએ તેને પૂછ્યું : 'દેવદત્ત ! રાજપુરોહિત માટે ધર્મશાસ્ત્રોનું જે જ્ઞાન જોઈએ તે તો સંપાદન કર્યું છે, પરંતુ રાજપુરોહિતને શાસ્ત્રોના જ્ઞાન સાથે વ્યાવહારિક જ્ઞાન પણ હોવું જરૂરી છે. વ્યાવહારિક જ્ઞાન સંબંધમાં મારે તો માત્ર એક જ પ્રશ્ન પૂછવાનો છે અને તે પ્રશ્નનો ઉત્તર પણ તમારે માત્ર એક શબ્દમાં આપવાનો છે.'

દેવદત્ત કહ્યું : 'માન્યવર મંત્રીજી! વ્યવહાર અને ધર્મ વચ્ચેના ભેદો તો લોકોએ ઊભા કર્યા છે, બાકી વાસ્તવિક રીતે તો ધર્મશાસ્ત્રો આપણને વ્યવહારમાં કઈ રીતે વર્તવું અને સંસારમાં કઈ રીતે જીવવું, એ જ શીખવે છે. આ દૃષ્ટિએ વ્યવહારશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર એક બીજાનાં પૂરક છે, કાંઈ વિરોધી નથી. હવે આપ કોઈ પણ પ્રશ્ન પૂછી શકો છો.'

મંત્રીએ કહ્યું : 'દેવદત્ત! પાપ અને પુણ્યના ભેદ-પ્રભેદ વિશે ધર્મશાસ્ત્રમાં લંબાણપૂર્વ ચર્ચા કરવામાં આવી છે. કારણ વિના કાર્ય થઈ શકતું નથી એમ બધાં ધર્મશાસ્ત્રો કહે છે, તો પછી માનવી શા માટે પાપના માર્ગે દોરવાય છે? પાપથી દુઃખ ઉત્પન્ન થાય છે એમ તો સૌ જાણે છે, આમ છતાં સમજુ અને ડાહ્યા માણસોને પાપ કરવાનું મન કેમ થતું હશે? એવી કઈ શક્તિ છે કે જેના વડે એક કાર્ય પાપમય છે એ જાણતો હોવા છતાં માણસ તે કાર્ય કરવા લલચાય છે? પાપનો પિતા કોણ છે એ મારે જાણવું છે!'

મંત્રીનો પ્રશ્ન સાંભળી આખી સભા સ્તબ્ધ થઈ ગઈ. આવો વિચિત્ર પ્રશ્ન સાંભળી દેવદત્ત પણ ઘડી-બેઘડી તો વિમૂઢ બની ગયો. ગીતા, વેદ, પુરાણો અને અનેક ધર્મગ્રંથો તે ભણી ગયો હતો, પણ આ બાબતનું નિદર્શન ક્યાંય જોવામાં આવ્યું ન હતું. પોષ માસની કડકડતી ઠંડીના દિવસો હતા, તેમ છતાં આ પ્રશ્ન સાંભળી દેવદત્તના આખા શરીરે પરસેવો થઈ ગયો અને રાજ્યના મુખ્ય પુરોહિતનું પદ તેનાથી દૂર નાસી જતું હોવાનો તેને ભાસ થયો.

દેવદત્તે સંપાદન કરેલા જ્ઞાન માટે મંત્રીને માન હતું અને રાજપુરોહિતની જગ્યા માટે તે બધી રીતે લાયક હતો, તે વિશે ખાતરી હતી. તેને નાસીપાસ કરવાની તેની ઇચ્છા ન હતી, તેથી જ્યારે દેવદત્ત તેના પ્રશ્નનો ઉત્તર ન આપી શક્યો ત્યારે તેણે કહ્યું : 'દેવદત્ત ! આ પ્રશ્નના ઉકેલ માટે હું તમને પંદર દિવસની મુદ્દત આપુ છું. આજથી પંદરમે દિવસે આ જ સ્થળે આ પ્રશ્નનો ઉત્તર મળી જવો જોઈએ.'

સભા બરખાસ્ત થયા બાદ, મંત્રીએ દેવદત્તને એકાંતમાં બોલાવીને કહ્યું : 'ધર્મશાસ્ત્રોમાંથી આ પ્રશ્નનો ઉકેલ નહીં મળી શકે. ઉજ્જૈન રાજ્યના મુખ્ય મંત્રી મારા મિત્ર છે, તેમની પર હું ભલામણ પત્ર લખી આપું છું. એ પત્ર લઈને તેમની પાસે જાઓ અને આ પ્રશ્નનો ઉકેલ કઈ રીતે અને કેવી રીતે કરવો, તેનું માર્ગદર્શન તમને તેની પાસેથી મળી રહેશે.'

બીજે જ દિવસે દેવદત્ત તો પત્ર લઈ ઉજ્જૈનના મહામંત્રી પાસે પહોંચી ગયો. ધારાનગરીના મંત્રીનો પત્ર વાંચી ઉજ્જૈનનો ચતુર મંત્રી વસ્તુસ્થિતિ સમજી ગયો. ઉજ્જૈનની સુપ્રસિદ્ધ વારાંગના તિલોત્તમા પર એક પત્ર લખી દેવદત્તને તેના નિવાસસ્થાને મોકલી આપ્યો.

તિલોત્તમા એ વખતે માત્ર માળવાની જ નહીં, પણ સમસ્ત ભરતની સૌથી વધુ ખ્યાતિ પામેલી વારાંગના હતી. પ્રૌઢ અવસ્થામાં પ્રવેશેલી આ નારી હવે તો મીરાંબાઈની જેમ ભક્તિમાં તરબોળ બની ગઈ હતી. મંત્રીનો પત્ર લઈ

દેવદત્ત જ્યારે તેના નિવાસસ્થાને ગયો, ત્યારે તેનો વૈભવ અને ભપકો જોઈ તે તો ઠરી જ ગયો.

તિલોત્તમાએ મંત્રીનો પત્ર વાંચી દેવદત્ત સામે જોયું અને એક દૃષ્ટિ માત્રમાં તેણે આ ભદ્ર પુરુષને નખશિખ સમજી લીધો. તિલોત્તમાએ આછું સ્મિત કરી કહ્યું: 'પુરોહિતજી! જ્ઞાનીઓની દૃષ્ટિએ આ જગત મિથ્યા છે, પણ અમારી દૃષ્ટિએ તો આ જગત એક અજબ પ્રકારનું બજાર છે, જેમાં કોઈ વસ્તુ તેની કીમત ચૂકવ્યા વિના મફત નથી મળી શકતી. જગતના આ બજારમાં કોઈ બુદ્ધિ વેચે છે તો કોઈ રૂપ, કોઈ યૌવન, કોઈ શ્રમ, કોઈ પુણ્ય અને કોઈ ધર્મ વેચે છે. જેનો જેવો વેપાર. જેની પાસે જે હોય તે વેચીને પોતાનો સંસાર ચલાવે, એટલે પાપના બાપની સમજુતી તો હું આપું પણ તેનું મૂલ્ય ચૂકવવું પડશે.'

તિલોત્તમાની વાત સાંભળી દેવદત્ત નવાઈ પામ્યો અને કીમત વિષે પૂછયું એટલે તિલોત્તમાએ કહ્યું: 'શ્રીમદ્ ભાગવત'નો ગ્રંથ આઠ દિવસમાં મને સંપૂર્ણ સંભળાવો એટલે પાપના બાપ વિષેની માહિતી હું તમને આપીશ.'

દેવદત્તે તિલોત્તમાની શરત કબૂલ કરી અને બીજા જ દિવસથી તેણે 'ભાગવત'નું વાચન શરૂ કર્યું. દાસ-દાસીઓના રસાલા સાથે રોજ સાંજ-સવાર તિલોત્તમા અત્યંત ભાવપૂર્વક 'ભાગવતકથા' સાંભળતી અને દેવદત્ત ભારે કુશળતાપૂર્વક આ કથાનો ઉપદેશ અને તેનું રહસ્ય સમજાવતો.

સાતમા દિવસે અગિયારમો સ્કંધ સમજાવતાં એક બ્રાહ્મણનું દૃષ્ટાંત આપતાં દેવદત્તે કહ્યું: 'એક બ્રાહ્મણ હતો,

તેણે અનીતિ, અન્યાય અને અસત્યના માર્ગે અઢળક નાણું એકઠું કર્યું હતું. અનીતિ, અને અસત્યના માર્ગે મેળવેલા ધન વડે કદી સુખ પ્રાપ્ત થઈ શકતું નથી. પછી તો તેનું કેટલુંક ધન લુંટાઈ ગયું, કેટલુંક રાજાએ લઈ લીધું અને કેટલુંક અગ્નિ આદિમાં નાશ પામ્યું.' પછી પોતાની દુર્દશા પર વિચાર કરતાં પોતે જ પોતાની જાતને કહેવા લાગ્યો: 'મેં મારા આત્માને વૃથા દુઃખ દીધું. કેટલાંયે પાપો કરી પ્રાપ્ત કરેલું ધન ધર્મમાં કે ભોગમાં કામ આવ્યું નહીં. ધન મેળવવામાં, મેળવેલા ધનને વધારવામાં, તેનું રક્ષણ કરવામાં, તેને વાપરવામાં તથા તે ધન નાશ પામે ત્યારે—એમ સર્વકાળે માત્ર પરિશ્રમ, ત્રાસ, ચિંતા તથા ભ્રમ જ વેઠવાં પડે છે. એક મહાન્ આચાર્યે સાચું જ કહ્યું છે કે, અનર્થકારી ધન જેની પાસે હોય છે, તેની બુદ્ધિ વિકૃત થઈ જાય છે. ચોરી, હિંસા, અસત્ય, દંભ, ક્રોધ, ગર્વ, મદ, ભેદ, વેર, અવિશ્વાસ, સ્પર્ધા, સ્ત્રીઓનું વ્યસન, જુગારનું વ્યસન અને મદિરાનું વ્યસન આ પંદર અનર્થો મનુષ્યોને ધનના લીધે જ પ્રાપ્ત થાય છે. હવે હું મારા આયુષનો શેષ ભાગ મારા આત્માના કલ્યાણ અર્થે જ ગાળીશ.'

દેવદત્તે આપેલું દૃષ્ટાંત સાંભળી તિલોત્તમાએ પૂછ્યું: 'શાસ્ત્રીજી! અર્થ વિશે આમ હકીકત હોવા છતાં ચાર પુરુષાર્થોમાં અર્થને બીજું સ્થાન કેમ આપવામાં આવ્યું છે? વળી, પુણ્યના પ્રબળ ઉદય સિવાય ધન પ્રાપ્ત થઈ શકતું નથી એમ પણ કહેવાય છે, તો તે વાત પણ શું ખોટી માનવી?' દેવદત્તે જવાબ આપતાં કહ્યું: 'ધર્મશાસ્ત્રોએ ધર્મ, અર્થ, કામ,

મોક્ષ એમ અનુક્રમે ચાર પુરુષાર્થ બતાવ્યા છે, પણ પરમ પુરુષાર્થ મોક્ષ છે એટલે તેની પ્રાપ્તિમાં હરકત ન આવે એવી રીતે પ્રથમના ત્રણ પુરુષાર્થો સાધવા જોઇએ. મોક્ષનો અભિલાષી માનવ અન્યાય, અનીતિ કે અસત્યના માર્ગે કદી પણ અર્થ પ્રાપ્ત કરવાનું વિચારે જ નહિ. પુણ્યના પ્રબળ ઉદયથી ધન પ્રાપ્ત થાય છે તે વાત ન્યાયોપાર્જિત ધન સંબંધમાં કહી છે, અન્યાયના માર્ગે મેળવેલા ધન સંબંધમાં નહીં. જ્યોતિષશાસ્ત્રની દૃષ્ટિએ મેં અનેક ધનવાનોની જન્મકુંડલીઓમાં કેન્દ્રસ્થાને પણ ગ્રહો જોયેલા છે. તેઓ પાસે વિપુલ ધન છે એ ખરું, પણ એ બધું પાપના માર્ગે મેળવેલું ધન હોય છે એટલે તેમાં પુણ્યના ઉદય કરતાં પાપનો ઉદય વધુ પ્રમાણમાં હોય છે તેથી તો 'યોગદર્શન'માં પતંજલિએ ધનને નહીં પણ સંતોષને સુખનું કારણ કહેતાં સ્પષ્ટરીતે કહી દીધું-સંતોષાદનુત્તમઃ સુખલાભઃ-જેનાથી બીજું ચડિયાતું ન હોય એવું અપ્રતિમ સુખ પ્રાપ્ત કરવા માટે સંતોષવૃત્તિ કેળવવી જોઇએ.'

દેવદત્તની આવી સચોટ દલીલ સાંભળી તિલોત્તમાએ તેના સામે જોઈ મોં મલકાવ્યું.

ભાગવતકથા પૂર્ણ થતાં દેવદત્તે વિદાય થવા માટેની રજા માગતાં પાપના બાપ વિષેના પ્રશ્નનો ઉત્તર માગ્યો, એટલે તિલોત્તમાએ કહ્યું: 'શાસ્ત્રીજી! પ્રથમ તો સોનામહોરોથી ભરેલો આ થાળ તમારે દક્ષિણા તરીકે સ્વીકારવાનો છે.'

દેવદત્ત તો તિલોત્તમાની વાત સાંભળી આભો બની ગયો. પરિગ્રહ પાસે આવતાં સત્યપુરુષોનો પણ વૈરાગ્ય વિવેક-

રૂપી વૃક્ષની મંજરીઓને ખંખેરી નાખે છે, પાડી દે છે. જ્ઞાની પુરુષોએ તેથી જ ધનને કામરૂપી સર્પનું દર તથા રાગાદિ દુશ્મનોને રહેવાનું ઘર તેમજ અવિદ્યા–અજ્ઞાનને ક્રીડા કરવાનું સ્થાન કહેલ છે. દેવદત્તની સાત પેઢીમાં કોઇએ આટલું ધન કદી જોયું પણ ન હતું અને અહીં તો આ બધું ધન તેને વગર મહેનતે પ્રાપ્ત થતું હતું. ઘડીભર તો તેને લાગ્યું કે હર્ષના આવેશમાં તે કદાચ ગાંડો થઈ જશે, પણ ત્યાં તો તિલોત્તમા લોભામણા સ્મિત સાથે બોલી : 'દેવદત્ત ! આ બધું ધન હું તમને દક્ષિણા તરીકે આપું છું, કારણ કે વિપુલ ધન હોવા છતાં મારે કોઈ સંતતિ નથી. મારા રૂપ અને નૃત્યકળાની મદદ વડે મેં આ બધું ધન પ્રાપ્ત કર્યું છે, તે ન્યાયોપાર્જિત કહેવાય કે નહીં તે હું જાણતી નથી, પણ અમે તો આ જગતને એક બજાર તરીકે જોઇએ છીએ, એટલે તમારી જેવા શુદ્ધ અને પવિત્ર બ્રાહ્મણને આ ધનનું દાન કરવામાં આપવા કરતાં હું વધુ મેળવું છું. અલબત્ત, હું વેપારી નથી પણ વેપારીઓના હાથમાં રમી છું એટલે સહજ-રીતે સોદાગરની વૃત્તિ મારામાં આવી ગઈ છે. તેથી, આ ધનની એક મામૂલી શરતરૂપ મારા બંને ગાલે તમારે માત્ર એક એક ચુંબન લેવાનું છે. આ હકીકત આપણા બે સિવાય કોઈ ત્રીજું જાણવાનું નથી, માટે શરત પૂરી કરો અને સોના-મહોરોનો સ્વીકાર કરો.'

દેવદત્ત પ્રથમ તો જરા અચકાયો, કારણ કે એના જીવનમાં એણે કદી પણ સ્ત્રીનો સ્પર્શ કર્યો ન હતો. અન્ય સ્ત્રીને આમ ચુંબન કરવું તેને અબ્રહ્મ સમજી તે મોટું પાપ

માનતો હતો અને તેથી તેમ કરવાની ના પાડવા જતો હતો, તેવામાં તેની દૃષ્ટિ પેલી સોનામહોરો પર પડી. તેને પાછો વિચાર આવ્યો કે આટલી વિપુલ લક્ષ્મી જીવનમાં કોઈ કાળે મળવાની નથી અને પાપનું પ્રાયશ્ચિત્ત કયાં નથી થઈ શકતું? જીવનમાં આવી તક ફરી આવવાની નથી માટે તેનો લાભ લઈ જ લેવો એમ વિચારી વિમનસ્ક ચિત્તે ચુંબનની ક્રિયા માટે તે જેવો નીચે નમ્યો કે તરત જ તેને તેમ કરતાં અટકાવી તિલોત્તમાએ કહ્યું: 'દેવદત્ત! જે કાર્ય એકાંતે ખોટું છે, પાપયુકત છે અને દોષથી ભરેલું છે, એમ જાણવા છતાં એવું અધમ કાર્ય તમે આ સોનામહોરોની લાલચમાં પડી કરવા તૈયાર થઈ ગયા, તે ઉપરથી સમજી શકાશે કે, પાપનો બાપ પ્રલોભન છે.

હજુ તો ગઈ કાલે જ 'ભાગવત'નો અગિયારમો સ્કંધ વાંચતી વખતે પેલા બ્રાહ્મણનું દૃષ્ટાંત તમે આપ્યું હતું અને અર્થના અનર્થ બાબતમાં તમે કેવું સરસ નિરૂપણ કર્યું હતું! ગઈ કાલના તત્ત્વજ્ઞાનનું તમને આજે જ વિસ્મરણ થઈ ગયું એ ભારે અજાયબી છે. જ્ઞાનનો અર્થ છે આત્માથી આત્માને જાણવો. ધર્મશાસ્ત્રો શીખી જવાં એ પૂરતું નથી, પણ જીવનમાં ડગલે ને પગલે એના ઉપદેશનો અમલ થાય તો જ જ્ઞાનનો ઉપયોગ થયો કહેવાય. બાકી તો બધું પોથીમાંનાં રીંગણાં જેવું છે. માત્ર વિદ્વત્તા નહીં પણ વિદ્વત્તાને જીવનવ્યવહારમાં વણી લેવાની કલાનું નામ જ જ્ઞાન છે. તમારા પ્રશ્નનો ઉત્તર તમને મળી ગયો છે અને આ થાળની તમામ સોનામહોરો લઈને તમે હવે જઈ શકો છો."

દેવદત્તની સ્થિતિ તેને કાપો તો લોહી પણ ન નીકળે એવી થઈ ગઈ. અનેક શાસ્ત્રોના અભ્યાસ વડે પ્રાપ્ત ન થયેલું એવું અદ્ભુત સત્ય આ અલૌકિક નારીએ તેને થોડી ક્ષણોમાં જ સમજાવી દીધું. સંસાર પ્રત્યેના તેના રાગનું વિરાગમાં પરિવર્તન થયું. તિલોત્તમાના ચરણોની રજ માથે ચડાવી તેને પોતાના સાચા ગુરુસ્થાને સ્થાપી સોનામહોરો પર દૃષ્ટિ પણ કર્યા સિવાય દેવદત્ત એ જ ઘડીએ ધારાનગરી તરફ જવા ચાલી નીકળ્યો.

પંદરમા દિવસે રાજસભામાં દેવદત્તે તેને પૂછેલા પ્રશ્નોનો ઉત્તર આપતાં કહ્યું: 'મંત્રીજી! પાપનો બાપ પ્રલોભન છે.'

આખી રાજસભાને દેવદત્તના ઉત્તરથી સંતોષ થયો અને મંત્રીએ તેને રાજપુરોહિતનું પદ સંભાળી લેવા વિનંતી કરી.

દેવદત્તે ભરસભામાં પોતાને આ પ્રશ્નનો ઉકેલ મેળવવામાં જે અનુભવમાંથી પસાર થવું પડ્યું હતું, તે સવિસ્તર વર્ણવી કહ્યું: 'પાપનો પિતા પ્રલોભન છે અને પિતામહ મોહ છે. પ્રલોભનની ઉત્પત્તિ મોહમાંથી થાય છે, એટલે આ બધા વિષયચક્રમાંથી મુક્ત થઇ તપ અર્થે હિમાલય જવાનો મેં નિશ્ચય કરી લીધો છે અને આપ બધા પાસેથી વિદાય પહેલાંના અંતિમ આશીર્વાદ માગું છું.'

આખી સભા દેવદત્તની વાણી સાંભળી સ્તબ્ધ થઈ ગઈ અને તેનો નિર્ણય અફર છે, એ જાણ્યા બાદ ધારાનગરીના રાજવી, મંત્રી અને અન્ય સભ્યોએ તેને અપૂર્વ વિદાયમાન આપ્યું.

# ૧૭. સુનંદાનો કંથ

પૃથ્વીભૂષણ નામના નગરમાં કનકધ્વજ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને ગુણના ભંડારરૂપ એવી યશોમતી નામે રાણી હતી અને અત્યંત લાવણ્યમયી સુનંદા નામે પુત્રી હતી.

માતા–પિતા યુવાન સુનંદાનાં લગ્ન કરી નાખવા આતુર હતા, પણ એવો કોઈ સુયોગ્ય રાજકુમાર મળતો ન હતો. સુનંદાના પરવાળા જેવા હોઠ અને ચંચળ નયનો જોઈ અનેક રાજકુમારો તેના હાથની માગણી કરતા, પણ હૈયું તૃપ્ત થાય એવો કોઈ રાજકુમાર હજુ સુનંદાની દૃષ્ટિએ પડ્યો ન હતો.

એક દિવસ સુનંદા તેના સખીવૃંદ સાથે બગીચામાં ફરવા ગઈ, ત્યારે નગરશેઠના પુત્ર રૂપસેન પર તેની નજર પડી. રૂપસેન કામદેવ જેવો સુંદર અને સોહામણો હતો. તેની અને સુનંદાની દૃષ્ટિ એક થતાં તેમાંથી તારામૈત્રક રચાણું. ખરેખર! ન કલ્પી શકાય એવો કોઈ અગમ્ય હેતુ સ્ત્રી અને પુરુષને અરસપરસ લોહચુંબકની માફક ખેંચે છે, અને આવી પ્રીતિ બાહ્ય સંજોગો સાથે કશો સંબંધ ધરાવતી હોતી નથી. આકસ્મિક રીતે જ એક બીજાને એક બીજા પ્રત્યે આકર્ષણ થયું. પુરુષના પુરુષત્વનું અને સ્ત્રીત્વનું સાચું સાફલ્ય એના આત્માને ડોલાવનાર એવા કોઈ સૌન્દર્યની પ્રતિમામાં પોતાને માટે

પ્રેમ પ્રગટાવવામાં છે. સુનંદા અને રૂપસેનને અરસપરસ એક બીજામાં આવી પ્રતિમાનાં દર્શન થયાં અને તેઓ મુગ્ધ બની ગયાં. બંનેએ પ્રથમ દૃષ્ટિએ પ્રેમ અનુભવ્યો અને સખીઓથી આ વાત છૂપી ન રહી શકી.

શરૂઆતના દિવસોમાં તો બંને જ્યારે મળતાં ત્યારે સુનંદા શરમાઈને તેની આંખનાં પોપચાં ઢાળી દેતી, પણ પછી એ શરમ ધીમે ધીમે ચાલી ગઈ. અરસપરસ બંનેનાં હૈયાં એક બીજાના સાંનિધ્યને ઝંખવા લાગ્યાં અને પછી તો એક બીજા વચ્ચે પ્રેમપત્રોની આપ-લે શરૂ થઈ. પ્રેમનો રોગ ભારે હઠીલો છે અને એ દર્દ એક બીજાના હૈયે હૈયાં ન મળે ત્યાં સુધી શાંત થઈ શકતું નથી. બંને વચ્ચે પરસ્પર આકર્ષણ, યૌવનની મસ્તી અને પ્રણયનો ઉન્માદ જોઈ સખીઓએ તેઓના પ્રેમને મૂર્તસ્વરૂપ આપવા અર્થે બંને પ્રેમીઓ એકાન્તમાં રાજમહેલમાં એક વખત મળી શકે તેવી વ્યવસ્થા કરવાનું નક્કી કર્યું. આવી તક કૌમુદીમહોત્સવની ઉજવણી વખતે તેમને મળી ગઈ.

એ ભવ્ય ઉત્સવ ગામની બહાર એક ઉદ્યાનમાં યોજવામાં આવ્યો હતો. રાજકુટુંબના તમામ સભ્યો તેમજ રૂપસેનના ઘરના સૌ એ ઉત્સવ નિમિત્તે મોડી રાત સુધી ઉદ્યાનમાં રોકવાના હતા. આ તકનો લાભ લેવા માટે સુનંદા અને રૂપસેન બંને અગાઉથી ગોઠવણ કર્યા મુજબ નરમ તબિયતનું બહાનું કાઢી ઘેરે જ રહ્યા હતા. સખીઓએ રૂપસેનને રાત્રિએ મહેલમાં લાવવા તમામ વ્યવસ્થા કરી હતી અને તદનુસાર

રૂપસેને રાત્રિના બીજા પહોરે સુનંદાના શયનગૃહ નીચે આવી ઊભા રહેવાનું હતું, અને ત્યાંથી છૂપા માર્ગે તેને શયનગૃહમાં લઈ જવા માટે બે સખીઓને ઊભી રાખી હતી. મહેલમાં તેમજ નીચેના ભાગમાં ક્યાંયથી પ્રકાશ ન આવે અને કોઈ પણ જોઈ ન શકે એવા હેતુથી અંધારપટની પણ વ્યવસ્થા કરી હતી. મધ્યરાત્રિ થઈ પણ સંકેત મુજબ રૂપસેન ન આવ્યો. પોતાના પ્રેમીને મળવા સુનંદાનું મન એટલું આતુર બની ગયું હતું કે એકેક પળ તેને એકેક વર્ષ જેટલી લાંબી લાગતી હતી. પ્રીતની ચિનગારી એક વાર કલેજામાં લાગ્યા પછી તેની પીડા ઘટવાને બદલે વધતી જ જાય છે, અને એવો જ અનુભવ આ બંને પ્રેમીઓને પણ થતો હતો.

મુકરર કરેલા સમય કરતાં રૂપસેન શય્યાગૃહની નીચે બહુ મોડો આવ્યો અને દાસી તરત જ તેને શયનગૃહમાં લઈ ગઈ. અંધકાર એવો ગાઢ હતો કે કોઈ એક બીજાનું મોં જોઈ ન શકે. ઉત્સવમાંથી પાછા ફરવાનો સમય થઈ ગયો હતો એટલે બધું કામ ઉતાવળે પતાવવાનું હતું. દાસીએ રૂપસેનને સુનંદાના રૂમમાં લઈ જવાને કહ્યું: ‘આપ કશું બોલતા નહીં કારણકે દિવાલને પણ કાન હોય છે, અને જેમ બને તેમ જલદીથી પાછા બહાર આવી જજો; કોઈ પણ પળે રાજમાતા અને અન્ય સૌ પાછા આવી પહોંચવાની શક્યતા છે.’

સુનંદા તો અભિસારિકાની માફક રૂપસેનની રાહ જોઈ રહી હતી અને આગંતુકની આસપાસ વેલની માફક વીંટળાઈ

ગઈ. સ્વભાવિક રીતે જ સુનંદાના માદક સ્પર્શ અને આવા વર્તાવથી પેલા માણસનું પૌરુષત્વ ઉશ્કેરાયું અને સુનંદાની ઘણા દિવસની ઈચ્છા પરિપૂર્ણ થઈ. એટલામાં તો ત્યાં દાસી દોડતી આવી અને ઉત્સવમાંથી સૌ મહેલમાં આવી રહ્યા છે તેવો સંદેશો આવ્યો. દાસી રૂપસેનને લઈ તેને બહાર મૂકવા ગઈ, પણ નીકળતી વખતે સુનંદાની ડોકમાંથી તેણે સિફ્તપૂર્વક ચંદનહાર કાઢી લીધો. સુનંદાને આની ખબર પડતાં જરા નવાઈ તો લાગી, પણ આ સુખદ મિલનના સ્મરણની યાદ તરીકે તેણે હાર લીધો હશે એમ માની મનને મનાવ્યું.

બીજા દિવસે ગામમાં હાહાકાર ફેલાઈ ગયો. નગરશેઠના એકના એક પુત્ર રૂપસેનનું અકાળે અવસાન થયું. રાતે ઘરમાંથી બહાર જતી વખતે રસ્તામાં એક દીવાલ પડી અને તેની નીચે તે દટાઈ ગયો હતો. સવારે કાટમાલમાંથી તેનો નિર્જીવ દેહ મળી આવ્યો. સુનંદાને થયું કે અહીંથી ઘેરે પાછા જતાં આ અકસ્માત થયો હોવો જોઈએ. આ બનાવથી તેને ભારે આઘાત થયો અને કોઈ ન જાણે તેમ તે છાતીફાટ રડી પડી.

રાજમાતા ભારે અનુભવી અને વ્યવહારકુશળ હતાં. રૂપસેન અને સુંનદા વચ્ચેના આકર્ષણ અને મિલનની વાત જાણતાં તેને ભારે આઘાત થયો, કારણકે સુનંદાના લગ્ન માટે તેની ટાંપ ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના રાજવી સુદર્શન પર હતી. તેવામાં તો રૂપસેનના મૃત્યુ સમાચાર આવ્યા એટલે તેને થયું કે ટાઢા પાણીએ ખસ ગઈ. રૂપસેનના મરણ પછી

સુનંદા ભારે ગમગીન અને ઉદાસીન રહેતી અને તેની માતાએ એ તકનો લાભ લઈ તેને ભક્તિમાર્ગે ચડાવી. પુણ્ય અને પાપ, ધર્મ અને અધર્મ, તેમજ રાગ અને વિરાગની વાતો સુંનદાને ગમવા લાગી અને તેમાં તેને આનંદ આવતો. પથ્થરમાંથી છીણીના હથિયાર વડે જેમ દેવની મૂર્તિ આકાર લે છે, તેમ જીવનમાં અનુભવાતી ઠોકરો અને આઘાતો ઘણી વખત માણુસને મહામાનવ બનાવવામાં મદદરૂપ થાય છે. સુનંદાની બાબતમાં પણ આમ જ બન્યું.

પરન્તુ માણુસ ધારે છે કાંઈક અને કુદરત કરે છે. બીજું જ. રૂપસેન સાથેના સમાગમ વખતે ઋતુસ્નાન કરેલી સુનંદાની કુક્ષિમાં એક બાળકનાં બીજ રોપાઈ ગયાં હતાં. એકાદ માસ પછી પણ તેને રજોદર્શન ન થયું તેમજ ખાવા-પીવા પ્રત્યે અભાવ થવા લાગ્યો. તેનો અવાજ ભારે થઈ ગયો અને સુનંદાની માતાને સત્ય હકીકત સમજાઈ ગઈ. પુત્રીના સુખ અને કલ્યાણ અર્થે ચતુર માતાએ ચેતી જઈ યોગ્ય ઉપચાર દ્વારા સુનંદાને ગર્ભપાત કરાવ્યો. એક જ વખત ભૂલ થાય તો પણ તેનાં કેવાં ગંભીર પરિણામ આવે છે, તેનુ સુનંદાને ભાન થઈ ગયું અને યુવાન વયમાં જ તેને પ્રૌઢાના ડહાપણ અને શાણુપણ પ્રાપ્ત થયાં. ઘણીવાર જેનું પૂર્વાર્ધ જીવન દોષયુક્ત હોય છે, તેનું ઉત્તરાર્ધ જીવન સુધરી જાય છે. પછી તો સુનંદાની માતાએ તેનાં લગ્ન તરત જ ક્ષિતિ-પ્રતિષ્ઠિત નગરના રાજવી સુદર્શન સાથે કરી નાખ્યાં.

સુનંદામાં અપાર રૂપ હતું અને તેનામાં ગુણોનો ભંડાર હતો. સુદર્શનને તે અતિપ્રિય થઈ પડી. સુદર્શનના મનને સુનંદા અમૃતની કૂંપી સમાન હતી. તેઓનું દાંપત્ય જીવન દરેક રીતે અત્યંત સુખી હતું. સુદર્શનનું ચારિત્ર સ્ફટિક જેવું નિર્મળ હતું. આવા પતિને પ્રાપ્ત કરી સુનંદા પોતાના જીવનને ધન્ય થયેલું માનતી હતી.

એમના સુખી સંસારમાં માત્ર એક જ ખામી હતી. સુનંદા કોઈ સંતાનની માતા બની શકી ન હતી. ઉત્તમ ચિકિત્સકો તેઓનાં શરીર તપાસી અભિપ્રાય આપતા કે રાજા અને રાણી બંનેના શરીરમાં એવા કોઈ તત્ત્વની ખામી ન હતી કે જે સંતાનપ્રાપ્તિમાં અવરોધ રૂપ બની શકે, આમ છતાં લગ્ન પછી અનેક વર્ષો પસાર થયાં છતાં સુનંદાનો ખોળો ખાલી હતો એ હકીકત હતી.

સુનંદાને બાળક ન થવાના કારણ પાછળ એક ગૂઢ રહસ્ય હતું. રૂપસેન સાથેના તેના પ્રથમ પ્રણયમાં માત્ર યૌવનસુલભ ક્ષણિક આવેશે જ કામ કર્યું હતું. એમ ન હોત તો જે ઉત્કૃષ્ટતાથી સુનંદા સુદર્શન પર પ્રેમ કરતી હતી તે ન કરી શકત. દૈહિક–પાર્થિવ સુખ તો સ્ત્રી કે પુરુષ ગમે તે પાત્ર સાથે માણી શકે, પણ સ્ત્રી અને પુરુષ સંલગ્નની દૃષ્ટિએ એકની જ સાથે પ્રેમ કરી શકે. એવા પ્રેમમાં પાર્થિવ સુખની વાત ગૌણ રહે છે, તેમાં મુખ્યતા તો આત્મતૃપ્તિની જ હોય છે.

સુનંદાના મનમાંથી ભૂતકાળના રૂપસેનનું વિસ્મરણ થઈ ગયેલું પણ એ પાપાચારના પરિણામને છુપાવવા જે રીતે

ગર્ભહત્યાનું પાપ તેને કરવું પડ્યું, તેની તેના પર એટલી બધી સજ્જડ અસર પડી કે તે એમ માનવા લાગી કે કોઈ પણ સંતાનની માતા બનવાને તે લાયક જ નથી રહી. ભોગની ક્રિયા વખતે સુનંદાના ચિત્તમાં એક વિચિત્ર પ્રકારની દ્વિધાવૃત્તિ અવશપણે જાગ્રત થતી અને વિમનસ્કપણે તે ઠંડી થઈ જતી. સુદર્શનને તેથી આશ્ચર્ય તો થતું પણ તેનું કારણ સમજવા તેણે કદી પ્રયત્ન કરેલો નહીં.

માણસનું મન મહાસાગરમાં તરતા બરફના પહાડ જેવું છે. જેવી રીતે દરિયાના પાણી ઉપર પહાડનો થોડોક જ ભાગ તરતો દેખાય છે તેવી રીતે મનનો થોડો ક જ ભાગ ચેતન છે અને મોટો ભાગ અચેતન છે. આ અચેતન મન ભારે પ્રબળ હોય છે અને માનવીનાં બધાં જ કાર્યોનું પ્રેરક રહે છે. ચેતન અને અચેતન વચ્ચે હમેશાં વિગ્રહ ચાલતો હોય છે. માણસની પ્રવૃત્તિઓ આકસ્મિક નથી, પરન્તુ અમુક સાર્વત્રિક નિયમો દ્વારા નક્કી થાય છે. દરેક માનસિક વૃત્તિની પાછળ તેને અનુરૂપ કારણ રહેલું હોય છે. આ કારણ તે ઈચ્છા અથવા પ્રેરણા છે. આવી ઈચ્છાઓનું મૂળ ભૂતકાળમાં રહેલું હોય છે, તેથી જ કહેવાય છે કે કોઈ પણ કાર્ય કારણ વિના બની શકતું નથી.

સુદર્શન સાથેના સહજીવનમાં, સુનંદાને ભૂતકાળના દુષ્કૃત્યની સ્મૃતિ થતી અને તે અત્યંત સંતપ્ત થઈ જતી. આથી સુનંદાના ભોગનો આનંદ છિન્નભિન્ન થઈ જતો. ચિત્તની આવી અસહ્ય પરિસ્થિતિ જે કહી શકાય કે સહી શકાય તેમ ન હતી, તે કારણે તે ગર્ભધારણ કરી શકતી નહોતી. માનસ-

શાસ્ત્રીઓ સિવાય અન્ય ચિકિત્સકો મનનાં આવાં દર્દનું નિદાન કરી શકતા નથી. આવા પ્રસંગે તેનું અચેતન મન તેને ધમકાવી પોકારી ઊઠતું: 'સુનંદા! તારા પતિને તું દગો દઈ રહી છે, તેને ભારે વિશ્વાસઘાત કરી રહી છે. આવા પવિત્ર અને સચ્ચરિત પુરુષની પત્ની થવાની તારામાં લાયકાત નથી. તું દોષિત, અપરાધી અને કલંકિની છે. એક બાળકના જીવની તું હત્યારી છે. આ સંસારમાં તારે સુખી થવું હોય તો દંભનો પડદો દૂર કરી તારી જાતને તેના સાચા સ્વરૂપમાં તારા પતિ પાસે ખુલ્લી કરી દે.'

પાપમાં પણ એક એવા પ્રકારની ભયંકર તાકાત છે કે જે પાપ કરનારને ઝંપીને બેસવા દેતી નથી. એનું બાલ્ય-જીવન એને આવે વખતે યાદ આવતું. સર્વોત્તમ પતિ મળે તે અર્થે તે ઘણાં વ્રત–તપ કરતી અને ઈચ્છાની પરિતૃપ્તિ થઈ હોવા છતાં સુનંદાના હૃદયમાં જે સંઘર્ષણ જાગતું તેથી તે મનોમન કહેતી: 'કોઈ પણ પદાર્થની પ્રાપ્તિના પ્રયત્નોમાં જે આનંદ અને સુખ રહેલાં છે, તેવાં સુખ અને આનંદ વસ્તુની પ્રાપ્તિ પછી ટકી શકતાં નથી. મનમાં ઈચ્છેલી વસ્તુ પ્રાપ્ત કર્યા પછી એવું બને કે તે વસ્તુ આપણને સંતોષ આપી શકે નહીં, અગર એ વસ્તુ માટે આપણે લાયક નથી એમ માલૂમ પડે, અથવા એ વસ્તુ જ આપણા માટે યોગ્ય નથી એવો દુ:ખદ અનુભવ થાય. સુનંદાની બાબતમાં પણ કાંઈક આવું જ બન્યું. પતિ સાથેના સહવાસમાં શારીરિક આનંદની ચરમ સીમા સમયે જો કે માનસિક પરિતાપના

આંસુ એની મીંચેલી આંખની સરહદ નજીક આવતાં અટકાવવામાં તે સફળ થતી, પણ પછી મધ્યરાત્રિએ સુદર્શનને ખબર ન પડે તેમ ઓશીકા પર ઊંધું મુખ રાખી ચોધાર આંસુએ તે રડી લેતી. સુનંદાના મનની શાંતિ માટે રુદન એક મોટામાં મોટું ઔષધ થઈ ગયું.

સુદર્શન સમક્ષ ભૂતકાળમાં થયેલા પાપની કબૂલાત કરી પાપના ભાર અને સતત સંઘર્ષમાંથી મુક્ત થવાનો સુનંદાને ઘણી વખત વિચાર આવતો. સુદર્શનના તેની પ્રત્યેના ઉત્કૃષ્ટ પ્રેમ અને અપૂર્વ લાગણી જોતાં એ અપરાધની ક્ષમા મળે જ તે વિષે તેને લગીરે શંકા ન હતી. પણ સુદર્શનનું હૃદય અતિકોમળ હતું અને તેની પ્રકૃતિ ભારે સરળ હતી, તેથી આ હકીકત જાણવામાં આવતાં તેને ભારે માનસિક આઘાત થવાની પૂરેપૂરી શકયતા હતી. સુનંદાની આ માન્યતા તેની આત્મવંચનાને આભારી ન હતી,

કારણ કે ભૂતકાળના પાપના ઘટસ્ફોટના કારણે જે વ્યથા, આઘાત, સંઘષર્ણ અને રીબામણી તે સહી રહી હતી, તેમાંથી કાયમ મ ટે તે મુક્ત થઈ શકે તેમ હતી. પણ આ બાબતનો જે પ્રત્યાઘાત સુદર્શનના અંતરાત્મા પર પડે અને તેનું જે ભાવિ પરિણામ આવે તેના વિચારથી તે કંપી ઊઠતી. તેને ભય હતો કે રખેને આ બધી વાત જાણતાં સુદર્શનનું ચિત્તભ્રમ થઈ જાય તો? આથી, અનેકવાર આ વાત કરવા માટે તૈયાર થતી સુનંદા તેનો અમલ કરવામાં અટકી જતી. પછી તો એક દિવસે આકસ્મિક રીતે જ આ વાતનો ઘટસ્ફોટ થઈ ગયો.

સુદર્શન એક વખત જંગલમાં શિકાર અર્થે ગયો હતો અને સુનંદા પણ તેની સાથે હતી. સુનંદાની દૃષ્ટિ એક સુંદર હરણ પર પડી અને સુદર્શનને તે પકડી લેવા માટે કહ્યું. ઘોડા પર બેસી સુદર્શન પેલા હરણની પાછળ પડ્યો પણ હરણને પકડી શક્યો નહીં. તેની અને હરણ વચ્ચે અંતર વધવા લાગ્યું એટલે અંતે તેણે બાણ મારી હરણને વીંધી નાખ્યું.

મધ્યાહ્ન કાળે સુદર્શન અને સુનંદા પોતાના તંબુમાં બેસી પેલા હરણનું માંસ ખાઈ રહ્યાં હતાં. ગરમીના કારણે તંબુના પડદાની બારીઓ ખુલ્લી રાખવામાં આવી હતી. તે વખતે ત્યાંથી બે મુનિરાજો પસાર થઈ રહ્યા હતા. એક ગુરુ મનઃપર્યાયજ્ઞાન ધરાવતા હતા, અને તેથી શિષ્યને કહી રહ્યા હતા: 'અજ્ઞાની જીવો રાગ અને મોહમાં અંધ બની શું કરે છે, તેનું તેઓને ભાન હોતું નથી. પેલા તંબુમાં રાજા અને રાણી જે હરણનું માંસ આનંદપૂર્વક ખાઈ રહ્યાં છે, તેની સાથે ભૂતકાળમાં શું સંબંધ હતો તેની તેને ખબર હોત તો હરણને પકડવાનું તેણે નામ જ લીધું ન હોત.'

રાજા અને રાણી આ વાત સાંભળી તરત જ ઊભા થઈ પેલા મુનિરાજો પાસે જઈ પહોંચ્યા અને વંદન કરી સુનંદાએ પૂછ્યું: 'મુનિરાજ! જે હરણનું માંસ આનંદપૂર્વક અમે ખાઈ રહ્યા હતા, તે હરણના જીવ સાથે પૂર્વે મારે કયા પ્રકારનો સંબંધ હતો તે આપ જાણો છો, તેથી કૃપા કરી તે સંબંધની વાત આપ અમને કહો.'

મુનિરાજે ગંભીરભાવે કહ્યું : ' મહાનુભાવો ! માનવ-જીવનમાં કેટલાંક ગૂઢ રહસ્યો એવાં હોય છે, કે જેને વ્યક્ત ન કરતાં હૃદયના ગહનખૂણે ગોપવી રાખવાં પડે છે, કારણ કે તે ખુલ્લાં કરવામાં આવે તો મહાસંતાપના કારણરૂપ બની જાય અને જીવન પણ કલુષિત થઈ જાય. કેટલીક બાબતો વિષે જીવનમાં જ્ઞાનને બદલે અજ્ઞાન હોય તે જ આશીર્વાદરૂપ છે. એટલે સુનંદા અને આ હરણના જીવને પૂર્વે શું સંબંધ હતો એ વાત તમે બંને ન જાણો એમાં જ તમારાં સુખ અને શાંતિ રહેલાં છે.'

સુનંદા ગળગળી થઈ બોલી : ' ગુરુદેવ ! સત્ય ગમે તેટલું ભયંકર હોવા છતાં પણ સત્ય હમેશાં સત્યરૂપે જ રહે છે, અને તેને જાણવાથી જીવને ગમે તેવો ક્લેશ અને સંતોષ થાય તો પણ સત્યની આજ્ઞા ઉપર ઊભા રહ્યા સિવાય આ સંસારમાં કોઈ જન્મ–મરણના ફેરા ટાળી શકવાને શક્તિમાન થતું નથી.'

બંને જણાએ મુનિરાજને આ વાત કહેવાનો ફરી આગ્રહ કર્યો એટલે મુનિરાજે સુનંદા સામે જોઈ કહ્યું : ' આ હરણના પૂર્વભવના જીવનની વાત સાથે યૌવન વયમાં તમને થયેલા અનુભવની વાત સંકળાયેલી છે રૂપસેનના સંબંધની એ વાત તમે સ્પષ્ટ રીતે કહી સંભળાવો એટલે તેના અનુસંધાનમાં આ હરણ વિષેની જે વાત હું કહીશ તે તમે સમજી શકશો.'

મુનિરાજની વાત સાંભળી બગીચામાં પોષ મહિનાની કડકડતી ઠંડીમાં જેમ હિમ પડે અને એકાએક લીલાં વૃક્ષો

નિર્જીવ જેવાં બની જાય તેવું જ સુનંદાની બાબતમાં બન્યું. આમ છતાં સત્યનું મૂલ્ય સુનંદા સમજતી હતી. જે વાત લગ્નના પ્રથમ દિવસે જ સુદર્શનને તે કહેવા ઈચ્છતી હતી, પણ કરી શકી નહોતી, તે વાત કહી દેવા તેણે નિર્ધાર કર્યો. ગુનાને છુપાવવાનો પ્રયત્ન થાય ત્યાં સુધી જ એ ગુનો રહે છે, ગુનો કરનાર એની જાહેરાત કરી દે પછી એ ગુનો રહેતો નથી. અલબત્ત, એના ક્ષોભ અને વેદનાનો કાંઈ પાર ન હતો. સુદર્શનની તે માત્ર અર્ધાંગના ન હતી પણ સર્વસ્વ હતી. આમ છતાં હૈયું કઠણ કરી નીચું મુખ રાખી રૂપસેનની સાથે યૌવન વયમાં થયેલ સ્ખલનાની વાત જે બની હતી તે રીતે કહી દીધી અને તેના જીવન પર થયેલી અસરની વાત પણ સ્પષ્ટતા-પૂર્વક કશું પણ ગોપવ્યા વિના જાહેર કરી દીધી.

સુનંદાની વાત પૂરી થતાં મુનિરાજે કહ્યું: 'કલ્પનાની વાત કરતાં પણ સત્ય હકીકત કોઈક વખત વધુ ભયંકર હોય છે. રૂપસેનની બાબતમાં પણ આમ જ બન્યું છે. રૂપસેન તેના ઘેરેથી મહેલમાં તારી પાસે આવવા નીકળ્યો, તે વખતે રસ્તામાં તેની પર મકાનની દિવાલ પડતાં તે મૃત્યુ પામ્યો. તે પછી, મહેલમાં ચોરી કરવા અર્થે એક ચોર નીચેથી ઉપર જવાનો માર્ગ શોધી રહ્યો હતો, તેવામાં તારી દાસીઓ તેને રૂપસેન માનીને તારી પાસે લઈ આવી. તારો ચંદન-હાર સિફતપૂર્વક તારા ગળામાંથી તેણે કાઢી લીધો. પણ કમળાના દર્દીને જેમ બધું પીળું દેખાય છે તેમ રાગ અને મોહના કારણે પણ જે વસ્તુ જેવી હોય તેવી ન દેખાતાં કલ્પનાના રંગો મુજબ દેખાય છે. એ ચોરમાં તેં રૂપસેન

જોયો કારણ કે તે વખતે તારું ચિત્ત તેનામાં તદાકાર થઈ ગયું હતું. ચિત્તનો એવો જ સ્વભાવ છે કે જેનું તે ચિંતન કરે તેમાં જ તે તદાકાર થઈ જાય.'

મુનિરાજે પોતાની વાત આગળ વધારતાં કહ્યું: 'તારું સ્મરણ કરતાં કરતાં રૂપસેન મૃત્યુ પામ્યો, એટલે તેનો જીવ તારા બાળક તરીકે તારી કુક્ષિમાં ઉત્પન્ન થયો. પણ બાળક તરીકે જન્મતાં પહેલાં જ ગર્ભમાં તેની હત્યા થઈ. તે પછી તે જીવે અનુક્રમે સર્પ, કાગડો અને હંસ તરીકે જન્મ લીધો અને દરેક વખતે તારી પ્રત્યેના આકર્ષણના કારણે જિંદગી ગુમાવી. તે પછી રૂપસેનનો જીવ આ વખતે હરણ તરીકે જન્મ્યો અને તમે પતિ-પત્ની થોડીવાર પહેલાં તેનું જ માંસ ખાતાં હતાં. એક વખતનો પ્રેમી અન્ય જન્મે પુત્ર તરીકે જન્મ ધારણ કરે અને એક વખતની પ્રેયસી પોતે જ પોતાના એક વખતના પ્રેમીની હત્યા કરે, તેમજ તિર્યંચ યોનિમાં જન્મ લઈ ફરી ફરી તારા નિમિત્તે જ તેની હત્યા થાય, એ બધાં પરથી સમજી શકાશે કે સંસારના બધા સગાઈ-સંબંધો પોકળ-જૂઠા અને પરિવર્તન પામવાના સ્વભાવવાળા છે. સંસારના કહેવાતા સ્નેહ-સંબંધોની આ બધી ભવાઈ નથી તો બીજું શું છે?'

આ વાર્તાલાપને અંતે થોડા સમય સુધી તો સ્મશાન જેવી શાંતિ પથરાઈ ગઈ. પછી બંને મુનિરાજોએ વિહાર શરૂ કર્યો અને સુનંદા તેમજ સુદર્શન થોડે દૂર સુધી તેમને મૂકી પાછા તંબુમાં આવી ગયા. તંબુમાં જઈ જેવા બંને બેઠાં કે તુરત જ સુનંદાનાં ચક્ષુમાંથી આંસુનો ધોધ છૂટવા લાગ્યો. તેનું

શિર તેણે સુદર્શનના વક્ષઃસ્થલ પર મૂકી દીધું, અને તેની પીઠ પર તેને આશ્વાસન આપતો હોય તેમ સુદર્શન હાથ ફેરવતો રહ્યો. મુનિરાજની વાણી અને સુનંદાના ભૂતકાળની તેના સ્વમુખે કહેવાયેલી કથનીએ ધરતીકંપના એક જ આંચકાથી ભૂમિ પરનો વૈભવ જેમ ધરાશાયી બને છે, તેમ સુદર્શનના સમગ્ર ચિત્તતંત્રને શોકથી ઘેરી લીધું.

પરંતુ સુદર્શનના સુનંદા પ્રત્યેના પ્રેમમાં માત્ર પાર્થિવ તત્ત્વ ન હતું. પ્રેમ જ્યારે નિરપેક્ષ અને શ્રદ્ધેય હોય ત્યારે અનેક દોષોથી ભરેલી વ્યક્તિ પર પણ દ્વેષને બદલે પ્રેમ જ અનુભવાય છે. પ્રેમનું આ શુદ્ધ અને સર્વોત્તમ સ્વરૂપ છે. વિશુદ્ધ પ્રેમનો આવો જ સ્વભાવ છે. એકધારુ રડતી સુનંદાની પીઠ પર હાથ ફેરવતાં ફેરવતાં તેના મનને સાંત્વન આપતાં સુદર્શને કહ્યું: ‘સુનંદા ! આ કરુણ કહાનીને તારા મનના ઊંડાણમાં સંગ્રહી રાખીને મારી પ્રત્યેના અપૂર્વ પ્રેમના કારણે લાંબા કાળ સુધી તેં જે યાતના–વેદના–પરિતાપ સહ્યાં છે, તેનું મને ભાન થઈ ગયું છે. તારાં સુખ, શાંતિ અને સમાધાનની દરકાર કર્યા સિવાય મારાં સુખ અને શાંતિ માટે જ આ વાત મને હાલની ઘડી સુધી ન કરી એ હકીકત ન સમજી શકું એવો હું મૂર્ખ નથી. પ્રેમમાં જે દુઃખ-સ્વીકાર હોય છે, જે આત્મત્યાગ હોય છે, સેવાની જે આકાંક્ષા હોય છે તે બધું તેં તારા જીવન દ્વારા સિદ્ધ કરી બતાવ્યું છે. તારા જીવનની કહાની સાંભળતાં સાંભળતાં મને મારા પૂર્વ જીવનની સ્મૃતિ થઈ આવી. પુરુષ માટે સ્ત્રીના હૃદયની વાત સમજવી શક્ય હોત તો, ગૌતમ જેવા મહાન

ઋષિએ શાપ આપી અહલ્યાને શિલામાં ન ફેરવી હોત. પણ હું તો મારા આગલા જન્મમાં જ તારા જેવી સ્ત્રી હતી એટલે તારા આંતર મનનું આબેહૂબ ચિત્ર પ્રત્યક્ષ રીતે નિહાળી શકું છું.

સુનંદા હવે શાંત બની એકચિત્ત સુદર્શનની વાત સાંભળી રહી હતી, એટલે સુદર્શને તેને કહ્યું: 'પતિ–પત્નીના પ્રેમથી બંનેનાં મન અને હૃદય એકરૂપ બની જાય તેને જ ઋષિ-મુનિઓએ દાંપત્ય સુખનું ઉત્તમ ફળ કહ્યું છે. પતિ અને પત્નીએ ઉભયના મનની ભિન્ન ભિન્ન વૃત્તિઓ અને વાસ-નાઓમાંથી પ્રયત્નપૂર્વક હૃદયની એકતા સાધવાની હોય છે, અને એવી એકતા આજે આપણે સાધી શકયા એટલે આપણા લગ્નનો આ જ સાચો દિવસ છે. અત્યાર સુધીનું આપણું સહજીવન તો એક પ્રકારનો દંભ આત્મવંચના હતાં. લગ્ન એ તપશ્ચર્યા છે અને આપણી એ તપશ્ચર્યા આજે ફળી છે. આપણા ઉભયનાં જીવન આજે ધન્ય બની ગયાં, આજે રોવાનું ન હોય, આજે શોક કરવાનો પણ ન હોય!'

લગ્ન જીવનની સર્વોત્તમ સફળતા એટલે સંયમ અને તપ દ્વારા મલિન વિચાર, મલિન માનસ અને મલિન વૃત્તિને બાળી નાખવાં. આવી સફળતા પ્રાપ્ત કરનાર સ્ત્રી–પુરુષો પછી મોહના સૌન્દર્યથી પાછા ફરી મુક્તિના સૌન્દર્ય તરફ પોતાનાં પગલાં માંડે છે. અનેક શાસ્ત્રોનું અધ્યયન કરી જે જ્ઞાન અને સંયમ પ્રાપ્ત કરી શકાય, તેવાં જ્ઞાન અને સંયમ જીવનમાં કોઈક જ વખતે ન કલ્પી શકાય એવા વિચિત્ર

અનુભવ દ્વારા આકસ્મિક રીતે પ્રાપ્ત થઈ જાય છે; અને આવા સ્ત્રી-પુરુષના સમસ્ત જીવનનું પછી પરિવર્તન થઈ જાય છે.

સુદર્શન અને સુનંદાના જીવનમાં પણ આવું પરિવર્તન આવ્યું અને તેઓ બંનેએ સંસારનાં ભૌતિક સુખોને લાત મારી ત્યાગ-તપ-સંયમનો ધર્મ સ્વીકાર્યો. સુનંદા અને સુદર્શન આદર્શ સાધ્વી અને સાધુ બની ગયાં.

દીક્ષા લીધા બાદ ઉગ્ર તપ અને સંયમ દ્વારા સુંદર ચારિત્ર પાળતાં સાધ્વી સુનંદાને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું. સાધ્વી તરીકે વિચરતાં વિચરતાં સાધ્વીશ્રીને એક વખતે એક ગામમાં તોફાની હાથીનો ભેટો થઈ ગયો. સાધ્વીશ્રીને દૂરથી જોઈ હાથી તેની સામે દોડ્યો અને લોકોને ભય લાગ્યો કે એકાદ બે પળમાં તો સાધ્વી હતાં-ન હતાં થઈ જશે. પરંતુ તોફાની હાથી તો સૂંઢ વડે સુનંદાના હાથોને સ્પર્શ કરવા લાગ્યો. બેઘડી પહેલાંનો મસ્ત અને તોફાની હાથી શાંત ઘેટા જેવો નરમ થઈ ગયો અને આ દૃશ્ય જોઈ લોકોના આશ્ચર્યનો પાર ન રહ્યો.

એ હાથીના પાછલા જન્મો વિષે સુનંદાને જ્ઞાન થયું. રૂપસેનમાંથી તેની કુક્ષિમાં આવેલ બાળક અને બાળકમાંથી અનુક્રમે સર્પ-કાગડો-હંસ અને હરણ તરીકેનો જન્મ લઈ એ જ જીવ આ ભવે હાથી તરીકે જન્મ્યો હતો. રૂપસેન પછીનો આ તેનો છઠ્ઠો ભવ હતો. સ્ત્રીઓની પ્રકૃતિના મૂળમાં જ કોમલતા, કરુણતા અને વાત્સલ્યતાનાં બીજ રહેલાં હોય છે, એટલે પેલા હાથીના પાછલા ભવોની રખડપટ્ટીમાં તે

પોતે જ નિમિત્તરૂપ હતી તે જાણતાં તેનું કોમલ હૃદય દ્રવી ઊઠયું. હાથીને પ્રતિબોધતાં તેણે કહ્યું: 'અરે જીવ! સાત સાત ભવથી મારી પાછળ તું ભટકી રહ્યો છે, પણ સંસારના તમામ પ્રકારના ભોગો ક્ષણભંગુર અને નાશવંત છે તેનું તને કયારે ભાન થશે? ઈન્દ્રિયજનિત સુખ મોહરૂપી દાવાનલની વૃદ્ધિ કરવામાં ઇંધન સમાન છે અને ભવિષ્યમાં દુઃખની પરંપરાના કારણરૂપ છે. આ બાબત તારા પાછલા ભવોના અનુભવ પરથી સમજાઈ જવી જોઈએ; માટે હવે તો તારા ચિત્તને સ્થિર બનાવી આ પ્રવૃત્તિમાંથી મુક્ત થઈ જા. સંસાર અને મુક્તિ વચ્ચેનું અંતર બહુ મોટું નથી. ચિત્તનું વિષયોમાં ભટકયા કરવું એનું જ નામ સંસાર છે અને જે ચિત્ત વિષયોમાંથી પાછું ફરી આત્મધ્યાનમાં જ અનુરક્ત બને તેનું જ નામ મુક્તિ છે.'

સુનંદાના ત્યાગ, તપ અને સંયમની અસર રૂપસેનના જીવવાળા હાથી ઉપર થયા સિવાય ન રહી. કારણ કે તેને સુનંદા પ્રત્યે અત્યંત અનુરાગ હતો. હાથીને પણ તે જ વખતે જાતિસ્મરણ જ્ઞાન થયું અને તેની આંખોમાંથી આંસુની અવિરતધારા ચાલુ થઈ. તેના સાતે ભવો તેની દૃષ્ટિ આગળ તાદૃશ થયા અને હાથીએ સૂંઢવતી સુનંદા સાધ્વીને નમસ્કાર કર્યા. પછી તો હાથી પશ્ચાત્તાપ કરતો પોતાના મનમાં ચિંતવવા લાગ્યો : 'ભવ્ય સાધ્વીજી! પ્રેમી અને પુત્ર તરીકેના તમારી સાથેના મારા સંબંધો ક્ષણિક અને કલ્પિત હતા, પણ આજે ગુરુણી બની મને જે ઉપદેશ આપ્યો તેથી મારું જીવન ધન્ય બન્યું છે, અને તમારી પ્રત્યેના રાગનો નાશ થયો છે.

કથા આગળ વધતાં કહે છે કે, હાથીના જીવે મૃત્યુ પછી દેવગતિ મેળવી અને સુનંદા ત્યાગ-તપ અને સંયમનું આરાધન કરી તે જ ભવમાં કેવળજ્ઞાન પામી જીવનમુક્ત બની.

માનવી ગુનો કરે, આવેશમાં આવી જઈ ભૂલ કરી નાખે તો તેથી એ કાંઈ સદાકાળ માટે શાપિત બની રહેતો નથી. પશ્ચાત્તાપની ભઠ્ઠીમાં તવાઈને, નિર્મળ-નિર્દોષ બની રીઢા ગુનેગારોએ પણ એ જ જન્મમાં મુક્તિ પ્રાપ્ત કર્યાના અનેક દાખલાઓ છે.

# ૧૮. કંચન અને કામિની

ઉજ્જૈન નગરમાં નંદલાલ નામનો એક બહુ ધનવાન શેઠ રહેતો હતો. તેની પાસે પુષ્કળ પૈસો હતો, પણ આબરુનું નામ નહીં. જેમ પૈસો પુષ્કળ હતો તેમ બુદ્ધિનો પણ અખૂટ ભંડાર હતો, પણ તેનો સદુપયોગ કરવાને બદલે તેનું લક્ષ હમેશાં બુદ્ધિનો દુરુપયોગ કરવા તરફ વિશેષ રહેતું. શેઠનો સ્વભાવ અને પ્રકૃતિ ચંડાળ જેવાં હતાં. જીવ કરતાં પણ પૈસો વધુ વહાલો, એટલે લોભનો પાર નહિ. લોભ એ મહાન અવગુણ હોવા છતાં, તેમાં પણ એક ગુણ રહેલો છે. લોભી માણસને કોઈ પણ વ્યસન હોતું નથી, કારણ કે એને પૈસો ખર્ચવો અને મરવું એ બંને બરોબર હોય છે. નામ મોટું એટલે શેઠની પ્રકૃતિથી અજાણ હોય એવા ઘણી સંસ્થાવાળાઓ ફાળાની ટીપ લઈ આવે, પણ શેઠ તેઓને સિફતથી ધોયેલ મૂળા જેવા પાછા કાઢે. સામાજિક સંસ્થાઓ ને કાર્યવાહકોના મોંએ પોતાને શિક્ષણ સંસ્થાઓમાં રસ છે અને તે સિવાય બીજી સંસ્થાઓમાં માનતા નથી, એમ દલીલ કરી પાછા કાઢે અને શિક્ષણ સંસ્થાઓમાં ફાળા અર્થે આવેલ ભાઈઓને આજની કેળવણીએ દેશની કેવી પાયમાલી કરી છે તે વિશે મનફાવતી દલીલો કરી પાછા કાઢે. ‘નંદના ફંદ ગોવિંદ જાણે’ એમ કહેવાય છે ખરું, પણ નંદલાલ શેઠના ફંદ સમજવાનું કાર્ય તો કદાચ ગોવિંદ માટે

પણ અશકય હતું, કારણ કે તેની ચાલાકી અને આવડત અજબ પ્રકારનાં હતાં. પછી તો લોકો તેમના મેલા માનસને સમજી ગયા, એટલે સૌ તેમને દૂરથી જ નમસ્કાર કરવા લાગ્યા.

શેઠનાં પત્ની સંતોક શેઠાણી પતિ સાથેના લાંબા સહવાસથી તેમના માનસ અને પ્રકૃતિને સમજી ગયાં હતાં. ચાલતી ટ્રેઈનના રેલ્વેના પાટા બાજુબાજુમાં હોવા છતાં જેમ બંને પાટા નજીક આવી શકતા નથી, તેમ સંતોક શેઠાણી અને નંદાલાલ શેઠ પતિ-પત્ની તરીકે સાથે રહેતા હોવા છતાં પ્રકૃતિ અને સ્વભાવની દૃષ્ટિએ એક બીજાથી અત્યંત દૂર હતાં. લગ્ન કરી સાસરે આવ્યા પછી શરૂઆતમાં સંતોક શેઠાણીએ શેઠને સુધારવા પ્રયત્નો કરેલા, પણ પછી તો તે પણ કંટાળ્યાં અને પડયું પાનું સુધારવાને બદલે નિભાવવામાં સંતોષ માની લીધો. સામાન્ય રીતે સ્ત્રીઓની સમજ અને સહનશક્તિ પુરુષ કરતાં વિશેષ હોય છે, અને તેથી મૂર્ખ પતિની સાથમાં પણ ચતુર અને શાણી સ્ત્રી સંતોષી જીવન જીવતી હોવાનો સફળ દેખાવ કરી શકે છે. તળાવનાં સ્વચ્છ દેખાતાં પાણી નીચે જેમ કાદવ પડયો હોય છે પણ દેખાતો નથી, તેમ દેખાતા સંતોષી જીવન નીચે અસંતોષનો અગ્નિ પડયો હોવા છતાં સ્ત્રીઓ મોટા ભાગે અન્ય કોઈને તે કળાવા દેતી નથી. સંતોક શેઠાણીનું જીવન પણ કાંઈક આવા પ્રકારનું જ હતું.

શેઠના પાંચેય છોકરાઓનાં લગ્ન થઈ ગયાં હતાં અને સૌથી મોટા છોકરાની ઉંમર ચાલીસ વર્ષની હતી. તેમ તિજોરી અને ચોપડાઓના કબાટની ચાવીનો જૂડો શેઠ પોતાની

પાસે રાખતા. શેઠનો મુખ્ય ધંધો વ્યાજવટાવ અને ધીરધારનો હતો. ઉઘરાણી અર્થે શેઠ પોતે જ બહાર ગામ જતા. આમ જવામાં બે ઉદ્દેશ સિદ્ધ થતા હતા. એક તો કરજદારની સ્થિતિનો સાચો ખ્યાલ આવે અને બીજું બહાર ગામ રહે તેટલા દિવસનો ભોજનનો ખર્ચ બચી જતો. વળી, કરજદારો શેઠની આગતાસ્વાગતા પણ સારી કરતા. એટલે શેઠને આમ અવાર-નવાર બહાર ગામ જવામાં સારી અનુકૂળતા રહેતી.

એક વખતે ઉઘરાણી અર્થે શેઠ ઈંદોર ગયા હતા અને તેમનો મુકામ નિર્મળબાબુના ઘેરે હતો. નિર્મળબાબુ જૈન હતા અને તેમનો કાપડનો વેપાર ધમધોકાર ચાલતો હતો. નિર્મળબાબુ બાર વ્રતધારી શ્રાવક હતા, અને હમેશાં સામાયિક, પૂજાનું કામ આટોપી પેઢી પર આવતા. સાંજના પાંચ વાગે પેઢી પરથી ઘેરે પાછા ચાલ્યા જતા, પછી તો ભોજનવિધિ, પ્રતિક્રમણ વગેરે ક્રિયા કરી ખાસ કામ હોય તો જ રાત્રે પેઢી પર આવતા. ત્રણ ચાર દિવસ દરમિયાન નંદલાલ શેઠે જોયું કે પાંચ સાત ફંડફાળાવાળાઓ શેઠની પાસેથી સારી રકમ લખાવી ગયા. નિર્મળબાબુના ઘેરે તેમ જ પેઢી પર અનેક નોકર-ચાકર હતા. તેમનાં પત્ની પણ સુશીલ હતાં, અને પેઢીના મોટા ભાગનો વહીવટ શેઠના પુત્રોએ સંભાળી લીધો હતો. નંદલાલ શેઠને મનમાં થયું કે જ્યાં આવા લખલૂટ ખર્ચા થતા હોય ત્યાં તો દેવાળું કાઢવાનો જ વખત આવે અને તેથી તેમને ત્યાં પડેલી પોતાની તમામ રકમ ઉપાડી બીજા દિવસે ઉજ્જૈન જવાનો નિશ્ચય કર્યો.

તે રાત્રે પેઢી પર સૂવાને બદલે નિર્મળબાબુ નંદલાલ શેઠને પોતાના નિવાસસ્થાને સૂવા લઈ ગયા. નંદલાલ તો નિર્મળબાબુનું દિવાનખાનું જોઈ આશ્ચર્યચકિત થઈ ગયો. દિવાનખાનામાં બે સરસ પલંગો હતા, પલંગ પર સુશોભિત મચ્છરદાનીઓ હતી, રંગબેરંગી ચાદરો હતી, અને ઓઢવા માટે ભારે કીમતની કાશ્મીરી શાલો હતી. વળી, ત્યાં ઊંચા પ્રકારનું ફરનીચર હતું. આ બધું જોઈ નંદલાલને લાગ્યું કે પોતાની રકમ ઉપાડી લેવામાં પોતે ડહાપણ જ કર્યું છે, કારણ કે જ્યાં આવા ખોટા ખર્ચા હોય ત્યાં લક્ષ્મી પગ કરી ચાલી ગયા સિવાય રહેતી નથી. નિર્મળબાબુ તો ધૂપદાનીમાં ધૂપ સળગાવી માળા ફેરવી સૂઈ ગયા, પણ નંદલાલ શેઠ તો કદી પલંગમાં સૂતેલા નહીં, એટલે ઊંઘ ન આવી.

નંદલાલ શેઠ વિચારવમળે ચઢયા અને પોતાની જાતનો મુકાબલો નિર્મળબાબુ સાથે કરવા લાગ્યા કે પોતે જ્યારે એક પૈસો પણ ખોટા માર્ગે વાપર્યો નથી, ત્યારે આ વેવલા વાણિયાને ફંડફાળાવાળાઓ જ છેતરી જાય છે. લક્ષ્મીનો જ્યાં આવો દુરુપયોગ થતો હોય ત્યાં તેને રહેવું ગમે જ ક્યાંથી?

આમ વિચાર કરતા શેઠ પથારીમાં એક બાજુથી બીજી બાજુ આળોટી રહ્યા હતા ત્યારે એ દિવાનખાનામાં રૂમઝુમ કરતી એક યુવાન સ્ત્રી દાખલ થઈ. નિમર્ળબાબુની પત્નીને તો તેઓ ઓળખતા હતા પણ આનું સ્વરૂપ તો કોઈ દૈવી સ્ત્રી જેવું હતું. શેઠે વિચાર કર્યો કે આ બારવ્રતધારી શ્રાવકના ખાનગી જીવનની લીલા જોવાની ઠીક તક સાંપડી. માનવીનાં મનની ત્રણ પ્રકારની સ્થિતિ

હોય છે. પ્રથમ તામસ, બીજી રાજસ અને ત્રીજી સાત્વિક. તામસનો અર્થ જ અંધકારમય થાય છે. પશુ તથા પશુ જેવા મૂર્ખ માનવના મનની સ્થિતિ તામસ હોય છે. તેમનું કાર્ય બીજાના દોષ જોવાનું, અનિષ્ટ કરવાનું હોય છે. આ સમસ્ત બ્રહ્માંડ પણ માનવે પોતે પોતાની આસપાસ પાથરેલી પોતાની જ વૃત્તિઓની સમષ્ટિ છે–પોતાની જ કૃતિ છે. આ નિયમ અનુસાર નંદલાલ શેઠ વિચારવા લાગ્યા: ‘ માળા! બહારથી ધર્મનું પૂછડું અને અંદરથી જૂઓ તો સડાનો પાર નહીં. આવી અપ્સરા જેવી સ્ત્રી રાતના આવા સમયે શું મફતમાં અહીં આવતી હશે?’

નંદલાલ શેઠ ઊંઘમાં હોવાનો ડોળ કરી બધી લીલા જોઈ રહ્યા. થોડીવારે તેણે જોયું કે પેલી સ્ત્રી તો શેઠના ધોતિયાનો એક છેડો જે પવનથી ઊડી ધૂપદાનીમાં સળગતો હતો, તેને ઓલવી તુરત બહાર જવા નીકળી. કામનાથી ઘેરાયેલો માણસ જેની એને કામના છે એવી સ્ત્રીમાં પોતાના મનના ભાવોની જ છબી જુએ છે, તેમ નંદલાલ શેઠે પણ આ સ્ત્રીને ધંધાદારી માની લીધી અને તે બહાર નીકળતી હતી ત્યારે તેની સાડીનો છેડો પકડી કહ્યું: ‘બાઈ! સાચું બોલજે; અહીં કાળું કામ કરવા આવી હતી, પણ મને જોયો એટલે એમને એમ પાછી ચાલી જાય છેને!’

પેલી સ્ત્રી આવી વાત સાંભળી છંછેડાણી અને નંદલાલ શેઠને તરછોડી પોતાની સાડીનો છેડો પાછો ખેંચતી બોલી: ‘ નરાધમ! કેવી મૂર્ખાઈભરેલી વાત તું કરે છે? હું તો

સાક્ષાત્ લક્ષ્મીદેવી છું, અને નિર્મળબાબુ જેવા ચારિત્રશીલ વ્યક્તિઓની હું જાતે સંભાળ રાખું છું. તેમના ધોતિયાનો છેડો ધૂપદાનીમાં બળતો હતો, તેથી તે ઓલવવા હું અહીં આવી છું.

નંદલાલ શેઠને હવે પોતે કેવું કાચું કાપ્યું છે તેનો ખ્યાલ આવતાં કાકલૂદીભર્યા અવાજે કહ્યું: 'માતા! નિર્મળબાબુ કરતાં તો હું તમારું અધિક જતન કરું છું તો મારી સંભાળ કેમ કદી લેતાં નથી?'

લક્ષ્મીદેવી હસ્યાં અને કહ્યું: 'નિર્મળબાબુની લક્ષ્મી દૈવી છે, તેનું ધન પુણ્યના પ્રભાવનું છે, અને એ ધન પાછું એમને પુણ્ય ઉપાર્જનમાં નિમિત્તરૂપ બને છે. તારી સંપત્તિ તો આસુરી છે, તું એને વાપરવા માગીશ તો પણ વાપરી શકવાનો નથી, અને તેમ છતાં વાપરવા પ્રયત્ન કરીશ તો યાદ રાખજે કે તારે ડામ ખાવા પડશે.' આમ કહેતાંની સાથે લક્ષ્મીદેવી તો અલોપ થઈ ગયાં.

નંદલાલ શેઠને આખી રાત ઊંઘ ન આવી. એ વિચારવા લાગ્યા કે મારું પ્રાપ્ત કરેલું ધન હું ન વાપરી શકું? લક્ષ્મીદેવીના કથનને અસત્ય પુરવાર કરવા બીજે દિવસે ઉજ્જૈન જતાં પહેલાં નંદલાલ શેઠે પોતાની પત્ની માટે સુંદર સાડીઓ અને આભૂષણો બનાવા માટે સોનાની લગડીઓ લીધી, તેમજ દાન અર્થે થોડા રોકડા રૂપિયા લીધા. રસ્તામાં દાન કરતાં કરતાં શેઠ જેવા ઉજ્જૈન પહોંચ્યા ત્યાં તો શેઠને જોવા લોકોનું ટોળું એકઠું થયું. શેઠમાં આવા અચાનક ફેરફારથી સૌને ભારે આશ્ચર્ય થયું અને આ સમાચાર શેઠના છોકરાઓને મળતાં તેઓ સૌ પણ ત્યાં દોડી ગયા.

શેઠે પુત્રોને જોઈને કહ્યું: 'આપણું ધન આપણે જ વાપરવું જોઈએ, માટે હવે લોભ ન કરતાં બધી સંસ્થાવાળાઓને બોલાવો અને સૌને ફાળામાં સારી રકમ આપો.'

શેઠના પુત્રો જેઓ શેઠની પ્રકૃતિથી સારી રીતે પરિચિત હતા, તેઓને લાગ્યું કે શેઠને ચિત્તભ્રમ થઈ ગયું છે. છોકરાઓ શેઠને ઘેર લઈ ગયા અને સમજાવવા લાગ્યા કે આ ગાંડપણ ક્યાંથી આવ્યું? શેઠ અને શેઠાણી એકલાં હતાં, ત્યારે શેઠે કહ્યું: 'સંતોક! જીવનભર તારા કોઈ કોંડ પૂરા કર્યા નથી, પણ આ વખતે તો તારા મોટા પાલવની ઢાકાઈ સાડીઓ, ઉત્તમોત્તમ બાંધણીઓ અને બનારસી શેલાંઓ તેમજ અલંકારો અર્થે સોનાની લગડીઓ લઈ આવ્યો છું.'

શેઠની વાત સાંભળી શેઠાણીને પણ લાગ્યું કે તેમની ડગરી ચસકી ગઈ છે. જરા આવેશમાં આવી જઈ તેણે કહ્યું: 'વગર મહેનતે લોકોનાં લોહી પીને એકઠી કરેલી સંપત્તિ આસુરી હોય છે, એટલે સોનાની લગડીઓ લાવ્યા હશે તો પણ ચોક્કસ માનજો કે રાજ્ય તરફથી તેના અલંકારો કરાવવાની મનાઈ થશે. આસુરી સંપત્તિમાંથી ખરીદાતા સોનાનું સ્થાન રસોડાનો ચૂલો કે ઘરનું પાણીયારું જ હોય છે. ઢાકાઈ સાડી, ઉત્તમ બાંધણી અને બનારસી શેલાં આવી વૃદ્ધાવસ્થામાં પહેરવાથી આ શરીર શોભવાને બદલે વધુ કદરૂપું બનશે, અને ઘરની વહુઓ મારી સામે જોઈ મનમાં ને મનમાં હસશે.'

આમ કહીને સંતોક શેઠાણી ઊભાં થઈ જેવાં ચાલવા લાગ્યાં કે તરત જ શેઠે પાછળથી તેના સાડલાનો છેડો

પકડીને કહ્યું : 'તને શોભે એવી જ બધી વસ્તુઓ તારા માટે લાવ્યો છું, આજ સુધી ભલે જીવન માણતાં ન આવડયું, પણ હવે શેષ જીવનમાં તારા અધૂરાં રહેલાં તમામ કોડો પૂરા કરવા છે અને યૌવન વયે ન ભોગવેલા ભોગો અને વૈભવો હવે ભોગવી લેવા છે.'

શેઠાણીએ સાડલાનો છેડો છોડાવી રોષપૂર્વક કહ્યું : 'વસંત ઋતુની રમતો પાનખર ઋતુમાં ન શોભે. સાઠ વર્ષની ઉંમરે નાના બાળક જેવા આ બધા ચેનચાળા કરો છો તે શરમાતા નથી ? હું અને તમે દોઢ ડઝન પૌત્રો-પૌત્રીઓના દાદી અને દાદા બન્યાં છીએ, અને ઘરમાં કોઈ વહુ આવા તમારા ચેનચાળા જોઈ જશે તો તમારી સાથે મને પણ ગાંડી ગણશે.'

ઘરના અને ગામના લોકોની દૃષ્ટિએ શેઠનું ગાંડપણ દિન-પ્રતિદિન વધતું જતું લાગ્યું. લક્ષ્મીદેવીના કથનને અસત્ય પુરવાર કરવા શેઠે ધન વાપરવા પ્રયત્નો તો ઘણા કર્યા, પણ પત્ની અને પુત્રોએ તેમના પ્રયત્નોને સફળ ન થવા દીધા. શેઠ જ્યારે અકળાઈ ઊઠતાં ત્યારે નિરાશ હૃદયે બોલી ઊઠતા : 'હાય હાય ! લક્ષ્મીદેવીએ કહ્યું તે જ પ્રમાણે શું બનશે ?' ઘરના લોકો શેઠની આવી વાતને ગાંડપણનો ચાળો માની તેમની દવા શરૂ કરી.

વૈદ્યરાજોએ શેઠને ઉન્માદવાયુ થયાનું નિદાન કર્યું ત્યારે નિષ્ણાત ડૉકટરોએ શેઠને એક્યુટ પોલીન્યુરોઈટીસનું દર્દ થયાનો અભિપ્રાય આપ્યો. વર્ષોના વર્ષો સુધી શેઠની સાથે રહી સંતોક શેઠાણી કાંઈ વધુ પડતાં ચતુર અને ચકોર બની

ગયાં હતાં, એટલે ડૉકટરો પાસેથી જાણી લીધું કે દેહના બધા મજ્જાતતુંઓ પર સોજો આવી જાય તેને એકયુટ પોલીન્યુ રાઈટીસ કહેવાય છે. ચતુર શેઠાણીએ બીજે દિવસે પોતાના પિયરથી એક કુંભારને બોલાવ્યો અને તેની પાસે શેઠના શરીરના કેટલાક ભાગો પર ડામ અપાવ્યા. અલબત્ત, સંતોક શેઠાણીનો આમાં આશય તો શુભ જ હતો, પણ આવું પગલું એક પ્રકારના પ્રત્યાઘાતના પરિણામ રૂપે પણ હોઈ શકે. યુવાન અવસ્થામાં શેઠે પોતાની રીતભાત અને વર્તન દ્વારા શેઠાણીના હૃદય પર ડામ આપવા જેવું કાર્ય કર્યું હતું; વૃદ્ધાવસ્થામાં એવા કર્મના વિપાકરૂપે શેઠાણીએ શેઠના દેહ પર ડામ આપી વેર લીધું. વૈદ્યો, ડૉકટરો અને માનસશાસ્ત્રીઓ જયાં નિષ્ફળ જાય છે, ત્યાં ઘણીવાર ઊંટ વૈદ્યો સફળ પુરવાર થતા જોવામાં આવે છે.

નંદલાલ શેઠની તબિયત બાબતમાં પણ કુંભારને યશ મળ્યો. જો કે યશ મળવાનું ખરું કારણ તો જૂદું હતું. ડામ દીધાના બીજા દિવસે ઇંદોરથી નિર્મળબાબુ શેઠની તબિયત જોવા આવ્યા હતા. નંદલાલ શેઠે નિર્મળબાબુને એકાંતમાં પોતાની પાસે બેસાડી તેમના ઘેરે તે રાત્રે જે દૃશ્ય જોયું હતું તેની બધી વાત કરી, અને લક્ષ્મીદેવીની વાત સત્ય પુરવાર થઈ છે એમ કહી હવે કઈ રીતે જીવવું તે સંબંધમાં તેમનું માર્ગદર્શન માગ્યું.

નિર્મળબાબુએ કહ્યું : 'શેઠ ! कान्ता-कनकसूत्रेण वेष्टितं सकलं जगत्-અર્થાત્ સોનું (ધન) અને સ્ત્રીરૂપ સૂત્રો વડે

બધું જગત વીંટાયેલું છે, પણ તમને તો હવે સંસારની પકડ રૂપ સ્ત્રી-ધન-પુત્રોનું સત્ય સ્વરૂપ સમજાઈ ગયું છે. તમારા માટે તો હવે સંન્યાસનો માર્ગ બહુ સહેલો થઈ પડશે. તમે જે ધન મેળવ્યું છે, તે ભોગવવાનું તો તમારા કર્મમાં નથી. ભોગવવાની વાત ભાગ્યાધીન છે, કારણ કે મેળવ્યા પછી પણ અંતરાય કર્મનો ઉદય હોય તો મેળવેલું પણ ભોગવી શકાતું નથી. પણ ત્યાગ કરવાની વાતમાં કર્મ નડી શકતું નથી, એ તો માણસના હાથની વાત છે. જેને ત્યાગના માર્ગે જવું હોય તેને તેમ કરતાં આ જગતની કોઈ પણ શક્તિ અટકાવી શકતી નથી. ભોગોનું સુખ મિથ્યા છે, ત્યારે ત્યાગનો આનંદ વાસ્તવિક અને શાશ્વત છે.'

નંદલાલ શેઠને નિર્મળબાબુની સલાહ સાચી લાગી અને ઘરમાં પણ સૌ તેનાથી કંટાળી ગયા હતા. સંતોક શેઠાણીએ પણ માનવજન્મ ભોગો ભોગવવા અર્થે નથી, પણ આત્મદર્શન અર્થે છે એવી સુફિયાણી સલાહ આપી શેઠને સંન્યાસ માટેની રજા આપી. તેનો ચાંલ્લો અને ચૂડી અખંડ રહ્યાં અને પતિના ત્રાસમાંથી મુક્ત થવાનું મળ્યું તે વધારામાં. લોકો સંતોક શેઠાણીની ત્યાગવૃત્તિની મુક્તકંઠે પ્રશંસા કરતા હતા, પણ જગતમાં આવી અનેક વિચિત્રતાઓ અનાદિકાળથી ચાલતી જ આવી છે.

નંદલાલ શેઠે હરદ્વારના સ્વર્ગાશ્રમમાં રહી ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કર્યો અને પછી સંન્યાસીધર્મની દીક્ષા લઈ નંદલાલમાંથી અખંડાનંદજી બની ગયા. એક વખતે અખંડાનંદજી

ભગવાં વસ્ત્રો પહેરી ઈન્દોરમાં 'કંચન અને કામિની'ના વિષય પર જાહેર વ્યાખ્યાન આપી રહ્યા હતા. શ્રોતાજનો એકચિત્તે સ્વામીજીનું પ્રવચન સાંભળતા હતા. ભલભલાને પણ કંચન અને કામિની પર ઘૃણા ઉત્પન્ન થઈ આવે તેવી તેમની તેજસ્વી વાણી અને સચોટ દલીલો હતી. પ્રવચન પૂર્ણ થતાં એક ભકતજને ઊભા થઈ સ્વામીજીને પૂછ્યું : 'ગુરુદેવ! શાસ્ત્રોના લખનારા ઋષિ-મુનિઓએ કંચન અને કામિનીની વિરુદ્ધમાં ગમે તેવી સંગીન દલીલો કરી હોય, તો પણ તેઓના કથન પાછળ પ્રત્યક્ષ અનુભવ જેવું તો કોઈ તત્ત્વ નહોતું, એમ જ કહેવાયને?'

ભકતજનનો પ્રશ્ન સાંભળી અખંડાનંદજી મુક્તકંઠે હસી પડયા અને પોતાના દેહ પરનું ભગવું વસ્ત્ર કાઢી શરીર પરના ડામો દેખાડી કહ્યું : 'ઋષિ-મુનિઓના આધારે મેં આજનું પ્રવચન આપ્યું નથી, પણ કંચન અને કામિનીના કારણે મેં પોતે જ ડામો સહ્યા છે અને એ પ્રત્યક્ષ અનુભવના આધારે મેં તમારી પાસે મારું પ્રવચન કર્યું છે. નદીનાં મૂળ અને સંન્યાસીનાં કુળ સંબંધમાં ઊંડા ઊતરવાનું યોગ્ય નથી, પણ મારી વાતની સત્યતા સંબંધમાં તમને કોઈને શંકા રહેતી હોય તો તમારા શહેરના પ્રતિષ્ઠિત નાગરિક નિર્મળબાબુને પૂછજો.'

એ સભામાં નિર્મળબાબુ પણ હાજર હતા, એટલે લોકોને સ્વામીજીની વાતમાં કશી શંકા ન રહી.

## ૧૯. અદલ ઈન્સાફ

રાજગૃહીના રાજવી શ્રેણિક પાસે એક વખત ભારે વિચિત્ર ફરિયાદ આવી. ફરિયાદી એક બ્રાહ્મણ હતો. પાંચ સાત વર્ષો સુધી પરદેશમાં રહી તે ઘણું ધન કમાઈ રાજગૃહી આવતો હતો. રાજગૃહી નજીક પહોંચતાં રાત પડી ગઈ હતી. બ્રાહ્મણ તેની યુવાન નિઃસંતાન પત્નીને રાજગૃહીમાં પોતાના ઘેર રાખી ધન ઉપાર્જન અર્થે પરદેશ ગયો હતો. પત્ની સિવાય ઘરમાં અન્ય કોઈ ન હતું એટલે સ્વાભાવિક રીતે રાજગૃહી નજીક આવતાં વિચાર આવ્યો કે ઘણાં વર્ષો ઘરની બહાર રહ્યો, તેથી પત્નીનું ચારિત્ર અન વર્તન જોયા બાદ આ બધું ધન ઘેરે લઈ જવાય તો ઠીક. આમ વિચારી, આજુબાજુ કોઈ જોતું નથી તેની ખાતરી કર્યા બાદ એક ઝાડ પર ચોક્કસ નિશાની કરી તેની નીચે બધું ધન દાટી ઘર તરફ જવા નીકળ્યો.

બ્રાહ્મણ રાતના ઘેરે પહોંચ્યો અને તેની પત્ની તો તેને અચાનક આવેલો જોઈ હર્ષાવેશમાં ઘેલી ઘેલી થઈ ગઈ. બ્રાહ્મણને અત્યંત આનંદ થયો અને પત્નીના ચારિત્ર વિષે શંકાનુ કોઈ કારણ ન રહ્યું. બ્રાહ્મણે પોતે લાવેલ ધનની તેમજ એ જે ઝાડ નીચે દાટયું હતું તે ઝાડના થડ પર પત્નીનું નામ મોહની લખ્યું હતું; વગેરે તમામ વાતો કરી, અને ઘણાં વર્ષો પછી મળ્યાં એટલે અલકમલકની વાતો કરી રાત્રિના છેલ્લા પહોરે બંને ઘસઘસાટ ઊંઘી ગયાં.

બીજે દિવસ સવારમાં નાહી-ધોઈ પૂજાપાઠ કરી પતિ-પત્ની બંને જે ઝાડ નીચે ધન દાટયું હતું ત્યાં જઈને જૂએ છે તો ધન ના મળે. બંને જણાને ભારે આશ્ચર્ય થયું કારણ કે ધન દાટયાની વાત તેઓ બંને સિવાય અન્ય કોઈ જાણતું ન હતું, અને હજુ તો બાર કલાક પહેલાં જ એ ધન દાટવામાં આવ્યુ હતું. બ્રાહ્મણે તો રાજાની પાસે જઈ ફરિયાદ કરી કે મારું તમામ ધન કોઈ ઉઠાવી ગયું છે. બ્રાહ્મણ ધન લઈ આવ્યો હતો અને તે દાટયું હતું તે વાતનું કોઈ સાક્ષી ન હતું. ધન દાટતી વખતે આસપાસમાં કોઈ જ ન હતું, તે વાત તો બ્રાહ્મણે પોતે જ કરેલી, એટલે આ ધનના ચોરને કઈ રીતે પકડવો એ મોટો કોયડો હતો. ન્યાયનો કોઈ મૂંઝવણભર્યો પ્રશ્ન આવે ત્યારે એ કાર્ય મહામંત્રી અભયકુમારને સોંપવામાં આવતું, અને આ ફરિયાદનો ન્યાય કરવાનું કામ પણ અભયકુમાર પર આવ્યું. અભયકુમારે બ્રાહ્મણને એકાંતમાં પોતાની પાસે બોલાવી આ બનાવને લગતી તમામ માહિતી પૂછી. બ્રાહ્મણ બિચારો અત્યંત ભોળો અને સરળ હતો. તેણે કહ્યું કે: 'રાત્રે મારા ઘરની નજીક પહોંચતાં મારી પત્નીએ પાળેલો કૂતરો ભસવા લાગ્યો, એટલે દ્વારની સાંકળ ખખડાવ્યા વિના જ તેણે ઘરનાં દ્વાર ઉઘાડયાં. વિયોગના લાંબા સમય દરમ્યાન તે સતત મારું ધ્યાન ધરતી, એટલે જે દિવસે હું પાછો ફર્યો તે પહેલાંની રાતે તેને સ્વપ્ન દ્વારા મારા પાછા આવવાની આગાહી મળેલી. તેથી ભોજનની વિવિધ સામગ્રી તૈયાર કરી મારી જ રાહ જોઈ તે બેઠી હતી. વર્ષોના અંતે અમે મળ્યાં

એટલે ભોજન લઈ લગભગ આખી રાત અમે વાતોમાં વીતાવી અને કેટલું ધન લઈ આવ્યો, કયાં દાટયું, દાટવાનો વિચાર શાથી આવ્યો, ઝાડ પર શી નિશાની કરી, વગેરે તમામ હકીકત મારી પત્નીને કહી સંભળાવી.'

તે પછી અભયકુમારે બ્રાહ્મણની પત્ની મોહિનીને બોલાવી પૂછ્યું : 'બેન! તમારા પતિના આવવાની ખબર ન હોવા છતાં તેના માટે સ્વાદિષ્ટ રસોઈ તૈયાર કરી રાખવાનું તમને કેમ સૂઝયું ?'

મોહિનીએ મહાન સતી માફક નીચું મુખ રાખી જવાબ આપ્યો : 'મારા પતિ પરદેશમાં ગયા બાદ તેમના નામનો હું જપ કર્યા કરતી, તેથી જે દિવસે તેઓ આવ્યા તે પહેલાંની રાત્રિએ સ્વપ્નમાં એક દેવીએ આવી મને કહેલું કે આજ રાત સુધીમાં તારો પતિ પાછો આવી જશે. સ્વપ્ન પર શ્રદ્ધા રાખી મેં મારા પતિ માટે રસોઈ તૈયાર કરી રાખી હતી, કોઈ અન્યને માટે નહોતી કરી.'

માણસના મોંના હાવભાવ અને વાત કરવાની રીત પરથી તેને સમજી લેવાની શક્તિ કેટલાક માણસો પાસે હોય છે અને અભયકુમારમાં પણ આ અદ્‌ભુત કળા હતી. વાતચીત દરમિયાન અભયકુમારની દૃષ્ટિ મોહિનીએ પહેરેલા નવા બનાવેલા સુંદર ચંદનહાર પર પડી, એટલે કહ્યું: 'અહો ! આ તો અતિસુંદર હાર છે, મને જરા જોવા આપશો ?'

મોહિનીએ ગળામાંથી ચંદનહાર કાઢી અભયકુમારને જોવા આપ્યો અને અભયકુમારે જોયું કે એ નવા બનાવેલા હારના બંને છેડે 'મોહિની' અને 'મદન' એવાં નામો કોતરેલાં હતાં. તેણે મોહિનીને હાર પાછો આપ્યો અને બ્રાહ્મણને બોલાવી બંને જણને કહ્યું: 'તમારું ધન પાછું મળી જશે, એ માટે બેફિકર રહેજો. હવે આવતી કાલે એક બ્રાહ્મણ, એક ક્ષત્રિય, એક વણિક અને એક સોનીને તમારે ત્યાં ભોજનનું આમંત્રણ આપજો, અને પાંચમો હું પણ જમવા આવીશ.' તે પછી અભયકુમારે પોતાના સોની મિત્રો પાસેથી મદન સોની અને તેના કુટુંબનો સવિસ્તર ઈતિહાસ જાણી લીધો.

બ્રાહ્મણે મોહિનીની સલાહ મુજબ ચારે જણને આમંત્રણ આપ્યાં, અને અભયકુમાર તો સૌથી વહેલાં બ્રાહ્મણને ત્યાં ભોજન અર્થે પહોંચી ગયા. બ્રાહ્મણના ઘર પાસે પહોંચતાં અભયકુમાર સામે કૂતરો ભસવા લાગ્યો પણ મોહિનીએ તેને શાંત પાડ્યો. તે પછી, બ્રાહ્મણ, વણિક અને ક્ષત્રિય એક પછી એક આવ્યા, અને કૂતરો તે સૌની સામે પણ ભસ્યો. સૌથી છેલ્લે સોની આવ્યો, પણ તેની સામે ભસવાને બદલે કૂતરો તેની સાથે ગેલ કરવા લાગ્યો અને સોની પણ તેને પંપાળવા લાગ્યો.

ભોજન સમયે મોહિની સૌને પીરસતી હતી. અભયકુમારે જોયું કે બધાના ભાણે પીરસતી મોહિની સોનીના ભાણામાં પીરસતી વખતે છૂપો મલકાટ અનુભવતી. જમ્યા બાદ સૌ પોતપોતાના ઘેર ગયા એટલે અભયકુમારે સોનીને

કહ્યું: 'મદનભાઈ! મારે રાજમહેલમાં જવું છે, પણ જતાં જતાં વચમાં તમારા ઘરના બે ઘડી માટે મહેમાન પણ બનવું છે.' અભયકુમારે પોતાનું નામ કઈ રીતે જાણ્યુ તેની મદનને અજાયબી ના થઈ પણ તે છુપાવી તેણે કહ્યું: 'અહો! મહામંત્રીજી, આપનાં શુભ પગલાં મારા ઘરમાં થાય એ તો મારું અહોભાગ્ય કહેવાય.'

મદનની સાથે તેના ઘેરે પહોંચ્યા પછી અભયકુમારે તેને કહ્યું: 'પેલા ગરીબ બ્રાહ્મણનું ધન તમે તે દિવસે વહેલી પ્રભાતે જઈ ઝાડ નીચેથી ખોદીને લઈ આવ્યા છો, તે મને આપી દો જેથી આ વાતનો કોઈ જાતનો ભવાડો ન થાય. મોહિનીએ આ વિષેની તમામ વાત મને કહી દીધી છે, પણ આવી બધી વાત જાહેરમાં આવતાં તમારે જેલ ભેગું થવું પડશે, તમારી માંદી પત્નીને આઘાત લાગતાં તે કદાચ મૃત્યુ પામશે, મોહિનીના પતિનું જીવન ધૂળધાણી થઈ જશે અને પતિત મોહિનીને આપઘાતના પંથે જવું પડશે. ન્યાયનું આવું પરિણામ આવે એ મને ગમતું નથી અને તમને પણ નહીં જ ગમતું હોય, એટલે આ વાત આપણા બે સિવાય કોઈ ત્રીજો ન જાણે એ રીતે પતાવી દેવી હોય તો વગર વિલંબે બ્રાહ્મણનું ધન મને સોંપી દો.'

અભયકુમારની વાત સાંભળી સોની સ્તબ્ધ થઈ ગયો. તેને લાગ્યું કે મોહિનીએ તમામ વાત મહામંત્રી પાસે કબૂલેલી છે, તેથી ઘરમાં જઈ બ્રાહ્મણના ધનનું પોટલું લાવી મહામંત્રી પાસે મૂકતાં કહ્યું: 'નામદાર! મેં મોહિનીને નહિ

પણ તેણે જ મને ફસાવ્યો અને હવે તમામ દોષનો ટોપલો મારા પર નાખે છે. બ્રાહ્મણ આવ્યો તે રાતે હું તેના જ ઘરમાં હતો અને અમે બંને જમવા બેસવાની તૈયારી કરતા હતા. તે જ વખતે બહાર કૂતરો ભસવા લાગ્યો અને મોહિનીએ બારીમાંથી જોઈ લીધું કે તેના પતિદેવ પધાર્યા છે. મારા શરીરે પરસેવો થઈ આવ્યો અને મને ચક્કર આવવા લાગ્યાં એટલે તેણે મને કહ્યું: 'પુરુષ જેવા પુરુષ થઈને આમ ધ્રૂજો છો શું? આ સામેના કબાટમાં બેસી જાઓ. બ્રાહ્મણને હું કેવો સમજાવી લઉં છું તે જોયા કરો. લોકો કહે છે સ્ત્રીની બુદ્ધિ પાનીએ પણ અનુભવમાં તો હું પુરુષની બુદ્ધિ જ પાનીએ જોઉં છું. આમ કહી મોટેથી હસી તેણે મને કબાટમાં સંતાડી દીધો. દુર્વ્યવહાર અને દુરાચાર સેવતી એ સ્ત્રીએ તેના પતિ પાસે પોતે મહાસતી હોય એવો સફળ દેખાવ કર્યો અને કબાટમાં બેઠો બેઠો એ બંનેનો વાર્તાલાપ સાંભળી હું ઠરી ગયો. માનવીના ભાગ્યની અને સ્ત્રીના મનની દેવોને પણ ખબર પડી શકતી નથી એ સાચી જ વાત છે. વહેલી સવારમાં બ્રાહ્મણ જ્યારે ઊંઘતો હતો ત્યારે તેણે મને કબાટમાંથી બહાર કાઢી દાટેલા ધનની બધી વાત કરી અને તે લઈ આવવા કહ્યું: બીજા દિવસે તો ધન સાથે અમારે બંનેએ નાસી જવું એવી તેની ગોઠવણ હતી, પણ મેં તેને થોડા દિવસો રાહ જોવા કહ્યું: હવે આજે આ સ્ત્રી મને અપરાધી બનાવવા નીકળી છે. હું આ સ્ત્રીને ન સમજી શક્યો એ ભૂલ માટે મારે આજે આ દિવસ જોવાનો વખત આવ્યો.'

સોનીની વાત સાભળી અભયકુમારે કહ્યું : 'મદન ! પોતાની જાતને ઓળખી શકતો નથી એવો કોઈ પણ માણસ અન્યને કદી સમજી શકતો જ નથી. આ જગતમાં કોઈ પણ સ્ત્રી કોઈ પુરુષને, અગર કોઈ પણ પુરુષ કોઈ સ્ત્રીને કદી ફસાવી શકતો નથી. કરોળિયો જેમ પોતાની જ કરેલી જાળમાં પકડાય છે તેમ સ્ત્રી અને પુરુષમાં રહેલી વાસનાને કારણે જ તેઓ એક બીજાનાં શિકાર બને છે અને અધઃપતનની ઊંડી ખીણમાં ગબડી પડે છે. તારો અપરાધ મહાન છે. ચોરી, પરસ્ત્રીગમન અને તારી પત્નીનો વિશ્વાસઘાત—એમ ત્રણ પાપો તારા હાથે થયાં છે પણ તે માટે સખત શિક્ષા ન કરતાં ત્રણ વર્ષ સુધી રાજગૃહી છોડી અન્ય સ્થળે જઈ રહેવાની તને હું શિક્ષા ફરમાવું છું.'

બીજા દિવસે તો સોની તેના કુટુંબ સાથે રાજગૃહી ચાલી છોડી ગયો. તે પછી, અભયકુમારે મોહિનીને બોલાવી તેને ધણીનું તમામ ધન સુપ્રત કરતાં કહ્યું : 'બેન પેલા સોનીએ તમારાં બંને વચ્ચેની અધમ મૈત્રીની તમામ વાત કબૂલી આ ધન મને સોંપી દીધું છે, અને તેના પાપકૃત્ય માટે તેને અત્યંત પસ્તાવો થયો છે. આ બધી વાત બહાર આવતાં તારા અને તારા પતિના, તેમજ સોની અને તેની પત્નીના જીવનનો ભાંગીને ભૂકો થઈ જાય; પણ આવું બને તેમ હું ઇચ્છતો નથી. એટલે આ વાત અહીંથી જ પતી ગઈ એમ સમજવાનું છે. સોની અને તારા વચ્ચેની મૈત્રીના સંદર્ભમાં પ્રેમ નહિ પણ મોહનું તત્ત્વ હતું અને લગ્નજીવનમાં પતિ

-પત્નીમાંથી કોઈ એક કે બંને જ્યારે શરીરના મોહને વશ થઈ શીલનું ખંડન કરે છે, ત્યારે ધરતીકંપના આંચકાથી તારાજ થયેલી સમૃદ્ધિના ભંગારરૂપ તેઓનું જીવન બની જાય છે. મનુષ્યને સાચા અને ખોટા વચ્ચેનો ભેદ સમજવાની બુદ્ધિ પ્રાપ્ત થઈ છે, પશુઓમાં આ શક્તિનો અભાવ છે. આમ છતાં જે રીતે તારો પાળેલો કૂતરો તને વફાદાર રહ્યો, તે રીતે માનવદેહ ધારણ કર્યા છતાં તું તારા ધણી પ્રત્યે વફાદાર ન રહી શકી. જમીનમાં વાવેલું બી જેમ તુર્ત જ છોડ કે ઝાડ બની ફળ આપતું નથી, તેમ કરેલાં અધમ કાર્યનું ફળ આ લોકમાં તુર્ત જ આવતું નથી, પણ ધીમે ધીમે પાકયા બાદ આવે છે અને અધર્મ કરનારનો સમૂળગો નાશ કરે છે. પાપ જ પાપીનો વિનાશ નોતરે છે, એ વાતનું તને ભાન હોત તો આવું હીણું કૃત્ય તેં ન કર્યું હોત! દરેક સ્ત્રી સતી તરીકે જગતના માનવીઓ માટે વંદનીય છે, પણ એક જ વખત અસતી બનેલી સ્ત્રી એ જ જન્મે કદી સતી બની શકતી નથી. સ્ત્રી અને પુરુષ એ બંનેનાં જીવનમાં જે ક્ષણે શીલને ડાઘ લાગે તે જ ક્ષણથી સાચા અર્થમાં તો તેઓ મનુષ્ય કહેવરાવવાને લાયક જ નથી રહેતાં.'

અભયકુમારની વાત સાંભળી મોહિનીને પસ્તાવાનો પાર ન રહ્યો, અને તેનાં ચક્ષુમાંથી પશ્ચાત્તાપનાં આંસુની ધારા વહેવા લાગી. તેને તેની ભૂલ સમજાણી અને અભયકુમારે તેને કલંકમાંથી બચાવી લીધી તે માટે ઉપકાર માનતાં કહ્યું: 'મહામંત્રીજી! આપે મને અધઃપતનની ઊંડી ખાઈમાંથી

બચાવી લીધી છે, અને આપના આવા અહેસાન માટે ભવોભવ હું આપની ઋણી રહીશ. જીવનમાં જેવી ભૂલ કરી તેવી ભૂલ કદી ન કરવાની હું આપને ખાતરી આપું છું.'

બ્રાહ્મણને ધન પાછું મળ્યાનો આનંદ થયો. તેની ફરિયાદ તો ધન પાછું મેળવવા માટેની હતી, પણ ચતુર મહામંત્રીએ તેને તેની પત્ની પણ પાછી મેળવી આપી હતી, જેની ખબર અભયકુમારે તેને કદી પણ પડવા ન દીધી અને ભંગારરૂપ બનવાને સર્જાયેલાં એ જીવનને અમૃતરૂપ બનાવી દીધાં.

થોડા દિવસો બાદ શ્રેણિક રાજાએ પોતાના મહામંત્રી અભયકુમારને બ્રાહ્મણની ફરિયાદ બાબતમાં શું થયું તે વિષે પૂછતાં અભયકુમારે બધી હકીકત જે રીતે બની હતી તે વર્ણવી કહ્યું: 'માણસની પ્રકૃતિમાં અમુક અંશે ગુનાનું તત્ત્વ રહેલું હોય છે સંજોગો, ઘડતર, સંસ્કાર એ બધાં પર એ પ્રમાણ વધવા ઘટવાનો આધાર રહે છે. માણસે કરેલા ગુનાના ગુણદોષનો વિચાર કરતી વખતે મુખ્યત્વે કેવા સંજોગો અને પરિસ્થિતિ વચ્ચે ગુનાહિત કાર્ય કરવામાં આવ્યું છે તેનો પણ ખ્યાલ કરવો જરૂરી છે. આ કિસ્સામાં સોનીની પત્ની બિમાર હતી અને બ્રાહ્મણ બાઈનો પતિ લાંબા સમયથી પરદેશ હતો. બંને જણા ઢાળની જ રાહ જોતા હતા અને એક બીજાને એક બીજામાં અનુકૂળતા મળી ગઈ. માનવપ્રકૃતિનો મોટો દુશ્મન કોઈ હોય તો તે વાસના છે, અને તે જ્યારે તેનું અસ્ત્ર ઉગામે છે ત્યારે ભલભલાને પણ તેનો સામનો કરવાનું મુશ્કેલ બને છે.'

શ્રેણિકે જરા ઉગ્ર થઈ કહ્યું : 'દલીલ ખાતર માની લઈએ કે વાસના બહુ ખરાબ વસ્તુ છે, પણ તેથી વાસનાને તાબે થઈ કોઈ દુરાચાર આદરે, વિશ્વાસઘાત કરે, વ્યભિચાર સેવે અને ચોરી જેવું અધમ કામ કરે, તો પણ આવા ગુનેગારને વગર શિક્ષાએ જવા દેવા? તો તો પછી આ જગતમાં ગુને-ગારોની સંખ્યા ઘટવાને બદલે દિન-પ્રતિદિન વધતી જ જવાની!' અભયકુમારે કહ્યું : 'પિતાજી! કોઈ પણ બાબત વિષે તેના એક અંશનો ખ્યાલ રાખી નિર્ણય કરવામાં આવે, તો એ ન્યાયશાસ્ત્રની વિરુદ્ધ છે અને ધર્મશાસ્ત્રમાં પણ તેને અજ્ઞાનદશાની ભૂમિકા માનવામાં આવી છે. એકાંગી વસ્તુમાં પૂર્ણ સત્ય આવી જતું નથી એટલે જ આપણે અનેકાન્તવાદમાં માનીએ છીએ. કોઈ પણ સ્ત્રી અને પુરુષ જ્યારે ગુનાહિત કાર્ય કરે ત્યારે એ કાર્ય સંબંધમાં ગુનાના તત્ત્વ પર જ સમગ્ર રીતે ભાર ન મૂકતાં કયા સંજોગો, કઈ પરિસ્થિતિ અને કેવા વાતાવરણ વચ્ચે તેઓ પાપના માર્ગે ઘસડાઈ ગયાં તેનો પણ વિવેકપૂર્વક વિચાર કરવો જોઈએ. એક ખૂનીને સામાન્ય રીતે ફાંસીની શિક્ષા કરવામાં આવે છે, પણ એ જ ખૂનીને જ્યારે ખૂન કરવા માટે ઉશ્કેરાવાનું યથાર્થ કારણ મળ્યું હોય ત્યારે ખૂનના અપરાધ માટે પણ તેને ફાંસીની શિક્ષા થઈ શકતી નથી. સોની અને મોહિનીના અપરાધની વાત જાહેરમાં આવતાં તે ઉભયનાં જીવન તો છિન્નભિન્ન થઈ જાત, પરંતુ સાથોસાથ નિરપરાધી સોનીની પત્ની અને મોહિનીના પતિનું જીવન પણ દુઃખમય બની જાત. અધમમાં અધમ માણસોનું પણ જીવનપરિવર્તન થતાં તેઓ સંત

બની ગયાના ઇતિહાસમાં અનેક દાખલાઓ છે, તેમ આ ક્સ્સિામાં ગુનેગારોને તક આપવાથી તેઓના જીવનમાં પરિવર્તન થશે એવી ખાતરી થવાથી ન્યાય કરતાં દયાની દૃષ્ટિ મને વધુ મહત્ત્વની લાગી. કઠોર ન્યાય, ઉગ્ર ન્યાય, કડક ન્યાય ઘણીવાર માનવીના જીવનને ભાંગીને ભૂકો કરી નાખે છે, જ્યારે ન્યાયનો સાચો હેતુ તો ગુનેગારના જીવનનું નવું ઘડતર કરવાનો છે. માનવીને તેણે કરેલા દોષ માટે પશ્ચાત્તાપ થાય અને ફરી વખત તેવું કાર્ય કરવા ન લલચાય એવી પરિસ્થિતિ ઊભી કરવી એ જ અદલ ઈન્સાફ અને એ જ સાચો ન્યાય છે.'

શ્રેણિકે કહ્યું: 'ન્યાય અને દયા એ બંને ભિન્ન ભિન્ન બાબત છે. ગરીબ, કંગાલ અને દુ:ખી લોકો પ્રત્યે દયાભાવ ઇચ્છવાયોગ્ય છે, પણ ગુનેગારોને તો તેના અપરાધની યોગ્ય શિક્ષા કોઈ પણ સંજોગોમાં થવી જ જોઈએ.'

અભયકુમારે શ્રેણિકના મનનું સમાધાન કરતાં કહ્યું: 'ગુનાની શિક્ષા પાછળનો હેતુ અનિષ્ટનું થતું આચરણ અટકાવવાનો છે, અને ન્યાયની આ જ સાચી પ્રણાલિકા છે. ગંભીર બિમારીમાં બાહોશ ચિકિત્સકની જેમ જરૂર પડે છે, તેમ અધમ પાપીઓ પ્રત્યે વધુમાં વધુ દયા અને અનુકંપાભર્યા વર્તાવની પણ જરૂર રહે છે. જે ન્યાયથી માણસને પોતાનાં ગુનાહિત કૃત્યો માટે શરમ અને પશ્ચાત્તાપ થાય એ જ ન્યાય સૌથી શ્રેષ્ઠ છે, અને ગુનેગારો માટે એનાથી વધુ યોગ્ય શિક્ષા બીજી હોઈ શકતી નથી.'

અભયકુમારની દલીલથી શ્રેણિકના મનને સંતોષ ન થતાં તેણે કહ્યું : 'બગડેલા દૂધને જેમ ઉકરડે ફેંકી દેવું પડે છે, તેમ અપરાધી માનવોને જેલમાં ધકેલી દેવા એ જ યોગ્ય માર્ગ છે. માણસને કોઈ પણ પ્રકારનું વ્યસન પડ્યા પછી તેમાંથી જેમ એ મુક્ત બની શકતો નથી, તેમ અપરાધી માનસ પણ કોઈ દિવસ સુધરી શકતું નથી.'

અભયકુમારે શ્રેણિકના મનનું સમાધાન કરતાં છેલ્લે કહ્યું : 'પિતાજી! સોની અને પેલી બ્રાહ્મણ સ્ત્રીને સાચા અર્થમાં પોતાના હીનકૃત્ય માટે પશ્ચાત્તાપ થતો જોયા પછી જ તેઓ પોતાના જીવનનું નવેસરથી ઘડતર કરી શકે એ હેતુથી તેમના પ્રત્યે મેં દયા દાખવી છે. ફાટી ગયેલા દૂધને ફેંકી દેવાને બદલે તેના પર પ્રયોગ કરી તેમાંથી જો ઉત્તમ મીઠાઈ બનાવી શકાતી હોય તો પછી, સંજોગો, વાતાવરણ અને પરિસ્થિતિને વશ થઈ માર્ગભૂલેલા માનવીઓને યોગ્ય તક આપી શા માટે ઉત્તમ નાગરિક ન બનાવી શકાય?'

રાજગૃહીના રાજવી શ્રેણિકને અભયકુમારની દલીલ યથાર્થ લાગી અને તે પ્રકરણનો ત્યાં અંત આવ્યો.

# ૨૦. વેદના અને મુક્તિ

મારવાડમાં આવેલા મેડતા શહેરની સ્મશાનભૂમિ નજીક એક અદ્ભુત યોગી ધ્યાન ધરી રહ્યા હતા. એ ગામના નગરશેઠની પુત્રી સુજાતાનાં લગ્ન ત્યાંના જ એક પ્રતિષ્ઠિત શેઠના પુત્ર સાથે થયાં હતાં. પણ કમભાગ્યે લગ્ન પછી થોડાં જ વર્ષમાં તેનો પતિ મૃત્યુ પામ્યો, અને પતિના શબ સાથે બળી મરવા તે સ્મશાભૂમિ તરફ જઈ રહી હતી. તેની સાથે અનેક સ્ત્રી-પુરુષો હતા.

યોગીએ બાઈના સતી થવાની વાત જાણી, એટલે સુજાતા પ્રત્યે તેને અનુકંપા જાગી અને ઉપદેશ દેવાની સ્ફુરણા થઈ. સુજાતાને પોતાની પાસે બોલાવી તેમણે કહ્યું : ‘ બેન ! તારા પતિના નિર્જીવ દેહ સાથે ચિતામા બળી મરવા તું તૈયાર થ ઈ છે. પણ મને તો આમાં તારો પતિ કોણ ? એ જ વાત સમજાતી નથી. દેહને પતિ માનતી હો તો તારા પતિનો દેહ તો અહીં જ પડેલો છે. તારા પતિના આત્માને પતિ માનતી હો તો આત્માનું કદી મૃત્યુ થતું જ નથી, તે તો કર્માનુસાર એક દેહમાં મુક્ત થઈ અન્ય દેહ ધારણ કરી લે છે.’

સુજાતાએ કહ્યું : ‘ ગુરુદેવ ! મારા પતિના આત્માની જે ગતિ થઈ તેવી જ મારી થાય એવી ઈચ્છાપૂર્વક હું મારા પતિને માર્ગે તમના સાથે જ પ્રયાણ કરી રહી છું.’

'પણ બહેન! એમ બનવું શક્ય નથી. મૃત્યુ બાદ આત્માની ગતિ તેની ઈચ્છાનુસાર નહીં પણ કર્માનુસાર થાય છે. તેથી આત્મહત્યાના માર્ગે તારી ઈચ્છા બર આવશે નહીં.'

યોગીની વાતે સુજાતાને વિચારતી કરી મૂકી, પણ તેમ છતાં તેના મનનું સમાધાન ન થયું એટલે કહ્યું : ગુરુદેવ! દાંપત્ય જીવનમાં પતિ-પત્નીના દેહ ભિન્નભિન્ન હોવા છતાં બંનેનાં મન, હૃદય અને સંવેદના એવાં તો એકાકાર થઈ ગયેલાં હોય છે કે બંનેમાંથી એકનું મૃત્યુ થતાં જળ વિના જેમ મીન જીવી ન શકે તેમ અન્ય પણ જીવી શકતું નથી.'

યોગીએ કહ્યું : 'બેન મીનની જાતિ તિર્યંચ છે, અને પાણી વિના ન જીવી શકે એ તેની પ્રકૃતિ છે. માનવની બાબત જુદી છે કારણ કે એ સમજુ અને વિચારક છે. દાંપત્ય જીવનમાં બંનેમાંથી એકનું મૃત્યુ થતાં જે પાત્ર વિદ્યમાન હોય, તેની સ્મૃતિમાં મૃત પ્રિયજન જીવન્ત જ રહે છે. જે પ્રેમ માત્ર ઈન્દ્રિયોને જ આધીન છે, તે પ્રેમનો અંત તો ઈન્દ્રિયજીવન પૂરું થતાં જ આવી જાય છે. બાકી જન્મ અને મરણ, સંયોગ અને વિયોગ, એ તો માનવજીવનનો કુદરતી ક્રમ છે. સંસારની રચના જ એવા પ્રકારની છે કે જેમાં તમામ સ્થૂલ સંબંધોનો, બધા જ પ્રકારની પ્રીત સગાઈઓનો એક દિવસ અંત આવે જ છે, કારણ કે આવો અંત કદી ન જ આવે તો એવો માનવ, જીવન-મરણના વિષચક્રમાંથી કદાપિ મુક્ત જ થવા ન પામે.'

સુજાતાએ કહ્યું : 'સ્ત્રીજાતિ માટે જગતમાં કોઈ પણ પ્રકારનું દુઃખ સહન કરવાનું શક્ય છે, પણ પતિના

મૃત્યુનું દુઃખ સ્ત્રીઓ માટે અસહ્ય છે. લગ્ન જીવનમાં પતિના પ્રાણુ–આત્મા એ જ પત્નીનો સ્વયં પ્રાણુ–આત્મા બની જાય છે, એટલે વિધવા સ્ત્રી માટે પતિ વિનાનું જીવન એક પ્રકારના નર્કાગારરૂપ બની જાય છે. આપ મને આશીર્વાદ આપો જેથી પતિના શબ સાથે મારા જીવનનો અંત લાવી આ અસહ્ય દુઃખ અને પરિતાપમાંથી મુક્ત બનું.'

યોગીએ કહ્યું : 'બેન ! દુઃખ અને મુશ્કેલીઓનો સામનો કરવાની અશક્તિના કારણે આપઘાતના માર્ગે જઈ જે માનવી જીવનનો અંત લાવે છે, તેના ભાગ્યમાં નવા જન્મે એ જ દુઃખો અને મુશ્કેલીઓ પાછાં સામે આવી ઊભાં રહે છે. એક જીવનનો જ્યાંથી અંત આવે છે, ત્યાંથી જ અન્ય જીવનની શરૂઆત થાય છે. દુઃખથી દૂર નાસી જવાને બદલે દુઃખનાં કારણો સમજી પુરુષાર્થના માર્ગે તેને દૂર કરવાના પ્રયત્નો કરવામાં જ માનવજીવનની શોભા છે. સંસાર અને જીવન વિષેનું સત્ય જે માનવી સમજે છે, તે ઉદયમાં આવેલાં કર્મોને વેદન કરવામાં ખિન્નતા નહીં પણ પ્રસન્નતા અનુભવે છે. તારા પતિ પ્રત્યેનો પ્રેમ નહીં પણ મોહ તને આત્મહત્યાના પંથે લઈ જાય છે. મોહદશાનો નશો જગતના કોઈ પણ પદાર્થના નશા કરતાં વધુ ભયંકર અને ખતરનાક હોય છે. શુદ્ધ પ્રેમ હોય ત્યાં પ્રેમનું સ્વરૂપ વ્યાપક બનતું જાય છે. અમુક પાત્રમાં જ કેદ થયેલો પ્રેમ જો વિસ્તૃત અને વ્યાપક ન બનતો હોય તો તેવો પ્રેમ માત્ર આભાસ છે, એક પ્રકારનો ભ્રમ છે અને સાચા અર્થમાં તે મોહનું એક

ભ્રામક સ્વરૂપ છે. પરપદાર્થ પરવસ્તુ કે અન્ય વ્યક્તિના સાંનિધ્યમાં જ જો પ્રેમ અનુભવાતો હોય તો તે પ્રેમ નથી પણ મોહ છે. પણ લગ્નનો મૂળ આદર્શ તું સમજી શકી નથી એટલે તારા પતિના મૃતદેહ સાથે બળી મરવા તું તૈયાર થઈ છે.'

યોગીની આવી વાત સાંભળી સુજાતાએ આશ્ચર્ય અનુભવ્યું અને તરત પૂછ્યું : ગુરુદેવ! તો પછી આપ જ મને લગ્નનો આદર્શ ન સમજાવો?'

યોગીએ લગ્નનો આદર્શ સમજાવતાં કહ્યું : 'માનવજાતને તેના પૂર્વજો તરફથી જે તત્ત્વો અને વૃત્તિઓનો વારસો મળ્યો છે, તેમાં વાસના અને વિકારોનો પણ સમાવેશ થાય છે. મહામાનવો આવી વાસના અને વિકારોનું શુદ્ધીકરણ કરી તેના વેગના પ્રવાહને મુક્તિના પંથ તરફ દોરી જાય છે. પરન્તુ દરેક માનવ માટે આ શક્ય નથી, એટલે વાસનાના વેગના પ્રવાહને જ્યાં ત્યાં જતો અટકાવવા ઋષિ-મુનિઓએ માનવજાત માટે લગ્નપ્રથાની યોજના કરી છે. વાસના એ પ્રકૃતિનો સૌથી મહાન યોદ્ધો છે, અને સ્ત્રી-પુરુષની અમુક ઉંમરે ખાસ કરીને એનું જોર વિશેષ હોય છે. લગ્નની પ્રાથમિક અવસ્થામાં આકર્ષણ અને મોહનું તત્ત્વ સવિશેષ હોઈ શકે, પણ ધીમે ધીમે તેનું પ્રેમમાં પરિવર્તન થવું જોઈએ. જેટલા પ્રમાણમાં પ્રેમ વિકસિત થાય છે, તેટલા પ્રમાણમાં કામનું વિલીનીકરણ થતું જાય છે. લગ્નનો મૂળ હેતુ વાસનાને પોષવાનો નથી, પણ વાસનામાંથી મુક્ત થવાનો છે.'

સુજાતા વચ્ચે જ બોલી : 'વાસના વિનાનો પ્રેમ હોઈ શકે? પતિ–પત્ની વચ્ચે વાસનાજનિત કોઈ પ્રકારનું આકર્ષણ ન હોય, અને તેમ છતાં એ બંને પાત્રોમાં પ્રેમનું તત્ત્વ હોઈ શકે ખરું?'

યોગીએ કહ્યું : 'પ્રેમ અને આકર્ષણ એક બીજાનાં પૂરક તત્ત્વો નથી, પણ વિરોધી તત્ત્વો છે. આકર્ષણની ભીતરમાં વાસના પડેલી હોય છે અને પ્રેમના અસ્તિત્વમાં વાસના ટકી શકતી નથી. જેટલા અંશે વાસના વિલીન થાય છે તેટલા અંશે પ્રેમ વિકસિત થાય છે અને પ્રેમની પરિપૂર્ણતામાં વાસનાનો અભાવ જ હોય છે. પ્રેમ અને વાસના ઉભય સાથે રહી શકતાં જ નથી.'

સુજાતાએ કહ્યું: 'ગુરુદેવ! લગ્નજીવનનું ધ્યેય શું? એ ધ્યેયની સિદ્ધિ ક્યારે પ્રાપ્ત થઈ ગણાય? પતિ-પત્ની સાથે જ જીવે અને સાથે જ તેમના જીવનનો અંત આવે, એમાં જ લગ્નજીવનની સફળતા નથી?'

યોગીએ કહ્યું : 'લગ્નજીવનની શરૂઆત કદાચ વાસનાથી થાય, પણ તેનું અંતિમ ધ્યેય તો પ્રેમની પ્રાપ્તિ હોવી જોઈએ. વાસનાનું પ્રેમમાં રૂપાંતર થવું એ ભૌતિક લગ્નમાંથી આધ્યાત્મિક લગ્નમાં પ્રવેશ કરવાની ભૂમિકા છે. પ્રેમ એ કાંઈ સ્થૂળ વસ્તુ નથી કે તેની આપ–લે થઈ શકે. પ્રેમની પ્રાપ્તિ પછી જીવનમાં અન્ય કોઈ વસ્તુની તૃષ્ણા જ રહેતી નથી, અને રહે તો માત્ર આત્મસમર્પણની. આત્મસમર્પણ એ જ પ્રેમની ફલશ્રુતિ છે. આત્મહત્યાના માર્ગે સમર્પણ નથી

થઈ શકતું. બે ભિન્નભિન્ન આત્મા વચ્ચેનું થયેલ ઐક્ય કદી ખંડિત થઈ શકતું જ નથી, કારણ કે ત્યાં દેહ ગૌણ છે, આત્મા જ મુખ્ય છે. બે પાત્રોમાંથી એકનું મૃત્યુ થતાં અન્યની સાચી અને સ્વાભાવિક પ્રેમની લાગણીમાં ઓટ ન આવતાં ભરતી થાય છે, કારણ કે પ્રેમનો આવો જ સ્વભાવ છે. દાંપત્ય જીવનના અનુભવના અંતે પતિ-પત્ની ઉભયના હૃદયમાં પ્રકાશનું સામ્રાજ્ય ફેલાઈ જાય, અને તેઓ સૌમાં પોતાને તેમજ પોતાને સૌમાં જોવા લાગે ત્યારે લગ્નની સિદ્ધિ થઈ ગણાય. એમાં પતિએ પત્ની પાછળ કે પત્નીએ પતિની પાછળ મરવાનો કે જીવ આપી દેવાનો પ્રશ્ન જ નથી, કારણ કે તેઓનું પરસ્પરનું જોડાણ સદાકાળ માટે અવિચ્છિન્ન અને અવિચ્છેદ્ય હોય છે. જેનામાં રાગ, મોહ અને વાસના છે, તેવાં સ્ત્રી-પુરુષો વિધવા કે વિધુર થતાં રીબાય છે, મૂંઝાય છે અને આઘાતના કારણે આત્મઘાતના પંથે જતાં અચકાતાં નથી; પણ આ બધું મોહરાજાની એક પ્રકારની લીલાને આભારી છે, તેમાં પ્રેમ તત્ત્વ જેવી કોઈ વાત જ નથી.

દયાર્દ્રભાવે સુજાતાએ કહ્યું: 'ગુરુદેવ! અનુકૂળ પરિસ્થિતિ, વાતાવરણ અને સંજોગોમાં આપ કહો છો તેવો લગ્નનો આદર્શ યથાર્થ છે, પણ પ્રતિકૂળ વાતાવરણમાં જ્યાં સાધનનો જ અભાવ છે અને રીબાતાં રીબાતાં જ જીવવાનું હોય છે, ત્યાં આવા આદર્શની સિદ્ધિ કઈ રીતે થઈ શકે?'

યોગીરાજે કહ્યું: 'બેન! અપૂર્ણમાંથી પૂર્ણ બનવા માટે કોઈ મુખ્ય સાધન હોય તો તે દુ:ખ છે. આત્મદર્શન

અથવા તો આત્માની ઓળખ માનવજાતને સુખ દ્વારા નહિ પણ દુઃખના માર્ગે જ થઈ શકે છે. सोअणो जीवणस्स सोही अत्थि—અર્થાત્ શોક દ્વારા જ માનવીના જીવનની શુદ્ધિ થાય છે. મેલાં કપડાંને સ્વચ્છ કરવા માટે તેને ભઠ્ઠીમાં તપાવવું પડે છે અને પછી જ જેમ તે શુદ્ધ થઈ શકે તેમ આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવા કર્મરૂપી મેલને દુઃખ અને આઘાતરૂપી ભઠ્ઠી દ્વારા દૂર કરવો પડે છે. દુઃખ એ જ જીવનની મહાન સાધના છે, એની જેને ખાતરી થઈ ગઈ, તેને દુઃખ દુઃખરૂપે નહિ પણ સુખરૂપે લાગવાનું. સુખ અને દુઃખ એ માત્ર મનની સંવેદના છે. માનવી પોતાના મનને યોગ્ય રીતે કેળવે તો તેના માટે સુખ-દુઃખ બંને સરખાં બની જાય, એટલે કે એમાંથી અનુકૂળતા—પ્રતિકૂળતાના રંગ નીકળી જાય. જે લોકો સુખનો અર્થ સમજતા નથી, એ જ લોકો સુખની પાછળ પડે છે. સુખના સંસ્કારથી પેદા થતો રાગ દુઃખનો અનુભવ કરાવે છે, તે વસ્તુ તારા પતિના મૃત્યુમાં તેં પ્રત્યક્ષ રીતે અનુભવી. આ બનાવમાંથી બોધપાઠ લેવાને બદલે તું આત્મઘાત કરવા તૈયાર થઈ છે એ ભારે આશ્ચર્યની વાત છે.'

સુજાતાએ કહ્યું : 'પતિના વિયોગના કારણે શેષ જીવન આર્ત્ત અને રૌદ્ર ધ્યાનમાં પસાર કરવાને બદલે એવા જીવનનો અંત લાવવામાં ખોટું શું છે? કોઈ બાબત આપણા હિત કે સુખની વિરુદ્ધ હોય છતાંયે આપણો અંતરાત્મા કહે તે જ પ્રમાણે વર્તવાનો આપણો ધર્મ નથી શું?'

યોગીરાજે કહ્યું: 'ત્યાગ, ભોગ, બલિદાન અને સમર્પણની ભૂમિકા પર જ પ્રેમ જીવન્ત રહી શકે છે, એ વાત

સાચી છે; પરંતુ એ ભૂમિકા સહજીવન દ્વારા જ જીવંત રહી શકે એમ માનવું એ જીવનની મોટામાં મોટી ભ્રમણા છે. આપણો અંતરાત્મા કહે તે જ પ્રમાણે વર્તવું એ સાચો માર્ગ હોવા છતાં, તારો અંતરાત્મા આમ શા માટે કહે છે તેનાં ઊંડાણમાં ઊતરીશ તો તને ખાતરી થશે કે તું તારા અંતરાત્માને છેતરી રહી છે. જે સત્ય નથી, તે કદી ધર્મરૂપ બની શકતું નથી. આવી રીતે બળીને પતિ પાછળ સતી થવું એમાં વિવેક કે બહાદુરી નથી, પણ માત્ર દુઃખ, વેદના, વ્યથા અને યાતનાના કારણે પલાયન કરવાની–ભાગી છૂટવાની તુચ્છ વૃત્તિ છે. જીવનનું બલિદાન દેવું એ ધર્મ છે, પણ તે પરાર્થે હોય તો; પોતાનાં સુખ, શાંતિ કે સ્વાર્થ અર્થે હોય તો નહીં. તાત્ત્વિક દૃષ્ટિએ તો કોઈ કોઈનો પતિ નથી, કોઈ કોઈની પત્ની નથી. પતિ–પત્નીનું મિલન સંયોગજન્ય છે. એક ભવનાં પતિ-પત્ની અન્ય ભવમાં માતા પુત્ર પણ થવાની શક્યતા છે. એટલે સંયોગજન્ય બધું જ અનિત્ય, અશરણ અને ઉપાધિરૂપ છે. આત્મા એક નિત્ય છે, અન્ય સર્વ પદાર્થો આત્માથી ભિન્ન છે અને પરવસ્તુનો સંબંધ એ અશુભ છે. આ વાત જ્યાં સુધી તને નહીં સમજાય, ત્યાં સુધી અનેકવાર આમ અગ્નિમાં પડી મરણને શરણ જઈશ તો પણ, તારા દુઃખનો અંત આવવાનો નથી તેની ખાતરી રાખજે.'

યોગીરાજની વાત સાંભળી સુજાતાનાં આંતર ચક્ષુ ખુલી ગયાં અને તેની ભ્રાન્તિનો નાશ થયો. વાસના અને શુદ્ધ પ્રેમ વચ્ચેના તફાવતનું તેને ભાન થઈ ગયું. શરીરની ક્ષણ-ભંગુરતા, અનિત્યતા અને નશ્વરતાના જ્ઞાનની સાથોસાથ

આત્માની નિત્યતા વિષે પણ તેને ખાતરી થઈ ગઈ. પતિના શબ સાથે બળી મરવાનો વિચાર તેણે જતો કર્યો, અને તેના એવા નિશ્ચયથી સૌને આનંદ થયો.

થોડીવારે પતિના શબની ચિતાનો અગ્નિ પ્રગટ્યો, અને તેમાંથી પ્રગટેલી જ્વાલા અને ધુમાડાની સામે તે અનિમેષ દૃષ્ટિએ જોઈ રહી. સુજાતા યોગીરાજની નજીકમાં બેઠી હતી. તેની આંખમાં આંસુઓ ન હતાં, અને છતાં તેનો કોમળ આત્મા કરુણ રીતે આક્રંદ કરી રહ્યો હતો. જે પુરુષમાં તેણે પોતાનું સર્વસ્વ માન્યું હતું, જેની પર તેને પોતાના પ્રાણ અને આત્મા કરતાં પણ વિશેષ પ્રેમ હતો, જેના સાંનિધ્ય વિના એ પોતાના જીવનની કલ્પના જ નહોતી કરી શકતી, જેને તેણે પોતાના સમગ્ર દેહ અને આત્માનો માલિક માન્યો હતો તેમજ જેની સાથે બળી મરીને જીવનનો ત્યાગ કરવાનો દૃઢ નિશ્ચય કર્યો હતો, તે જ પુરુષને અગ્નિમાં વિલીન થતો જોઈ તેના હૃદયમાં જે મનોવેદના થતી હતી, તે એવી પ્રચંડ અને ઉગ્ર હતી કે તે જોઈને યોગીરાજનું વજ્ર જેવું કઠણ હૈયું પણ દ્રવી ઊઠયું. સમગ્ર જીવન દરમ્યાન સ્ત્રીથી અલિપ્ત રહેલા એ યોગીરાજને તે દિવસે લાગ્યું કે, ઈશ્વરના પ્રેમ કરતાં નારીનો પ્રેમ કોઈ પણ રીતે ઊતરતો નથી. ઈશ્વરે પોતાના સમગ્ર પ્રેમનો આવિર્ભાવ કેમ જાણે સ્ત્રીજાતિમાં જ ન મૂક્યો હોય તેવી તેમને લાગણી થઈ.

યોગીરાજને ભય લાગ્યો કે કદાચ વગર અગ્નિએ આવું દૃશ્ય જોતાં જોતાં આ સ્ત્રીના પ્રાણ આપોઆપ નીકળી જશે, એટલે તેને સાંત્વન આપતાં તેઓ સુજાતાને કહી રહ્યા હતા :

'માતા! માનવીને દુઃખના ઘા સહન કરવા પડે છે, તેનું કારણ એ નથી કે એનામાં કાંઈક ખરાબ તત્ત્વ છે. માનવી જે વસ્તુ, પદાર્થ કે વ્યક્તિ પાછળ ઘેલો થાય છે, તે વસ્તુ, પદાર્થ કે વ્યક્તિ, નિત્ય-શાશ્વત-અમર્ત્ય નથી એ મહાન સત્ય સમજાવવા કુદરત પોતાના પ્રિય માનવી પર આવા ઘા કરે છે. તેથી જ કહેવાય છે કે ઈશ્વર માણસને શોક એટલા માટે આપે છે કે, એની દ્વારા એ વધુ સુંદર, વધુ પવિત્ર બને. માણસજાતને આનંદ કરતાં મોટી ભેટ શોકની મળી છે. માનવીના વિશુદ્ધ આત્માની આસપાસ કર્મરૂપી જડત્વનાં પડ બાઝી ગયાં હોય છે, તેને દૂર કરવા માટે કુદરતે જે એક અમોલું ઔષધ આપ્યું છે-તે વેદના છે. માનવી અને તેનાં કર્મો વચ્ચે એવી તો સંલગ્નતા છે કે દરેક માનવે તેણે કરેલાં કર્મોનું ફળ અવશ્ય ભોગવવું પડે છે. આ દંડનીતિ માનવજાત માટે શાપરૂપ નથી પણ આશીર્વાદરૂપ છે. એની પાછળ અચળ તત્ત્વ રહેલું છે, અને કુદરત માણસને વેદના આપી એ વેદના દ્વારા તે સિદ્ધ કરે છે. વેદના વિના મુક્તિ નથી. પ્રકૃતિ જ્યારે માનવીની મુશ્કેલીમાં વધારો કરે છે, ત્યારે સાથોસાથ એની સમજશક્તિ, સહનશક્તિ અને બુદ્ધિબળમાં પણ વધારો કરે છે. માતાના ગર્ભમાં રહેલું બાળક વેદના સહ્યા પછી જ ગર્ભાશયમાંથી મુક્તતા પ્રાપ્ત કરે છે, તેમ વેદનાને માર્ગે જ માનવીનો આત્મા સિદ્ધદશાને પ્રાપ્ત કરી શકે છે.'

ઇતિહાસ કહે છે કે પછી તો સુજાતા આ યોગી મહાત્માની પરમ-વિદુષી શ્રાવિકા બની ગઈ, એટલું જ નહિ પણ શ્રીમદ્ આનંદઘનજીએ રચેલા ભગવાન આદિનાથના પ્રથમ સ્તવન દ્વારા તે અમર બની ગઈ.

## ૨૧. ભોગ અને ત્યાગ

કોશાંબીના રાજા જિતશત્રુએ રાજપુરોહિત કાશ્યપના મરણ બાદ તેની જગ્યાએ નવો પુરોહિત નીમ્યો. કાશ્યપના મૃત્યુ વખતે તેને કપિલ નામે ઉમ્મરલાયક પુત્ર હતો, પણ તેણે ખાસ અભ્યાસ કર્યો હતો નહિ એટલે રાજપુરોહિતની જગ્યા તેને ન મળી.

નવો પુરોહિત એક વખત ઠાઠમાઠથી રાજમાર્ગ પરથી જઈ રહ્યો હતો, ત્યારે કપિલ અને તેની માતા યશા તેના મકાનની અટારી પરથી તેને જોઈ રહ્યાં હતાં. પુરોહિતનો વૈભવ જોઈ યશાને જૂના દિવસો યાદ આવ્યા, અને પતિનું સ્મરણ થતાં સ્વાભાવિક રીતે જ તેની આંખમાંથી આંસુઓ વહી ગયાં. કપિલે માતાને રડવાનું કારણ પૂછતાં તેણે કહ્યું: 'તેં અભ્યાસ ન કર્યો એટલે તારા સદ્ગત પિતાની જગ્યાએ રાજાએ આ નવા પુરોહિતની નિમણૂંક કરી, અને જે વૈભવ તેમજ હોદ્દો તને પ્રાપ્ત થવા જોઈતા હતા, તેનો અધિકારી આજે અન્ય થઈ બેઠો છે.'

માતાને થયેલા આઘાતની અસર કપિલ ઉપર થઈ અને તેની મનોવેદનાનું કારણ પણ તે સમજી ગયો. કપિલે આગળ અભ્યાસ કરવા દૃઢ નિશ્ચય કર્યો, અને માતાએ તેને શ્રાવસ્તિમાં રહેતા તેના પતિના મિત્ર ઈન્દ્રદત્તને ત્યાં અભ્યાસ અર્થે મોકલ્યો.

કપિલ યુવાન અને દેખાવડો હતો. તે ભલો, ભોળો, સીધો અને સરળ સ્વભાવનો હતો. સંસારની આંટીઘૂંટીઓ અને જગતના કાવાદાવાઓથી તે તદ્દન અજાણ હતો. માતા સિવાય અન્ય કોઈ સ્ત્રીના પરિચયમાં તે ભાગ્યે જ આવ્યો હતો. વિષય-વિકાર અને કામનાઓથી તે અલિપ્ત રહ્યો હતો.

ઇન્દ્રદત્ત પોતાના મિત્રના પુત્રને જોઈ ઘણો રાજી થયો અને તેણે કપિલના વિદ્યાભ્યાસ માટે તમામ સગવડો કરી આપી. ઇન્દ્રદત્તે કપિલના રહેવા માટે એક ઓરડીની વ્યવસ્થા કરી આપી, અને સાંજ-સવાર ઇન્દ્રદત્તના મિત્ર શાલિભદ્રના અતિથિ-ભોજનાલયમાં જમવા માટેની ગોઠવણ પણ કરી આપી.

અતિથિ-ભોજનાલયની કારભારણ એક સ્વરૂપવાન દાસી હતી અને તે રોજ કપિલને જમવાનું પીરસતી. દાસીની આંખોને કપિલ ગમી ગયો અને તેના હૃદયને પણ ભાવી ગયો. કપિલ શરૂઆતમાં તો નીચું જ મોં રાખી જમતો અને દાસી તરફ કદી ઊંચી આંખ કરીને જોતો પણ નહીં. પરંતુ તેની પ્રકૃતિમાં રહેલી આવી સૌમ્યતા અને મુગ્ધતા પર જ પેલી દાસી કપિલ પર મોહી પડી. પછી તો મૈત્રી થતાં દાસી બંને વખત કપિલની સામે બેસી જતનપૂર્વક તેને ખવરાવતી, અને પરિણામે બંને વચ્ચેનો સંસર્ગ વધ્યો. સંસર્ગમાંથી પરિચય, પરિચયમાંથી સ્નેહ, સ્નેહમાંથી પ્રીતિ અને પ્રીતિમાંથી એકબીજાને એક બીજા પ્રત્યે અનુરાગ થયો.

સ્ત્રીજાતિમાં સ્વાભાવિક રીતે જ ઓળખાણ-પિછાણ કરી લેવાની આવડત પુરુષો કરતાં વધુ પ્રમાણમાં હોય છે,

કારણ કે એનાં સૌજન્ય અને હૃદયની ઉદારતાની બાબતમાં મોટાભાગે તે પુરુષો કરતાં મોખરે હોય છે. તેથી જ અર્થ અને વાણી એ બંને બાબતમાં સ્ત્રીઓની પ્રકૃતિ વધુ ઉડાઉ માલૂમ પડે છે. પરંતુ સ્ત્રીને આવી ઉડાઉવૃત્તિનો પૂરેપૂરો લાભ ઉઠાવતાં પણ આવડે છે. આવા ગુણોથી ટૂંક વખતમાં દાસી કપિલના આકર્ષણનું કેન્દ્ર બની ગઈ, અને તેના પ્રિયજનના અંતરમાં પોતાનું સ્થાન જમાવી દીધું. વિદ્યાર્થી કપિલના કઠોર જીવનમાં રૂપાળી દાસી તેની પ્રીતિમય પ્રવાસસંગિની બની ગઈ અને પછી તો તેને માયાપાશમાં બાંધી લીધો. ઘૃતનો ગાડવો અને અગ્નિ એક થતાં જેમ ભડકો થાય છે, તેમ યુવાન સ્ત્રી અને પુરુષને એકાંત મળતાં પ્રબળ વાસના ઉત્પન્ન થાય છે. આ પ્રબળ વાસના પણ અગ્નિનું એક સ્વરૂપ છે, જેમાં સ્ત્રી અને પુરુષ પતંગિયાની માફક બળીને ખાખ થઈ જાય છે.

યૌવન એટલે જ જીવનનો ભૂલભૂલામણો કાળ. એ વખતે સ્ત્રી અને પુરુષ વિવેક, બુદ્ધિ, ગુણ, સંયમ, તપ અને વિદ્યા બધું જ ભૂલી જઈ પ્રલોભનની પાછળ આંધળા થઈને દોટ મૂકે છે. યૌવન અવસ્થા એવા પ્રકારની એક અંધ અવસ્થા છે કે જેમાં દેખી શકાય ઘણું, પણ સમજી શકાય બહુ ઓછું. શ્રાવસ્તીમાં એક વખત રાસપૂર્ણિમાનો ઉત્સવ ચાલતો હતો. એક સાંજે ભોજનવિધિ પૂરી કર્યા બાદ દાસીએ સ્નેહાળ ભાષામાં કપિલને કહ્યું: 'આજે રાતે હું રહું છું તે ભાટની ગલીમાં કચ–દેવયાનીની કથા છે, તમે મારી સાથે તે સાંભળવા આવશો?' સ્ત્રીના પ્રેમી માટે,

ઓની વાત માત્ર વિનંતિના રૂપમાં હોવા છતાં પ્રેમીજન માટે તો તે આજ્ઞા સમાન બની જાય છે, અને તે રાતે બંને જણાં સાથે કથા સાંભળવા ગયાં.

કચ-દેવયાનીની કથા સુંદર હતી. બૃહસ્પતિનો પુત્ર કચ શુક્રાચાર્યની પાસે સંજીવની વિદ્યા શીખવા આવ્યો હતો. અનેક આપત્તિઓ–વિપત્તિઓ સહન કરી શુક્રાચાર્યની લાડકી પુત્રી દેવયાનીની ભલામણ અને સહાય વડે કચે એ વિદ્યા પ્રાપ્ત કરી. દેવયાની શુક્રાચાર્યની માત્ર પુત્રી નહિ, પણ પ્રિય શિષ્યા અને દુર્લભ વિદ્યાની અધિકારી હતી. કચના રૂપે તે નારીને ઘાયલ કરી હતી. વિદ્યા પ્રાપ્ત કરી કચ જ્યારે વિદાય માટે દેવયાનીની રજા લેવા ગયો, ત્યારે તેણે તેનો માર્ગ રોકી લીધો અને તેની પાસે પોતાના પ્રેમનું નિવેદન કર્યું. ગુરુપુત્રી એટલે તો ભગિની. તેથી કચે દેવયાનીના પ્રસ્તાવનો સ્વીકાર ન કર્યો. નારી આ જગતમાં બધાં કષ્ટો સહન કરી શકે છે, પણ પ્રેમનો પ્રતીકાર તેનાથી સહન નથી થઈ શકતો. કચની સ્પષ્ટ ના સાંભળી દેવયાનીએ અભિશાપરૂપી વિષ ઠાલવતાં કહી દીધું: 'તારી વિદ્યા વ્યર્થ જશે–તારા જીવનમાં એ કેવળ ભારરૂપ બની રહેશે.'

કચ-દેવયાનીની કથા પૂરી થઈ અને કપિલ તથા દાસીની નવી કથા શરૂ થઈ. કથાની પૂર્ણાહુતિ પછી કપિલ દાસીને તેના ઘેરે મૂકવા જતાં બહુ મોડું થયાથી રાત ત્યાં જ રોકાઈ ગયો. આમેય રાતના શય્યામાં સૂતી વખતે દાસી અને કપિલ બંને એકબીજાની છાયા તો અનુભવતાં જ હતાં,

પણ તે રાતે છાયાને બદલે કાયા સુલભ બની ગઈ. દાસીનો પ્રતીકાર કરવાથી પોતે પ્રાપ્ત કરેલી વિદ્યા પણ ભારરૂપ બની જાય, એ ભયે દાસી સાથે ગાંધર્વ લગ્ન કરી બંને પતિ–પત્ની બની ગયાં. અનુરાગનું પરિણામ આસક્તિમાં આવ્યું અને ગૃહસ્થાશ્રમની શરૂઆત થઈ.

વિદ્યાભ્યાસ ભૂલી કપિલ પેલી દાસી સાથે કામભોગો ભોગવવા લાગ્યો. કામભોગો ભૂતાવળ જેવા છે. અનેકવાર ભોગવવા છતાં તૃપ્તિ થવાને બદલે કામભોગોમાં રસની પિપાસા વધતી જાય છે. કામભોગો અગ્નિ જેવા છે. અગ્નિમાં જેમ જેમ ઇંધિણ નાખવામાં આવે તેમ તેમ તેનો ભડકો વધતો જાય છે; એવી જ રીતે, જેમ જેમ કામભોગો ભોગવાતા જાય તેમ તેમ તે વિષેની અતૃપ્તિ પણ વધતી જ જાય છે. ધર્મશાસ્ત્રોએ તેથી જ સ્પષ્ટ રીતે કહી દીધું કે કામભોગ શલ્યરૂપ છે, કામભોગ વિષરૂપ છે અને કામભોગ ભયંકર સર્પ જેવા છે. જેઓ કામભોગની ઇચ્છા કરે છે, તેઓ તેને પ્રાપ્ત કર્યા વિના જ દુર્ગતિમાં જાય છે. આમ જેની શરૂઆત છે પણ અંત નથી એવા કામભોગો કપિલને અધઃપતનની ઊંડી ખાઈમાં નીચે અને નીચે લઈ જઈ તેનો વિનાશ કરે, તે પહેલાં એક અદ્ભુત બનાવે તેની વિવેકબુદ્ધિને જાગ્રત કરી દીધી.

બીજા વર્ષે વળી રાસપૂર્ણિમાનો ઉત્સવ શરૂ થયો અને પેલી દાસી જે ગર્ભવતી થઈ હતી તેણે એક દિવસ કપિલને કહ્યું: ‘હવે હું તમારા સંતાનની માતા થવાની

છું અને આવતી કાલે અમારા લોકોનો મોટો ઉત્સવ છે, તેમાં શણગાર સજીને સૌ આવશે, એ ઉત્સવમાં હું પણ જવાની છું, પણ પુષ્પની માળા ખરીદવા માટે તેમજ જેમાં હું તમને અત્યંત આકર્ષક લાગું છું તેવી આસમાની રંગની એક ટાંગાઈલ સાડી ખરીદવા માટે રોકડ નાણાંની જરૂર છે, તો તેની વ્યવસ્થા કરી આપો.'

કપિલ પાસે થોડા પૈસા હતા તે તેણે દાસીને આપ્યા. પણ તેટલા પૈસાથી દાસીને સંતોષ ક્યાંથી થાય? સ્ત્રીઓના શબ્દકોશમાં 'સંતોષ' જેવો શબ્દ હોતો નથી. સંતોષ અને સ્ત્રી, બંને એક સાથમાં કદી રહી શકતાં નથી. સ્ત્રી એટલે જ અસંતોષનું મૂર્ત સ્વરૂપ. દાસીએ કપિલ પાસે વધુ પૈસાની માગણી કરતાં કહ્યું કે: 'હવે તો આપણે બેમાંથી ત્રણ થવાના એટલે ડગલે ને પગલે પૈસાની જરૂર પડશે.' દાસીની વાત સાંભળી કપિલ મૂંઝાણો અને તે અન્યમનસ્ક થઈ ગયો.

દાસી ચકોર અને ચાલાક હતી, જોકે સ્ત્રીજાતિમાં આ ગુણો તો સામાન્ય રીતે હોય જ છે. દાસી જાણતી હતી કે પુરુષનું ઘડતર હમેશાં આદર્શ પત્ની દ્વારા જ થઈ શકે છે. લગ્ન પહેલાં પુરુષ તો પાસા પડચા વગરનો હીરા જેવો હોય છે અને પત્નીએ જ પોતાની આવડત દ્વારા તેના પર પાસા પાડી સાચો હીરો બનાવવો પડે છે. યોગાશ્રમ અને વાનપ્રસ્થાશ્રમ પહેલાં ગૃહસ્થાશ્રમની યોજના ભૂતકાળના ઋષિ-મુનિઓએ કદાચ આ દૃષ્ટિએ જ કરી હશે. સ્ત્રીઓની પ્રકૃતિ ભારે વિચિત્ર હોય છે. પુરુષોના માટે તેઓ જ મૂંઝવણ

ઊભી કરે છે, અને મૂંઝવણમાંથી મુક્ત થવાનો માર્ગ પણ તેઓ જ બતાવે છે. કપિલને મૂંઝાયેલો જોઈ પેલી દાસીએ તેનો માર્ગ બતાવતાં કહ્યું: 'આ નગરમાં ધન નામનો શેઠ પ્રાતઃકાળે પ્રથમ આશીર્વાદ આપે તેને બે માસા સુવર્ણ આપે છે, તો તમે આવતી કાલે પ્રભાતમાં સૌથી પ્રથમ પહોંચી જજો અને આશીર્વાદ આપી બે માસા સોનું લઈ આવશો.'

કપિલને તે રાતે ઊંઘ ન આવી અને સૌથી પ્રથમ પહોંચવા માટે રાત્રિના મધ્ય ભાગમાં જ ઊઠી તે ધનશેઠને ત્યાં જવા નીકળી પડચો. માર્ગમાં નગરરક્ષકે તેને ચોર માની પકડી લીધો અને સવારમાં રાજા પાસે રજૂ કર્યો. કપિલની મુખમુદ્રા જોતાં રાજાને લાગ્યું કે આ માણુસ ચોર હોય તેવું દેખાતું નથી. રાજાએ કપિલને સત્ય હકીકત કહેવા કહ્યું એટલે જવાબમાં કપિલે તેના જીવનનો સવિસ્તર ઇતિહાસ કહી દીધો. કપિલની સત્ય અને કરુણ કહાની સાંભળી રાજા તેના પર પ્રસન્ન થયો, અને તેને જે જોઈએ તે માગી લેવા કહ્યું. કપિલે વિચાર કરવા વખત માગ્યો એટલે રાજાએ તેને મહેલની નજીકના ઉદ્યાનમાં વિચાર કરવા મોકલ્યો.

કપિલ ઉદ્યાનમાં જઈ વિચાર કરવા લાગ્યો કે બે માસા સુવર્ણ તો ક્યાં સુધી ચાલવાનું? પછી તો તેની વિચારસૃષ્ટિ આગળ વધી, અને બેમાંથી હજાર, હજારમાંથી લાખ અને લાખમાંથી ક્રોડ માસા સુવર્ણ માગવાનો વિચાર આવ્યો. માનવમન ભારે વિચિત્ર અને અગમ્ય છે. જેમાં બે માસા પૂરતા થઈ પડે એ કાર્ય એક કરોડથી પણ પૂરું ન થયું. પણ તેથીયે સંતોષ ન થતાં, અર્ધું રાજ્ય માગવા વિચાર

કર્યો અને પછી વળી થયું કે જે જોઈએ તે માગી લેવા કહ્યું છે, તો આખું રાજ્ય જ શા માટે ન માગી લેવું? શાસ્ત્રોમાં સાચું જ કહ્યું છે કે 'जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढइ'–અર્થાત્ જેમ જેમ લાભ થાય છે, તેમ તેમ લોભ વધતો જાય છે.

સ્ત્રીમોહના કારણે કપિલ માર્ગ ભૂલ્યો હતો. પણ તેનું હૃદય તો સ્ફટિક જેવું શુદ્ધ અને નિર્મળ હતું. સંજોગો, પરિસ્થિતિ અને વાતાવરણને કારણે તે સાચા માર્ગે જવાને બદલે ઊંધા માર્ગે ચડી ગયો હતો, પણ રાજા પાસેથી શું માગવું? તે પર વિચાર કરતાં કરતાં તેની જ્ઞાનદૃષ્ટિ જાગ્રત થઈ. તે વિચાર કરે છે: 'રાજ્ય પ્રાપ્ત કર્યા પછી પણ સંતોષ તો થઈ શકે તેવું નથી, કારણકે પછી પાડોશના રાજ્યનો ભય લાગશે.' કપિલની વિચારધારા હવે પલટાવા લાગી. તેને વિચાર આવ્યો કે તૃણ અને કાષ્ઠાદિક વડે અગ્નિ કદી પણ તૃપ્ત થતો નથી. અનેક નદીઓના મિલનવડે પણ જેમ સમુદ્ર કદી પૂર્ણ થઈ શકતો નથી, તેમ અનેક રાજ્યોની પ્રાપ્તિ પછી પણ માનવી કદી તૃપ્ત થઈ શકતો નથી.

આમ વિચારતો હતો, એવામાં કપિલે એક કૌતુક જોયું. તેનાથી થોડે દૂર પડેલા શ્લેષ્મ પર એક બે મચ્છર બેઠા અને ત્યાં ચોંટી ગયા. થોડીવાર પછી વળી ત્યાં બે માખીઓ ઊડતી ઊડતી આવી અને બેઠી તો તે ચોંટી ગઈ. એવામાં ત્યાંથી એક હાથી પસાર થયો અને હાથીના પગ તળે પેલી માખીઓ અને મચ્છરો કચડાઈ ગયા. કપિલે શ્લેષ્મમાં કામ-ભોગોની કલ્પના કરી, મચ્છર અને માખીમાં નબળા જીવોની

કલ્પના રચી, અને હાથીમાં સબળ જીવની સ્થાપના કરી તે વિચારવા લાગ્યો કે, જે જીવો આત્માથી ભિન્ન એવા પદાર્થોમાં સુખ પ્રાપ્ત કરવા ગયા એ જ જીવોનો ક્ષુલ્લક આનંદમાં સંહાર થયો. હાથીએ શ્લેષ્મ પર નજર પણ ન નાખી એટલે શ્લેષ્મ તેના પગ નીચે ધૂળમાં મળી ગયું. તેનો અર્થ એમ થયો કે જે જીવો ભોગના માર્ગે સુખ પ્રાપ્ત કરવા જાય છે, તે બિચારાની સ્થિતિ પેલા મચ્છરો અને માખીઓ જેવી થાય છે અને હાથીની માફક જે જીવો એવા ભોગપદાર્થો સામે નજર પણ કરતા નથી, તેઓને ભોગો કશું જ કરી શકતા નથી. આ બનાવ પરથી તેને એક મહાન સત્ય સમજાઈ ગયું કે જીવનમાં સાચા સુખ અને આનંદ ભોગના માર્ગે પ્રાપ્ત થઈ શકતા નથી, પણ એ પ્રાપ્ત કરવા તો માનવીએ ત્યાગનો પંથ આપનાવવો જોઈએ. त्यक्तेन भुञ्जीथाः–ત્યાગ દ્વારા ભોગ કરજો–આસક્તિ દ્વારા નહિ–એ સૂત્રના રહસ્યનું કપિલને ભાન થઈ ગયું. ત્યાગ એ જ સુખ અને ભોગ એ જ દુઃખ એ વાત તેના મનમાં બરોબર બેસી ગઈ. જ્યાં જેટલો ત્યાગ ત્યાં દુઃખનો તેટલો અભાવ. ભોગની સાથે જેમ દુઃખ જોડાયેલું છે તેમ ત્યાગની સાથે સુખ સંકળાયેલું છે. કામભોગો તો માત્ર અધીર અને નબળા મનના જીવોને જ નાશના માર્ગે ઘસડે છે, પણ સબળ જીવ પર તેની કશી સત્તા ચાલી શકતી નથી. કામભોગોએ માખી અને મચ્છરોના પ્રાણ હરી લીધા, અને એ જ કામભોગરૂપી શ્લેષ્મ હાથીના પગ તળે ધૂળમાં રગદોળાઈ ગયું. માખી–મચ્છરની માફક કામભોગને

આધીન થવું કે હાથીના માફક તેને પગ નીચે રગદોળી નાખવા, એનો આધાર માનવી પર રહે છે તે વાત કપિલને સમજાઈ ગઈ.

આવી સમજણમાંથી કપિલને તેના પૂર્વજન્મની સ્મૃતિ થઈ અને સંવેગની શ્રેણિ પર ચઢતાં કપિલને જાતિસ્મરણ જ્ઞાન થયું. જીવને શા હેતુ માટે માનવજન્મ મળે છે તેનું પણ સ્વયંબુદ્ધ કપિલને ભાન થઈ ગયું. આવો જ્ઞાની માણસ પછી સંસારના ભોગો વચ્ચે રહી શકતો નથી. કપિલે પણ તે જ સ્થાને પોતાના મસ્તકનો પંચમુષ્ટિ લોચ કર્યો અને સાધુવેષ અપનાવી લીધો.

આ રીતે ચારિત્ર ગ્રહણ કરી કપિલ મુનિ રાજા પાસે ગયા એટલે રાજાએ તેને પૂછ્યું: 'તમે શું માગવાનો વિચાર કર્યો?' કપિલે કહ્યું: 'રાજન્! તમને મારા ધર્મ-લાભ હો! મને હવે બધું જ મળી ગયું અને કશું જ માગવાનું રહેતું નથી, કારણ કે સર્વથા ઈચ્છારહિત થવું એ જ વીતરાગતા છે. આત્માનો સ્વભાવ જ આનંદ છે, પણ ભોગો અને વૈભવ પાછળની દોટ અને પકડ આનંદમાં ઓટ લાવે છે. સાચા આનંદની પ્રાપ્તિ અર્થે માનવે ત્યાગ–તપ–સંયમના માર્ગે જવું પડે છે અને મેં પણ હવે એ જ માર્ગ ગ્રહણ કરી લીધો છે.'

શ્રી. ઉત્તરાધ્યયનસૂત્રનું આઠમું અધ્યયન કહે છે કે નિર્બળ અને અબોધ કપિલ ક્ષુદ્રજાતિની એક દાસીના પ્રલોભનમાં પડ્યા પછી પણ, તરત જ જાગ્રત થઈ સબળ બનીને મહાન પુરુષાર્થ વડે ઉગ્ર તપશ્ચર્યા આદરી માત્ર છ માસના અંતે ચારેય ઘાતીકર્મોનો નાશ કરી કેવળજ્ઞાન પામ્યા.

# ૨૨. સંસાર-એક ઇંદ્રજાળ

નાથ સંપ્રદાયના મુખ્ય મહાન યોગીઓના જીવન સંબંધમાં કહેવાય છે કે તેઓ અયોનિજન્મ હતા, એટલે કે કોઈ પણ સ્ત્રીની કૂખેથી તેઓ જન્મ્યા ન હતા. કોઈ માછલીને પેટે, કોઈ ઊકરડામાંથી, કોઈ અગ્નિમાંથી, કોઈ હાથીના કાનમાંથી, કોઈ કાદવના રમકડામાંથી—એમ તેઓનો જન્મ આ અવનિ પર થયો હતો. માછલીમાંથી જન્મેલ તે મત્સ્યેન્દ્રનાથ અને ગોબર(છાણ)ના ઢગલા નીચેથી મળી આવ્યા તેનું નામ ગોરક્ષનાથ. ગોરખનાથ એ તો ગો-રક્ષ-નાથનો અપભ્રંશ શબ્દ છે.

ગોરક્ષનાથના જન્મ સંબંધમાં કહેવાય છે કે તેના ઉત્પત્તિદાતા મત્સ્યેન્દ્રનાથ હતા. મત્સ્યેન્દ્રનાથ ચંદ્રગિરિ ગામમાં ભિક્ષા માગતાં માગતાં દયાળ નામના ગૌડ બ્રાહ્મણના આંગણે જઈ ચઢચા. તેમની પત્ની સરસ્વતી નિઃસંતાન હતી, એટલે સ્વાભાવિક રીતે પોતાને એક પુત્ર થાય તેવો આશીર્વાદ માગ્યો અને દયાભાવથી પ્રેરાઈ મત્સ્યેન્દ્રનાથે પોતાની ઝોળી-માંથી મંત્રેલી ભસ્મ આપી અને રાતે સૂતી વખતે પાણી સાથે તે ખાઈ જવાની સૂચના આપી ચાલી ગયા.

સરસ્વતી ચંચળ સ્વભાવની અને વહેમી હતી, એટલે ભસ્મ ઊકરડામાં ફેંકી દીધી. બાર વરસ પછી મત્સ્યેન્દ્રનાથે સરસ્વતીના આંગણે જઈ બાળકના ખબર પૂછ્યા, એટલે

ખિન્ન થઈ તેણે ભસ્મને ઊકરડામાં ફેંકી દીધાની વાત કરી. મત્સ્યેન્દ્રનાથે ઊકરડા પાસે જઈ તે જમીન ખોદી બાળકને બહાર કાઢયો અને તેનું નામ ગો-રક્ષ-નાથ રાખ્યું. મત્સ્યેન્દ્રનાથે ગોરક્ષનાથને અનેક ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરાવ્યો અને યોગવિદ્યાનું અપૂર્વ જ્ઞાન આપ્યું.

એ સમયે ભારતના આસામ પ્રદેશમાં કામરૂપ વિભાગમાં ત્રિયારાજ અર્થાત્ સ્ત્રીનું રાજ્ય હતું. એક વખત સ્વર્ગની અપ્સરા મેનાકિનીને કોઈ દોષ માટે તેના પદેથી ચ્યૂત કરવામાં આવી, પણ પછી દેવે તેને સાંત્વન આપતાં કહ્યું : 'અહીંથી પદભ્રષ્ટ થઈ ત્રિયારાજની મુખ્ય રાણી થઈશ અને મહાન યોગીશ્વર મત્સ્યેન્દ્રનાથ બાર વર્ષો સુધી તને પતિસુખ આપશે, અને તેનાથી તને એક પુત્રની પ્રાપ્તિ થશે. બાર વર્ષના અંતે તને સ્વર્ગનું સુખ ફરી પ્રાપ્ત થશે.'

મેનાકિનીએ કહ્યું : 'ત્રિયારાજમાં કોઈ પુરુષને દાખલ થવા દેવામાં આવતો નથી, તો પતિસુખ અને પુત્રપ્રાપ્તિ કઈ રીતે શકય બનશે ?'

દેવે કહ્યું : 'વાયુપુત્ર હનુમાન ત્યાં જઈ 'હૂપાહૂપ'ની ગર્જના કરે છે અને ઊર્ધ્વરેતા હનુમાનના હૂપકારથી ત્યાં સ્ત્રીઓ ગર્ભ ધારણ કરે છે. બાળકનો ગર્ભ રહે તો તે સ્રવી જાય છે અને કન્યાનો હોય તો તે બાળારૂપે જન્મે છે. મત્સ્યેન્દ્રનાથ અને હનુમાન બંને પરમમિત્રો છે એટલે તારા માટે મત્સ્યેન્દ્રનાથની બધી વ્યવસ્થા હનુમાન કરી આપશે, અને તેના દ્વારા દાંપત્યસુખ પ્રાપ્ત થશે.'

દેવની સહાયથી સ્વર્ગની અપ્સરા ત્રિયારાજની મુખ્ય રાણી તિલોત્તમા બની ગઈ. હનુમાને તેના પરમમિત્ર મત્સ્યેન્દ્રનાથને તિલોત્તમા સાથે થોડાં વર્ષો માટે દાંપત્ય-સુખનો અનુભવ કરવા સમજાવ્યાં. બ્રહ્મચર્યને ખંડિત કરવા મત્સ્યેન્દ્રનાથ તૈયાર ન હતા, એટલે હનુમાને તેને સમજાવતાં કહ્યું : બ્રહ્મચર્ય મહાન સાધના છે એ સાચું, પણ સાધના જ્યારે પ્રદર્શનની વસ્તુ બની જાય ત્યારે આત્મવિકાસને બદલે આત્મઘાતરૂપ બની જાય છે. ભોગો પ્રત્યે તિરસ્કાર, ઘૃણા, સૂગ કે બંધનના ડરથી દૂર ભાગી બ્રહ્મચર્યનું પાલન કરવું એ પણ સાધકની એક પ્રકારની વિકૃત મનોદશા છે. કામભોગો સમભાવ અગર વિકારના કારણરૂપ નથી બની શકતા, પણ તેમાં જે મૂર્છા કરે છે, રાગદ્વેષ કરે છે તેનું અંતે પતન થાય છે. બ્રહ્મચર્ય જીવનનું સર્વોત્તમ તપ છે, ઉત્તમોત્તમ સાધના છે, પરન્તુ તેમ છતાં ભોગજીવનનો–દાંપત્યસુખનો અનુભવ કરવા છતાં, જે સાધક તેમાં મૂર્છિત નથી થતો–રાગદ્વેષને આધીન નથી થતો એ નૈષ્ઠિક બ્રહ્મચર્ય કરતાં પણ વધુ શ્રેષ્ઠ સાધના છે. ભોગથી અલિપ્ત રહી ભોગમાં રાગદ્વેષ ઉત્પન્ન ન થવા દેવા, તેમજ તેમાં મૂર્છા ન થવા દેવી, એ સાધનાની સરખામણીમાં ભોગોમાં રમણ કરવા છતાં અલિપ્ત રહેવાની તેમજ તેના બંધન અને ફાંસામાંથી વિમુક્ત રહી શકવાની સાધના વધુ કઠિન છે.'

હનુમાનની દલીલનો વિજય થયો, અને મત્સ્યેન્દ્રનાથે થોડાં વર્ષો માટે તિલોત્તમાની સાથે ગૃહસ્થાશ્રમ ભોગવવાનું કબૂલ કર્યું. દાંપત્યસુખના પરિણામે તિલોત્તમાને એક પુત્રરત્નની

પ્રાપ્તિ થઈ, અને બાળકનું નામ મીનનાથ રાખ્યું. ગૃહસ્થાશ્રમ ભોગવતાં છતાં મત્સ્યેન્દ્રનાથ તેની તમામ યૌગિક ક્રિયાઓ કરતા. એ વખતે તેમને વિચાર પણ આવતો કે આ કાદવમાંથી હવે નીકળી જવું જોઈએ, પણ તિલોત્તમાએ તેની આસપાસ એવી માયાજાળ પાથરી દીધી હતી કે તેનાથી તેમ કરવાનું શક્ય જ ન બને.

તિલોત્તમાનું સૌન્દર્ય અપૂર્વ હતું, અને તેનામાં નારીત્વની આદર્શવાદભરી પવિત્રતા પણ હતી. જેવી તેનામાં માદકતા હતી તેવી જ શીતળતા પણ હતી. મત્સ્યેન્દ્રનાથે તિલોત્તમામાં તેના આત્માને ડોલાવનાર એવી સૌન્દર્યની પ્રતિમા જોઈ, અને સ્વર્ગલોકમાં તેના હૃદયને ડોલાવનાર એવા દેવથી વંચિત રહેલી તિલોત્તમાને, સ્ત્રીના સ્ત્રીત્વની સફળતા મત્સ્યેન્દ્રનાથના પ્રેમ–પરિતૃપ્ત હૈયામાંથી મળી ગઈ. બંનેએ અરસપરસ એક બીજાના આત્માને ઓળખી લીધા. મત્સ્યેન્દ્રનાથ વાસનાના વિરોધી હતા અને તિલોત્તમા સાધનાની વિરોધી હતી, પરન્તુ પ્રેમદેવતાએ બંને ભિન્નભિન્ન અસ્તિત્વને એકરૂપ બનાવી દીધાં. યોગ, ભોગ અને ત્યાગમાં રહેલી શક્તિ કરતાં પ્રેમની શક્તિ વધી જાય છે. બંનેના સુખની કોઈ સીમા રહી નહીં. તિલોત્તમા સ્વર્ગના સુખને ભૂલી ગઈ અને મત્સ્યેન્દ્રનાથ સાધનાના આનંદને વીસરી ગયા. ભિન્નભિન્ન પ્રકારના બે રંગો એકઠા મળતાં તેમાંથી ત્રીજા પ્રકારનો જ રંગ ઉત્પન્ન થાય છે, તેવું જ કાંઈક તેઓના જીવનમાં બન્યું. મીનનાથના જન્મે એક બીજાની પકડ મજબૂત

બનાવી દીધી. દેવોને પણ ઈર્ષ્યા આવે તેવું સુખરૂપ જીવન બંને જીવતા હતા.

બહુ વર્ષો સુધી મત્સ્યેન્દ્રનાથ પાછા ન ફર્યા, એટલે ગોરક્ષનાથને ચટપટી થઈ. પુરુષવેશે તો ત્રિયારાજમાં જઈ શકાય એમ ન હતું તેથી યોગવિદ્યા દ્વારા સ્ત્રીરૂપ ધારણ કરી ત્રિયારાજની રજનર્તિકાની મંડળીમાં તેણે પ્રવેશ મેળવી લીધો. રાજનર્તિકાને તેની મૃદંગવાદન પદ્ધતિ બહુ ગમી, એટલે એક રાતે રાજભવનના નૃત્યસમારંભમાં તેને સાથે લઈ એ સમારંભમાં મત્સ્યેન્દ્રનાથ અને તિલોત્તમા સાથે બેઠા હતા. મૃદંગવાદન વખતે મૃદંગ પર 'સમ' ની થાપ પડે ત્યારે આખી સભા ડોલી ઊઠતી, પણ એ વખત મત્સ્યેન્દ્રનાથ એકદમ અસ્વસ્થ થઈ જતા; કારણ કે મૃદંગમાંથી તેને 'ચેત મછંદર ગોરખ આયા! ચેત મછંદર ગોરખ આયા!'નો ધ્વનિ સંભળાતો હતો. મત્સ્યેન્દ્રનાથની અસ્વસ્થતાની વાત ચતુર તિલોત્તમાથી છૂપી ન રહી શકી, એટલે તેનું કારણ પૂછતાં મત્સ્યેન્દ્રનાથે તેના કાનમાં કહ્યું : 'આ સભામાં કોઈક સ્થળે મારો શિષ્ય ગોરક્ષનાથ હોવો જોઈએ, કારણ કે મને તેનો સ્પષ્ટ અવાજ સંભળાય છે.

ગોરક્ષનાથ આવ્યાની વાત સાંભળી તિલોત્તમા કંપી ઊઠી, કારણ કે ગોરક્ષનાથની યોગશક્તિ, બ્રહ્મચર્યસાધના અને ગુરુભક્તિ વિષે તે બધું જાણતી હતી. તિલોત્તમા અત્યંત વ્યવહારકુશળ, ચાલાક, બુદ્ધિશાળી અને સમયને સમજનારી સ્ત્રી હતી. કયા સમયે કેમ વર્તવું એનું જેને જ્ઞાન હોય,

તેને સંસારરૂપી સમુદ્ર પાર કરવામાં હરકત આવતી નથી. નૃત્યસમારંભ-મંડળીમાં પ્રથમ વખત જ રાજભવનમાં નવી આવેલી બાઈને ત્યાં રાખીને, તિલોત્તમાએ અન્ય સૌને જવા માટે રજા આપી દીધી. બધાં જ ચાલી ગયાં, એટલે મૃદંગ વાદન કરનારી સ્ત્રી સામે જોઈ મત્સ્યેન્દ્રનાથને તેણે કહ્યું: 'પ્રાણનાથ! આ તમારા પ્રિય શિષ્ય ગોરક્ષનાથ. આજ સુધી હું એક પુત્રની માતા હતી, હવે આજથી હું બે પુત્રોની માતા બની ગઈ!'

તિલોત્તમાની વાત સાંભળી ગોરક્ષનાથ હસી પડયા અને પોતાનું અસલ સ્વરૂપ ધારણ કરી ઊભા થઈ ગુરુદેવના ચરણે પડયા, અને પછી ગુરુપત્નીને ભાવપૂર્વક વંદન કર્યું.

ગુરુ અને શિષ્ય જ્યારે એકાન્તમાં મળ્યા ત્યારે ગળગળા બની જઈ ગોરક્ષનાથે કહ્યું: 'ગુરુદેવ! તમે આવા સમર્થ મહાન સિદ્ધયોગી! તમારી કીર્તિ અને શક્તિનાં ચારે તરફ ગુણગાન અને પ્રશંસા થાય, ત્યારે અહીં તમારી આ સ્થિતિ! કામીમાંથી યોગી બની ગયાના જગતમાં અનેક દાખલાઓ છે, પણ તમારા જેવા સિદ્ધયોગી કામી બની ગયા હોય તેવો કિસ્સો હજુ સુધી સાંભળ્યો નથી. સ્થાનભ્રષ્ટ થયેલી આ શાપિત નારીએ તમને પણ તમારા માર્ગેથી ચ્યૂત કર્યા! ખરેખર! જ્ઞાની અને યોગીને પણ સંગનો રંગ લાગ્યા વિના રહેતો નથી.'

મત્સ્યેન્દ્રનાથે ખિન્ન સ્વરે શિષ્યને આશ્વાસન આપતાં કહ્યું: 'ગોરક્ષનાથ! તિલોત્તમા સાથે ગૃહસ્થાશ્રમ શરૂ કરતી વખતે તો મારો ઈરાદો તેને તપ, સંયમ અને સાધનાને

માર્ગે લઇ જવાનો હતો. મારે તેને એક આદર્શ અને તપસ્વી નારી બનાવી તારવી હતી, પણ તેમ કરવા જતાં હું પોતે જ ડૂબી ગયો. તેના સાંનિધ્યમાં હું પરાવલંબી અને પરવશ બની ગયો, અને સંયમમાંથી ચ્યૂત થઈ ભોગવિલાસને વશ થઈ ગયો. મારું જ્ઞાન, મારું ધ્યાન, મારાં તપ અને સંયમ બધું જ સ્વપ્ન બની ગયું. પછી તો મને એ બધું ભ્રમરૂપ લાગવા માંડયું અને તિલોત્તમાના સહવાસમાં જ ભવ્ય સાધના અને અપૂર્વ આરાધના દેખાવા લાગી. તિલોત્તમા સાથેનું જીવન એ જ સત્ય છે, અને યોગસાધના એ ભ્રમ છે એવું કોઈ વાર લાગે, તો વળી કોઈક વખત ભોગવિલાસો ઢોંગ અને પોકળ છે એમ પણ મનમાં થઈ આવે. પણ જીવનમાં તમામ અનુભવોને અંતે એ વાતની મને ખાતરી થઈ છે કે, અમુક અપેક્ષાએ ભોગ અને યોગ તેના સ્થાને યોગ્ય છે. બંનેમાંથી કોઈ એકનો સદંતર ત્યાગ અગર અતિરેક એ મિથ્યા છે. માનવી પોતે પોતાની કસોટી કરી જે માર્ગને યોગ્ય હોય તે માર્ગ અપનાવે, અને તે જ તેના માટે ઉત્તમોત્તમ જીવનસાધના છે. તિલોત્તમા પાછળ હું ઘેલો થઈ ગયો છું એટલે નહિ, પણ તેને અન્યાય ન થાય એ માટે મારે કહેવું જોઈએ કે તેણે મને કેદી નથી બનાવ્યો, પરન્તુ મેં જ એને મારી જાતને કેદ કરવા ફરજ પાડી. મીનનાથના પિતા થવાની મારી તૈયારી ન હોત તો તિલોત્તમા તેની માતા ન જ બની શકી હોત; તો પછી એનો દોષ જોવાનો અર્થ શું છે? આમ છતાં અહીંથી હું તારી સાથે જ આવવાનો છું, પણ અહીંથી છૂટવું એ મહાયોગની

કોઈ પણ સાધના કરતાં વધુ કઠિન કાર્ય છે. પરન્તુ ઉતાવળ કર્યા સિવાય શાંતિ રાખીશ, તો આપણું ધ્યેય સિદ્ધ થશે.'

મત્સ્યેન્દ્રનાથની વાત સાંભળી ગોરક્ષનાથને આ સંસાર કરોળિયાની જાળ જેવો લાગ્યો. કરોળિયો પોતાના જ સુખ અર્થે જાળની રચના કરે, અને અંતે તેમાં પોતે જ કેદી બની જાય છે. આમ છતાં પુરુષના ચિત્ત ઉપર પડતા સ્ત્રીના પ્રભાવની અસર તેમજ તેની શક્તિ અને ભક્તિની બાબતમાં તે પ્રભાવિત થયા વિના ન રહી શકયો.

તિલોત્તમા ભારે ચતુર અને કાબેલ હતી. પ્રકૃતિથી જ સ્ત્રી અગમચેત હોય છે, એટલે ગોરક્ષનાથ આવતાં તે તરત જ પામી ગઈ કે, આ વિભૂતિને લલચાવી જો સંસારનાં ભોગસુખોના માર્ગે લઈ જઈ શકાય તો જ મત્સ્યેન્દ્રનાથ સાથેનો તેનો સુખી સંસાર ટકી શકશે. આમ શકય ન બને તો શિષ્ય પોતાના ગુરુને વહેલો મોડો અહીંથી લઈ ગયા વિના નહિ રહે. ભોગના વમળમાં પડયા પછી તેમાંથી મુક્ત થઈ ત્યાગના પંથે જવું એ સહજ શકય નથી બની શકતું, એ જાણવા છતાં યોગના માર્ગેથી મત્સ્યેન્દ્રનાથને તેણે ભોગના માર્ગે ખેંચ્યો છે, એ હકીકત તેના ખ્યાલ બહાર ન હતી.

તિલોત્તમા તો ત્રિયારાજની સર્વ સત્તાધીશ હતી, એટલે કોઈ પણ પ્રકારની વ્યૂહરચના તે કરી શકે તેમ હતી. ગોરક્ષનાથને લલચાવવા તેણે રાજનર્તકી કલિંગાને તૈયાર કરી અને કહ્યું : ' કલિંગા ! મદમાતી નદીનું સ્થાન જેમ સાગરના

પેટાળમાં હોય છે, તેમ તારા જેવી નારીનું સ્થાન ગોરક્ષનાથ જેવી વિભૂતિના હૃદયમાં હોવું જોઈએ. મત્સ્યેન્દ્રનાથ પર જે રીતે મેં વિજય મેળવ્યો, તે જ રીતે ગોરક્ષનાથ પર તારે વિજય મેળવવાનો છે. નારી માટે જગતમાં કોઈ પણ વસ્તુ અપ્રાપ્ય નથી. આમ છતાં તારે લક્ષમાં રાખવાનું છે કે ગોરક્ષનાથ નૈષ્ઠિક બ્રહ્મચારી છે અને જગતની કોઈ પણ નારી તેની પર આજ સુધી કામણ કરવા શક્તિમાન થઈ નથી. બ્રહ્મચર્ય એ મહાન ઉપાસના છે અને તપસ્વીઓને લાંબા ગાળાના ઉપવાસો પછી બહુ સંભાળપૂર્વક જેમ ખોરાક પર ચડાવવા પડે છે, તેમ બ્રહ્મચારીઓને ભોગના માર્ગે વાળતાં અત્યંત સંભાળ અને ભારે ધીરજ રાખવાં પડે છે તારા જેવી નર્તકી જ આ કામ સફળતાપૂર્વક પાર પાડી શકે, સામાન્ય નારીનો આમાં ગજ ન વાગે.'

બીજી બાજુ ગોરક્ષનાથ કેમ જાણે તેના પ્રથમ ખોળાનો જ પુત્ર હોય તેમ તિલોત્તમા તેની સાથે વર્તાવ રાખતી. જે પદાર્થોનો સ્વાદ ગોરક્ષનાથે જીવનમાં કદી ન લીધેલો, તેવી ભાતભાતની વાનીઓ તેના અર્થે રસોડામાં તૈયાર થવા લાગી. માણુસને પતનના માર્ગે ઘસડવા માટે તેની સ્વાદેન્દ્રિયને ચટકો લગાડવો એ સૌથી સહેલો રસ્તો છે. ગૃહસ્થાશ્રમમાં રસોડા વિભાગના તમામ હક્કો કદાચ એટલા માટે જ સ્ત્રીજાતિએ પોતાને સ્વાધીન રાખ્યા છે.

ગોરક્ષનાથના રાજભવનમાં આવ્યા પછી કલિંગા પણ તિલોત્તમાની સાથે જ રહેવા આવી ગઈ. તેનું શરીર સુંદર હતું તેમજ તેનો કંઠ કોમળ અને મધુર હતો. નૃત્ય તથા

સંગીતની કળામાં તે અત્યંત પ્રવીણ હતી. રાજભવનમાં ગોરક્ષનાથનું સાંનિધ્ય સાધવા તે મથતી, પણ તેઓ બંને ભેગા થતાં ત્યારે ગોરક્ષનાથ પોતાના હાથ જોડી માત્ર તેને વંદન કરતો. વંદનથી આગળ વાત કદી જતી નહીં. ચાર આંખોનો સેતુ રચવા કલિંગા મથતી, પણ ગોરક્ષનાથ ઊંચી આંખે કદી કોઈ સ્ત્રી સામે દૃષ્ટિ જ ન કરતા, પછી સેતુ ક્યાંથી રચાય? હમેશાં નવા નવા શણગાર અને આભૂષણો સજી કલિંગા ગોરક્ષનાથને મોહ પમાડવા પ્રયત્ન કરતી, પણ તે તો આ નારીની યૌવનસભર કાયાને કાષ્ઠની એક પૂતળી સમાન જોતો. કલિંગાએ તેની મુશ્કેલીની વાત એક દિવસે તિલોત્તમાને કહી એટલે તેણે કહ્યું: 'મત્સ્યેન્દ્રનાથ અને ગોરક્ષનાથના જન્મ આ અવનિ પર સ્ત્રી-પુરુષના કામજન્ય ભોગના કારણે નથી થયા. તેથી કામ અને વાસનાનાં બીજ તેમનામાં ઉત્પન્ન કરાવવાં એ તો પથ્થરની મૂર્તિમાં પ્રાણ મૂકવા જેવું મુશ્કેલ કાર્ય છે પણ તેમ છતાં એક વાત યાદ રાખજે-પુરુષમાં એક પ્રકારની નબળાઈ રહેલી જ છે. સ્ત્રી તેને એક જ વાર પકડી શકે, માત્ર એક જ વાર પુરુષને ચંચળ બનાવી શકે, તો ભમરો જેમ કમળની પાંખડીમાં પુરાઈને જ મરવાનું પસંદ કરે છે, તેમ પુરુષ પણ સ્ત્રીરૂપી કેદખાનામાં જ મરવામાં પોતાનું અહોભાગ્ય માનતો થઈ જાય છે.'

એક વખત તિલોત્તમા શર્કરા, બદામ, પીસ્તાં અને કેશરવાળું દૂધ ગોરક્ષનાથને આપતાં બોલી: 'બ્રહ્મચારીના ભાગ્યમાં આવું દૂધ હોતું નથી, માત્ર સંસારીઓ જ આવા

દૂધને પામી શકે. બ્રહ્મચારી અને સંસારી વચ્ચે પણ સાદા અને મસાલાદાર દૂધના જેવો તફાવત છે. સંસારીને મસાલાવાળા દૂધમાંના સ્વાદિષ્ટ પદાર્થો માફક પત્ની, પુત્રો, પુત્રીઓ હોય છે, અને જીવન ભર્યું ભર્યું લાગે છે. તમે બ્રહ્મચારીઓ સાદા દૂધ જેવા નીરસ, એટલે અન્યને આનંદ પમાડી શકો નહીં. કુદરતનો નિયમ એવો છે કે જે અન્યને આનંદ ન આપી શકે, તેને પોતાને પણ આનંદ પ્રાપ્ત ન થઈ શકે. તેથી તો બ્રહ્મા, વિષ્ણુ અને શંકર જેવા મહાન દેવોને પણ સાવિત્રી, લક્ષ્મી અને પાર્વતી જેવી પત્નીઓ હતી. આ ઉપરથી એમ નથી લાગતું કે સાધનાની દૃષ્ટિએ જેમ બ્રહ્મચર્ય ઉત્તમ છે, તેમ પ્રમાણસર લગ્નસુખ ભોગવવામાં પણ કશું ખોટું નથી!'

તિલોત્તમાની વાત સાંભળી ગોરક્ષનાથ હસીને બોલ્યાઃ 'માતા! બ્રહ્મા, વિષ્ણુ અને શંકરના જીવન-અનુભવ પરથી તો માનવજાતે બહુ શીખવાનું છે. આ ત્રણે દેવોએ લગ્ન કર્યાં, પણ લગ્નજીવનના અનુભવના અંતે કંટાળી જઈ મહાસતી અનુસૂયાની કૂખે જન્મ લઈ દત્તાત્રેય તરીકે પ્રસિદ્ધ થયા. ભોગ એ રોગનું એક સ્વરૂપ છે, એટલે રોગીજનો લગ્નસુખ ભલે ભોગવે, પણ એમાં રોગની શાંતિ થવાને બદલે ઊલટી અશાંતિ જ વધતી જાય છે. રોગની શાંતિ ભોગમાંથી મુક્તિના કારણે થાય છે–ભોગની પ્રાપ્તિદ્વારા નહીં.' મત્સ્યેન્દ્રનાથ પણ આ વાર્તાલાપ વખતે હાજર હતા, એટલે આ ચર્ચા લંબાવવાને બદલે શાણી તિલોત્તમા ચુપ થઈ ગઈ.

થોડા દિવસો બાદ મત્સ્યેન્દ્રનાથે તિલોત્તમાની પાસે ગોરક્ષનાથ સાથે જવાની રજા માગી ત્યારે તે વાત સાંભળી તેના શોકનો પાર ન રહ્યો. કરુણભાવે રડતાં રડતાં તિલોત્તમાએ કહ્યું: 'પાણી (તિલોત્તમા) સાથે એક થઈ ગયેલા દૂધ(મત્સ્યેન્દ્રનાથ)ને હંસ (ગોરક્ષનાથ) પી જવા આવ્યો છે, એ હું જાણું છું. પરન્તુ તમારી સાથે તો મીનનાથ પણ આવશે, પછી મારે કોના આધારે જીવન જીવવું?'

મત્સ્યેન્દ્રનાથે તેના મનનું સમાધાન કરતાં કહ્યું: 'તિલોત્તમા! આપણા મિલનની પ્રથમ રાતે ભોગના પાઠો મારે તારી પાસેથી શીખવા, અને યોગના પાઠો મારે તને શીખવવા એમ નક્કી કર્યું હતું. ભોગનો પ્રથમ પાઠ તારી પાસેથી શીખ્યા બાદ, મેં તને કહ્યું હતું કે જે ભોગમાં માનવને સુખનો અનુભવ થાય છે, તે સુખના દૃઢ સંસ્કારો તેના હૃદય પર કાબૂ મેળવતા જાય છે, અને પછી એવા સંસ્કાર દ્વારા રાગ ઉત્પન્ન થાય છે. ભોગકાલમાં સ્થૂલ દૃષ્ટિએ સુખરૂપ ભાસતા ભોગ–વૈભવના પરિણામે બલ, વીર્ય, તેજ અને સ્મૃતિનો હ્રાસ થાય છે અને આ વસ્તુ તો આપણે પ્રત્યક્ષ અનુભવી. હવે યોગશાસ્ત્ર કહે છે કે ભોગો સદાકાળ માટે ટકી શકે એમ તો નથી જ. ભોગો આપણને છોડી જાય છે, અગર કાળના બળને વશ થઈ આપણે તેને છોડી દેવા પડે છે પણ એવા પ્રસંગે ભોગના કારણે ઉત્પન્ન થયેલો રાગ, આપણાં દુઃખ, સંતાપ અને કલેશનું કારણ બને છે. આપણા વચ્ચેનો વિયોગ જેમ તને દુઃખરૂપ લાગે છે તેમ મને પણ લાગે છે, પણ તેનું કારણ ભોગના દૃઢ સંસ્કારો દ્વારા ઉત્પન્ન

થયેલો રાગ છે. રાગ એ જ દુઃખ છે, રાગ એ જ બંધન છે, રાગ એ જ સંસાર છે અને રાગ એ જ સંસારનો મહારોગ છે. विद्याफलं स्यात् असतो निवृत्तिः—અસત્‌માંથી નિવૃત્તિ અથવા સત્‌માં પ્રવૃત્તિ એ જ વિદ્યાનું ફળ છે.'

તિલોત્તમા પાસે આ સત્ય સામે કોઈ દલીલ ન હતી. બીજી બાજુ તમામ પ્રયત્નો કરવા છતાં કલિંગાને ગોરક્ષનાથનું મન વિચલિત કરવામાં અંશતઃ પણ સફળતા ન મળી. અંતે ગુરુ અને શિષ્યના પ્રયાણનો દિવસ મુકરર થયો. સૌથી છેલ્લે તિલોત્તમાએ ગોરક્ષનાથને રોકી રાખવા એક આખરી યુક્તિ રચી: પ્રયાણના આગલા દિવસની રાતે ગોરક્ષનાથના શયનગૃહમાં તિલોત્તમાએ કલિંગાનો એક અલૌકિક નૃત્ય-સમારંભ ગોઠવ્યો. વિદાય વખતે નારાજ ન કરવાની ખાતર, ગોરક્ષનાથે એ સમારંભ જોવા માટે સંમતિ આપી.

કલિંગાના જીવનનું એ સૌથી શ્રેષ્ઠ નૃત્ય હતું. તેના કોમળ નૂપુરોએ સમ પર તાલ દીધો અને નૃત્ય શરૂ થયું. કલિંગા જે સ્થળે સરતી ત્યાં વિદ્યુત્‌ની જેમ ચમકતી. મૃદંગના તાલ વાતાવરણને મધુર બનાવી દેતા હતા. આગળથી કરેલી વ્યવસ્થા મુજબ નૃત્યસમારંભમાંથી એક પછી એક એમ સૌ ખસી ગયાં, અને માત્ર નૃત્ય કરનારી કલિંગા અને નૃત્યદ્રષ્ટા ગોરક્ષનાથ બંને જ રહ્યાં. નૃત્યનો છેલ્લો તબક્કો શરૂ થયો જેમાં ખૂબી એ હતી કે નૃત્ય કરતાં કરતાં દેહ ઉપરથી એક પછી એક વસ્ત્ર આપોઆપ અલગ થતું જાય. એ નૃત્યની પૂર્ણાહુતિ વખતે કલિંગા દિગમ્બર બની ગઈ.

નિર્વિકલ્પ અને નિર્વિકાર દૃષ્ટિએ ગોરક્ષનાથ એ દૃશ્ય જોઈ રહ્યા હતા. ગોરક્ષનાથની દૃષ્ટિને સમજવામાં કલિંગા ભૂલી, અને ઉમંગપૂર્વક એ સ્થિતિમાં ગોરક્ષનાથના ચરણોને સ્પર્શ કરવા દોડી. પણ ત્યાં તો તરત જ ગોરક્ષનાથે ઊભા થઈ તેને વંદન કરતાં કહ્યું: 'માતા! તમે પુત્રના ચરણને સ્પર્શ કરો એ ન્યાય, નીતિ અને ધર્મવિરુદ્ધ છે. માતાની કૂખમાં રહેવાનું ભાગ્ય મને પ્રાપ્ત નથી થયું, પણ સ્ત્રીમાં વ્યાપ્ત થઈને રહેલું માતૃસ્વરૂપ મેં આજે તમારામાં જોયું અને હું ધન્ય બની ગયો! અહીં તો મને બે માતાઓ પ્રાપ્ત થઈ એક તિલોત્તમા અને બીજાં તમે.' આમ કહી નીચા નમી ગોરક્ષનાથે પોતાના બંને હસ્ત વડે કલિંગાની ચરણ-રજ લઈ પોતાના મસ્તકે ચડાવી.

કલિંગાના ક્ષોભનો પાર ન રહ્યો. તેણે તરત જ દેહ પર વસ્ત્ર ધારણ કરી લીધાં. તેના જીવનનો એ ઘોર પરાજય હતો, પણ એ પરાજયમાં તેણે જે ગુમાવ્યું તેનાથી અનેક-ગણું વધારે પ્રાપ્ત કરી લીધું. તેના જીવનનું એ અંતિમ નૃત્ય બની ગયું. પછી તો એ સાધ્વી જેવી થઈ ગઈ. કોઈ ખરાબ વિચાર મનમાં આવતો કે તેનું આંતર મન પોકારી ઊઠતું કે, 'તું તો ગોરક્ષનાથની માતા! તારાથી આવો વિચાર જ ન થઈ શકે.'

નૃત્ય પૂરું થતાં તિલોત્તમા ત્યાં આવી અને જે બન્યું તે બધું વગર કહ્યે તેણે જાણી લીધું. તિલોત્તમાનો છેલ્લો વ્યૂહ નિષ્ફળ થયો હતો, પણ એવા વ્યૂહના કારણે ગોરક્ષ-નાથનો પુણ્યપ્રકોપ જાગી ઊઠયો. તેનાં ચક્ષુમાં બળતા

અંગારા દેખાઈ આવતા હતા, પણ તેમ છતાં ક્રોધ પર કાબૂ રાખી તેણે તિલોત્તમાને કહ્યું: 'માતા! દરેકે દરેક સ્ત્રીમાં માતૃસ્વરૂપ રહેલું હોય છે, અને તેથી આ જગતમાં સ્ત્રી સદાકાળ માટે વંદનીય છે. આ સંસારમાં અપવાદ સિવાય તમામ પુરુષોનો જન્મ માતાની કૂખ દ્વારા થાય છે. જે નારીના પેટે માનવ જન્મ લે, એ જ નારી સાથે માનવ ભોગ ભોગવે, એમાં પશુતા સિવાય બીજું શું છે? જન્મ આપનારી અને ભોગો ભોગવતી સ્ત્રી ભિન્નભિન્ન હોવા છતાં એના સ્વરૂપમાં ભેદ ક્યાં છે? તમે જ કલિંગાને શણગારી, તમે જ તેને આવા નૃત્ય માટે તૈયાર કરી, તમારા જ પુત્રને ભોગના પંથે ધકેલવા અન્ય સ્ત્રી પર આવો અત્યાચાર કરતાં તમારા હૃદયને કાંઈ જ ન થયું? સ્ત્રી પોતે જ સ્ત્રીની આવી શરમજનક અવહેલના કરી શકે? તમે ત્રિયારાજનાં મહારાણી, તમે દેવલોકની શાપિત અપ્સરા, તમે મારા ગુરુદેવની અર્ધાંગના એટલે મારા માટે માતા સ્વરૂપ–અને આમ છતાં મારી જાતને તમારા પુત્ર તરીકે ઓળખાવતાં આજે શરમથી હું માથું ઊંચું કરી શકતો નથી.'

ગોરક્ષનાથની વાત સાંભળી તિલોત્તમાને શરમ અને લજ્જા ઉત્પન્ન થયાં. મત્સ્યેન્દ્રનાથના વિયોગને કારણે થતા આઘાતની વાત સમજાવતાં તેણે કહ્યું: 'ગોરક્ષનાથ! એક નારીના માટે પતિનો વિયોગ કેવાં દુઃખ અને વેદના ઉપજાવે છે, તે વાત માત્ર નારી જ સમજી શકે. સ્ત્રીના માટે પ્રેમ એ જ એનું સર્વસ્વ છે, અને તે બધું સહન કરી શકે પણ

પ્રેમભંગનું દુઃખ તેનાથી સહન નથી થઈ શકતું. અમારું સંસારી જીવન અખંડ રીતે જળવાઈ રહે તે ઉદ્દેશથી જ તમને ગૃહસ્થાશ્રમી બનાવવા માટે આ યોજના કરવી પડી, પણ તેમાં મારી હાર થઈ અને તમારી જીત. જેને આપણે આપણું સર્વસ્વ માનતાં હોઈએ, તેનો પણ એક દિવસે ત્યાગ કરવો પડે છે એ વાત હવે મને સમજાય છે, પણ સંસારસુખમાં ઓતપ્રોત થયેલી એક નારીના મનને આ દરજ્જે તૈયાર કરવાનું કામ અત્યંત કઠિન છે.'

બીજા દિવસે ત્રણે યોગીઓની ત્રિપુટી રાજભવનમાંથી જંગલના માર્ગે જવા ચાલી નીકળી. સૌથી મોખરે મત્સ્યેન્દ્રનાથ હતા, તેની પાછળ ગોરક્ષનાથ અને સૌથી છેલ્લે મીનનાથ ચાલી રહ્યા હતા.

તિલોત્તમા આ દૃશ્ય ન જોઈ શકી. મત્સ્યેન્દ્રનાથ તેના જીવનના સર્વસ્વરૂપ હતા, અને મીનનાથ તો તેના દેહના જ એક ભાગરૂપ હતો. એ બંને જેવા દૃષ્ટિથી દૂર થયા કે તરત જ તે મૂર્છિત થઈ ગઈ. એ જ સમયે શાપના સમયની અવધિ પૂરી થતાં જે દેવે તેને શાપ આપ્યો હતો, તે ત્યાં આવી પહોંચ્યો અને અને તિલોત્તમાને મૂર્છામાંથી જાગ્રત કરી કહ્યું : ' તમે તિલોત્તમા નથી પણ સ્વર્ગની અપ્સરા મેનાકિની છો. તમે જે જોયું, અનુભવ્યું અને ભોગવ્યુ તે તો માત્ર એક પ્રકારના સ્વપ્નરૂપ હતું. અહીં કોઈ સ્ત્રી નથી, કોઈ પુરુષ નથી, કોઈ ભોક્તા નથી, કોઈ ભોગ્ય નથી, કોઈ યોગી નથી, કોઈ ભોગી નથી—આ બધું તો માત્ર એક

પ્રકારનો ભ્રમ છે. માનવને જીવનનું સત્ય સમજાવવા અર્થે કુદરતે આ જગત અને સંસારરૂપી ઇન્દ્રજાળ ઊભી કરી, પણ માનવજાતની એ ભારે કરુણતા છે કે માનવો એ ઇન્દ્રજાળને જ સત્ય સમજી લઈ તે દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરવાને બદલે માત્ર દુઃખ વહોરી લે છે.'

ગંભીર અને કરુણાર્દ્રભાવે તિલોત્તમાએ કહ્યું : 'દેવલોક, દાનવલોક, માનવલોક અને સમસ્ત બ્રહ્માંડ એક પ્રકારની માયા–ઇન્દ્રજાળ છે એમ સમજાતાં છતાં, ત્યાં થતા અનુભવોના કારણે માનવીમાં ઉત્પન્ન થતાં આંદોલનો, સંવેદનો અને સંઘર્ષણોની જે અસર માનવમન પર થાય છે, તેમાંથી મુક્ત બનવાનું ભારે કઠિન છે. બહારના યુદ્ધ કરતાં માનવીના મનની લાગણીઓનું આંતર યુદ્ધ અત્યંત ભીષણ અને ખતરનાક હોય છે. મેં જે જોયું, અનુભવ્યું અને ભોગવ્યું એ બધું જ તરકટ–ઇન્દ્રજળ છે–આ હકીકત સત્ય હોવા છતાં એના કારણે જે આઘાત અનુભવાય છે, તે એટલો તો અસહ્ય છે કે મારું હૃદય કેમ બંધ નથી પડી જતું એ જ હું સમજી શકતી નથી. બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે–આ જગત્ તથા સંસાર બધું જ સ્વપ્ન સમાન છે. પણ તેમ છતાં આવા સ્વપ્નના જોનારના દિલને જે વ્યથા, આઘાત, યાતના, પીડા અને દુઃખ થાય છે, તે દૂર કરવાનો શું કોઈ ઉપાય જ નથી? સહેવું એ જ શું માત્ર જીવનનો અર્થ હશે? કુદરતના ક્રમ અને નિયમ શું આવા જ હશે!'

તિલોત્તમાને ગોરક્ષનાથનો રાજભવનમાં પ્રથમ વખતે આવવાનો પ્રસંગ યાદ આવ્યો. એ વખતે મૃદંગ–વાદનમાંથી

જેમ 'ચેત મછંદર ગોરખ આયા!' નો અવાજ સંભળાયો હતો, તેમ આ વખતે તેના કાને ગોરક્ષનાથનો અદૃશ્ય અવાજ સંભળાયો : 'જીવનનો કલહ છે જીવનના સ્વાર્થનો!' ગોરક્ષનાથની આવી વાણી કાને પડતાં તિલોત્તમાને ગભરામણ થઈ. પણ ત્યાં તો એના કાને મત્સ્યેન્દ્રનાથના શબ્દો પડયા : 'બ્રહ્મ સિવાય બધું જ મિથ્યા છે, તિલોત્તમા! આ સત્યને ગ્રહણ કરી લે: એટલે જીવનના કલહને બદલે જીવનનો આનંદ પ્રાપ્ત થશે.'

બીજે દિવસે તો પેલા દેવની સાથે તિલોત્તમા દેવલોક તરફ ચાલી ગઈ.

# ૨૩. સ્ત્રી અને પુરુષ

એક વખત બૌદ્ધધર્મના મહાન આચાર્ય ઉપગુપ્ત પોતાના શિષ્યપરિવાર સાથે જેતવન ઉદ્યાનમાં અનાથપિંડિક વિહારમાં ચોમાસુ રહ્યા હતા. તેનો મુખ્ય શિષ્ય દેવદત્ત પણ તેમની સાથે હતો. દેવદત્તની કાંતિ અપૂર્વ હતી અને તેની ગણના મહાજ્ઞાનીમાં થતી. નાની વયે જ તેણે ભિક્ષુધર્મ અંગીકાર કર્યો હતો અને ઉપગુપ્તને તેના પ્રત્યે અપાર મમતા હતી. તે ભારે સંયમી હતો અને તેનું કડક બ્રહ્મચર્યપાલન સંઘના ભિક્ષુઓ માટે માર્ગદર્શન રૂપ ગણાતું.

આચાર્ય ઉપગુપ્ત છેલ્લા કેટલાક દિવસોથી ભિક્ષુઓને બ્રહ્મચર્યમીમાંસા સમજાવતા હતા. એ વિષય પૂરો થતાં તેની સમીક્ષા કરતાં છેલ્લે કહ્યું : 'પ્રયત્નશીલ અને વિચારવંત માનવીની ઇંદ્રિયો પણ પેલી બાજુ જોર કરીને તેના મનને જ ઘસડી જાય છે. મનુ ભગવાન તો ત્યાં સુધી કહે છે કે, માણસે મા, બહેન અને દીકરી—એમની બાબતમાં પણ સાવધ રહેવું. કારણ, ઇંદ્રિયો બળવાન અને જોરાવર હોય છે, તેથી ભલભલા સાધકો, ભિક્ષુઓ અને જ્ઞાનીઓને પણ પાપના માર્ગે ખેંચી જાય છે. આ બાબતમાં માણસે પોતાની જાત પર વધારે પડતો ખોટો ભરોસો કદી પણ રાખવો નહીં.'

ભિક્ષુઓ એકચિત્તે આચાર્યની મધુર વાણી સાંભળી રહ્યા હતા તેવામાં દેવદત્તે ઊભા થઈ પૂછ્યું : 'ભદંત! જો

આમ માનવામાં આવે તો જ્ઞાન અને અજ્ઞાનનો શંભુમેળો જ થયો કહેવાયને ? અંધકાર હોય તો ત્યાં પ્રકાશ ન હોય, તેમ પ્રકાશ હોય ત્યાં અંધકાર પણ ન સંભવે, તો પછી જ્ઞાન હોવા છતાં એવા જ્ઞાનીને પણ ઇંદ્રિયો ખોટા માર્ગે કેમ લઈ જઈ શકે ?'

આચાર્યે જવાબ આપતાં કહ્યું : 'દેવદત્ત ! ઈંદ્રિયોનો સ્વભાવ જ એવો છે કે તેને વિષયોથી અળગી કર્યા પછી પણ તે કાયમ માટે તેની હાર સ્વીકારી ચુપ બેસી રહી શકતી નથી. જે વાત મનુએ કહી છે, એ વાત ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કહેતાં કહ્યું છે કે, ' યત્ન કરતાં પંડિત પુરુષની પણ મથી નાખવાના સ્વભાવવાળી પ્રમાથી ઇંદ્રિયો, બળાત્કારે મનને અવળે માર્ગે ખેંચી જાય છે.' આ જ રીતે ભગવાન તથાગતે પણ સ્પષ્ટ કહ્યું છે કે, 'સૌંદર્યમુગ્ધ મનુષ્યનું હૃદય અંધ બને છે અને તેનું ચિત્ત ભ્રમિત થાય છે.' આ જ રીતે ભગવાન મહાવીરે તપસ્વી શ્રમણોને સ્ત્રીસંગથી દૂર રહેવા માટે સ્પષ્ટ આજ્ઞા આપતાં કહ્યું છે કે, 'મન, વચન અને કાયા એ ત્રણેનો સંયમ રાખનાર સમર્થ મુનિ, જેને સુંદર વેષભૂષાવાળી દેવાંગનાઓ પણ ચલાયમાન કરવા સમર્થ નથી, એવા મુનિને પણ એકાંતવાસ જ પરમ હિતકારી અને પ્રશસ્ત છે.' એનો અર્થ એ થયો કે આવા સમર્થ મુનિરાજે પણ સ્ત્રીસંગથી દૂર રહેવું જરૂરી છે, તો પછી અન્ય માનવની તો વાત જ શી?'

આચાર્યની દલીલ સાંભળી જરા આવેશમાં આવી જઈ દેવદત્તે કહ્યું : 'ભદંત ! જ્ઞાની માણસ પણ સંયમયુક્ત આચરણ ન રાખી શકતો હોય, અને બુદ્ધિ પણ તેને ઉન્માર્ગે-પાપના

રસ્તે ખેંચી જઈ શકતી હોય, તો તો જ્ઞાની–અજ્ઞાની અને પશુની બુદ્ધિ વચ્ચે ભેદ જ ક્યાં રહ્યો ?'

આચાર્યે શાંતિપૂર્વક જવાબ આપતાં કહ્યું : 'દેવદત્ત ! બુદ્ધિનાં કાર્ય અને શક્તિ બાબતમાં તારે જરા વધુ ઊંડા ઊતરવાની જરૂર છે. બુદ્ધિ તો માણસના મનના વિકારો પ્રમાણે પલટાઈ જાય છે. માણસની માનસિક કલ્પનાઓનો રંગ તેની બુદ્ધિ પર ચડે છે, એટલે એવી રંગાયેલી બુદ્ધિ સત્યાસત્યનો નિર્ણય કરી શકતી નથી. વાસણના પાણીમાં ભૂરો કે કાળો રંગ નાખીએ તો તેમાં જેમ આપણો પડછાયો દેખાતો નથી, તેમ વિકાર અને વાસનાથી વ્યગ્ર થતા ચિત્તને પણ પોતાના હિતાહિતનું ભાન રહી શકતું નથી.'

આમ છતાં દેવદત્તે પોતાની દલીલ ચાલુ રાખતાં કહ્યું : 'ભદંત ! વિકાર અને વાસના જ્ઞાનીના ચિત્તને વ્યગ્ર કઈ રીતે કરી શકે ? આ વાત જ હું સમજી શકતો નથી.'

દેવદત્તના મનની શંકાનું સમાધાન કરતાં આચાર્યે કહ્યું : 'દેવદત્ત! આ જગતના એકે એક માનવના શરીરની ઉત્પત્તિના મૂળમાં વિકાર અને વાસના રહેલાં જ છે, અને તેથી પ્રકૃતિના નિયમ પ્રમાણે મન અને ઇંદ્રિયોની સહજ પ્રવૃત્તિ સ્વસુખરત અને ભોગાભિલાષી જ હોય છે. તેથી જ જગતના બધા ધર્મના મહાન આચાર્યોએ બ્રહ્મચર્ય અને સંયમના પાલન અર્થે કડક નિયમપાલન અને સતત જાગ્રતિનો આગ્રહ રાખ્યો છે. આ કડક નિયમો જ્ઞાની તેમજ અજ્ઞાની બંનેના માટે સરખા મહત્ત્વના છે. અજ્ઞાની માનવમાં વિકાર

વાસનાના બીજ છે અને જ્ઞાનીમાં તેમ નથી, એમ માની શકાય નહીં; કારણ કે બંનેની ઉત્પત્તિના મૂળમાં ઓછે કે વધતે અંશે વિકાર અને વાસનાનાં બીજ રહેલાં જ છે. જેમ જમીનમાં દટાયેલા બીજને સાનુકૂળ સાધનો મળતાં તેમાંથી અંકુર ફૂટતાં વાર લાગતી નથી, તેમ માનવ માત્રમાં જે વિકાર અને વાસના સુષુપ્ત મનમાં પડેલાં હોય છે તેને અનુકૂળ વાતાવરણ અને યોગ્ય નિમિત્ત મળતાં જાગ્રત થતાં વાર લાગતી નથી. એટલે જ ધર્મશાસ્ત્રોએ જ્ઞાનીને પણ આવા વાતાવરણ અને નિમિત્તોથી બની શકે ત્યાં સુધી દૂર જ રહેવા આદેશ આપ્યો છે. જ્ઞાની પણ આવા પ્રસંગે જરા પણ ગાફેલ અગર શિથિલ થાય તો તેનું પતન થવામાં વાર લાગતી નથી.'

આચાર્યની દલીલથી દેવદત્તના મનનું સંપૂર્ણ સમાધાન ન થયું, પણ આ બાબતમાં વધુ વાદ-વિવાદ કે ચર્ચા કરવાનું તેને યોગ્ય ન લાગ્યું. આચાર્યથી આ વાત અજાણી ન રહી અને દેવદત્તને આ બાબતની ખાતરી કરાવવા અર્થે તેઓ યોગ્ય તકની રાહ જોવા લાગ્યા.

આષાઢ માસની પૂર્ણિમાના દિવસે દેવદત્ત તેના ગુરુ સાથે ગંગા નદીના કાંઠેથી ફરતાં ફરતાં વિહાર તરફ આવી રહ્યા હતા. નદીમાં એકાએક ભારે પૂર આવ્યું અને ગુરુ-શિષ્ય બંનેએ દૂરથી પાણીના પ્રવાહમાં કોઈને કાંઠા તરફ તણ'તું આવતું જોયું. થોડીવારે તેઓને માલમ પડ્યું કે તરનાર વ્યક્તિએ શરીર પરનો પોતાનો કાબૂ અને શુદ્ધિ ગુમાવ્યાં છે. બંને જણા પાણીના પ્રવાહમાં જરા આગળ વધ્યા એટલે

દેખાયું કે એક યુવાન સ્ત્રી પાણીના પ્રવાહમાં ઘસડાતી નદીના કાંઠા તરફ આવી રહી છે. તેઓએ જોયું કે એ સ્ત્રી લગભગ બેશુદ્ધ અવસ્થામાં હતી અને જો તુરત જ પાણીમાંથી ઊંચકી લેવામાં ન આવે તો તેના જીવનનો અંત આવી જાય.

ઉપગુપ્તે દેવદત્તને એ સ્ત્રીને પાણીમાંથી બહાર કાઢી વિહારમાં લઈ આવવાની આજ્ઞા કરી એટલે દેવદત્તે કહ્યું: 'ભદંત! આપણા સંઘના નિયમ પ્રમાણે કોઈ પણ ભિક્ષુ સ્ત્રીના શરીરને સ્પર્શ ન જ કરી શકે.'

ઉપગુપ્તે જરા કડક અવાજે કહ્યું: 'સંઘના નિયમ પ્રમાણે કોઈ પણ શ્રમણે સ્ત્રીને અડવું ન જોઈએ અને સ્ત્રીને અડકવા દેવી પણ ન જોઈએ. આમ છતાં ભગવાન બુદ્ધે એમ પણ કહ્યું છે કે, ધર્મ અને ધર્મના નિયમો નૌકાની પેઠે, તેમાં બેસીને પાર ઊતરવા માટે હોય છે, તેમાં બેસી રહેવા માટે નહીં. જેને તમે અધર્મ સમજો છો તે જ નહિ જેને તમે ધર્મ સમજો છો તેને પણ તજી દેવાની જરૂર પડે. બુદ્ધે ભિક્ષુ અવસ્થામાં પણ તેથી જ યશોધરાને પોતાના ચરણોનો સ્પર્શ કરવા દીધો હતો.'

કાંઈક કટાક્ષયુક્ત ભાવે દેવદત્તે કહ્યું: 'ભદંત! આપે જ બ્રહ્મચર્યમીમાંસાની સમીક્ષા વખતે ભગવાનના શબ્દોમાં જ કહ્યું હતું કે સ્ત્રીએ પર્વત જેવા નિશ્ચલ મનને પણ ચલિત કર્યાના અનેક દાખલાઓ છે, અને આપ પોતે જ મને આ સ્ત્રીને ઊંચકી લઈ વિહારમાં લઈ જવાની આજ્ઞા આપી રહ્યા છો!'

ઉપગુપ્તે જરા પણ ગુસ્સો કર્યા વિના શાંતિપૂર્વક કહ્યું: 'ભગવાન તથાગતે કહેલું છે કે, જે રોગીની સેવા કરે છે તે

તથાગતની સેવા કરે છે, એટલે આ મરણતોલ સ્ત્રીની સારવાર કરી તેને મરતી બચાવવી, એ તો ખુદ બુદ્ધની સેવા કર્યા બરોબર છે. 'રોગીની સેવા'ના પ્રયોગમાં ભગવાન બુદ્ધે એ રોગી નારી નહિ પણ નર જ હોવો જઈએ, એવું તો નથી જ કહ્યું.'

દેવદત્તે તરત જ કહ્યું: 'તથાગતે પોતે જ સ્ત્રીજાતિમાંની પ્રથમ દીક્ષિત ગૌતમમીને દીક્ષા આપવાની સ્પષ્ટ ના જ પાડી હતીને!'

ઉપગુપ્તે આમ છતાં શાંતિ રાખીને જ કહ્યું: 'પુરુષ જેમ નિર્વાણનો અધિકારી બની શકે છે, તેમ સ્ત્રીઓ પણ અવશ્ય નિર્વાણની અધિકારી છે–આ વાત બુદ્ધે જ કહી છે. સ્ત્રી અને પુરુષ વચ્ચે કોઈ મૂળભૂત ફરક નથી, સ્ત્રીપણું અને પુરુષપણું એ તો માત્ર દેહદૃષ્ટિએ છે. આત્મતત્ત્વની દૃષ્ટિએ તો સ્ત્રીનો આત્મા અને પુરુષોનો આત્મા બંને એકસમાન છે.'

આમ છતાં દેવદત્ત પોતાનો પરાજય સ્વીકારે તેમ ન હતો, એટલે દલીલ કરતાં કહ્યું: 'પણ ભિક્ષુસંઘમાં સ્ત્રીઓને દાખલ કરતી વખતે તથાગતે એમ તો કહ્યું જ હતું ને કે સ્ત્રીઓને સંઘમાં દાખલ કરવામાં ન આવત તો સંઘ હજાર વર્ષ ટકત. હવે એ પાંચસો જ વર્ષ ટકશે.' તથાગતના આ કથનમાંથી સ્ત્રીજાતિ વિષે તેમનો કેવો મત હતો તે સમજવું મુશ્કેલ નથી.'

ઉપગુપ્તે જરા કડક થઈ કહ્યું: 'દેવદત્ત! કોઈને હડકાયું કૂતરું કરડ્યું હોય તો કોઈ પણ વખતે ગમે તે પદાર્થ

તેનું નિમિત્ત બની તેમાંથી તેને હડકવાનો રોગ શરૂ થાય છે. તેથી કરીને હડકવાનું કારણ પેલો પદાર્થ નહીં પણ તેના રક્તમાં રહેલા હડકવા રોગના જંતુઓ છે. આ રીતે સ્ત્રીને ભિક્ષુસંઘમાં દાખલ કરવાથી સંઘ હજારને બદલે પાંચસો વર્ષ ટકશે એ વાતના મૂળમાં સ્ત્રી કારણરૂપ છે એમ માનવું યથાર્થ નથી. હડકવાના રોગમાં જેમ પદાર્થ નિમિત્તરૂપ છે પણ દોષિત રક્ત કારણરૂપ છે, તેમ સ્ત્રીને સંઘમાં દાખલ કરવાના કારણે સંઘ છિન્નભિન્ન થઈ જશે તો તે માટે માત્ર સ્ત્રી નહીં, પણ ભિક્ષુઓ અને ભિક્ષુણીઓનાં ચિત્તની વ્યગ્રતા, ચંચળતા અને અશાંતિ તેમજ જન્મગત વારસામાં મળેલી વિકાર વાસનાની વૃત્તિનું શુદ્ધીકરણ કરી શકવાની અશક્તિને જ કારણરૂપ માનવાં જોઈએ. એટલે સંઘના આવા પ્રકારના પતનમાં સ્ત્રી-પુરુષ, ભિક્ષુ અને ભિક્ષુણી બંનેને સમાન દરજ્જે દોષના પાત્રરૂપ માનવાં પડશે.'

દેવદત્ત કાંઈક કહેવા જતો હતો પણ તેને તેમ કરતો અટકાવી ઉપગુપ્તે કહ્યું : 'હવે આપણી આવી ચર્ચામાં પેલી સ્ત્રીનો જીવ ચાલી જશે, અને સ્ત્રીના સ્પર્શનો તને ભય લાગતો હોય તો તું અહીં ઊભો રહે, એ કામ હું કરી લઈશ.'

પછી તો દેવદત્ત નદીના પાણીના પ્રવાહમાં જઈ લગભગ કિનારે આવી જઈ પડી રહેલી પેલી યુવાન સ્ત્રીના દેહને પોતાના બંને બાહુ વડે ઊંચકી લીધો. એ ક્રિયા કરતી વખતે તેણે પોતાના સમગ્ર દેહમાં, જીવનમાં કદાચ પ્રથમ જ વખત, એક પ્રકારનો વિચિત્ર ઝણઝણાટ અનુભવ્યો. ભીનાં કપડાંને કારણે સ્પષ્ટ રીતે દેખાઈ આવતાં સ્ત્રીનાં અંગ-ઉપાંગોને જોતાં

અટકાવવા દેવદત્તે પ્રથમ તો પોતાની આંખો મીંચી દીધી, પણ વિહાર જરા દૂર હતો એટલે આંખો ઉઘાડી રાખ્યા સિવાય એમ ને એમ વિહાર સુધી ચાલીને જવાનું શક્ય ન હતું.

દેવદત્તની દૃષ્ટિ પોતાના હાથમાં રહેલી યુવાન સ્ત્રીના કમનીય દેહ પર પડી કે તેના મનમાં--ચિત્તનાં ઊંડાણ પ્રદેશમાં પડી રહેલી વિકાર વાસના જાગી પડી. એ સ્ત્રી જરા ઊંચી હતી અને તેનું રૂપ એક અપ્સરા જેવું હતું. બેશુદ્ધ અવસ્થામાં પણ તે મહાપ્રભાવશાળી લાગતી હતી. આંખની કાળી ભમરો ઉપર સ્ફટિકના ઘાટ જેવું તેનું વિશાળ કપાળ હતું. તેની શ્વેત ડોકમાં મણિમુક્તાની માળા હતી, પણ ડોકને શોભાવવાને બદલે એ માળા ડોકથી શોભી રહી હતી. મંદ શ્વાસોચ્છ્વાસથી તેના ઉરઃપ્રદેશની સાથોસાથ પેલી માળા પણ ઊંચી નીચી થતી હતી. આવી નખશિખ સુંદર નારીમૂર્તિ તેણે જીવનમાં પહેલી જ વાર જોઈ અને તેથી તેનું મન ભારે સંક્ષુબ્ધ બની ગયું. અધૂરામાં પૂરું કરવા ગુરુદેવે તે રાતે સ્ત્રીની સાર-સંભાળ રાખવાનું કાર્ય દેવદત્તને સોંપ્યું અને તેણે વગર આનાકાનીએ-કદાચ સહર્ષે સ્વીકારી લીધું.

વિહારમાં દેવદત્તની કુટીરમાં તે સ્ત્રીની યોગ્ય સારવાર થતાં તે શુદ્ધિમાં આવી અને દેવદત્તને પોતાની સામે ઊભેલો જોઈને બોલી: 'ભિક્ષુક! અત્યારે હું ક્યાં છું?' દેવદત્તે તેને કહ્યું:' આપ અત્યારે જેતવન ઉદ્યાનમાં અનાથપિંડિક વિહારમાં બધી રીતે સલામત છો.' એ સ્ત્રી અત્યંત થાકેલી હતી એટલે તરત જ નિદ્રાને વશ થઈ ગઈ.

તે પછી દેવદત્ત કુટીરના અન્ય છેડે જઈ સૂતો, પણ કોઈ ન સમજાય તેવા ધૂંધળા અસંતોષે તેની શાંતિ હરી લીધી અને તેની ઊંઘ વેરણ બની. ભારે દૃઢ મનોબળ અને ઉત્તમ પ્રકારનું ચારિત્ર ધરાવતો દેવદત્ત તેના આસન પર જાગતો જ પડી રહ્યો. કુટીરની એક બાજુ ભિક્ષુક હતો અને બીજી બાજુમાં યૌવન અને સૌન્દર્યયુક્ત યુવતી હતી. દેવદત્તના મનોમનમાં સૌથી પ્રથમ વાર રાગ અને ત્યાગ વચ્ચે સંઘર્ષ જાગ્યો. એણે જોયું કે એના મનને કચડીને કોઈ બલવતી તૃષ્ણા તેને ઊંડી ખાઈમાં લઈ જઈ રહી હતી. ભૂકંપના એક જ આંચકા માત્રથી જળનું સ્થળ અને સ્થળનું જળ થઈ જાય તેવું જ કશું તેની બાબતમાં બની રહ્યું હતું.

માનવીનો મોટામાં મોટો દુશ્મન તેનું પોતાનું જ મન છે. માનવીનું જેટલું અહિત તેનું મન કરી શકે છે તેટલું અહિત અન્ય કોઈ કરી શકતું નથી. ન સમજી શકાય અને જીવનમાં કદી નહિ અનુભવેલી એવી અગમ્ય વાસના દેવદત્તના મનમાં જાગ્રત થઈ. સ્ત્રી અને પુરુષ બંનેમાં કુદરતે સમાન બળ અને શક્તિવાળું એક એવું અદ્‌ભુત તત્ત્વ મૂકી દીધું છે કે, જે બંને ભેગાં મળતાં તેમના નિરાનિરાળા સ્વભાવ, પ્રકૃતિ, ગુણ–દોષો અને દેહાકૃતિ હોવા છતાં એકમેકના નિકટ આવતાં અજબ પ્રકારનું આકર્ષણ ઉત્પન્ન થાય છે. બ્રહ્મચારી, સંયમી ભિક્ષુ અને યોગીજન માટે મહાન ધર્માચાર્યોએ કદાચ તેથી જ બ્રહ્મચર્યની રક્ષા અને શીલધર્મની સાધના માટે કડક નિયમો કરવાનું જરૂરી માન્યું હશે.

મનની પ્રપંચ રમવાની શક્તિ પણ અદ્ભુત પ્રકારની છે. બહારથી સંતને અનુરૂપ દેખાતું મન કોઈવાર અંદરથી શયતાન જેવી રમત રમી રહ્યું હોય છે. ભિક્ષુએ સ્ત્રીનું રૂપ, લાવણ્ય, વિલાસ, હાસ્ય, મંજુલ ભાષણ, અંગમરોડ અને કટાક્ષ જોવાના તો ન હોય, પણ તેના મનમાં એ વિષે વિચાર પણ ન આવવા દેવો જોઈએ-એમ પોતાના શિષ્યોને સમજાવનાર દેવદત્તને તેનું લુચ્ચું મન કહી રહ્યું હતું: 'તથાગતે તો સ્પષ્ટ રીતે જ કહ્યું છે કે, વ્યાધિગ્રસ્તની જે સેવા-શુશ્રૂષા કરે છે તે મને જ ભજે છે.' પેલી સ્ત્રીની સાર-સંભાળનો બોજો ગુરુદેવે મારી પર નાખેલો છે અને તેમ છતાં હું તો અહીં ગૂમસૂમ પડી રહ્યો છું.'

એની સુમતિ ક્ષીણ સ્વરે એને કહી રહી હતી: 'પેલી સ્ત્રી તો નિરાંતે ઊંઘી રહી છે, તારે તેની પાસે જવાની કશી જરૂર નથી.' આમ લગભગ આખી રાત તેના મનનાં ઊંડાણમાં તેની સિવાય અન્ય કોઈ ન જોઈ શકે તેમ સતત કુરુક્ષેત્રનું યુદ્ધ લડાતું રહ્યું. દેવો અને દાનવો વચ્ચેના યુદ્ધમાં શરૂઆતમાં તો દેવોની હાર થાય છે, તેમ દેવદત્તની સુમતિ અને દુર્મતિ વચ્ચેના યુદ્ધમાં પણ દુર્મતિનો વિજય થયો. માર્ગભૂલેલાંને માર્ગ બતાવનાર દેવદત્ત પોતે જ માર્ગ ભૂલી જઈ બીજી ક્ષણે પેલી સ્ત્રીની શય્યા નજીક જઈ ચોરની માફક ઊભો રહ્યો.

રાગ અને ત્યાગ વચ્ચેના સંઘર્ષમાં રાગની જીત થઈ અને નિરાંતે ઊંઘી રહેલી પેલી સ્ત્રીની સોહામણી કોમળ કાયાને કામુક દૃષ્ટિએ નીરખી રહ્યો. ભિક્ષુ તેમજ અન્ય માનવી માટે સ્ત્રી પ્રત્યે કામદૃષ્ટિથી જોવું તે એક પ્રકારનો માનસિક વ્યભિચાર

જ છે. જીવનમાં પ્રથમ વખતે આ રીતે માનસિક વ્યભિચાર સેવવાનું પાપ દેવદત્તથી થઈ ગયું.

દેવદત્તના મનોમનમાં તુમુલ યુદ્ધ જાગી ઊઠયું. તેની છાતીમાં ડૂમો ભરાઈ આવ્યો. તેની નસેનસમાં એક પ્રકારનો થનગનાટ વીજળીની માફક પ્રજ્વલિત થયો. છેલ્લી રાતે પેલી સુકોમળ સ્ત્રીના દેહસ્પર્શના કરણે થયેલા રોમાંચનો ફરી અનુભવ મેળવવા તેને તીવ્ર લાલસા ઉત્પન્ન થઈ આવી, કારણ કે પ્રભાત થતાં તો તે સ્ત્રી તેના સ્થાને ચાલી જનાર હતી. તીવ્ર લાલસા અને વાસનાએ તેની મતિ ભ્રમિત કરી અને મહાજ્ઞાની, મહાતપસ્વી અને મહાસંયમી એવો દેવદત્ત તે સ્ત્રીને જેવો પોતાના હાથમાં ઊંચકવા નીચે નમ્યો, કે તરત જ આચાર્ય ઉપગુપ્તે કુટીરમાં પ્રવેશ કરી તેને પૂછ્યું: 'દેવદત્ત! પેલી સ્ત્રીની શી હાલત છે?'

પેલી સ્ત્રીની હાલત તો સરસ હતી, પણ તે સ્ત્રીના નિમિત્તે દેવદત્તના ચિત્તની જે હાલત થઈ હતી તેનું વર્ણન થઈ શકે તેવું ન હતું. હડકાયું કૂતરું કરડયું હોય તેવા માનવને હડકવાની શરૂઆત વખતે કોઈ ને કોઈ પદાર્થ નિમિત્તરૂપ બની જાય છે, પણ તેમાં પદાર્થનો દોષ હોતો નથી. આવી જ રીતે આ પ્રસંગમાં દેવદત્તના સુષુપ્ત મનમાં રહેલી વિષય-વિકારની વાસના જાગ્રત થવામાં, પેલી નિશ્ચેતન સ્ત્રી કોઈ પણ રીતે જવાબદાર ન હતી. આમ છતાં તે નિમિત્તરૂપ બની ગઈ એ વાતનો ખ્યાલ આવતાં દેવદત્તનું ચિત્ત ઠેકાણે આવ્યું, અને પોતે શું કરી રહ્યો હતો તેનું પણ તેને ભાન થયું. તેના

હૃદયમાં ઉત્પન્ન થયેલી રાગ અને ત્યાગ વચ્ચેના અથડામણુની કહાની તેણે ગુરુદેવ સમક્ષ કહી સંભાળાવી અને પોતાથી થયેલા માનસિક પાપનું પ્રાયશ્ચિત્ત માગ્યું.

આચાર્યે કહ્યું: 'દેવદત્ત ! ખુલ્લા દિલથી કરેલો પાપનો એકરાર અને પશ્ચાત્તાપ એ જ પાપનું ઉત્તમોત્તમ પ્રાયશ્ચિત્ત છે. ઘણા માનવો જે નિષ્પાપ રહી શક્યા છે, તેનું કારણ એ છે કે તેઓના ભાગ્યે પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરવાનું કદી આવ્યું હોતું નથી. સ્વત્વની પરીક્ષા અનુકૂળ સંયોગો વચ્ચે નહીં પણ પ્રતિકૂળ પરિસ્થિતિમાં જ થાય છે. તેથી જ એમ કહેવામાં આવ્યું છે કે જ્ઞાનીને પણ ઇંદ્રિયો પાપના માર્ગે ઘસડી જાય છે.'

દેવદત્તનાં ચક્ષુમાંથી પશ્ચાત્તાપનાં આંસુની ધારા વહેવા લાગી, એટલે તેને આશ્વાસન આપતાં ગુરુદેવે કહ્યું : 'જે વૃત્તિઓ, વાસનાઓ અને વિકારો માનવીને જન્મગત વારસામાં મળ્યાં છે, અને જે વૃત્તિઓ તેના જન્મના કારણરૂપ બની હોય છે, તેનો લોહીમાંથી સદંતર નાશ થઈ શકતો નથી. પોતાના લોહીમાંથી આ સંસ્કારો નાશ પામી ગયા છે, એમ માનવાને બદલે સાચો સાધક પોતાની વાસનાવૃત્તિઓનું શુદ્ધીકરણ કરવાના પ્રયત્નો અને પ્રયોગોમાં કાળજી રાખે છે. ચક્ષુહીન માણસ એટલી બધી કાળજી અને સાવચેતીપૂર્વક ચાલે છે કે, તેને ભાગ્યે જ અકસ્માત થાય છે. દેખતા મનુષ્યો જ મોટા ભાગે અકસ્માતના ભોગ બને છે. આ જ રીતે, પોતે જીતેન્દ્રિય છે, જ્ઞાની છે, વાસનામુક્ત છે, એવું માનનારા લોકોનું જ કોઈ દિવસ પતન થાય છે.'

દેવદત્તની આંખોમાંથી હજુ પણ અશ્રુની ધારા વહી જ રહી હતી, એટલે તેના મનનું સાંત્વન કરતાં ઉપગુપ્તે કહ્યું: 'દેવદત્ત ! સ્ત્રી અગર તો પુરુષ તેમજ ભિક્ષુ અગર ભિક્ષુણીના જીવનની મોટામાં મોટી સિદ્ધિ કોઈ દિવસ નિષ્ફળ નહીં જવામાં રહેલી નથી, પણ દરેક પ્રસંગે પડતી વખતે તરત જ ઊભા થઈ જવામાં–તેમાંથી પાછા ફરી જવામાં રહેલી છે. આખરે પરાજય શું છે ? એ એક પ્રકારનું એવું શિક્ષણ છે કે જે માનવીને કાંઈ પણ વધારે સારી વસ્તુ–સારી સ્થિતિ તરફ લઈ જવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. અનેક શાસ્ત્રોના અધ્યયનથી જે બોધ ન મળે તે બોધ આજના અનુભવના કારણે તને પ્રાપ્ત થયો છે. જાતીય આકર્ષણ એ એક વ્યાપક શક્તિનું આકર્ષણ છે. એ શક્તિ પોતાના હેતુની ખાતર વ્યક્તિને ઉપયોગમાં લેતી હોય છે, અને બીજા પ્રકારની વ્યક્તિનું કોઈ પણ રીતનું સાંનિધ્ય હોય તો તેનો લાભ લેવા પ્રયત્ન કરે છે. આવી પરિસ્થિતિનો સામનો કરવાનો સરસ રસ્તો એ છે કે માણસે આવા પ્રસંગે વૃત્તિથી અલગ થઈ જવું જોઈએ–એનાથી તટસ્થ બની જવું જોઈએ–એને વૃત્તિ તરીકે ન સ્વીકારતાં બહાર ફેંકી દેવી જોઈએ. માનવજાતની ઉત્પત્તિ અબ્રહ્મ અર્થાત્ મૈથુનમાંથી થઈ છે મૈથુન એટલે કોઈ ને કોઈ પ્રકારની કામરાગજનિત ચેષ્ટા, એટલે આપણે બધાં જ અપૂર્ણ છીએ–જે પૂર્ણ છે તેને જન્મ–મરણ હોતાં નથી. આપણે બધાં જ અપૂર્ણ છીએ તેનો સતત ખ્યાલ રાખી, આપણો જન્મ પૂર્ણ થવા માટે જ થયો છે એમ માની, તે દિશા તરફ પ્રયત્ન જારી રાખવો એ જ માનવજીવનનો મુખ્ય ઉદ્દેશ છે.'

દેવદત્ત જ્યારે પોતાની આંખનાં આંસુઓ લૂછી રહ્યો હતો ત્યારે બીજી તરફ વિહારના ભિક્ષુઓ પ્રભાતની પ્રાર્થના કરતાં બોલી રહ્યા હતા :—

सूर संग्राम है पलक दो चारका, सती घमसान पल एक लागे।
साध संग्राम है रैन दिन झूझना, देह परजंतका काम भाओ ॥

શૂરોનો સંગ્રામ બે ચાર પળનો હોય છે. સતીનું યુદ્ધ એકાદ પળમાં ખલાસ થાય છે. જ્યારે સાધુનો સંગ્રામ એવો છે કે દેહ છે ત્યાં સુધી રાત ને દિવસ ઝૂઝવાનું હોય છે.

# ૨૪. બંધન અને મુક્તિ

પૂર્વ વૈતાઢય નામે પર્વત પર દેવોને પણ મોહ પમાડે એવું ગગનવલ્લભ નામે નગર હતું. તે નગરમાં યુવાવસ્થાને પામેલા અને પરસ્પર અત્યંત ગાઢ પ્રીતિવાળા મેઘરથ અને વિદ્યુન્માલી નામના બે વિદ્યાધર ભાઈઓ રહેતા હતા. બંને ભાઈઓ વિદ્યાના રસિયા અને ભારે સંયમી હતા. તેમના ગુરુદેવના સાંનિધ્યમાં તેઓ એક મહત્ત્વની વિદ્યા સાધતા હતા. એ વિદ્યાની સાધના અર્થે ચંડાલ કુલમાં ઉત્પન્ન થયેલી કન્યા સાથે લગ્ન કરી તેના સહવાસમાં આ પૃથ્વી પર એક વર્ષ સુધી રહી અખંડ બ્રહ્મચર્ય પાળવાનો વિધિ હતો.

બંને વિદ્યાધર ભાઈઓ માટે આવી સાધના કાંઈ મુશ્કેલ ન હતી, તેમ છતાં એ માર્ગે જતાં પહેલાં બંને ભાઈઓને બોલાવી ગુરુદેવે ઉપદેશ આપતાં કહ્યું : 'મહાનુભાવો! જીવ જે યોનિમાં જન્મ ધારણ કરે છે તેને અનુરૂપ વાસનાઓ પણ તેનામાં ઉત્પન્ન થાય છે. જીવ માત્રમાં વાસનાઓ સુષુપ્ત અવસ્થામાં પડેલી જ હોય છે, અને અનુકૂળ સંયોગો તેમજ યોગ્ય નિમિત્તો મળતાં તે પ્રગટ થાય છે. માનવનું ચિત્ત એ વાસનાનો ભંડાર છે, અને યુવાન સ્ત્રી-પુરુષ વચ્ચેનું પરસ્પર આકર્ષણ એ એક સનાતન પ્રકૃતિ છે. તેથી જ વાસનાને કારણે ઉત્પન્ન થતાં આકર્ષણથી અલિપ્ત રહેવાનું કાર્ય પણ એક મોટામાં મોટી સાધના છે.

ચંડાલ કુલની કન્યા તમારા ચિત્ત પર કશી અસર નહિ ઉપજાવી શકે એ તો સમજી શકાય તેવી વાત છે, પણ સંગ અને સહવાસ એ ભયંકર વસ્તુ છે, જાતીય આકર્ષણ એ એક વ્યાપક શક્તિનું આકર્ષણ છે, એટલે ચંડાલ કન્યાઓના સહવાસમાં તમે બહુ કાળજીપૂર્વક રહેજો. એ કન્યાઓનાં ચિત્તનું બંધારણ તમારા કરતાં જુદી કોટિનું હશે, એટલે તમારે સતત જાગૃત રહેવું પડશે. તમે તો માત્ર સાધનાની સિદ્ધિ અર્થે તેની સાથે લગ્ન કરશો, પણ તેનો તમારી સાથેનો વ્યવહાર લગ્નના હક્ક તરીકેનો હશે તે વાત ન ભૂલશો.

માનવપ્રકૃતિ પર નિમિત્તોની ભારે અસર પડતી હોય છે, એટલે મનમાં વિકૃતિ-વાસના ઉત્પન્ન થાય ત્યારે જપનું શરણ લેજો અને દેહની અશુચિ વિષે વિચારશો. સ્ત્રીના બાહ્ય સ્વરૂપને બદલે તેના અંતરંગ સ્વરૂપનો વિચાર કરજો. વાસનાના કારણે માનવીનું ક્ષુબ્ધ થઈ જતું મન કુબ્જામાં પણ અપ્સરાનું રૂપ જોતું થઈ જાય છે, પણ તે વખતે માનવદેહમાં રહેલા દુર્ગંધી રસો, લોહી, માંસ, મેદ, હાડકાં, મજ્જા, આંતરડાં અને વિષ્ટા વગેરેનું ચિંતન કરજો. યાદ રાખજો કે જેને અમુક વસ્તુ કે પદાર્થ પ્રત્યે ઘૃણા અને નફરત થતાં હોય, તેને તે જ વસ્તુ પ્રત્યે જો રાગ અને મોહ જાગે તો તે જ વસ્તુ તેને સર્વસ્વરૂપ લાગવા માંડે છે. મહાન સાધનાને અંતે મહાન સિદ્ધિ મળે છે, પણ તેમાં એક જ પગલું ચૂકી જતાં પર્વતની ટોચ પરથી ગબડતાં ગબડતાં સીધા ખીણમાં જ પહોંચી જવાય છે, અને પછી તો તેના માટે મુક્તિ એ જ બંધનરૂપ થઈ જાય છે અને બંધન એ જ મુક્તિરૂપ લાગે છે.'

ગુરુદેવના આશીર્વાદ લઈ બંને ભાઈઓ ચંડાળનો વેષ અપનાવી દક્ષિણ ભરતાર્ધના વસંતપુર નામના નગરમાં ચંડાળપાડામાં જઈ પહોંચ્યા અને ત્યાં રહેતા ચંડાળોને કહ્યું : 'અમારા કુટુંબીજનોએ અમને કાઢી મૂકયા છે અને તેથી રખડતા રખડતા તમારા આશ્રય અર્થે અહીં આવી પહોંચ્યા છીએ.' ચંડાળોએ તેમને આશ્રય આપ્યો અને તેમની બે કન્યાઓનાં બંને ભાઈઓ સાથે લગ્ન કરી આપ્યાં. પછી તો બંને ભાઈઓ સાધનામાંથી ફાજલ મળતા સમયમાં ચંડાળોને તેમના કામમાં મદદ કરવા લાગ્યા.

વિદ્યુન્માલીની પત્ની આંખે કાણી હતી ત્યારે મેઘરથની પત્નીના દાંતો બહાર દેખાઈ આવતા હતા. બંને સ્ત્રીઓ દેખાવમાં એટલી બધી સ્થૂલ, કદરૂપી અને બેડોળ હતી કે તેમને જોતાં જ મનમાં ઘૃણા અને તિરસ્કારના ભાવો જાગે. એમની સાધનામાં આવી સ્ત્રીઓ એક રીતે આશીર્વાદરૂપ હતી, કારણ કે આવી સ્ત્રીઓથી દૂર રહેવા માટે તેના અંતરંગ સ્વરૂપનો વિચાર કરવાની કોઈ જરૂર ન હતી. તેઓનું બાહ્ય સ્વરૂપ જ ભારે બિહામણું હતું. બંને ભાઈઓએ પોતપોતાની પત્નીને તેમના એક વર્ષ માટેના બ્રહ્મચર્યવ્રતની વાત કહી દીધી હતી, અને આવા ઉચ્ચ કોટિના પતિ મેળવવા માટે એક વર્ષના વ્રતપાલનમાં બંને બહેનો સંમત હતી.

વર્ષને અંતે મેઘરથે નિયમોનું પાલન કરી વિદ્યા સિદ્ધ કરી, પણ ચંડાળ કન્યાના સહવાસમાં વિદ્યુન્માલી લપસી પડ્યો. લગ્ન પછી થોડા વખત સુધી તો તેણે વ્રતપાલન કર્યું, પણ એક રાતે તેનું માથું દુઃખતું હતું ત્યારે જીદ

કરી પેલી ચંડાળ કન્યા તેનું માથું પોતાના ખોળામાં લઈ દાબવા લાગી. સાધના અર્થે નીકળતાં પહેલાં ગુરુદેવે બંને ભાઈઓને સ્પષ્ટ રીતે કહ્યું હતું કે, 'બ્રહ્મચર્યપાલનમાં સ્ત્રી સ્ત્રી જોડે, તેમજ પુરુષ પુરુષ જોડે પણ જાણીબૂઝીને વિશેષ પડતાં સ્પર્શાદિ કરે તો તે દોષરૂપ છે, એટલું જ નહીં પણ સર્વ પ્રકારના સ્પર્શો બ્રહ્મચારીને માટે ત્યાજ્ય છે. કેવળ સ્ત્રી અગર પુરુષનો નહીં, પણ પ્રાણી તેમજ પદાર્થ માત્રનો સ્પર્શ બ્રહ્મચારી માટે વર્જ્ય છે. સ્પર્શેન્દ્રિય આખી ત્વચા પર ફેલાયેલી છે અને ગમે તે ઠેકાણેથી ગમે તેના સ્પર્શથીયે વિકાર ઉત્પન્ન થવાની શક્યતા રહેલી જ છે. આવો વિકાર ક્યારે અને કઈ રીતે ભોગમાં પરિણમે એ કહી શકાય નહીં.'

આ રીતે ચંડાળ કન્યા પાસે માથું દબાવવાનું કાર્ય, ગુરુદેવના આદેશ વિરુદ્ધ હતું. યુવાન સ્ત્રીમાં પ્રેમનું પ્રથમ લક્ષણ ધૃષ્ટતા હોય છે, અને એવી ધૃષ્ટતાનો સામનો કરવામાં વિદ્યુન્માલી નિષ્ફળ નીવડ્યો. વિદ્યુન્માલીને પેલી ચંડાળ કન્યાના હાથનો સ્પર્શ અતિકોમળ અને મધુર લાગ્યો. પોતાના નિયમમાંથી ચ્યુત થઈને વિકારમાંથી ઉત્પન્ન થયેલી પ્રબળ વાસનાની જ્વાળાને તે તાબે થઈ શક્યો. બ્રહ્મચર્યપાલનના તેના દૃઢ સંકલ્પ અને મજબૂત મનોબળને પ્રકૃતિએ એક જ ઝપાટે હણી નાખ્યાં. નરમાંસ કદીયે ન ચાખ્યું હોય તેવા જંગલના ચિત્તાને જ્યાં સુધી એ સ્વાદ ચાખવાનું ન મળ્યું હોય ત્યાં સુધી તો એ માત્ર એનું એક આકર્ષણ જ હોય છે, પરંતુ માત્ર એક જ વાર એકાદ

માંસનો ટૂકડો કે લોહીનો જરા પણ સ્વાદ આપ્યો, કે પછી તે વિના તેને ચાલી જ શકતું નથી. ભોગો અને વિષયોની બાબતમાં પણ પરિસ્થિતિ કાંઈક આવી જ છે. વિદ્યુન્માલીની બાબતમાં પણ વિવેકભ્રષ્ટ થયેલા માનવીઓનું જેમ ચારે તરફથી પતન થાય છે, તેમ પતન થયું. વિદ્યાની સાધના ભુલાઈ ગઈ અને કામની સાધના શરૂ થઈ.

સાધનાનો સમય પૂરો થતાં મેઘરથે પોતાના મોટાભાઈ પાસે આવી કહ્યું: 'મોટાભાઈ! આપણી સાધનાનો કાળ સમાપ્ત થયો અને વિદ્યા સિદ્ધ થઈ, એટલે હવે વૈતાઢય પર્વત પર જઈ આપણે આરામ અને વૈભવપૂર્વક જીવન જીવીએ, મને તો આ નર્કાગાર પર કંટાળો આવી ગયો છે.'

મેઘરથની વાત સાંભળી લજ્જાપૂર્વક નીચે જોઈ વિદ્યુન્માલીએ ખેદપૂર્વક કહ્યું: 'મેઘરથ! તું તો વિદ્યા સિદ્ધ કરી કૃતકૃત્ય થયો, પણ તારી ભાભીના સહવાસમાં હું વ્રતપાલન નથી કરી શક્યો, અને પરિણામે તે બિચારી બે જીવવાળી થઈ છે તું વૈતાઢય પર્વત પર જા અને બીજા વર્ષને અંતે મને અહીં પાછો લેવા આવજે. થયેલી ભૂલનું ફરીથી પુનરાવત ન ન થાય તેની હું કાળજી રાખીશ.'

વિદ્યુન્માલીની વાત સાંભળી મેઘરથ દિગ્મૂઢ થઈ ગયો અને વિચારવા લાગ્યો કે દેવાંગનાઓ જેવી વિદ્યાધરીઓને મૂકી આવી કાણી, કદરૂપી અને બેડોળ સ્ત્રીમાં મોટાભાઈ શું જોઈને મોહી પડ્યા હશે? મેઘરથ નિરાશ હૃદયે વૈતાઢય

પર્વત પર ગયો અને આતુરતાપૂર્વક વર્ષ પૂરું થવાની રાહ જોવા લાગ્યો.

આખરે વર્ષનો સમય પૂરો થતાં મેઘરથ પોતાના ભાઈને લેવા વસંતપુરના ચંડાળવાડામાં પહોંચી ગયો. ત્યાં જઈને તેણે જે દૃશ્ય જોયું તેથી તે આભો બની ગયો. વિદ્યુન્માલી પોતાના રડતા બાળકને છાનો રાખવા પ્રયત્ન કરી રહ્યો હતો, ત્યારે તેની કાણી પત્ની કાળો કકળાટ કરતાં માર્મિક શબ્દોમાં ઠપકો આપતાં તેને કહી રહી હતી: 'એક બાળકને સાચવવાની કે ઉછેરવાની આવડત નથી ત્યાં તો બીજા બાળકના આવાગમન માટેની તૈયારી કરી બેઠા છો. તમારા જેવો રૂડો રૂપાળો પતિ મને મળ્યો તે માટે આપણા જાતિભાઈઓ મારા ભાગ્યનાં વખાણ કરતાં કહે છે કે કાગડી દહીંથરું ઉપાડી ગઈ; પણ આવડત અને વેતા વિનાના રૂડા-રૂપાળા પતિદેવો તેમની પત્ની માટે કેવા ભારરૂપ થઈ પડે છે તેનો તો જ્યારે અનુભવ થાય ત્યારે જ ખબર પડે.

મેઘરથના ગયા પછી પત્નીના સહવાસમાં વિદ્યુન્માલી વિદ્યાસાધના ભૂલી પુત્ર અને પત્નીની સાધનામાં પડી ગયો. પતિની નબળાઈ અને પરવશતા જાણી લીધા બાદ પત્નીના માટે પતિ આરાધ્યદેવ નથી રહેતો; એ માત્ર તેનું જીવતું-જાગતું રમકડું બની જાય છે. વિદ્યુન્માલીની બાબતમાં પણ આમ જ બન્યું અને તેની પત્ની મનફાવે તેમ તેનો અનાદર કરી ધમકાવતી. યોગમાર્ગમાં સમાધિ જેમ સૌથી ઉત્કૃષ્ટ સાધના છે, તેમ ગૃહસ્થજીવનમાં એક સ્ત્રીના ઉત્તમ પતિ બની રહેવું એ પણ સર્વોત્તમ સાધના છે.

જે વખતે વિદ્યુન્માલી મૂંગા મોંએ પત્નીનો ઠપકો અને કટાક્ષવાણી સાંભળી રહ્યો હતો, તે જ વખતે મેઘરથે ત્યાં પ્રવેશ કર્યો. પત્નીના શબ્દો મેઘરથને કાને પડ્યા તેથી વિદ્યુન્માલીને જરા શરમ થઈ. મેઘરથે તેને કહ્યું : 'મોટાભાઈ! વર્ષ પૂરું થયું એટલે હવે હું તમને અહીંથી લઈ જવા માટે આવ્યો છું.' મેઘરથની વાત સાંભળી વિદ્યુન્માલીનું મોં ઝાંખું પડી ગયું.

સુખ ભોગવ્યા પછી, તે સુખ અને તેના સાધનોમાં જે આસક્તિ બંધાય છે, તેને જ્ઞાની પુરુષો રાગ કહે છે, અને આ રાગ એ જ બંધન છે અને સર્વ અનર્થોનું મૂલ છે. આવા બંધનમાં પડ્યા પછી જીવ માટે તેમાંથી મુક્ત થવું એ ભારે કપરું કામ છે, કારણ કે રાગના આવા બંધનમાં જીવ દુઃખરૂપ વસ્તુ અને હકીકતને સુખરૂપ જોતો થઈ જાય છે. આના સંબંધમાં એક ઘણી જ સુંદર આખ્યાયિકા કહેવામાં આવી છે.

એકવાર દેવોનો રાજા ઇન્દ્ર ભૂંડનું સ્વરૂપ ધારણ કરીને કાદવકીચડમાં મસ્ત થઈ પડેલો હતો. પાસે જ તેની ભૂંડણ અને અનેક બચ્ચાંઓ પણ હતાં. આવી અવસ્થામાં પણ ઇન્દ્ર પોતાને ઘણો જ સુખી સમજતો હતો. તેની આવી અધમ-અવસ્થા જોઈ દેવો તેની પાસે આવીને કહેવા લાગ્યા કે, 'તમે દેવોના નૃપતિ છો. તમામ દેવો આપની આજ્ઞાનું પાલન કરવા તૈયાર છે અને તેમ છતાં તમારી આવી કઢંગી હાલત?' પોતાની સ્થિતિનું જેને

વિસ્મરણ થઈ ગયુ છે એવા ઇન્દ્રે દેવોને જવાબ આપતાં કહ્યું : ‘ હું અહીં જ્યાં છું ત્યાં જ ઘણો સુખી છું. મારે તમારા સ્વર્ગની પરવા નથી. મારી ભૂંડણ અને મારાં બચ્ચાં એ જ મારું સ્વર્ગ છે માટે મહેરબાની કરી તમે સૌ અહીથી ચાલ્યા જાઓ.’ બિચારા દેવો તો આવો જવાબ સાંભળી સ્તબ્ધ થઈ ગયા. થોડા દિવસો બાદ દેવોએ એક સંકલ્પ કર્યો અને છાનામાના ત્યાં જઈને એક બચ્ચાને મારી નાખ્યું. તે પછી બીજાં બચ્ચાંઓને અને છેલ્લે ભૂંડણને પણ મારી નાખી. આ પ્રમાણે પોતાના સમગ્ર કુટુંબનો નાશ થયેલો જોઈ ઇન્દ્ર કરુણ વિલાપ કરવા લાગ્યો. પછી દેવોએ ઇન્દ્રના પોતાના ભૂંડના દેહને ચીરી નાખ્યો અને ભૂડના શરીરમાંથી બહાર નીકળ્યા બાદ પોતાને કેવું ભયંકર સ્વપ્ન આવ્યું હતું તેની ખબર પડતાં તે હસી પડ્યો. આ રીતે આત્મા પણ કર્મ સાથે એકમેક થઈ જતાં પોતાના શુદ્ધ અને અનંત સ્વરૂપને ભૂલી જાય છે.

વિદ્યુન્માલીની સ્થિતિ પણ ભૂંડરૂપી ઇંદ્રના જેવી થઈ ગઈ હતી. તેણે શરમ અને લજ્જાહીન બની મેઘરથને જવાબ આપતાં કહ્યું : ‘ અહીંથી મને લઈ જવા માટે તું આવ્યો તે તો બરોબર છે, પણ આ તારી ભાભીએ પાછો ગર્ભ ધારણ કર્યો છે અને હું અહીંથી ચાલી નીકળુ તો પછી તેનું કોણ ? આવી સ્થિતિમાં રામે તો વગર વિચાર્યે સીતા માતાને જંગલમાં ધકેલી દીધાં, પણ આવું બેહૂદું ાર્ય મારાથી કેમ થઈ શકે ? તારી ભાભી મારી અનઆવડત માટે ઠપકો આપી રહી છે, પણ તેના હૃદયમાં મારા પ્રત્યે અપૂર્વ પ્રેમ અને

મમતા રહેલાં છે. હવે તો મારો આ સંસાર એ જ મારી અપૂર્વ સાધના, માટે આમાંથી ચલિત કરવા ફરી વખત ભલો થઈ તું અહીં ન આવતો.'

વિદ્યન્માલીની વાત સાંભળી મેઘરથ સ્તબ્ધ થઈ ગયો. તે વિચારવા લાગ્યો કે સાધનાની સિદ્ધિના અર્થે બંધન સ્વીકારનાર વિદ્યુન્માલી હવે બંધનના પ્રેમને વશ થઈ સાધનાની વાત જ ભૂલી ગયો. અહો! કેવું કરુણ અધઃપતન!

તેણે જોયું કે ભાભીના માર્મિક અને કટાક્ષયુક્ત શબ્દો પણ વિદ્યુન્માલીને મધ જેવા મીઠા લાગે છે, અને ચારેબાજુ દુર્ગંધ ફેલાવતી જીર્ણ ઓરડી વિદ્યુન્માલીને દેવલોકના વિમાન જેવી પ્રિય લાગે છે. 'સીદીભાઈને સીદકાં વહાલાં'ની કહેતી મુજબ વિદ્યુન્માલી પોતાના બિહામણા પુત્રમાં કોઈ અદ્‌ભુત સ્વરૂપ જોઈ રહ્યો હતો, તે જોઈ મેઘરથને લાગ્યું કે મોટાભાઈ સાથે કોઈ દલીલ કે ચર્ચા કરવાનો કશો અર્થ નથી, એટલે ભગ્ન હૃદયે અત્યંત દુઃખપૂર્વક તે વૈતાઢ્ય પહાડ પર પાછો ફર્યો.

મેઘરથે ગુરુદેવ પાસે આવી ભારે વ્યથાપૂર્વક વિદ્યુન્માલીના જીવનની કરુણ કહાની વર્ણવી એટલે તેના વ્યથિત મનને સાન્ત્વન આપવા અર્થે ગુરુદેવે કહ્યું: 'મહાનુભાવ! ઇન્દ્રિયોના વિષયોની પાછળ પાગલ થનાર જીવને સમજાવવાનું કાર્ય ભારે મુશ્કેલ છે, અને તેથી જ ધર્મશાસ્ત્રોએ કહી દીધું કે વિષયોમાં આસક્ત થનાર માણસ, મનુષ્ય તરીકે ગણાવાને લાયક નથી. દુર્લભ એવો માનવદેહ જેને મળ્યો તેનાથી ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત થઈ શકાય જ નહીં.

માનવજન્મ અશુચિમય અને જુગુપ્સા ઊપજે એવા વૈષયિક સુખો પાછળ ભટકવા માટે નહિ, પણ મુક્તિની સાધના અર્થે મળ્યો છે. માનવજન્મ એ જ માત્ર એક એવો જન્મ છે કે જ્યાંથી મનુષ્ય મુક્તિના માર્ગે પહોંચી શકે. માનવ-દેહ કાંઈ મોહસમ્રાટની દાસીઓરૂપી ઇન્દ્રિયોના ગુલામ બનવા માટે નહિ પણ બંધનમાંથી મુક્ત બની અજર, અમર અને અક્ષય બનવા માટે મળ્યો છે.'

ગુરુદેવનો ઉપદેશ અને વિદ્યુન્માલીનું પતન મેઘરથ માટે માર્ગદર્શનરૂપ બની ગયાં. તેને સંસાર પ્રત્યે અભાવ થયો અને નિર્વેદ પામી સુસ્થિત મુનિ પાસે દીક્ષા લીધી. મૃત્યુ બાદ મેઘરથનો જીવ દેવગતિમાં ગયો, ત્યારે મૂર્ખ વિદ્યુન્માલી ભવસાગરમાં ભટકતો રહ્યો.

# ૨૫. યોગ અને ભોગ

ભગવાન મહાવીરના રાજગૃહના વર્ષાવાસ દરમ્યાન અનેક પુરુષોએ દીક્ષા લીધી, તેમાં રાજગૃહીના રાજવી શ્રેણિકનો પુત્ર નંદિષેણ પણ એક હતો.

નંદિષેણનો ઉછેર મહાવૈભવપૂર્વક એક રાજકુટુંબમાં થયો હતો, અને રાજમહાલયોમાં તો પાણી માગતાં દૂધ મળતું હોય છે. પરન્તુ ભગવાનની દેશના સાંભળી તેને સંસાર પ્રત્યે અભાવ થયો અને વૈરાગ્યની સાચી ભૂમિકા સિદ્ધ કર્યા વિના સાધુધર્મ અંગીકાર કરી લીધો. જે વૃત્તિ આત્માની બનેલી હોતી નથી, તે વૃત્તિને અંગીકાર કરી લેવામાં જોખમ છે. આમાં આવી વ્યક્તિનું અધઃપતન થવાનો ભય રહે છે, અને તેની ખરાબ અસર સમગ્ર સમાજ પર થાય છે. દીક્ષા–ત્યાગ–વૈરાગ્ય–આ બધી વસ્તુઓ તો ઉત્તમોત્તમ છે, પણ તેને અપનાવનાર સ્ત્રીઓ અને પુરુષો જો એ ભૂમિકા માટેની લાયકાત ન ધરાવતાં હોય, તો એવા સાધુઓ અને સાધ્વીઓમાં સાધુતાનું તત્ત્વ જોવાનું ભાગ્યે જ મળે. ભોગમાંથી મુક્ત બની ત્યાગધર્મના સ્વીકારમાં, ત્યાગમાર્ગ માટેની સાચી ભૂમિકાના બદલે માત્ર દૂધના ઉભરાની માફક આકર્ષણ જ હોય, તો એવા ત્યાગમાર્ગે પણ એક નવા પ્રકારના જ સંસારની રચના થાય છે. એ ભોગમાં ન ડૂબે તો પણ સિદ્ધિ, કીર્તિ અને પ્રશંસાના મોહમાં ડૂબી જાય. સંસારમાં માનવોનું

પતન માત્ર ભોગના જ માર્ગે થાય છે એવું નથી. ત્યાગનો માર્ગ સમજ્યા વિના અને તે માટેની સાચી લાયકાત પ્રાપ્ત કર્યા વિના, એવા માર્ગે જનારનું પણ પતન થાય છે. પરિણામ બંનેમાં એક જ, પણ ભૂમિકા જુદી જુદી. સકળ જગત પર વિજય પ્રાપ્ત કરી તે પર શાસન ચલાવવાનું કાર્ય જેટલું મશ્કેલ અને મહાન છે, તે કરતાં અનેકગણું મુશ્કેલ અને મહાન કાર્ય ભગવાન મહાવીરના શાસનના સાચા સાધુ અને સાધ્વી બનવામાં રહેલું છે.

નંદિષેણ તો ભારે વિચક્ષણ હતા. પોતાની અંતરંગ નબળાઈ વિષે સજાગ હતા, અને તેથી દીક્ષા લીધા પછી અંતરનાં ઊંડાણમાં પડેલી કામેચ્છા અને ભોગેચ્છાને દૂર કરવા તેમણે ઉગ્ર તપશ્ચર્યા શરૂ કરી. આ રીતે તેમણે મનતંત્રનો નિગ્રહ કરી અજ્ઞાત અવસ્થામાં રહેલી વૃત્તિને દબાવી તો ખરી, પણ તેના આંતર મનને લાગતું કે એવી રીતે દબાવેલી વૃત્તિની પ્રતિક્રિયામાંથી તેઓ સદંતર મુક્ત રહી શકયા નથી. પ્રકૃતિથી વિરુદ્ધ જ્યારે કોઈ લાગણીઓને માનવી દબાવવા જાય છે, ત્યારે તેના પરિણામે શાતા કે શાંતિ પ્રાપ્ત થવાને બદલે ઊલટું તેના મનની પરિસ્થિતિમાં ગૂંચવણો ઊભી થાય છે. આમ છતાં તપના કરણે નંદિષેણે અનેક લબ્ધિઓ પ્રાપ્ત કરી. લબ્ધિઓ પ્રાપ્ત કરવાનું મુશ્કેલ નથી, પણ પ્રાપ્ત કરેલી લબ્ધિઓ જ જીવને મુક્તિનું કારણ બનવાને બદલે કોઈવાર બંધનનું નિમિત્ત થઈ જાય છે. તેથી જ સાચા જ્ઞાનીઓ લબ્ધિઓની વિટંબણાથી દૂર રહે છે.

એક દિવસ નંદિષેણ મુનિ છઠ્ઠના પારણે ગોચરી લેવા જઈ રહ્યા હતા. અખંડ બ્રહ્મચર્ય અને તપના તેજથી તેની કાયા કામદેવની માફક શોભતી હતી. ચાલતા ચાલતા મુનિરાજ જ્યારે એક ભવ્ય પ્રાસાદ નીચેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે તેની અટારી પર તે પ્રાસાદમાં રહેતી રાજગૃહની સૌથી પ્રસિદ્ધ નર્તિકા દેવદત્તા દંતધાવનની ક્રિયા કરી રહી હતી. રાજગૃહના વિલાસી લોકો આ નર્તિકાના અભિનય, નૃત્ય અને સંગીતકળા પર મુગ્ધ હતા. લોકો તેના સૌન્દર્ય પાછળ ગાંડા હતા, પણ દેવદત્તાએ દેહજન્ય ભોગોથી અલિપ્ત રહેવા માટે પોતે જ પોતાના સંબંધમાં ઇરાદાપૂર્વક એક એવી ખોટી વાત ફેલાવી હતી કે તે વિષકન્યા છે, એટલે જે કોઈ તેનો સ્પર્શ કરશે તેનું ત્યાં ને ત્યાં જ મૃત્યુ થશે.

દેવદત્તાએ અટારી પરથી નીચે ચાલ્યા જતા મુનિરાજને જોયા અને તેના હૃદયમાં જીવનમાં પ્રથમવાર અકથ્ય ભાવો જાગ્યા. માનવહૃદયમાં પ્રીતિ કઈ રીતે અને શા માટે એકાએક ઉત્પન્ન થઈ જાય છે, તેના કારણની ખબર નથી પડી શકતી; પણ ઘણી વખત ન કલ્પી શકાય એવો કોઈ અગમ્ય હેતુ બે વ્યક્તિઓને જોડી દે છે. મુનિરાજના તેજ અને કાંતિથી દેવદત્તા અત્યંત પ્રભાવિત થઈ અને પોતાની દાસીને મુનિરાજને ગોચરી અર્થે બોલાવી લાવવાની આજ્ઞા કરી.

મુનિરાજ દાસીની પાછળ પાછળ રસોડામાં આવ્યા અને ધર્મલાભ આપી પાત્રાં નીચે મૂકયાં. મુનિરાજ પણ નર્તિકાનું સૌન્દર્ય જોઈ વિચારવા લાગ્યા કે માનવલોકની સ્ત્રીમાં પણ

શું આવું અદ્ભુત રૂપ હોઈ શકે? મુનિરાજના ચિત્ત ઉપર દેવદત્તાનો અદ્ભુત પ્રભાવ પડચો.

ગોચરીની વસ્તુઓ વહોરાવી બંને હાથ જોડી આછા સ્મિત સાથે વિનમ્રતાપૂર્વક દેવદત્તાએ કહ્યું : 'મુનિરાજ! આપે મને ધર્મલાભ આપ્યો અને ધર્મના માર્ગે જ મોક્ષગતિ પ્રાપ્ત થઈ શકે એની તો મને ખબર છે; પણ ધર્મ અને મોક્ષ વચ્ચે અર્થ અને કામ એવા બે પુરુષાર્થ પણ રહેલા છે, તે વિષે કશો લાભ આપવાની આપનામાં શક્તિ ખરી કે ?

દેવદત્તાની વાત સાંભળી મુનિરાજ સ્તબ્ધ થઈ તેની સામે અનિમિષ દૃષ્ટિએ જોઈ રહ્યા. દેવદત્તાની વાતમાં તેને ટીખળ અને અપમાન જેવું લાગ્યું એટલે કાંઈક આવેશમાં આવી જઈ કહ્યું : 'રાજગૃહીની નર્તિકા માત્ર બાવા અને જોગટાના જ પરિચયમાં આવી હોય એમ લાગે છે, એને કોઈ સાચો યોગી મળ્યો હોય એમ દેખાતું નથી !'

મુનિરાજની વાત સાંભળી જરા પણ વિસ્મિત ન થતાં તરત જ દેવદત્તાએ કહ્યું : 'જીવનમાં પ્રથમ વખત જ તમારા જેવા યોગીના દર્શનનો લાભ મળ્યો, એટલે જ થયું કે ધર્મ અને મોક્ષની સાથોસાથ અર્થ અને કામનો પણ શા માટે લાભ ન લઉં ? સિદ્ધ યોગીઓ તો ધારે એ કરી શકે એમ સાંભળ્યું છે, એટલે તમને જોયા પછી થયું કે જે સાંભળ્યું છે તેનો આજે પ્રત્યક્ષ અનુભવ પણ કરી લઉં ?'

મુનિરાજનું અભિમાન ઘવાયું, અને તરત જ પોતાની શક્તિનો પરચો બતાવતાં નર્તિકાના ઘરમાં રત્નોનો વરસાદ વરસાવ્યો.

મુનિરાજની આવી દિવ્યશક્તિ જોઈ નર્તિકા ભારે વિસ્મિત થઈ. આ દેવાંશી પુરુષમાં તેણે પોતાની કલ્પનાના પતિનું સ્વરૂપ જોયું, પણ બીજી જ પળે તેને ભાન થયું કે લોઢાના ચણા ચાવી જવાનું કદાચ શકય બને, પણ ત્યાગપંથે પડેલા મુનિરાજને ભોગના માર્ગે લાવવાનું તો અશકય છે. એના મનોમનમાં તુમુલ યુદ્ધ જાગ્યું. જ્ઞાન, ગુણ, રૂપ અને શીલ એ ચારે જયારે સ્ત્રીમાં સંયુક્ત રીતે એકઠાં થાય છે ત્યારે એવી સ્ત્રી સંસારની એક અસાધારણ શક્તિ બની જાય છે. એનાં કુળ કે જાતિની પછી ખાસ મહત્તા રહેતી નથી. દેવદત્તા નર્તિકા હોવા છતાં આવી જ એક અસાધારણ શક્તિ હતી. યોગ અને ભોગ પરસ્પર એક બીજાના વિરોધી નથી પણ એક જ સિક્કાની બે બાજુઓ જેવા છે, એટલે યોગીને ભોગી બનાવવાના કાર્યને તે અશકય ન માનતી. ભોગ અને યોગ વચ્ચે સમન્વયતા સાધવી તેને જ તે ઉત્કૃષ્ટ યોગસાધના માનતી. તેથી મુનિરાજને પોતાના પંથેથી વિચલિત કરવાનો દઢ નિશ્ચય કરી રત્નોના ઢગલા તરફ અંગુલિનિર્દેશ કરી દેવદત્તા બોલી : ‘ મુનિરાજ ! આપે પરિગ્રહ છોડયો. પણ પરિગ્રહવૃત્તિમાંથી તમે હજુ મુક્ત નથી થઈ શકયા. અપરિગ્રહપણાનો સંબંધ જગતના પદાર્થો અને વસ્તુઓ સાથે નહીં પણ માનવની વૃત્તિ સાથે સંકળાયેલો છે, વસ્તુનો સંગ્રહ એ જ માત્ર પારગ્રહ નથી, પણ વસ્તુ પ્રત્યેની મૂર્ચ્છા એ જ ભયંકર પરિગ્રહ છે. ધનની વૃત્તિ જ તમારામાં ન હોત તો રત્નોનો ઢગલો કરવાનું તમને ન સૂઝયું હોત ! સંસાર મિથ્યા અને ઝાંઝવાના જળ જેવો છે, તેમજ સંસાર

અસાર અને દાવાનલરૂપ છે, એવું માનનારા સાધુઓ મેં જોયા છે. બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે, એવું કહેનારા શુષ્ક વેદાંતીઓના પરિચયમાં પણ હું આવી છું. આ સમગ્ર સૃષ્ટિ જડ છે, મલિન છે, ભ્રમ છે અને સ્વપ્ન સમાન છે એમ માનનારા પોકળ તત્ત્વજ્ઞાનીઓને પણ હું જાણું છું. પોતાની સહજ વૃત્તિઓને ઉપવાસી રાખી સંસારની લીલાભૂમિથી દૂર થઈ, પહાડના એકાન્તમાં બેસી ધ્યાનયોગ અને જ્ઞાનયોગ સાધતાં પણ મેં અનેકને જોયા છે—પણ આવા સાધુઓ શુષ્ક વેદાંતીઓ, પોકળ તત્ત્વજ્ઞાનીઓ અને પોતાની જાતને યોગી તરીકે ઓળખાવનારાને મેં સંસારની ધૂળ ઉપર ભૂંડી દશામાં જોરથી પછડાટ ખાતા જોયા છે. કોઈ પણ માણસ પોતાની સ્વાભાવિક વૃત્તિ પર ઢાંકપછેડો કરી, સંસારની રંગભૂમિ પરથી મુક્તિના પંથે જવાનો દંભ અને દાવો કરી શકે; પરન્તુ એ બિચારો સમજતો નથી કે મુક્તિની બાબતમાં કસમયે ખોટો લોભ રાખી જે કરવાનું હોય તેને તે ટાળે છે. નીતિભ્રષ્ટતાની માફક કર્તવ્ય-પરાઙ્મુખતા અને નિષ્ઠાશૂન્યતા પણ પાપ જ છે, તેથી આ મહાનુભાવો જે કરવાનું હોય તે ટાળે છે અને તેનું મૂલ્ય વ્યાજ સાથે ભરપાઈ કરવું પડે છે અને વધારામાં જે કરવાનું ટાળ્યું હોય તેની સજા પણ ભોગવવી પડે છે. જુઓ! જે ધનને તમે દૂર કર્યું એ જ ધન તમારા માથે પડ્યું!'

નર્તકીની દલીલ સાંભળી મુનિરાજ સ્તબ્ધ થઈ ગયા. તેમણે જોયું કે તેમણે મેળવેલી સિદ્ધિને આ વિલક્ષણ સ્ત્રીએ કોડીની કીમતની બનાવી દીધી. આમ છતાં તેના ચિત્તને

અશાંત ન બનવા દેતાં તેમણે કહ્યું: 'આપણી વૃત્તિઓને ઉપવાસી ન રાખવી તો શું મનમાં જે જે વૃત્તિઓ ઊભી થાય તેને પોષ્યા કરવી? ભૌતિક અને આધ્યાત્મિક એ બંને ભિન્નભિન્ન પ્રકારની વૃત્તિ છે–જેને આધ્યાત્મિક માર્ગે જવું હોય તેણે ભૌતિક વૃત્તિઓના પાશમાંથી મુક્ત થવું જ રહ્યું. તમારે શું કહેવાનું છે એ વાત જ હું સમજી શકતો નથી, તમારી દલીલ શક્તિ જોઈ એમ તો લાગે છે કે જે ધર્મ મેં સ્વીકાર્યો છે, તે ધર્મનો તમે સ્વીકાર કરી લો તો કેટલાયે જીવોનું તમારા દ્વારા કલ્યાણ થઈ શકે.'

દેવદત્તા થોડીવાર તો મુનિરાજ સામે અનિમેષ દૃષ્ટિએ જોઈ રહી. સાધુની આંખમાં તેણે ધાર્યું હતું તેવું જ કાંઈક નિહાળ્યું. એક જ ચકોરદૃષ્ટિ માત્રમાં ચતુર સ્ત્રી, પુરુષને નખશિખ સમજી લે છે. દેવદત્તા કોઈ સામાન્ય નર્તકી ન હતી. તેનો જન્મ એક નર્તકીની કૂખે થયો હતો, પણ એના જન્મનો જવાબદાર એક મહાન યોગી હતો. પુત્રીમાં માતા કરતાં પિતાના ગુણ-દોષોનું પ્રમાણ વધારે હોય છે, એટલે દેવદત્તાને કુદરતી રીતે જ યોગીની વૃત્તિ–પિતાના ગુણોનો વારસો મળ્યો હતો. નંદિષેણે અધ્યયન દ્વારા જે જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું, તે જ્ઞાન દેવદત્તાને વારસામાં મળ્યું હતું.

મુનિરાજને પોતાનું નામ અને ટૂંક ઓળખ આપી બંને હાથ જોડી મૃદુહાસ્ય સાથે દેવદત્તા બોલી: 'મુનિરાજ! ભૌતિક અને આધ્યાત્મિક વૃત્તિને તમે એકબીજાની વિરોધી

માનો છો, એની સામે મારે વાંધો છે. મને લાગે છે કે માનવજાતે જો સાચા અર્થમાં વિકાસ સાધવો હોય તો એમાંથી એકેયનો વિરોધ ન કરતાં બંનેના અંતરતમ રહસ્યનો તાગ મેળવી તે દ્વારા સમન્વય સાધવો જોઈએ. જ્ઞાનની સફળતા અને અંતિમ વિકાસ આ કાર્યને સિદ્ધ કરવામાં છે. હું તમને આ વાત વધુ સ્પષ્ટપણે સમજાવવા માગું છું અને તેમાં કશો અવિનય કે અવિવેક અગર તમારી ભાષામાં આશાતના થાય તો આપ મને ક્ષમા કરશો.'

દેવદત્તાએ તે પછી કહ્યું: 'આપે સંયમધર્મ સ્વીકાર્યો છે, અર્થાત્ સુખકર વૃત્તિને વળગી રહી દુઃખકર વૃત્તિથી દૂર રહેવાનો માર્ગ અપનાવ્યો છે. અમુક પ્રત્યે તમને સદાગ્રહ છે જ્યારે બીજા પ્રત્યે તમને દુરાગ્રહ છે. એક પ્રત્યે રાગ છે—અન્ય પ્રત્યે વિરાગ છે. જેમકે આધ્યાત્મિક અને ભૌતિક, ગ્રહણ અને વર્જન, બંધન અને મુક્તિ, દ્વેષ અને રાગ, ભોગ અને યોગ—આમ પ્રત્યેક વિચારણામાં એકબીજાથી વિરુદ્ધ એવા ભાવો રહેલા છે. એક પ્રત્યે ઉપેક્ષા, અન્ય પ્રત્યે અનુરાગ, પરન્તુ એક વૃત્તિને સારી ગણવી અને બીજીને નરસી ગણવી એ રીત વૃત્તિને સમજવા માટેનો યોગ્ય માર્ગ જ નથી. માનવ એ રસ્તે કદી મહામાનવ બની શકતો નથી. સાચા સાધકે તો આવી બંને પ્રકારની વૃત્તિથી અલગ થઈ જવું જોઈએ. જ્ઞાનીને મન જેમ માટી અને સોના વચ્ચે કશો તફાવત નથી, તેમ યોગ અને ભોગમાં સમાનતા કેળવવી જોઈએ. ભોગમાં યોગ છે અને યોગમાં ભોગ છે. એકમાં બીજાનો વાસ છે, એમાંનું એકેય બીજા વગર સત્ય નથી.

ઉપનિષદનો એક શ્લોક મને બહુ ગમ્યો. એમાં કહેવામાં આવ્યું છે, કે 'જે કેવળ અવિદ્યા અર્થાત્ સંસારની ઉપાસના કરે છે તે અંધતમસમાં પ્રવેશ કરે છે; તેના કરતાં પણ વધારે અંધકારમાં તે પ્રવેશ કરે છે કે, જે કેવળ બ્રહ્મવિદ્યામાં જ રત રહે છે.' સુખનો અવિશ્વાસ અને દુ:ખનો ભય પણ માનવીને ત્યાગના પંથે લઈ જાય છે. સુખનો ત્યાગ કરો એટલે દુ:ખની વળગણ જ ન રહે—પણ આવી વૃત્તિ નિષેધાત્મક વલણ છે, એક પ્રકારની પલાયન વૃત્તિ છે, શૂન્યવાદ છે. માનવજીવન પણ એક પ્રકારના યુદ્ધ જેવું છે, તેમાંથી નાસી છૂટવાથી વિજય પ્રાપ્ત થયો ન ગણાય. તમે મને તમારો ગ્રહણ કરેલો ધર્મ અપનાવવાનું એટલે કે દીક્ષા લેવા માટે કહો છો પણ હું આપને પૂછું છું કે સંસારી જીવનનો આપને અનુભવ કેટલો? સંસારના અનુભવ વિના, સંસારનાં સુખ—દુ:ખ સમજ્યા વિના હું દીક્ષા લઈને સંસારીઓને શું માર્ગદર્શન આપી શકું? અને એવા માર્ગદર્શનનાં મૂલ્ય કેટલાં? આ તો આંધળાને આંધળો દોરવે એના જેવું થયું. ગૃહસ્થાશ્રમ એ ત્યાગધર્મની પ્રાથમિક ભૂમિકા છે, આપને આપનામાં વિશ્વાસ હોય, ભોગમાં પડવાથી ભોગના ભાર નીચે દબાઈ નહીં જવાય એવી શ્રદ્ધા હોય તો, આપણે દાંપત્યજીવનનો અનુભવ લઈએ, અને એ માર્ગે ત્યાગધર્મ માટે તૈયાર થઈએ. ત્યાગ-તપ અને સંયમમાં હું માનું છું, પણ કૂદકો મારીને તમારી જેમ ત્યાં જવામાં હું નથી માનતી.'

નર્તકીની વાત એકચિત્તે સાંભળતાં મુનિરાજ શૂન્યમનસ્ક બની ગયા. મુનિરાજ કોઈ સામાન્ય માનવી ન હતા.

તેઓ રાજગૃહીના રાજવી શ્રેણિકના પુત્ર હતા અને સંસારમાં શક્ય એટલાં બધાં જ સુખો પ્રાપ્ત થયા હોવા છતાં તેને લાત મારી ત્યાગ-તપ-સંયમના માર્ગે ગયા હતા. નર્તકીની દલીલથી તેઓ મુગ્ધ થયા. ભોગ પ્રત્યે ઉપેક્ષા અને ત્યાગ પ્રત્યે અનુરાગના કારણે તેને તેના જીવનમાં કાંઈક ખામી જેવું લાગતું હતું પણ ભોગ સંબંધમાં તેને કશો અનુભવ ન હતો એટલે માત્ર પ્રયોગ દ્વારા જ આ વાત સિદ્ધ કરી શકાય એવું તેમને લાગ્યું.

છેલ્લા કેટલાક વખતથી જે વાત તેના મનને મૂંઝવી રહી હતી, તેનું અંશતઃ સમાધાન તેને નર્તકીની દલીલમાંથી સાંપડ્યું. તેને એમ લાગ્યું કે ભોગો પ્રત્યે ઘૃણા અને નફરત કેળવી ભોગોથી અલિપ્ત રહેવાના માર્ગમાં ભવ્યતા નહિ પણ તુચ્છતા છે. જે ભવ્યતા અને પૂર્ણતા ત્યાગમાં રહેલાં છે, તે ભવ્યતા અને પૂર્ણતા ભોગમાં પણ કેમ ન સંભવી શકે? લગ્ન અને ભોગજીવન એ તુચ્છ અને પામર લોકોની લાચારીનો ઉપાય છે, એમ કહી તેનાથી અલિપ્ત રહેવામાં નર્તિકાની દલીલ પછી તેણે સાધનાને બદલે અભિમાન જોયું. ભોગ અને યોગ એક બીજાના વિરોધી નથી અને તે બંને વચ્ચે સમન્વયતા સાધી શકાય કે કેમ? તેની ખાતરી કરવા નર્તિકા સાથે દાંપત્યજીવન જીવવાની વાત માન્ય રાખતાં કહ્યું: 'દેવદત્તા! તમારી વાત તો મને મંજુર છે, પણ એક શરતે. ભોગ અને યોગ એ એક જ સિક્કાના બે પાસા જેવા હોવા છતાં ત્યાગના માર્ગે જે શાંતિ અને આનંદ મળે છે,

તવાં જ શાંતિ અને આનંદ ભોગના માર્ગે પણ મળી શકે એ વાતમાં મને શંકા છે, એટલે જે દિવસે......'

અધવચ્ચેથી મુનિરાજને બોલતા અટકાવી, તેમને શું કહેવું છે તે જાણે એ સમજી જ ગઈ હોય એમ દેવદત્તા બોલી : 'આપણા બંનેની શંકા ભિન્નભિન્ન પ્રકારની હોવા છતાં તેની ભૂમિકા એકસમાન છે, અને તેના નિચોડ માટે જ આપણે સહજીવનનો પ્રયોગ કરવાનો છે. પ્રત્યેક જીવન એક પ્રકારની પ્રયોગશાળા જેવું છે. આ પ્રયોગના અંતે શાંતિ અને આનંદનો અનુભવ ન થાય, અગર તો ભોગ અને યોગ આપણા માટે ભિન્નભિન્ન વૃત્તિ ન રહેતાં એકરૂપ થઈ જાય, તો જેટલી સહેલાઈથી સાપ પોતાની કાંચળી ફેંકી દે છે, તેટલી જ સહેલાઈથી આપણે ભોગનો માર્ગ તજી દઈશું. પરંતુ એ પરિસ્થિતિમાં પ્રાપ્ત થનાર યોગ એ મોહ અગર દુઃખના કારણે ઉત્પન્ન થયેલ શુષ્ક વૈરાગ્યના ફળરૂપે નહિ હોય, પણ નક્કર અનુભવના અંતે પ્રાપ્ત થતાં ફળરૂપે હશે. ફૂલમાંથી ફળનું આવવું જેટલું સ્વાભાવિક અને કુદરતી છે, તેટલું જ સ્વાભાવિક અને કુદરતી ભોગમાંથી યોગ પ્રાપ્ત થવાનું હોવું જોઈએ; એમાં મને શંકા નથી, પણ તમને છે. પરંતુ પ્રયોગના અંતે આપણા માટે શંકાનું કશું કારણ રહેશે નહીં. આપણા દાંપત્યજીવનમાં ભોગને અવકાશ હોવા છતાં, દાંપત્યજીવનનું ધ્યેય તો યોગ સાધવાનું છે, એટલે અંતે તો પરિણામ નિશ્ચિત છે. ભોગના માર્ગે યોગની સિદ્ધિ એક અદ્ભુત પ્રયોગ પુરવાર થશે એ તો ચોક્કસ છે.'

પછી તો નંદિષેણ અને દેવદત્તાનો ગૃહસ્થાશ્રમ શરૂ થયો. નંદિષેણ ભારે વિચક્ષણ હતા. એક બાજુથી નર્તકીના પ્રાસાદના એક ભાગને ઉપદેશગૃહ બનાવી દરરોજ દશ જણને પ્રતિબોધ પમાડી દીક્ષા માટે તૈયાર કરતા, તો બીજી બાજુ દેવદત્તાની સાથે ચિત્રશાળામાં વિરાજતા હોય ત્યારે બંને પાત્રો યૌવનના માદક નશામાં ચકચૂર થઈ જતાં. અન્યોઅન્યે એકબીજામાં પોતાના પ્રાણ પાથરી દીધા અને જીવનનું પ્રથમ સોપાન મંગલરૂપ બની ગયું. ભિન્નભિન્ન શરીર અને આત્માને બદલે બે શરીર અને બે આત્માઓએ એવી તો એકતા પ્રાપ્ત કરી કે, જાણે બે ભિન્નભિન્ન દેહમાં એક જ અવિભક્ત આત્મા ન રમી રહ્યો હોય! લોકો એમનું સુખી દાંપત્યજીવન જોઈ બોલી ઊઠતા: 'ખરેખર! આ દંપતીએ ભોગને યોગમાં પલટચો છે અને યોગનું ભોગમાં રૂપાંતર કર્યું છે.' ત્રાજવાના એક પલ્લામાં ભોગ અને બીજા પલ્લામાં યોગને રાખી ત્રાજવાની દાંડી એવી તો સમતોલ રાખી હતી કે કોઈ એક બાજુ જરાએ એ નમતી દેખાતી નહોતી.

આ રીતે બાર વર્ષો વીત્યાં. એક દિવસે નંદિષેણ નવ જણને પ્રતિબોધ પમાડી દશમા એક સોનીને દીક્ષાના માર્ગે જવાનું સમજાવતાં કહી રહ્યા હતા કે: 'ચંદનવૃક્ષથી ઊપજેલો અગ્નિ પણ જેમ દઝાડે છે, તેમ ધર્મથી ઊપજેલો ભોગ પણ પ્રાયઃ જીવને અનર્થરૂપ થાય છે.' નંદિષેણનો આવો ઉપદેશ સાંભળી પેલા સોનીએ તેમને કહ્યું: 'ભોગોનું આવું સ્વરૂપ હોવા છતાં યોગજીવનનો ત્યાગ કરી ભોગજીવનમાં તમે શા માટે આવ્યા?' બરોબર એ જ સમયે

નંદિષેણને ભોજન અર્થે બોલાવવા દેવદત્તા ત્યાં આવી. પેલા સોનીનો પ્રશ્ન સાંભળીને દેવદત્તાના હૃદયને એક પ્રકારનો આંચકો લાગ્યો. નંદિષેણે તો સ્વસ્થતાપૂર્વક તેને જવાબ આપતાં કહ્યું : 'બંધુ! મનના ઉપર કોઈ પદાર્થનો આઘાત થવાથી મન પ્રતિક્રિયા કરે છે અને મનની આ પ્રતિક્રિયા જે રૂપ ધારણ કરે છે, તે રૂપમાં આપણે તે પદાર્થ જોઈ શકીએ છીએ. એક ક્ષુદ્ર જંતુ કાલુ માછલીની છીપમાં પ્રવેશ કરીને તેના શરીરમાં ખંજવાળ ઉત્પન્ન કરે છે, અને તેથી કરીને માછલીના શરીરમાંથી એક પ્રકારનો ચળકતો ચીકણો રસ ઝરીને તે જંતુની આસપાસ લપેટાય છે. આના પરિણામે બંધાયેલા આકારને આપણે મોતી કહીએ છીએ. આ રીતે, સમસ્ત બ્રહ્માંડ પણ આપણે પોતે આસપાસ પાથરેલી આપણી જ વૃત્તિઓની સમષ્ટિ છે—આપણી પોતાની કૃતિ છે. આ બાબતના પ્રત્યક્ષ અનુભવ અર્થે યોગાશ્રમમાંથી ભોગાશ્રમમાં આવવું પડ્યું.'

સોનીએ કહ્યું : 'સંસારીમાંથી સાધુ થયાના અનેક દાખલાઓ છે, પણ આપે તો સાધુમાંથી સંસારી થયાનો પ્રયોગ કર્યો, આ પ્રયોગના અંતે આપે શું પ્રાપ્ત કર્યું?' નંદિષેણ સોનીની વાત સાંભળી હસી પડ્યા અને કહ્યું : 'બંને પ્રકારના જીવન-અનુભવના અંતે મને જે સત્ય પ્રાપ્ત થયું તે આ છે : 'માનવ જેટલી શાંતિ અને ચિત્તપ્રસન્નતા ત્યાગજીવનમાં યોગમાર્ગે પ્રાપ્ત કરી શકે છે, તેટલી જ શાંતિ અને પ્રસન્નતા ગૃહસ્થાશ્રમમાં પણ અનુભવી શકે છે. ण कामभोगा समयं उविंति, णया वि भोगा विगइं उविंति—અર્થાત

કામભોગો સમભાવ અને વિકારનું કારણ નથી, પરંતુ તેમાં જે દ્વેષ કરે છે તેમજ પરિગ્રહ-મૂર્છાને વશ થાય છે, તે તેમાં મોહ-રાગ-દ્વેષ કરવાથી વિકાર પામે છે. માત્ર યોગ કે ભોગમાં નહિ, પણ યોગ અને ભોગ બંનેમાં જે સમભાવ સાધી શકે તેને કર્મનો લેપ થતો નથી. પણ હવે તો અમારા પ્રયોગની સિદ્ધિ થઈ છે, એટલે ભોજનવિધિ પૂર્ણ કરી હું અને મારી પત્ની પાછા આજે જ ત્યાગધર્મના સ્વીકાર અર્થે જઈ રહ્યા છીએ.'

ચિત્તને જરા પણ ક્ષોભની અસર ન થવા દેતાં દેવદત્તા મુક્તકંઠે હસી અને બોલી: 'ભાઈ! તેમણે આજે નવ જણને દીક્ષા માટે તૈયાર કર્યા છે, હવે તમે પણ અમારી સાથે જોડાઈ જાઓ તો આજે ભગવાન મહાવીરના શ્રમણ-સંઘમાં અગિયાર સાધુઓ અને એક સાધ્વીની સંખ્યા વધશે.'

નંદિષેણ અને દેવદત્તાની સાથે પેલા સોનીએ પણ તે જ દિવસે સંયમધર્મનો સ્વીકાર કરી દીક્ષા લીધી. દીક્ષાના વરઘોડાની કે તે માટેની લાંબી લાંબી નિમંત્રણ-પત્રિકાઓની ત્યાં જરૂર ન હતી, કારણ કે ઘરના એક રૂમ-માંથી બીજા રૂમમાં પ્રવેશ કરવાનું જેટલું સ્વાભાવિક અને સરળ હોય, તે મુજબ જ દેવદત્તા અને નંદિષેણનું ભોગ-જીવનમાંથી યોગજીવનમાં જવાનું સ્વાભાવિક અને સરળ હતું.

આમ નંદિષેણે પ્રથમ યોગમાં સિદ્ધિ અને પછી ભોગમાં સિદ્ધિ મેળવીને યોગ અને ભોગ બંનેમાં સમભાવ સાધ્યો અને તેમનું નામ અમર બની ગયું.

# ૨૬. શીલ અને ધર્મ

કુસુમપુર નગરમાં મહાપુણ્યવંત, સંયમી અને ધર્મનિષ્ઠ એવો ચંદન નામે રાજા રાજ્ય કરતો હતો. રાજ્યની પ્રજા તમામ વાતે સુખી હતી. ચંદનને શોભાવે તેવી જ તેની રાણી મલયાગિરિ હતી. તેનામાં રૂપ–ગુણ–શીલનો ત્રિવિધ સંગમ થયો હતો અને આવી સ્ત્રી તો જગતના લોકો માટે વંદનાને લાયક બની જાય છે. કુટુમ્બને શોભાવે એવાં બે બાળકો તેમને હતાં અને તેમનાં નામ સાયર અને નીર રાખવામાં આવ્યાં હતાં.

એક વખતે રાજાની કુળદેવીએ સ્વપ્નમાં આવી તેમને કહ્યું : 'હે રાજન્! તારા ખરાબ દિવસોની શરૂઆત ટૂંક સમયમાં થવાની છે, એટલે આ રાજ્ય છોડી ચાલ્યા જવું એ તારા હિતની વાત છે.' બીજા દિવસે રાજાએ રાજ્ય-જ્યોતિષીઓને બોલાવ્યા અને જન્મપત્રિકા આપી પોતાને કયા ગ્રહની મહાદશા ચાલે છે તેમજ તેનું શું ફળ હોય તે સંબંધમાં સાચી હકીકત જણાવવા કહ્યું.

જ્યોતિષીઓ જન્મપત્રિકા જોઈ વિચારમાં પડયા કારણ કે રાજાને કાળસર્પ યોગની શરૂઆત થવાને બહુ દિવસોની વાર ન હતી. જ્યોતિષીઓએ રાજાને કાળસર્પયોગ દરમ્યાન મહાન આફતમાંથી પસાર થવું પડશે તેમજ રાજા-રાણીને લાંબા સમય સુધીનો વિયોગ થશે એવી આગાહી કરી

હતી. મલયાગિરિ તો સાધ્વી જેવી સ્ત્રી હતી. ગમે તેવી પરિસ્થિતિમાં પણ તેને જો પોતાના પતિની સાથમાં રહેવાનું મળે, તો તેને મન એ સ્વર્ગના સુખ કરતાં પણ અધિક સુખ જેવું હતું. ચંદન અને મલયાગિરિ બંને બાળકો સાથે બીજા દિવસે મધ્ય રાત્રિએ, રાજ્યમાંથી કાંઈ પણ લીધા સિવાય, માત્ર પહેરેલા કપડે જંગલના માર્ગે ચાલી નીકળ્યાં.

થોડા દિવસો બાદ સૌ એક શહેરમાં આવી પહોંચ્યાં. ચંદને એક શેઠને ત્યાં ઘર મંદિરમાં પૂજારીની નોકરી સ્વીકારી, અને મલયાગિરિએ લાકડાની ભારી બાંધી શહેરમાં વેચવાનું કાર્ય શરૂ કર્યું. શહેરથી થોડે દૂર એક ઝુંપડી બાંધી બાળકો સાથે ગરીબાઈપૂર્વક રહેવા છતાં ભારે આનંદપૂર્વક જીવન જીવતા હતા.

તે અરસામાં તે શહેરમાં આનંદપુર નગરનો સાગરદત્ત સાર્થવાહ પોતાના વેપાર અર્થે ત્યાં આવેલો અને તેની કામુકદૃષ્ટિ મલયાગિરિના સુંદર દેહ પર પડી. સાગરદત્તે યુક્તિપૂર્વક પોતાના માણસો મારફત મલયાગિરિને તંબુમાં લાકડાં ખરીદવાના બહાના નીચે બોલાવી અને બળજબરીથી રથમાં બેસાડીને તેને બીજા શહેરમાં ઉપાડી ગયો. હંમેશના સમયે મલયાગિરિ ઝુંપડીમાં પાછી ન આવી, એટલે બંને બાળકો કલ્પાંત કરવા લાગ્યાં. સાંજે ચંદન પાછો આવ્યો અને મલયાગિરિ પાછી નથી આવી તે સમાચાર જાણી તે પણ બેબાકળો થઈ ગયો. ગામમાં જઈને ચંદને બધે ઠેકાણે મલયાગિરિની તપાસ કરી, પણ કશો પત્તો ન લાગ્યો. ચંદનને ભારે આઘાત લાગ્યો અને તે શૂન્યમનસ્ક થઈ ગયો.

બંને બાળકો નમાયાં બની માતાને સંભારી સંભારી ધ્રૂસકે ધ્રૂસકે રડતાં હતાં, અને ચંદનને લાગ્યું કે જો આ પ્રસંગે તે પોતાના મગજની સમતુલા ગુમાવશે તો બાળકોના દુઃખનો પાર રહેશે નહીં. પછી તો, પરિસ્થિતિ પર કાબૂ મેળવી ભાગ્યમાં લખ્યું હોય તે કદી મિથ્યા થતું નથી એમ વિચારી ચંદન પુત્રોને લઈ બીજા ગામે ચાલ્યો ગયો. પુરુષ અને સ્ત્રીમાં કુદરતી ભેદ છે અને બંનેના કાર્યપ્રદેશ ભિન્નભિન્ન હોવા છતાં આત્મારૂપે એક હોવાથી એકબીજા એકબીજાનો ધર્મ બજાવી શકે એવી શક્તિ દરેક પુરુષ અને સ્ત્રીમાં રહેલી જ છે. પુરુષ, પુરુષ રહીને સ્ત્રીનું કાર્ય જેમ કરી શકે, તે જ રીતે સ્ત્રી, સ્ત્રી રહીને પુરુષનું કામ પણ કરી શકે. પતિ-પત્ની એકબીજાના અર્ધા અંગ જેવાં ગણાય છે, તેમાં મુખ્યત્વે આ જ તત્ત્વ રહેલું છે. અલબત્ત, મહાત્યાગ અને સંયમ વિના આ શક્તિનો વિકાસ નથી થઈ શકતો. સ્થૂલ દેહદૃષ્ટિએ ચંદન બાળકોનો પિતા હતો અને સૂક્ષ્મ-દૃષ્ટિએ તે તેઓની માતા બની ગયો. પુરુષ અને સ્ત્રી આખરે તો ધર્મ અને શીલના પ્રતિકરૂપે છે અને ધર્મ તથા શીલ એ બંને તો એક જ અર્થવાળા શબ્દના બે ભિન્નભિન્ન પર્યાયો છે. ધર્મ વિના શીલ ન હોઈ શકે, શીલ વિના ધર્મ ન હોઈ શકે. માતા પોતાના બાળકોની જે સંભાળ અને કાળજી રાખે, તે કરતાં વિશેષ કાળજી અને સંભાળ ચંદન બંને બાળકોની રાખતો હતો. બાળકોને માતાની જરા પણ ઉણપ ન લાગે, તે ચંદનનું જીવનધ્યેય બની ગયું.

મહિનાઓ અને વર્ષો પસાર થવા લાગ્યાં, પણ મલયાગિરિનો પત્તો મળ્યો નહીં. ગામેગામ તપાસ કરવા છતાં ચંદનને મલયાગિરિના કશા સમાચાર ન મળ્યા. એમ છતાં સૂર્ય આવતી કાલે ઉદય પામવાનો છે એ વિષે તેને જેવી અચલ શ્રદ્ધા હતી, તેવી જ અટળ શ્રદ્ધા તેને મલયાગિરિના પુનઃમિલન માટેની હતી.

એક દિવસે ભરચોમાસામાં ચંદન અને બંને બાળકોને મુસાફરી કરતાં કરતાં એક નદી ઓળંગવાનો પ્રસંગ ઉપસ્થિત થયો. નદીમાં મોટું પૂર આવેલું હતું, એટલે બંને બાળકો સાથે સામે કાંઠે જવું અશકય હતું. ચંદન પ્રથમ સાગરને સામે કાંઠે મૂકી આવ્યો અને પછી નીરને લેવા માટે નીકળ્યો. પણ નદીમાં બરોબર મધ્યમાં આવતાં તે પાણીના પ્રચંડ પ્રવાહમાં તણાવા લાગ્યો. પરિસ્થિતિ ભારે વિષમ બની ગઈ. એક કાંઠે સાગર હતો, બીજા કાંઠે નીર હતો, અને ચંદન પાણીના પ્રવાહમાં તણાઈ રહ્યો હતો. પ્રવાહ એવો જોરદાર હતો કે નદીમાં પડી તેને બચાવવાની કાંઠે ઊભેલા અનેક લોકોમાંથી કોઈની હિંમત ન ચાલી. પ્રવાહમાં તણાતાં તણાતાં ‘ઓ સાગર!’ અને ‘ઓ નીર!’ એવા ચંદનના શબ્દો સ્પષ્ટ રીતે કાંઠે ઊભેલા લોકો સાંભળી શકતા હતા. પોતાના પિતાને એ રીતે તણાતા જોઈને સામસામે કાંઠે ઊભેલાં બંને બાળકો કરુણ રીતે ધ્રૂસકે ધ્રૂસકે રડી રહ્યાં હતાં. આખું દશ્ય અસીમ કરુણા ઉપજાવે તેવું હતું. ચંદન તો તણાતાં તણાતાં બહુ જ દૂર નીકળી ગયો.

હવે પેલી તરફ સાગરદત્ત સાર્થવાહે મલયાગિરિને ઉપાડી ગયા પછી તેની પાસે જ્યારે પોતાના નીચ ઈરાદાની વાત કરી, ત્યારે તે સતી સ્ત્રીએ પરસ્ત્રી સેવનથી થતા ભયંકર પાપનો ઉપદેશ આપી તેને સન્માર્ગે દોરવ્યો. જે સ્ત્રીમાં પોતાના શરીર પ્રત્યે કોઈ પણ પ્રકારની વાસના હોતી નથી, તે સ્ત્રી પ્રત્યે વિકારની નજરે કોઈ પુરુષ જોઈ શકતો જ નથી. રાવણ સીતાનું હરણ તો કરી ગયો, પણ સીતાને કોઈ વાસના હતી નહિ એટલે તે જ્યારે જ્યારે સીતાની નજીક જતો ત્યારે ત્યારે તેને સીતામાં તેની માતાનાં દર્શન થતાં. સતીત્વનો આવો જ પ્રભાવ છે અને તેથી નારી અબળા હોવા છતાં પણ તેની પવિત્રતા, વિશુદ્ધતા અને નિર્મળતા જ તેનું કવચ બની રક્ષણરૂપ થઈ જાય છે. ભલભલા કામી માણસો પણ એને તાબે થાય છે, અને અધમમાં અધમ માનવી પર પણ તેની અસર પહોંચે છે. સાગરદત્તની પાપ-વાસના નાશ પામી અને તેને પોતાના અપરાધનો પસ્તાવો થયો. મલયાગિરિને તેના પતિ પાસે મૂકવા તે પાછો શહેરમાં ગયો, પણ ચંદન તો બાળકોને લઈ શહેર છોડી ગયો હતો, તેથી સાગરદત્તે જ્યાં સુધી ચંદનનો પત્તો ન મળે ત્યાં સુધી મલયાગિરિને ધર્મની બહેન તરીકે પોતાની સાથે રહેવા કહ્યું અને ચંદનની શોધ અર્થે તે ત્યાં રહી.

ભવિતવ્યતા કહો કે ચમત્કાર કહો, પણ જે સમયે પાણીના પૂરમાં તણાતાં તણાતાં ચંદન દૂર નીકળી ગયો, તે વખતે સાગરદત્ત સાર્થવાહ પોતાના માણસો સાથે નદીના કાંઠે તંબુ તાણી ત્યાં જ રહેલો હતો. લોકો પાસેથી પેલા

ગરીબ અને નિરાધાર બાળકોની વાત જાણી એટલે તેમને પોતાની સાથે લઈ લીધાં. બાળકોને જોઈ મલયાગિરિને આનંદનો પાર ન રહ્યો અને બાળકોને માતા મળતાં પિતા ગુમાવ્યાનું દુઃખ જરા ઓછું થયું. ચંદને બાળકોની કાળજી અને સારસંભાળ રાખી હતી તેમજ તેની શોધ માટે જે અથાગ પ્રયત્નો કર્યા હતા, તે બધું સાંભળી મલયાગિરિને અપૂર્વ આનંદ થયો. તેને લાગ્યું કે કાળસર્પયોગના દિવસો હવે પૂરા થવા આવ્યા છે અને ટૂંક વખતમાં ચંદન સાથે પુનઃમિલન થવું જોઈએ. સાગરદત્ત સાર્થવાહે પણ ચંદનની શોધ પાછી શરૂ કરી દીધી.

હવે આ બાજુ તણાતાં તણાતાં ચંદનના હાથમાં, પૂરમાં તણાતા આવતા એક વિશાળ વૃક્ષનું થડ આવી ગયું અને તેની મદદથી તે આનંદપુર નગરની નદીના કાંઠે ઘસડાઈ આવ્યો. અતિપરિશ્રમના કારણે કાંઠે પહોંચતાં તે બેભાન બની ગયો. રાતનો સમય હતો અને પૂર્ણિમાના ચંદ્રના તેજમાં, નદીના કાંઠે જ આવેલા એક ભવ્ય પ્રાસાદની અટારી પરથી રૂપ અને યૌવનયુક્ત એ મહાલયની શેઠાણી ભદ્રાએ ચંદનને જોયો. તેણે પોતાના નોકરોને તરત જ, નદીકાંઠે ફેંકાઈ ગયેલા પેલા માણસને લઈ આવવા આજ્ઞા કરી.

તે આખી રાત ચંદન બેભાન અવસ્થામાં રહ્યો. કોઈ કોઈ વખતે એવી અવસ્થામાં 'કયાં ચંદન ! કયાં મલયાગિરિ ! કયાં સાયર, કયાં નીર !' એવા અસ્પષ્ટ શબ્દો તેના મોંમાંથી નીકળી આવતા. ભદ્રા અને દાસ-દાસીઓ આખી રાત તેના યોગ્ય ઉપચારો કરતા રહ્યા. બીજા દિવસે ચંદનને ભાન આવ્યું

પણ તે અત્યંત નંખાઈ ગયો હતો. ભદ્રા આનંદપુર નગરના મહાધનિષ્ઠ સાર્થવાહ સાગરદત્તની પત્ની હતી. તેનો ધણી ઘણાં વર્ષોથી વિદેશમાં ફરતો રહ્યો હતો. ચંદન તો એક વખતે રાજવી હતો. પ્રૌઢ-અવસ્થામાં પણ તે યુવાન જેવો લાગતો અને તેનું રૂપ અને કાંતિ અદ્ભુત હતાં. તેનું મન વિષાદથી છવાયેલું હોવા છતાં માત્ર એક જ દિવસના તેના સાંનિધ્યમાં ભદ્રાના મનના ભાવોમાં પલટો થયો અને તેનામાં ચંદન પ્રત્યે અનુરાગ જાગ્યો.

બીજા દિવસે રાતે ભદ્રા જ્યારે ચંદનની નજીકમાં બેઠી હતી ત્યારે ચંદને તેને કહ્યું: 'બહેન! તમે મારો જીવ બચાવ્યો તે માટે હું તમારો અત્યંત ઋણી છું. તમે તમારો પરિચય આપશો તો હું રાજી થઈશ અને આવતી કાલે મને અહીંથી રવાના થવાની સગવડતા કરી આપશો તો હું આપનો અત્યંત આભારી થઈશ. બે બાળકો મારાથી વિખૂટાં પડી ગયાં છે અને મારે તરત જ તેમની પાસે પહોંચી જવું જોઈએ.'

ભદ્રાએ કહ્યું: 'તમે આનંદપુર નગરના સાર્થવાહ સાગરદત્તના પ્રાસાદમાં છો અને હું તેમની પત્ની ભદ્રા છું. કાલે રાતે તમને અહીં બેભાન અવસ્થામાં જોયા પછી હું પણ મારી સાન અને ભાન ગુમાવી બેઠી છું, અને તમારામાં મારા અસ્તિત્વને સમાવી દીધા સિવાય હું હવે આપને અહીંથી જવા દેવાની નથી. તમે મારા ઋણી છો, હવે મને તમારી ઋણી બનાવો. પ્રેમનો આવિર્ભાવ કેમ અને ક્યારે

થાય છે તેની ખબર પડતી નથી, પણ પ્રેમ જાગ્રત થયા પછી એને છુપાવવો કે ગુપ્ત રાખવો તે ક્રિયાને તો હું પાપ સમજું છું.'

ચંદન ભદ્રાની આવી વાત સાંભળી સ્તબ્ધ થઈ ગયો અને વિચારવા લાગ્યો કે કાળસર્પયોગ હજુ મારા પર શું શું વિતાડવા માગતો હશે? તેને પ્રથમ તો વિચાર આવ્યો કે આ વિવેકભ્રષ્ટ સ્ત્રીને ધૂત્કારી કાઢી એ સ્થળેથી ચાલ્યા જવું, પણ પછી તેને લાગ્યું કે ગમે તેમ તો પણ તે સ્ત્રીએ તેનો જીવ બચાવ્યો છે અને તે તેના ઉપકારના બોજા નીચે છે. માનવીના વિચાર કે જીવનનું પરિવર્તન ધિક્કાર, તિરસ્કાર કે ઘૃણા દ્વારા નહીં પણ પ્રેમના જ માર્ગે થઈ શકે એમ માની તેણે બહુ વિવેકપૂર્વક કહ્યું : 'બહેન! જીવનની શોભા વાસનાને તાબે થવામાં નહિ પણ તેની સામે યુદ્ધ કરવામાં છે. પ્રેમ અને મોહને એકસમાન માની લેવાની ભૂલ માનવજાત અનાદિ કાળથી કરતી આવી છે. પ્રેમ અને મોહ બંને ભિન્નભિન્ન તત્ત્વો છે એટલું જ નહિ પણ બંને એકબીજાના વિરોધી તત્ત્વો છે. મોહમાં પ્રેમનું તત્ત્વ નથી, મોહને જેઓ પ્રેમ માને છે તેઓ સાચા પ્રેમથી વંચિત રહી જાય છે. મોહ એ તો પ્રેમનો માત્ર આભાસ કે ભ્રમ છે. માનવહૃદયમાં જેટલા પ્રમાણમાં પ્રેમ વિકસિત થયેલ હોય તેટલા પ્રમાણમાં મોહ વિલીન થાય છે. પ્રેમની પૂર્ણતા અને મોહની શૂન્યતા ઉભય એકીસાથે થાય છે.

ભદ્રા સ્વૈરવિહારમાં માનતી અને અચાનક જે પ્રાપ્ત થઈ જાય તેને ભોગવી લેવામાં તેને જીવનની સાર્થકતા લાગતી.

ભોગમાં અધર્મ અને ત્યાગમાં ધર્મ એ નીતિ એને કબૂલ ન હતી એટલે કાંઈક આવેશમાં આવી તેણે કહ્યું : 'તમારી પાસે તત્ત્વજ્ઞાન શીખવા નહિ પણ હું તો સ્વયં મારી જાતને તમારામાં સમાવવા અર્થે આવી છું. સ્ત્રીના પ્રેમની બાબતમાં મોટા ભાગે પુરુષ અજ્ઞાનતા સેવતો હોય છે. જે પુરુષ પર સ્ત્રી પોતાનું આધિપત્ય જમાવે છે તેની સાથે તે પ્રેમ કરી શકતી નથી, પણ જે પુરુષ તેની પર આધિપત્ય જમાવે તેની જ સાથે તે પ્રેમ કરી શકે છે. તમને જોયા અને હું પરવશ બની ગઈ–ભાન ભૂલી ગઈ. કોઈની પાસે પાણી હોય અને અન્ય વ્યક્તિ પાણી વિના મરી રહી હોય તો તેને પાણી આપવામાં ધર્મ છે કે અધર્મ? ભોગના આનંદથી જેઓ વંચિત રહ્યા છે, તેઓએ જ ભોગ વિરુદ્ધનાં મોટાં પુરાણો રચ્યાં છે. સૌન્દર્ય ભોગવવા માટે છે, માણવા માટે છે, કુદરતે માનવજાતને એ કાંઈ વેડફી દેવા માટે નથી આપ્યું !'

પ્રતિવાદમાં ન ઊતરતા ચંદને કહ્યું : 'બહેન ! સૌન્દર્ય પૂજવાની વસ્તુ છે, એને જે ભોગવવા જાય છે, જે માણવા જાય છે, તે જ તેને વેડફી નાખે છે. લોકો ભોગોને નથી ભોગવતા ભોગો જ લોકોને ભોગવે છે. મારા દેહ અને આત્મા પર જેટલો મારો અધિકાર છે, તેટલો જ અધિકાર તેના પર મારી પત્નીનો છે. લગ્નનો ઉદ્દેશ માત્ર દેહ વચ્ચેની જ ભાગીદારી સાધવાનો નથી પણ તેમાં આત્માનીયે એકતા સાધવાની હોય છે. વળી, જે વસ્તુ એક વખત કોઈ એક પાત્રને સમર્પણ થઈ ગઈ હોય તે વસ્તુ અન્યને પછી સમર્પણ થઈ શકતી નથી. પતિ-પત્ની વચ્ચેનો વિયોગ તમને આવા ઉન્માર્ગે દોરવતો

હોય તો સમજી લો કે એ પ્રેમપાત્રો વચ્ચેનો વિયોગ પ્રેમની વૃદ્ધિનું કારણ બને, પતનનું નહીં. પરસ્ત્રી અને પુરુષના સેવન જેવું જગતમાં બીજું કોઈ અધમ પાપ નથી. વળી, ભોગોથી કામની તૃષ્ણા ઘટવાને બદલે વધે છે, માટે મારી પાસે આવી કોઈ વાત ન કરશો. હા, તમે મારો જીવ બચાવ્યો છે, તેના માટે હું તમારો ઋણી છું; પરન્તુ તેનો બદલો તમારા અને મારા દેહ અને આત્માને ભ્રષ્ટ કરીને તો ન જ અપાય.'

પુરુષને જિતેન્દ્રિય જોઈને સ્ત્રી પણ પછી એને ભોગનું પાત્ર માનવાને બદલે એની પરમભક્ત બની જાય છે. ચંદનની વાત સાંભળી ભદ્રાના મનનું પરિવર્તન થયું. એક પુરુષ પણ જો પોતાની પત્ની પ્રત્યે આટલી હદ સુધી વફાદાર રહી શકે તો સ્ત્રીનો ધર્મ શું હોવો જોઈએ તેનું ભાન થયું. ભદ્રાને કોઈ ભાઈ ન હતો, એટલે ચંદનને પોતાના ભાઈ તરીકે માની પોતાની થયેલી ભૂલના માટે માફી માગી અને સવારમાં મળવાનું કહી તે પોતાના સ્થાને ચાલી ગઈ.

વહેલી સવારે ચંદન જાગ્રત થયો. ભદ્રાના મનનું પરિવર્તન થયા પછી તેના વિષેનો ભય નષ્ટ થયો હતો. પણ તેમ છતાં લાગ્યું કે પુત્રોની તપાસમાં હવે વિલંબ ન થવો જોઈએ. ભદ્રા પાસેથી વિદાય લઈ ચંદન બાળકોની શોધમાં નીકળી પડ્યો અને ટૂંકો માર્ગ પકડવા તેણે જંગલનો રસ્તો પસંદ કર્યો. ચાલતાં ચાલતાં શ્રીપુરનગર નજીક આવતાં તે થાકી ગયો અને ગામના દરવાજા બહાર આસોપાલવના વૃક્ષ નીચે વિશ્રાંતિ લેવા તે આડો પડ્યો. અત્યંત થાકના કારણે ચંદનને ત્યાં ઊંઘ આવી ગઈ.

યોગાનુયોગ એ જ દિવસે શ્રીપુરનગરનો રાજવી અપુત્ર મરણ પામેલો અને મંત્રીઓએ હાથીને કળશ આપી તે કળશ જેની પર ઢોળે તેને રાજ્યગાદી આપવી એવી યોજના કરી હતી. હાથી ફરતો ફરતો મંત્રીઓ સાથે જે વૃક્ષ નીચે ચંદન સૂતો હતો ત્યાં આવ્યો અને તેની પર કળશ ઢોળ્યો. કાળસર્પયોગનો અંત આવતાં ચંદનને પુનઃ રાજ્યની પ્રાપ્તિ થઈ. રાજા થયા પછી ચારે બાજુ તેણે પત્ની અને પુત્રોની તપાસ અર્થે માણસો મોકલ્યાં.

આ તરફ સાગરદત્ત સાર્થવાહ, મલયાગિરિ અને તેનાં બંને બાળકો આનંદપુર નગરમાં પહોંચ્યાં. સાગરદત્તની પત્ની ભદ્રાએ મલયાગિરિનો સવિસ્તર ઈતિહાસ જાણી લીધો અને તેણે પોતાના પતિને સન્માર્ગે દોરવી ધર્મનિષ્ઠ બનાવ્યો, એ બધી હકીકત જાણતાં તેને મલયાગિરિ માટે અપૂર્વ માન અને સ્નેહ ઉત્પન્ન થયાં. સ્ત્રી ભાગ્યે જ શીલ જેવી નાજુક બાબતમાં મન, વચન અગર કાયાથી સ્ખલનાની વાત કોઈને કરતી હોય છે. પણ તેમ છતાં ભદ્રા મનમાં તો પામી ગઈ કે આ સ્ત્રીએ જેમ તેના પતિને ધર્મનો માર્ગ બતાવ્યો, તે જ રીતે પેલા પુરુષે એક રાતે તેને શીલનો માર્ગ બતાવી અધર્મમાં પડતી અટકાવી હતી.

થોડા દિવસો બાદ શ્રીપુરનગરના રાજવીની વર્ષગાંઠ નિમિત્તે આનંદપુરના સાગરદત્ત સાર્થવાહ, તેની પત્ની ભદ્રા, મલયાગિરિ અને તેનાં બાળકો રાજાને ભેટ આપવા નિમિત્તે શ્રીપુર ગયા. મલયાગિરિ અને તેનાં બાળકો માટે તે અપૂર્વ હર્ષનો દિવસ હતો, કારણ કે ચંદનનો પણ એ જ જન્મદિન હતો.

સૌ રાજમહેલમાં ગયા અને રાજાને મળ્યાં ત્યારે ચંદનને રાજવી તરીકે જોઈ મલયાગિરિ હર્ષના આવેશમાં મૂર્છિત બની ગઈ. બંને બાળકો પિતાને વળગી પડયાં અને ચંદનના ચક્ષુમાંથી હર્ષાશ્રુની ધારા વહેવા લાગી. ભાનમાં આવતાં મલયાગિરિએ તરત જ પતિના ચરણો પકડી લીધા. સાગરદત્ત અને ભદ્રા પ્રથમ તો આ બધું શું છે તે ન સમજી શકયાં પણ પછી ખરી વસ્તુસ્થિતિનું ભાન થતાં તેઓના આનંદની કોઈ સીમા જ ન રહી.

ચંદને પોતાનો જીવ બચાવનાર ભદ્રાને વંદન કરી મલયાગિરિ સામે જોઈ કહ્યું : 'ભદ્રા બહેને મૃત્યુના પંથેથી મને બચાવી લઈ તારું સૌભાગ્ય અખંડ રાખ્યું છે. આ જન્મે તેમના ઉપકારનો બદલો આપણે વાળી શકીએ તેમ નથી.'

ચંદનના શબ્દો સાંભળી ભદ્રા લજ્જા અને શરમના ભારથી ઘડી બે ઘડી તો એક શબ્દ પણ ન બોલી શકી. પરન્તુ પછી પોતાના પતિ સામે જોઈ કહ્યું : 'નાથ ! તમને જેમ મલયાગિરિ બહેને ધર્મનો માર્ગ બતાવી પતનના માર્ગે જતાં અટકાવ્યા, તેમ એમણે મને શીલનો માર્ગ બતાવી આધ્યાત્મિક મૃત્યુમાંથી બચાવી લીધી.' ભૂતકાળના બનાવનું વર્ણન કરી ભદ્રાએ કહ્યું : 'દરેક જન્મ લેનાર માનવી માટે મૃત્યુ તો સ્વાભાવિક છે, પણ માનવીનું જ્યારે આધ્યાત્મિક મૃત્યુ અર્થાત્ શીલનું ખંડન થાય છે ત્યારે એ મૃત્યુ અત્યંત કરુણાજનક-દયાજનક બની જાય છે. માનવીનું એ જીવન્ત મૃત્યુ છે કારણ કે એવું મૃત્યુ અનેક જન્મ-મરણોના નિમિત્ત રૂપ બની જાય છે.'

ચંદનની સામે જોઈ વળી ભદ્રાએ કહ્યું : 'રાજન્! મેં તમને મૃત્યુમાંથી બચાવ્યા એ કરતાં જે આધ્યાત્મિક મૃત્યુમાંથી તમે મને બચાવી લીધી, તેનો અહેસાન તો હું કોઈ જન્મે પણ ભૂલી શકવાની નથી.'

પછી તો સૌએ પોતપોતાની જીવનકથની કહી સંભળાવી અને શ્રીપુનગરમાં સુખપૂર્વક રહેવા લાગ્યા. સંસાર પરિવર્તન–શીલ છે અને દરેક માનવી પણ એ જ સંસારનો એક અંશ છે. સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ એ તો દિવસ પછી રાત અને રાત પછી દિવસના જેવો કુદરતી ક્રમ છે. તેમ છતાં જે સ્ત્રી અને પુરુષના જીવનમાં ધર્મ અને શીલનો સમન્વય થયેલો હોય છે તેના માટે અગ્નિ જળ જેવો શીતળ બની જાય છે, સમુદ્ર નાની નદી જેવો બની જાય છે, મેરુપર્વત નાની શિલા જેવો બની જાય છે અને ઝેર પણ અમૃતની વૃષ્ટિરૂપ બની જાય છે.

માનવી માત્રના લોહીમાં શીલ અને ધર્મનાં બીજ રહેલાં જ હોય છે, માત્ર પુરુષાર્થ દ્વારા માનવે સતત સચિંત રહી તેના વિકાસ પ્રત્યે જાગ્રત રહેવું જોઈએ, કારણ કે શીલ અને ધર્મ એ જ જીવનનું સત્ય છે અને જીવનમાં એથી વધુ ઉત્તમ કોઈ સાધના નથી.

# શુદ્ધિપત્રક

| પાનું | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૪ | ૧ | વાંદરા | વાંદવા |
| ૪૭ | ૯ | પરવર્તન | પરિવર્તન |
| ૪૯ | ૧૬ | દવીલ | દલીલ |
| ૫૬ | ૧૯ | કાળ | કલા |
| ૫૯ | ૧૨ | વળવવા | વળાવવા |
| ૮૯ | ૧૪ | અજ્ઞાન | અજ્ઞાત |
| ૯૦ | ૧૭ | સામે | સાથે |
| ૯૩ | ૧૬ | દેખાવા | દેખવા |
| ૧૧૮ | ૧ | અને | એને |
| ૧૧૮ | ૨૪ | ભોવવવા | ભોગવવા |
| ૧૪૩ | ૨૧ | ભરતની | ભારતની |
| ૧૪૬ | ૯ | પણ | પાપ |
| ૧૫૧ | ૨૦ | રોકવાના | રોકાવાના |
| ૧૫૮ | ૧૬ | સંઘષર્ણ | સંઘર્ષણ |
| ૧૬૦ | ૧૮ | સંતોષ | સંતાપ |
| ૧૭૧ | ૨૦ | નિમર્ળબાણુ | નિર્મળબાણુ |
| ૧૭૬ | ૨ | મજ્જાતતુંઓ | મજ્જાતંતુઓ |
| ૧૮૬ | ૨૦ | પશ્ચત્તાપ | પશ્ચાત્તાપ |
| ૨૦૩ | ૨૧ | ચાવતો | ચાલતો |

दुर्गतौ प्रपतत्प्राणिधारणाद् धर्म उच्यते ।

—દુર્ગતિમાં પડતા પ્રાણીઓને ધારણ કરી રાખે અર્થાત્ બચાવે તેને 'ધર્મ' કહે છે.

*    *    *

सत्यं तपो जपो ज्ञानं सर्वा विद्या कला अपि ।
नरस्य विफला सन्ति यस्य शीलं न विद्यते ॥

—સત્ય, તપ, જપ, જ્ઞાન, સર્વ પ્રકારની વિદ્યાઓ અને કળાઓ પણ, જો મનુષ્યમાં શીલ–ચારિત્ર–સદાચાર ન હોય તો નિષ્ફળ – કંઈ પણ ફળ ન આપનારાં જ છે.

*    *    *

विद्वद्भिः सेवितः सद्भिः नित्यमद्वेषरागिभिः ।
हृदयेनाभ्यनुज्ञातः यो धर्मस्तं निबोधत ॥

—રાગ–દ્વેષ વગરના સજ્જન વિદ્વાનોએ હૃદયપૂર્વક સતત સેવેલો આચાર એ જ ધર્મ; એને અનુસરો.